[illegible]

વૉલ્યુમ ૫ મું

લે

મ. જ. શાહ

કે. ન. શાહ

બનામે ઈઝદ

મહાન શાએર ફિર્દોસી તૂસીનું

શાહનામુ

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

બસી રન્જ બોરૂદમ દરીન્ સાલે સી
અજમ ઝેન્દહ્ કરૂદમ બદીન્ પારૂસી
તો ઈન્રા હોરૂધો ફસાનહ્ મદાન્
બયકસાન્ રવેશ દરૂ ઝમાનહ્ મદાન્
બદીન્ નામહ્ બરૂ ઉમ્રહા બોગઝરદ
બેખાનદ હરાન્ કસ કે દારદ ખરદ
(ફિર્દોસી)

" તીસ વરસ તલક રજ ખેંચીઆ મોટા
મુનો મુલક ઇરાનનો કીધો જીવતો
તુ નો જાણુતો એહને જુઠી કાહાણીઓ
કે એકજ રીતનો નહી હતો આ જમાનો
ગુજરશે વરસ પર વરસ બેશુમાર
પણ વાચશે આ કેતાબ ઇનસાન અકલદાર "
(મનસુખ)

વૉલ્યુમ ૫ મું.

બનાવનાર

માહીયાર નવરોજી કુટાર.

ફરામર્ઝ નવરોજી કુટાર.

મુંબઈ.

શાહનામા પ્રેસ.

સને ૧૨૮૫ યઝદજર્દી.

સને ૧૯૧૫ ઈસવી.

"No other great poet ever imposed such strict limitations on himself or so sternly adhered to them as did Firdausi. He put himself at the mercy of his authorities and where they fail him, as they do sometimes in this portion of the Shahnama, he makes no attempt TO INVENT INCIDENTS, but leaves a blank and passes on This is a proceeding for which the poet should be praised rather than blamed"

(WARNER)

ઝરતોશ્તી કૌમમાં પોતાની સખાવતથી

"શેઠ" નો એલ્કાબ સ્થાપનાર

મર્હૂમ શેઠ રૂસ્તમ માણેકના નબીરા;

નવસારી અને મુંબઈમાં ધર્મનાં મકાનો સ્થાપનાર તરીકે મશહૂર થયલા, નવસારીથી

મુંબઈ આવેલા ભગરસાથ ટોળાની તન, મન અને ધનથી પર્વરેશી કરનાર,

તેઓના કદીમથી ચાલતા આવેલા રેવાજોનું ખરાં દિલથી રક્ષણ કરનાર,

તેઓના આસરા અને નિભાવ માટે હજારો રૂપ્યા ખર્ચી

પાક દરેમેહરનું મકાન સ્થાપી આપનાર, મુંબઈની

અથોરનાન અન્જુમનના વડા અકાબર

મર્હૂમ શેઠ માણેકજી નવરોજી શેઠ

કે જેઓની સખાવતથી

દખમાઓ, દરેમેહર વગેરે બીજાં ધર્મનાં મકાનો

હસ્તીમાં આવ્યાં છે.

જે મર્હૂમનાં ખાન્દાને આજ સૂધી અથોરનાન ટોળાની પર્વરેશી

ચાલુ રાખી છે, જેઓનાં અશો નામની યાદ આજે

દરેક અથોરનાન મોટાં માન સાથ કરે છે,

તેવા જેન્નતગુઝીન અશો નરનાં

પાક ફરોહરને

આ પુસ્તક

અમો ખરી એહસાનમંદી સાથ

અર્પણ કરિયે છિયે.

સાંકળિયું.

દીબાચો.

બનામે ખોદાવન્દે મેહરે અતા
કે બખ્શદ્ બુ અઝ બન્દહ્ બીનદ્ ખતા

પાક પર્વરદેગાર કે જે મેહરબાની અને બક્ષેશનો સાહેબ છે, તેમજ આપણુ બંદાઓની તકસીર ઉપર રેહમદિલી દેખાડનારો સાહેબ છે, તેવા સર્વશક્તિમાન સાહેબની સિફત ગાવાને આપણુ નાચીઝ બંદાઓની કમીની ઝબાન તદ્દન અશક્ત છે તેમજ તે દાવરે દાદગરની કુદરતી પયદાશો અને બેહદ બક્ષેશોની કદર પિછાનવાને આ ખાકી બનાવટનું મગ્ઝ લાએલાજ છે. જ્યારે ભલાભલા દાનેશમંદો ખોદાતાલાની કરામતનો ભેદભરમ ખોલવાની કોશેશમાં આગળ વધવાનો યત્ન કરે છે, ત્યારે તેમાં પડતી દરેક ગૂચવણોથી તેઓ પાછળ હઠતા જાય છે, તેવા પાક યઝદાનની કરમ બક્ષેશથી આ પાંચમું વૉલ્યુમ દીનદાર વાંચનારા સાહેબોની હુઝૂરમાં રજૂ કર્યે છિયે.

વાંચક વર્ગ તરફથી જેવી મદદ અમોને આગળ મળી હતી તેવીજ હાલ પણ મળતી જાય છે એ સંતોષકારક છે. જો કે અમોએ ગયાં વૉલ્યુમમાં હાલમાં યૂરોપમાં ચાલતી નાશકારક લડાઈ વિષે જે આશા રાખી હતી તે નિષ્ફળ નિવડી છે. અમોએ એવી ઉમેદ રાખી હતી કે આ લડાઈના હન્ગામને લીધે જે મુશ્કેલી અમોને નડી છે તે જલ્દીથી દૂર થઈ અમારૂં કામ સરલ થાય.

હવે અમો ખરાં દિલથી તે કરીમે કારસાઝ દાદગર દાવરની જનાબમાં દોઆ ગુઝાર્યે છિયે કે આ ખૂનખાર લડાઈ જલ્દીથી શાન્ત પડી, તમામ દુન્યામાં સુલેહ અને આબાદી ફેલાવે.

ખોદાયા તોઈ દાવરે રહ્નુમા
જહાન્રા ફુન્ અઝ જન્ગો આફત રહા
બહ્રૂ જા સુલ્હો આશ્તી ગુસ્તરી
કે તૂ બરૂ હમહ્ બરૂતરાન્ બરૂતરી

શેવટે આ અમારાં પુસ્તકના આસરા માટે મેહરબાન વાંચક વર્ગનો તેમજ મુંબઈની પારસી પંચાયતના માનવંત ટ્રસ્ટી સાહેબોનો અને મુંબઈની નામદાર સરકારનો આભાર માન્યે છિયે.

આ વૉલ્યુમમાં આવેલી કયખુસરૂ અને અફ્રાસિયાબની લડાઈ બાબતની એક દાસ્તાન ઉપર અમો ટુંકમાં બોલવા માગ્યે છિયે.

યૂરોપિયન લખનારાઓ એમ કહે છે કે જૂના ઈરાન દેશમાં ફિર્દોસી કહે છે તેમ માત્ર ચારજ વંશ પાદશાહી કરી ગયા નથી, બીજા ઘણાક વંશો પાદશાહી ભોગવી ગયા છે અને તેઓનાં નામો પણ તે લખનારાઓ આપતા ગયા છે.

હવે ફિર્દોસી પોતાના શાહનામામાં જે ચાર વંશો જણાવે છે, તે 'પીશદાદિયાન,' 'કયાનિયાન,' 'અશ્કાનિયાન' અને 'સાસાનિયાન' નામનાં છે. એ વંશો તે ઈરાની સલ્તનતનાં સર્વોપરિ સત્તા ધરાવનારાં શેહન્શાહી વંશો છે. યૂરોપિયનો એમ ભૂલ કરતા દેખાય છે કે યૂનાની અને રોમનોની હદમાં આવેલા ઈરાની ઈલાકાઓમાં રાજ્ય કરતા ખંડણી આપતા શેહન્શાહી કુટુંબના શાહઝાદાઓ સર્વોપરિ સત્તા ધરાવનારા ઈરાની શેહન્શાહો હતા. પણ દેહકાને દાનેશ્વર તેમજ ફિર્દોસી જેવા બાહોશ ઈરાની તવારીખનવેસો સારી રીતે વાકેફ હતા, કે તેઓ સર્વોપરિ સત્તા ધરાવનારા શેહન્શાહો

નહીં હતા; પણ માત્ર 'મોટી સત્તા ધરાવનારા હાકેમો' હતા, જેઓ ઈરાનના સર્વોપરિ સત્તા ધરાવનાર શેહન્શાહો તરફથી હકૂમત ચલાવવા માટે નિમાયલા હતા.

'જન્ગે યાઝ્દહ્ રોખ્' ની પ્રખ્યાત લડાઈ પછી પાદશાહ કયખુસરૂ તૂરાની પાદશાહ અફ્રાસિયાબ ઉપર ચઢાઈ લઈ જવા માટે લશ્કરની તૈયારી કરે છે, ત્યાં ફિર્દોસી તે બાબત ઉપર ટુંકમાં પણ પુરતો ખોલાસો આપે છે.

યૂરોપિયનો બેબીલોન મધ્યે થયલા એક દસ્તૂરી ખાન્દાનના સર્વોપરિ સત્તા ધરાવતા વંશનો ઈશારો કરે છે, તે બાબત ઉપર પણ ફિર્દોસી આ નીચલી બયતમાં ખોલાસો આપે છે.

દેગર્ આન્ કે બૂદ ઊ ઝે તોખ્મે ઝરરપ્
ફોરૂઝન્દએ ફરૂરોખ આઝરગોશસ્પ્

અર્થ—વળી જે શાહ કે નવદરના છોકરા ઝરસ્પની અઉલાદથી ઉતરેલો હતો અને જે ખોરેહમંદ આઝરગોશસ્પને રોશન કરનારો (એટલે દસ્તૂરી પદ મેળવેલો શાહ) હતો

ફિર્દોસીએ જણાવેલો આ હાકેમ પાદશાહી ખાન્દાનનો હતો અને ઈરાનને તાબેના બેબીલોન્યાના ઈલાકા ઉપર હકૂમત કરવા શેહન્શાહ કયખુસરૂથી અથવા કયકાઊસથી નિમાયલો હતો.

ફિર્દોસીના શાહનામાવાળી ઈરાનની પ્રખ્યાત તવારીખ વાંચ્યા વગર માત્ર યૂનાની અને રૂમી લખાણો વાંચી આપણે એકદમ ખોટાં અનુમાનો કાઢી કહિએ છિયે કે ફિર્દોસી કહે છે તેમ ઈરાનમાં ચારજ વંશ પાદશાહી કરી ગયાં નથી, પણ ઘણાક વંશો પાદશાહી કરી ગયાં છે. પણ નહી, શાહનામાની તવારીખનો ઊંડો અભ્યાસ કર્યા પછી ઝટ કહેવાને બની આવે છે કે ભૂલ યૂનાની અને રૂમી લખનારાઓની છે, ફિર્દોસીએ કે દાનેશ્વર દેહકાને ભૂલ કરી નથી. તેઓનાં લખવા પ્રમાણે સર્વોપરિ સત્તા ધરાવનારા શેહન્શાહી વંશો ચારજ હતા. બીજા વંશો વિષે યૂરોપિયનો જે લખે છે તે શેહન્શાહો નહીં હતા, પણ માત્ર ઈરાની શેહન્શાહોએ બેસાડેલા હાકેમો હતા, જેઓ 'સરદાર' અથવા 'શાહ' ને નામે ઓળખાતા હતા. આપણા ઝમાનામાં પણ એમજ છે. અફગાનિસ્તાનના રાજ્ય કરતા શાહ સુજા અને અમીર દોસ્ત મોહમ્મદખાન હિંદુસ્તાનના રાજ્ય કરતા તરીકે હિંદુસ્તાનના 'વૉઈસરોય' ને ગણતા હતા એમ ઝાહેરમાં આવ્યું હતું, તો જો કે આપણે તો જાણિયે છિયે કે ગ્રેટબ્રીટનના રાજ્ય કરતા તરફથી નિમાયલા તેઓ હાકેમ હતા.

આપણી પેહલવી દીનકર્દમાં 'હુ આફ્રીદ' વંશનો જે ઈશારો મળે છે તેમજ વળી 'હુ આફ્રીદ' ને લગભગ મળતુંજ એક નામ 'હવાક્રિતો' આવાં યશ્તનાં ૩૦ માં કર્દાના ૫ માં ફક્રામાં આવેલું છે, તે બાબતની સમજ પણ એજ છે કે પાદશાહી કુટુંબના કોઈ શાહઝાદાને સ્વતંત્ર હકૂમત બલ્ખના અથવા કોઈ બીજા ઈલાકામાં મળી છે અને તેણે સર્વોપરિ સત્તા મેળવવાની ખાહેશ રાખી છે અને 'આબાન' ફરેશ્તાની મદદ માગી છે. પણ આવાં યશ્તમાં એમ નથી જણાવ્યું કે તેની મુરાદ બર આવી. મઝકૂર ફક્રા ઉપરથી જણાય છે કે તે દોઆ માંગતી વખતે તે સ્વતંત્ર સત્તા ધરાવતો નહીં હતો પણ ભવિષ્યમાં સર્વોપરિ શેહન્શાહ થવાની ખાહેશ ધરાવતો હતો. કેટલાક અવસ્તાના અભ્યાસીઓ આ 'હુ આફ્રીદ' વંશ વિષે જણાવે છે કે તે કયાની વંશ પછી સ્વતંત્ર સત્તા ભોગવી ગયલું એક બીજું વંશ હતું તો આપણ કહીશું કે તે સાહેબો યૂનાની લખાણોથી આડે રસ્તે દોરવાઈ ગયલા હોવા જોઇયે. ખરી બીના તો એજ છે કે તે વંશ સ્વતંત્ર નહીં હતું પણ સીસ્તાન મિસાલ ઈરાની શેહન્શાહતને તાબેનું સ્વતંત્ર હકૂમત ચલાવનારૂં એક પાદશાહી ખાન્દાન હતું.

હવે મઝકૂર પાદશાહ કયખુસરૂની અફ્રાસિયાબ ઉપરની ચઢાઈવાળી હેકાયતમાં જે 'શાહો' અથવા 'સરદારો' નાં નામો આવેલાં છે, તેમાં મુખ્ય નામો નીચે પ્રમાણે ફિર્દોસી આપે છે.

ઇરાનને તાબેના 'પાર્સ'ના ઇલાકાના સોનેરી કોલાહવાળા 'મનૂશાન' અને 'ખૂઝાન', 'ખુઝેસ્તાન' નામના ઇલાકાનો હાકેમ 'આરશ', 'કેર્માન'નો હાકેમ 'ગ્રાનશાહ', 'યમન'નો પાદશાહ 'સબ્બાહ', 'કાબુલ'ના મુલકનો હાકેમ 'ઇરિજ,' 'સૂરિયાન'નો હાકેમ 'શમ્માખસૂરી', 'ખાવર'ના મુલકનો પાદશાહ 'કારન', કયકોબાદની તોખ્મનો શાહઝાદો 'દિલઅફ્રૂઝ', 'ઝરસ્પ'ની અઉલાદવાળો શાહ જે દસ્તૂરીપદ ધરાવતો આઝર ગોશસ્પનો રખેવાળ તરીકે હતો તે, 'દહેસ્તાન'ના મુલકનો પાદશાહ 'દશ્મહ'ની અઉલાદનો 'તોખાર', 'દશ્તે નીઝહવરાન'ના મુલકનો સરદાર 'ઝેહીર' અને 'રૂમ' તેમજ 'બર્બરેસ્તાન'નો સરદાર 'પીશરઉ'.

આ સઘળાં નામો ઇરાની સલ્તનતને તાબેના મુલકોના હાકેમો અને સરદારોના છે, જેઓને પાદશાહ કયખુસરૂએ તુરાની પાદશાહ અફ્રાસિયાબ ઉપર ચઢાઈ લઈ જતી વખતે ખાસ બોલાવી મંગાવ્યા હતા.

અફ્રાસિયાબ.

પલન્ગાને દશ્તો નેહન્ગાને આબ્
નખાકૂતન્દ અઝ્ બીમે અફ્રાસેયાબ્

લામ્બા વખત સૂધી ઇરાન દેશના કયાની વંશના પહેલા ત્રણ રાજકરતાઓને તેમજ ત્યાંના શૂરવીરોને બેહદ ઝેહમતમાં ઉતારનાર અને ઇરાની રૈયત તેમજ લશ્કરની તથા પોતાના દેશની રૈયત અને લશ્કરની સીધી કે આડકતરી રીતે ખૂનરેઝીનું કારણ આપનાર આ તુરાની રાજકરતા વિષે બે બોલ લખ્યા વગર ચાલતું નથી. એ રાજકરતાના ગુણદોષનું વર્ણન તેની સાથ લડનારાઓનાં મોંમાંજ આપી વારમ્વાર આપણા મહાન શાયેર ફિર્દોસીએ પોતાના વિચારો દર્શાવ્યા છે, તે અમારા તરજુમાના વાંચનારા સાહેબો સમજી લેશે. તૂરાન દેશના આ સરદારે જે જે યુદ્ધ ઇરાની પ્રજા સામે મચાવેલાં છે, તે ઉપરથી તમામ લખનારાઓએ કદીમ ઝમાનામાં તૂરાન દેશમાં હકૂમત ચલાવી ગયલા પાદશાહોમાં તેને સર્વથી મોટા દરજ્જાવાળો અને સર્વથી વધારે બહાદુર તથા ઝોરમંદ રાજકરતા તરીકે પોતાના ગ્રંથોમાં ઓળખાવી ગયા છે. જ્યારે આ તૂરાની રાજકરતાનાં નામનો અર્થ આપણે જાણિયે છિયે ત્યારે વગર અચકાવે તેનાં ગુણદોષ કહેવાને બની આવે છે.

'અફ્રાસેયાબ' નામ બે શબ્દનું બનેલું છે. પહેલો શબ્દ 'અફ્રાસ' તુર્કી ભાષાનો લાગે છે અને તેનો અર્થ નદી કે સમુદ્રના પાણી ઉપર તોફાનથી ચઢી આવતાં ફીણનો અથવા તો પાણીના પરપોટાનો થાય છે. બીજા શબ્દ 'આબ'નો અર્થ પાણી થાય છે. પણ ઘણીક વખત તે બોલ નદી અથવા સમુદ્રને માટે ફાર્સી ભાષામાં વપરાતો આવેલો છે. ત્યારે 'અફ્રાસિયાબ' બોલનો આખો અર્થ 'તોફાની સમુદ્ર' અથવા 'તોફાની નદી' થાય છે. બીજી રીતે બોલિયે તો 'જુસ્સા અને ગુસ્સાવાળા ખમીરનો માણસ' એવો અર્થ નીકળે છે. ટુંકમાંજ ત્યારે કહી શકિયે કે જેવું તેનું નામ હતું તેવાંજ તેનાં કામો હતાં.

અફ્રાસિયાબ સાથની રૂસ્તમની પહેલી લડાઇનું વર્ણન આપતાં ઝાલને મોઢે ફિર્દોસીએ પણ તેની બહાદુરીની, તેનાં ઝોરની તથા લડાઈ કરવાની તેની કુશળતાની સ્તુતિ કરી છે. જ્યારે રૂસ્તમ અફ્રાસિયાબની લડાઈમાં જવા નીકળ્યો ત્યારે પોતાના બાપ ઝાલેઝરને તેનાં ઝોર, બહાદુરી અને લડાઈ કરવાની ધબ માટે પૂછે છે, ત્યારે ઝાલ તેની બહાદુરીનું વર્ણન નીચે પ્રમાણે કરે છે.

બદૂ ગોફૂત ઝાલ્ અય પેસરૂ ગૂશ દાર્
યકૂ એમરૂઝ બા ખીશતન્ હૂશ દાર્
કે આન્ તોરૂ કુ દર્ જન્ગ્ નરૂ અઝદહાસ્ત
દમ્ આહન્ગો દર્ કીનશ આતશે બલાસ્ત

તેને ઝાલે કહ્યુ કે "એ બેટા! તુ સાંભળ-અને આજ તુ જરા સાવધ થા,

કે તે તુર્કી લડાઇ કરવામા નર અઝદહા જેવો છે-તેના ફુંફાડામાથી આતશ પડે છે અને લડાઈમા તે આફતનું વાદળ થઇ પડે છે.

હેરકૂરી સેયાહસ્તો બકૂતાન્ સેયાહ
જે આહન્શ સાઆદ જે આહન્ કોલાહ
હમહ રૂએ આહન્ ગેરેફતહ બજર
હેરકૂરી સેયહ બસ્તાહ બર્ ખૂદ બર
બહીજા કે ગોર્દે દેલાવર્ બુવદ
બરઝમ અન્દરશ દહ બરાબર્ બુવદ
બયક જાએ સાકેન્ નબાશદ બજન્ગ્
ચુનીનસ્ત આઇને પૂરે પશન્ગ્
નેહન્ગ્ ઊ જે દર્યા બરૂઆરદ બદમ
જે હસ્તાદ રશ નીસ્ત બાલાશ કમ
અઝ ખીશતનશ નેગહદાર સખ્ત
કે મર્દે દેલીરસ્તો પીરૂઝબખ્ત
શવદ કૂહે આહન ચુ દર્યાએ આબ
અગર બેશનવદ નામે અફ્રાસેયાબ

તેનો ઝુન્ડો કાળો છે અને બખ્તર પણ કાળુંજ પેહેરે છે–લોખંડી બાઝૂબંદ બાંધે છે અને લોખંડી કોલાહ પેહેરે છે

લોખંડ ઉપર બધું સોનુ મઢેલું છે–અને કોલાહમાં વળી કાળી વાવટી જડેલી છે

જે લડાઈમાં તે દિલાવર પેહલવાન ઉતરે છે ત્યાં દશ માણસની બરાબર લડાઈ કરી શકે છે

અને લડાઈમા તે એક જગ્યાએ ઠરતો નથી–પશંગના બેટાની આ રીતભાત છે

તે પોતાના શ્વાસે કરી દર્યામાથી મગરમચ્છ બાહેર ખેંચી કાઢે છે–તેની ઊંચાઈ એંસી તસુથી* કમ નથી

તું તેનાથી પોતાને ખૂબ સંભાળજે–કારણકે તે બહાદુર છે અને ભાગ્યશાળી છે

જો અફ્રાસિયાબનુ નામ એક લોઢાનો પહાડ સાંભળે તો તે પણ દર્યાના પાણી માફક પીગળી જાય છે

પાદશાહ અફ્રાસિયાબ ઈરાની તોખ્મથીજ ઉતરી આવેલો હતો તે તો આપણે જાણિયે છિયે. પાદશાહ ફરીદૂને ઈરાનનાં બોહોળાં રાજ્યનાં ત્રણ ભાગ કરીને પોતાના ત્રણ બેટાઓને વહેંચી આપ્યા હતા. વડા છોકરા સલ્મને 'બાખ્તર' એટલે કે પાશ્ચમે અને પશ્ચિમ ઉત્તરે આવેલા ભાગનું રાજ્ય આપ્યું હતું. વચલા છોકરાને એટલે તૂરને 'ખાવર' એટલે કે પૂર્વ અને ઉત્તર પૂર્વે આવેલા ભાગનું રાજ્ય આપ્યું હતું. અને નાના છોકરા ઈરિચને ઈરાનનું એટલે કે મઝકુર બે ભાગની વચ્ચેના ભાગનું તેમજ દક્ષિણે આવેલા ભાગનું રાજ્ય આપ્યું હતું. પણ ભાઈ ભાઇઓ વચ્ચેની અદેખાઈનાં કારણે લડાઈ જાગી અને બન્ને વડા ભાઇઓએ પોતાના નાના ભાઇને વગર વાંકે મારી નાખ્યો અને કીના તથા મારામારીનું બીજ રોપ્યું. આ કીનાનાં કડવાં ફળો ઈરાન તૂરાન બન્ને દેશની પ્રજાએ કાંઇકે વર્ષો સૂધી ચાખ્યાં. હજી આજના ઝમાનામાં પણ તૂર અને ઈરિચના કીનાની વાત ઈરાન દેશમાં કોઈ વીસરી ગયું નથી. કાકા પિત્રાઇઓ પોતાને એકમેકનાં શત્રુઓજ ગણે છે. બલ્કે કાકાના છોકરાઓને 'તૂરબૂર' જે અસલ 'તૂરપૂર' (એટલે તૂરના છોકરા) કરીને લખાતો હતો તેની ઉપમા આપવામાં આવે છે.

ત્યારે પાદશાહ ફરીદૂનના વચલા છોકરા તૂરની તોખ્મથી મઝકૂર રાજકરતા અફ્રાસિયાબ ઉતરી આવેલો હતો. તૂરથી તે ચોથી પેઢીનો રાજકરતા હતો. અફ્રાસિયાબના બાપનું નામ 'પશન્ગ્' હતું, જે તૂરના છોકરા 'ઝાદૂશમ્'નો છોકરો થતો હતો. માત્ર શાહનામાની તવારીખ વાંચ્યાથીજ નહીં, પણ બીજા તવારીખ લખનારાઓનાં લખાણ ઉપરથી પણ આપણને માલૂમ પડી આવે છે કે જો ઈરાનીઓની મદદે રૂસ્તમ જેવો લડનાર ન હતે તો અફ્રાસિયાબ ઈરાન દેશનું રાજ્ય ઝરૂરજ પચાવી પાડતે અને રૂસ્તમની બચગી દરમેયાન તો તેમજ બન્યું હતું કે અફ્રાસિયાબ ઈરાન ઉપર ચઢી આવી ઓછામાં ઓછાં સાત વર્ષ અને વધતામાં વધતાં બાર વર્ષ ઈરાનની રાજગાદીએ બેઠો હતો. પોતાના રાજઅમલમાં ઈરાન દેશની તેણે ઘણી ખરાબી કરી હતી. કેટલાક લખનારાઓ તેનું કારણ એમ આપે છે કે અફ્રાસિયાબ સારી રવેશે સમજતો હતો કે ઈરાનની રાજગાદી તેના હાથમાં હમેશની રહેવાની નથી, તેના કીના અને વેરથી તે દેશને જાણીબુજીને ખરાબ કર્યો હતો. કહે છે કે અફ્રાસિયાબે ઈરાનની રાજગાદી હાથ કર્યા પછી કુદરતનો પણ તે દેશ ઉપર કોપ ઉતર્યો હતો. વર્ષાદની તંગી તેમજ ભયંકર દુકાળથી ઈરાની પ્રજાને બહુ આફત ખમવી પડી હતી. જ્યારે

---

* વાચનારા સાહેબોને અહીં ખોલસો કરવાની ઝરૂર છે કે ફાર્સી "રશ્" શબ્દનો અર્થ સાધારણ રીતે વામનો થાય છે, પણ તેનો બીજો મુરાદી માએનો તસુ પણ થાય છે ફિર્દોસીની મતલબ એવી જગોએ તસુનીજ છે માટે અમારાં વાંચનમાં કોઈ "રશ્" અર્થ જો વામ થયો હોય તો તેને તસુ સમજવા

અફ્રાસિયાબથી ઈરાની પ્રજા બહુજ કંટાળી ગઈ ત્યારે ઈરાનના સરદારો ઝાબુલિસ્તાન ઝાલ આગળ અફ્રાસિયાબના ઝુલ્મથી ઈરાન દેશને છોડવવા માટે ગયા. અને ઝાલેઝરે પોતાના પેહલવાન બેટા રૂસ્તમને પહેલવહેલોજ લડાઈમાં ઉતારી અફ્રાસિયાબને ઈરાનમાંથી હાંકી કાઢી કયકોબાદને રાજગાદી આપી ઈરાની પ્રજાનાં દુ:ખ તાળ્યાં.

શાહનામામાં આવેલી બીના ઉપરથી જણાય છે કે અફ્રાસિયાબ શરીરે પાતળો હતો પણ કદમાં એંસી તસુ ઊંચો હતો. એનાં ઝમાનામાં એના જેટલો ઊંચો માણસ કોઈ ન હતો. કહે છે કે જ્યારે તે ઘોડા ઉપર સવાર થતો ત્યારે તેના પગનો રેકાબ ઘોડાનાં ઘુંટણથી વધારે નીચે દેખાતો હતો. પેહલવાન રૂસ્તમ વિષે પણ વાંચવામાં આવે છે, કે તે પણ કદાવર હતો પણ સાથે શરીરે જાડો હતો તેથી તેનો દમામ ઘણો હતો, અને તેની સામે થવાને કોઈની હિમ્મત ચાલતી ન હતી. ખરૂં પૂછતાં ઈરાની લડનારાઓમાં રૂસ્તમ સિવાય અફ્રાસિયાબનો હરીફ કોઈ નહીં હતો. રૂસ્તમ સાથની પહેલીજ લડાઇમાં રૂસ્તમથી તે ઘણોજ બીધેલો હતો. કારણકે પોતાનો કમરબંદ તૂટી જવાથી રૂસ્તમના હાથમાંથી છટકી આવ્યા બાદ તે પોતાના બાપ પશંગને રૂસ્તમ માટે નીચલા બોલોમાં કહે છે કે :—

સવારી પદીદ આમદ અઝ્ પોશ્તે સામ
કે દસ્તાનશ રોસ્તમ નેહાદસ્ત નામ
બેયામદ બસાને નેહન્ગે દેઝમ
કે ગોફ્તી ઝમીનરા બેસૂઝદ બદમ
હમી તાખ્ત્ અન્દર્ ફરાઝો નેશીબ્
હમીઝદ બગોર્ઝો બતીઘો રેકીબ્
નેયર્ઝીદ જાનમ બયક મોશ્ત ખાક્
ઝે ગોર્ઝેશ હવા શુદ પુરઝ્ ચાકચાક્
હમહ્ લશ્કરે મા ઝે હમ બરૂદરીદ
કસ અન્દર્ જહાન્ ઈન્ શગેફ્તી નદીદ
દેરફ્શે મરા દીદ બર્ યક કરાન્
બઝીન્ અન્દર્ અફ્કન્દ ગોર્ઝે ગરાન્
બેયામદ ગેરેફ્તશ કમરૂબન્દે મન્
તો ગોફ્તી કે બુગ્સેસ્ત પયવન્દે મન્
ચુનાન્ બરૂગેરેફ્તમ ઝે ઝીને ખદન્ગ્
તો ગોફ્તી નદારમ્ બયક્ પશ્શહ્ સન્ગ્
કમરૂબન્દ બુગ્સેસ્તો બન્દે કબાય
ઝે ચન્ગશ ફેતાદમ્ નેગૂન્ ઝીરે પાય
બદાન્ ઝૂર્ હરૂગેઝ્ નબાશદ હેઝબ્ર્
દો પાયશ બખાક્ અન્દર્ સર્ બઅબ્ર્
સવારાને જન્ગી હમહ્ હમગોરુહ્
રહીદન્દમ અઝ્ ચન્ગે આન્ લખ્તે કૂહ્
તો દાની કે શાહી દેલો ચન્ગે મન્
બજન્ગ્ અન્દરૂન્ ઝૂરો આહન્ગે મન્
બદસ્તે વય અન્દર્ યકી પશ્શહ્ અમ્
ચઝાન્ આફ્રીનેશ પુર્ અન્દીશહ્ અમ્
યકી પીલતન્ દીદમો શીરચન્ગ્
ન હૂશો ન દાનેશ ન રાયો ન સન્ગ્
એનાનશ સેપોર્દહ્ બદાન્ પીલે મસ્ત
હમશ્ કૂહો હમ ચાહો હમ રાહે પસ્ત
દેલીરાનો શીરાન્ બસી દીદહ્ અમ્
ચોનાન્ પીલ્ સાન્જૂન્દ્ નશ્નીદહ્ અમ્
હમાના કે ગૂયાશી સીસદ હઝાર્
[illegible] બરાન્ તારકે નામદાર્

સામની નસ્લથી એક સવાર પયદા થયો છે-ઝાલે તેનું નામ રૂસ્તમ રાખ્યુ છે

તે ગુસ્સા ભરેલા મગરમચ્છની મિસાલ આવ્યો-જાણે ઝમીનને પોતાના શ્વાસે કરી બાળી નાખે

તે એનીગમ પેલીગમ સઘળે દોડતો હતો-તે ગોર્ઝ, તલવાર અને લાતથી નીચે નાખતો હતો

મારા જીવની કીમત તેની આગળ એક ચમટી ખાક જેટલી પણ ન થઈ-તેના ગોર્ઝના સાફ હવામા પણ ભરાઈ ગયો (ચો તરફ ફેલાઈ ગયો)

આપણુ સઘળુ લશ્કર તેણે વીખેરી નાખ્યું-દુન્યામા કોઇએ આવી અજાયબી જોઈ ન હશે

તેણે એક બાજૂ ઉપર મારો ઝુન્ડો જોયો-તેથી તેણે ભારી ગોર્ઝ ઝીન ઉપર મૂક્યો,

અને દોડતો આવી મારો કમરબદ પકડયો-જાણે મારા સાંધેસાંધા છૂટા પડી ગયા

મને ઘોડાના ઝીન ઉપરથી એવીતો સેહેલાઈથી ઊચકી લીધો-કે જાણે મારામા એક મચ્છર જેટલુ પણ વઝન ન હોય

મારા કમરબદ અને પેહેરણના બદ તૂટી ગયા-હુ તેના હાથમાથી પગ હેઠળ ઊંધો પડયો

સિંહમા પણ તેના જેટલું ઝોર ન હશે-તેના બન્ને પગ ઝમીન ઉપર અને માથુ વાદળ ઉપર (એટલો ઊંચો) છે

જગી સવારોએ એકઠા થઇને-તે પહાડના ટુકડાના હાથમાથી મને ખેચી કાઢયો

મારી હિમ્મત, મારો પોલાદી પંજો, મારૂ ઝોર અને મારી હમ્લો કરવાની ઢબ તો તુ જાણે છે

(પણ એ બધુ છતાં) તેના હાથમા તો હુ એક મચ્છર જેવોજ છું-એવા માણસનો મને ઘણો વિચાર આવે છે

મેં તેને એક હાથીના તનનો અને સિંહની ચુગાલનો માણસ જોયો-જો કે તેનામા હજુ અકલ, દાનાઈ, વિચાર અને અદાઝો આવ્યો નથી

તેણે પોતાની લગામ મસ્ત હાથી જેવા (ઘોડા)ને સોંપી દીધી-તેને મનસે પહાડ કે ખાડા ખબોચિયા કે ઊંચી નીચી જગા સઉ સરખુજ છે

મે ઘણા દેલીરો અને સિંહો જોયા છે-પણ આવો સવાર તો સાંભળ્યો પણ નથી

હુ ધારૂ છુ કે ખચીત લાખ લાખ (એટલે પુષ્કળ) ગોર્ઝ (હઝારે) તે નામદારની [illegible] ઉપર મામાં હશે,

તો ગોફ્તી કે અઝ આહનશ કર્દેહ અન્દ
બરૂયો બસન્ગશ બરૂઆવર્દેહ અન્દ
ચે દર્યાએ પીલો ચે બબ્રેબેયાન્
ચે દરૂન્દહ્ શીરો ચે પીલે ઝેયાન્
હમી તાખ્ત્ ચકુસાન્ બરૂઝે શેકારૂ
બબાઝી હમી આમદશ કાર્ઝારૂ
ચુનૂ ગરૂ બુદી સામરા દસ્તબોરૂદ
ઝે તુર્કાન્ નમાન્દી સરફ્રાઝ ગોરૂદ

પણ જાણે તે લોઢાનો ઘડેલો છે-યા કાસા અને પત્થરનો બનાવેલો છે (કે તેના ઉપર કશી અસર થઈ નહીં)

તેની નઝદીક શુ દર્યા કે શુ બબ્રેબિયાન-શુ ફાડી ખાનાર સિંહ કે શુ મસ્ત હાથી (વિસાદમા નથી)

જાણે શિકાર કરતો હોય તેમ સેહેલાઈથી ઘોડો ડપટાવતો હતો-લડાઇને તો તે રમતજ સમજતો હતો

એવી શક્તિ અગર સામમા હતે-તો તુર્કીઓમાથી એક પણ સરફરાઝ પેહલવાન જીવતો રાખતે નહીં

આ પાદશાહ રૂસ્તમ સાથની પહેલી લડાઇમાંજ એટલી બધી ધાસ્તી ખાઇ ગયો હતો કે ફરી તેની સાથ રૂબરૂ થવા માગ્યુંજ નહીં. અને રૂસ્તમ લડાઈનાં મયદાંનમાં હાઝેર છે એમ સાંભળતાંજ તે મયદાન છોડી જતો હતો. રૂસ્તમ સાથ લડી તેને મારવાના વિચારથી તેણે ઘણા દૂર દરાઝ મુલકોમાંથી પેહલવાની લડનારાઓને બોલાવ્યા હતા પણ શેવટે તે નાઉમીદ થયો હતો. એજ બીનાથી ફાર્સી ભાષામાં એક કહેવત ચાલે છે કે 'નામે રોસ્તમ્ બેહ્ અઝ્ રોસ્તમ્' એટલે 'રૂસ્તમના કરતાં રૂસ્તમનું નામ ચઢિયાતું.' અને ખરેજ એ પેહલવાનનાં નામનો ત્રાસ આખા તુરાનને હતો. જો ઈરાનના પાદશાહોને રૂસ્તમ અને ઝાલની મદદ ન મળી હોત તો આ બહાદુર પાદશાહને કોઇ બીજો ઈરાની સરદાર માત કરી શકતે નહીં. આ પાદશાહ જેટલો બહાદુર તેટલોજ ઘાટકી અને ધાસ્તી ભરેલો હતો તે તો આપણે નવદર, અઘ્રીરસ અને સિયાવક્ષના દાખલા ઉપરથી જોયું છે. તેમાં શાહઝાદા સિયાવક્ષનાં ખૂનથી ઇરાની અને તુરાનીઓ વચ્ચેની લડાઇએ ઘણુંજ ભયંકર રૂપ લીધું હતું અને લાખો સેપાહો અને હઝારો સરદારો અને પેહલવાનો માર્યા ગયા હતા. શેવટે પેહલવાન રૂસ્તમની મદદ સાથ પાદશાહ કયખુસરૂએ આ નામીચા પાદશાહ અફ્રાસિયાબને તેમજ તેના બૂરી ખસ્લતના ભાઇ ગર્સીવઝને મારી નાખ્યા હતા

તૂરાન દેશમાં ઘણી લામ્બી ઝિંદગી ગુઝારી ગયલાઓમાં આ દરેક દેશમાં જાણીતો થયલો પાદશાહ અફ્રાસિયાબ, તેનો ભાઈ ગર્સીવઝ અને તૂરાન દેશને પોતાની બાહોશીથી વારમ્વાર બચાવી લેનાર દાના વઝીર પીરાનનાં નામો આપણે વાંચ્યે છિયે.

કયખુસરૂ.

જહાન્દારૂ કયખુસ્રવે પાકૂદીન્
કે શાહી બગીતી નેયામદ ચુનીન્

આ નામીચા પાદશાહ માટે ઈરાન ઝમીનનો પેલો પ્રખ્યાત ફિલ્સુફ હકીમ જામાસ્પ પોતાની લખેલી 'આઈનએ આઈન' નામની કેતાબમાં લખી ગયો છે, કે 'ખુસ્રવ' નો અર્થ 'પીશ્વાએ દાદગર્' યાને 'રૈયતને દાદ આપનારો પાદશાહ' થાય છે. આ અર્થ ખરોજ હોવો જોઇયે, કારણકે હકીમ જામાસ્પ જેવા દાનેશ્વરે આ અર્થ આપેલો છે, એટલે તે ઉપર શક નાખી શકાય નહીં. તેમજ કયખુસરૂ પછી થઈ ગયલા ઈરાન દેશના ઘણાક અદલ અને દાદગર પાદશાહોને 'ખુસ્રવ' નો એલ્કાબ અપાયલો ફાર્સી લખાણોમાં આપણ વાંચિયે છિયે, જે 'ખુસ્રવ' અવસ્તાનો 'હુસ્રવ' ને મળતોજ શબ્દ છે, જેનો અર્થ રૈયતનો ભલો, માનિતો અને કીર્ત્તિવાળો પાદશાહ થાય છે.

કેટલાક લખનારા લખે છે કે શાહઝાદા સિયાવક્ષના છોકરા અને પાદશાહ કાઊસના જાએનેશીનનું પહેલું નામ તો 'અકરદાન' જે 'ખોરદાદ' નું બગડેલું રૂપ છે તે હતું, પણ ઈરાનનાં તખ્ત ઉપર બેસવા પછી તેનો ભલો રાજઅમલ જોઈ લોકોએ તેને 'ખુસ્રવ' નો એલ્કાબ (Title) આપ્યો હતો. આ પાદશાહ 'કયાની' વંશનો હતો, તે ઉપરથી 'કયખુસ્રવ' કહેવા લાગ્યા.

આ પાદશાહ નુજૂમના એલ્મમાં તેમજ ખગોળ વિદ્યાના એલ્મમાં પણ ઘણો ખબરદાર હતો. કારણકે એ પાદશાહે ઘણીક વખત 'જામે જહાનનુમા' નો ઉપયોગ કર્યો હતો.

ઈરાનમાં વસ્તા ઝરતોશ્તીઓ તેમજ હિંદમાં આવી વસેલા પાર્સી ઝરતોશ્તીઓ કયખુસરૂને ગુઝર પામેલો નહીં, પણ હયાત ગૂશેનેશીન થયલો પાદશાહ છે એમ સમજી તનદુરોસ્તીનાં ભણતરમાં આ પાદશાહનું નામ લેતા આવ્યા છે. પણ ફિર્દોસી જેવી રીતે તેનો અહવાલ આપી જાય છે, તે રીતે જોતાં ખુલ્લું માલૂમ પડે છે કે આ પાદશાહ કોઈપણ રીતે આ જેહાનમાંથી ગુઝર પામેલો હોવો જોઇયે. ફિર્દોસી લખે છે કે કયખુસરૂએ સરોશ ફરેશ્તાને ખાબમાં જોયો કે સરોશ ઈઝદ તેને આ ફાની દુન્યા છોડી જવા ફર્માવે છે કે,

કુનૂન્ આન્ચે જોસ્તી હમહ યાફ્તી
અગર્ ઝીન્ જહાન્ તીઝ્ બેશતાફ્તી
બહમ્સાયગી દાવરે પાક્ જાય
બેયાબી દરીન્ તીરગી દર્ મપાય
હરાન્ કસ કે અઝ બહ્રે તૂ રન્જ્ બોર્દ
ચુનાન્ દાન્ કે રન્જ્ અઝ પયે ગન્જ્ બોર્દ
બેબખ્શો બઅર્ઝાનેયાન્ બખ્શ ચીઝ્
કે ઈદર્ નમાની તો બેસ્યાર્ નીઝ્

ચુ ગીતી બેબખ્શી મેયાસાય હીચ્
કે આમદ તોરા રૂઝગારે પસીચ્

ચુનાન્ ચૂન્ બેજોસ્તી ઝે યઝદાન્ તો જાય
બબીમર્ગ્ બર્ખીઝો આનજા ગેરાય

"હાલ જે કાંઈ મુરાદ કે તે ચાહી છે, તે તને મળી છે-જો તું આ જેહાન છોડી જવા માટે તત્પર છે,

તો પાક દાવરની પડોસમાજ તને જગ્યા-મળશે, માટે હવે આ અધારી દુન્યામા તુ થોભ ના

જેઓએ તારે માટે ઝેહમત ઉઠાવી હતી-તેઓ માટે એમજ જાણ કે ગજ મેળવવા માટે તેઓએ રજ ખેચી હતી

તેઓને હવે તુ ગજ બક્ષેશ કરજે અને સાથે જેઓ લાયક માણસો હોય તેઓને પણ કાંઈ બક્ષેશ કરજે-કારણકે અહી (આ દુન્યામાં) તું હવે ઘણો વખત રહેવાનો નથી

જ્યારે દેશને (એટલે રાજપાટને) બીજાને સોપ્યો ત્યારે તું વળી આસાયેશ ના લેતો-કારણકે (પેલી જેહાને) જવાની તેયારી કરવાનો વખત આવી પુગ્યો છે

યઝદાન પાસે મીનોઈ જેહાનમા જે જગ્યા તે માગી છે-તે જગ્યાએ જવા માટે મોત નથી આવ્યુ છતા તું તેયાર થા"

વળી જ્યારે ઝાલ અને રૂસ્તમ ઝાબુલથી આવી તેને સમજાવે છે કે "હવે તું એ સઘળું છોડી દઈ તારી પાદશાહી ઉપર ધ્યાન રાખ." ત્યારે પાદશાહ કયખુસરૂ પોતે જોયલા ખાબ માટે તેઓને કહે છે કે,

બરદ મર્ મરા ઝીન્ સરાએ સેપન્જ્
નમાનદ ઝે મન્ દર્ જહાન્ દર્દો રન્જ્
કુનૂન્ યાફ્તમ હર્ચે જોસ્તમ્ ઝે કામ્
બેબાયદ બેસીચીદ કામદ ખરામ્
સહર્ગહ મરા ચશ્મ્ બેઘનૂદ દૂશ
ઝે યઝદાન્ બેયામદ ખુજસ્તહ સોરૂશ
કે બર્ સાઝ્ કામદ ગહે રફ્તનત
સર્આમદ નેઝન્દીઓ નાખફ્તનત

"મે દોઆ માગી કે મને આ ત્રણ પાચ દહાડાની દુન્યામાથી બોલાવી લે-કે જેથી દુન્યામા મારી પાછળ મારા ઝુલ્મની વાત રહેવા પામે નહી

જે મુરાદ કે મે ખોદાથી માગી હતી તે મને મળી છે-હવે મને તૈયારી કરવી જોઇયે કારણકે દુન્યામાથી ચાલી જવાનો વખત આવી પુગ્યો છે

ગઇ પાછળી રાતે મારી આખ લાગી ગઈ-અને પાક યઝદાન તરફથી મુબારક સરોશ ઇઝદે આવી મને કહ્યુ,

કે તૈયારી કર કે તારો (તે જેહાન જવાનો) વખત આવી પુગ્યો છે-તારી બેચેની અને ઉજાગરાનો છેડો આવ્યો છે"

તેમજ વળી પાદશાહ કયખુસરૂ ઈરાનીઓને નસીહત દે છે, ત્યારે બોલે છે કે,

બેખાહીદ તા ઝીન્ સરાએ સેપન્જ્
ગુઝર્ યાબમો દૂર્ માનમ્ ઝે રન્જ્

અર્થ—"તમો સઘળાઓ મારે માટે એવુ ઇચ્છજો કે હુ આ ત્રણ પાચ દહાડાની દુન્યામાથી ગુઝર પામુ અને સઘળી રજથી છુટુ"

સરોશ ઇઝદનાં ફર્માન મૂજબ ઈરાનની ગાદી લોહરાસપને સોંપી તે જંગલમાં નીકળી જાય છે, જ્યાં એક બર્ફનું તોફાન થાય છે અને તે પાદશાહ સાથ ગયલા પેહલવાનો તે મોટાં તોફાનમાં માર્યા જાય છે અને પાદશાહ પોતે પણ ગુમ થઇ જાય છે. ફિર્દોસી એટલુંજ જણાવે છે. પણ તેની

લાશ હાથ ન લાગવાથી એવી અટકળ કરવામાં આવી કે તે પાદશાહ કોઈ તેવી છૂપી જગ્યાએ એકાંતમાં રહી ખોદાની બંદગીમાં મશગૂલ રહયો છે. આ અટકળે પાછળથી ખરી બીનાનું રૂપ લીધું અને લોકો એમજ ગણવા લાગ્યાં કે પાદશાહ કયખુસરૂ મરી નથી ગયો પણ હયાત રહેલો છે. આ બાબતને કેટલાંક પાછળાં ફાર્સી અને પેહલવી પુસ્તકો પણ ટેકો આપે છે. આફ્રીને પયગમ્બર ઝરતોશ્તમાં આવેલા વાકય 'અયસ્કેમ્ અમહ્ર્કેમ્ બવાહિ યથ કવહુસ્રવ' એટલે 'કયખુસરૂના જેવો બીમારી અને મોત વગરનો થજે!' આ ઉપરથી પણ કેટલાક લખનારા કયખુસરૂને હયાત ગણે છે.

પણ 'આફ્રીને રૂઝગાર'નો લખનાર કયખુસરૂને ગુઝર પામેલો ગણીને જેમ બીજા પાદશાહોનાં રવાનોને આરાધ્યાં છે, તેમ કયખુસરૂનાં રવાનને પણ આરાધ્યું છે. અવસ્તામાં પણ કયખુસરૂને ગુઝર પામેલોજ જણાવ્યો છે. ફર્વર્દીન યશ્તના ૨૯ માં કર્દામાં જણાવે છે કે 'કવોઇશ્ હુઓસ્રવંઘ્હો અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે.' એટલે કયાની કયખુસરૂના અશોફરોહરને અમો આરાધિયે છિયે.

આ નામીચો પાદશાહ ઘણોજ દયાળુ, ઈન્સાફી અને ધર્મી હતો. તેમજ રૈયતનો ઘણોજ માનિતો હતો. પેહલવાન રૂસ્તમ અને ઝાલ સાથ એને ઘણોજ ઘાડો સંબંધ હતો, આ પાદશાહ રૂસ્તમને બહુજ માન આપતો હતો. તેમજ રૂસ્તમ પણ આ પાદશાહના એક સખુન ઉપર પોતાનો જાન ફિદા કરવા તૈયાર થતો હતો.

રૂસ્તમની આવી ફિદાગીરી માટે પાદશાહ કયખુસરૂ ખરેજ મગરૂર થતો હતો અને તેને મ.ટે આ પ્રમાણે બોલતો હતો કે :—

તોઈ પર્વરશાનન્દએ તાજો તખ્ત
ફ્રોરૂઘ અઝ તો ગીરદ જહાનદારૂ બખ્ત
દેલે ચરૂખ દરૂ નઉકે શમ્શીરે તોસ્ત
સેપહરો ઝમીનો ઝમાન્ ઝીરે તોસ્ત
બેકન્દી દેલો મગ્ઝે દીવે સફીદ
ઝમાનહ બમેહરે તો દારદ ઉમીદ
ઝમીન્ ગેર્દે રખ્શે તોરા ચાકરસ્ત
ઝમાન્ બરૂ તો ચૂન મેહરૂબાન્ માદરસ્ત
ઝે તીઘે તો ખુરૂશીદ બેર્યાન્ શવદ
ઝે ગોર્ઝે તો નાહીદ ગેર્યાન્ શવદ
ઝે તીરો ઝે પયકાને કેલ્કે તો શીરૂ
બરૂઝે બલા ગર્દદ અઝ જન્ગ્ સીરૂ
તો તા બરૂનેહાદી બમર્દી કોલાહ
બઈરાન્ નકરૂદ ઈચ દુશ્મન નેગાહ
નદારી તો હમતા બરૂઝે નબરૂદ
સરે સરૂકશાન્ અન્દરૂ આરી બગરૂદ
તોઈ અઝ નેયાગાન્ મરા યાદગારૂ
હમીશહ કમરૂ બસ્તએ કાર્ઝારૂ
તોરા દાદ ગર્દન બમર્દી પલન્ગ્
બદર્યા ખોરૂશાન્ ઝે બીમત નેહન્ગ્
દેલે શહરૂયારાનો પોશ્તે કેયાન્
બહર્યાદે હરૂ કસ કમરૂ બરૂ મેયાન્

જહાનરા ઝે દીવાને માઝન્દરાન્
બેશુસ્તીઓ કન્દી બદાનરા સરાન્
ચે માયહ સરે તાજદારાન્ ઝે ગાહ
રેબૂદીઓ બરૂકન્દી અઝ પીશગાહ

ઈરાનના તાજ અને તખ્તની પર્વરશનો કરનાર તુજ છે-પાદશાહી તખ્ત તારાથીજ ઝળકાટ પકડે છે

આસ્માનનુ દિલ પણ તારીજ શમ્શેરની નોક નીચે છે આસ્માન, ઝમીન અને ઝમાનો તારોજ તાબેદાર છે

સફેદ દેવનુ શરીર અને માથુ તેજ ઉખેડી નાખ્યુ-ઝમાનો પણ તારી સાથ પ્રીતિ રાખવાની ખાહેશ કરે છે

ઝમીન તારા રખ્શ ઘોડાની આસપાસ ચાકર બનેલી છે-ઝમાનો તારા ઉપર એક મેહરબાન માની મિસાલ માયાળુ બનેલો છે.

તારી તલવારથી આફતાબ પણ ભૂજાઈ જાય છે-તારા ગોર્ઝથી શુક્ર સેતારો પણ રડી દે છે

લડાઇને દહાડે તારા તીર અને કલમી પયકાનથી મસ્ત સિંહ પણ લડવાથી ધરાઈ જાય છે

જ્યારથી તેં મર્દાનગીની કોલાહ સર ઉપર મેલી છે ત્યારથી આ ઇરાન દેશ ઉપર દુશ્મનોએ જરાક પણ નઝર કરી નથી

લડાઇને દહાડે કોઈ પણ તારો હરીફ નથી-કારણકે તુ પેહલવાનોના સર ધૂળમા રગડોળે છે

મારા વડવાઓથી તુ ઉતરી આવેલો છે-અને મારી તરફથી લડવા માટે સદા તૈયાર હોય છે

ચિત્તા જેવો તારી મર્દાનગી આગળ પોતાની ગર્દન નમાવેલી રાખે છે-તારી ધાસ્તીથી દર્યામા મગરમચ્છ પણ પોકારતા રહે છે

પાદશાહોનો જીગરજાન દોસ્ત તું છે તેમજ કયાની વંશનો પોશતપનાહ તુ છે-તેઓમાના દરેકની ફર્યાદ ઉપર ધ્યાન આપી તેઓ તરફથી તુ લડવા તૈયાર રહે છે.

આ દુન્યાને માઝન્દરાનના દેવોથી-તેજ ધોઈ કાઢી છે અને બૂરાઓનાં સર તેજ ઉખેડી નાખ્યા છે

તે કેટલા બધા પાદશાહોનાં સર તખ્ત ઉપરથી-છીનવી લઈ તેઓની રાજગાદી પાયમાલ કરી નાખી છે.

બસા દુશ્મનાન્ કઝ્ તો બીજાન્ શુદહ્
બસા બૂમો બર્ કઝ્ તો વયરાન્ શુદહ્
સરે પહ્લવાનાનો લશ્કર્ પનાહ્
બનઝ્દીકે શાહાન્ તોરા દસ્તગાહ્

હમહ્ જાદૂઆન્રા શેકસ્તી બગોરૂઝ્
બયફ્રૂખ્તી તાજે શાહાન્ બબોરૂઝ્
ચે અફ્રાસેયાબો ચે ખાકાને ચીન્
નબેશતહ્ હમહ્ નામે તૂ બર્ નેગીન્
હરાન્ બન્દ કઝ્ દસ્તે તૂ બસ્તહ્ શુદ
કુશાયન્દગાન્રા જેગર્ ખસ્તહ્ શુદ
કુશાયન્દએ બન્દે બસ્તહ્ તોઈ
કયાન્રા સેપહ્રે ખુજસ્તહ્ તોઈ
તોરા ઈઝદ ઈન્ ઝૂરે પીલાન્ કે દાદ
બરો બાઝૂઓ ચન્ગો ફરૂરોખ નેઝાદ
ઝે તીઘે તો ખાલી મબાદા જેહાન્
હમીશહ્ તોરા બસ્તહ્ બાદા મેયાન્
સરત સબ્ઝ્ બાદા દેલત શાદમાન્
તને પાક્ દૂર્ અઝ્ બદે બદગમાન્
ખુનુક્ ઝાલ્ કશ બુગ્ઝરદ રૂઝગાર્
બેમાનદ બગીતી ચુ તૂ યાદગાર્
ખુજસ્તહ્ બરો બૂગે ઝબુલ્ કે શીર્
હમી પર્વરાનદ ગવાને દેલીર્
ખુશા શહ્રે ઈરાનો ફરૂરોખ ગવાન્
કે દારન્દ ચૂન તૂ યકી પહ્લવાન્
વઝીન્ હરસે બરતર્ સરે બખ્તે મન્
કે ચૂન તૂ પરસ્તદ હમા તખ્તે મન્
બખુરશીદ માનદ હમહ્ કારે તૂ
બગીતી પરાગન્દહ્ કેર્દારે તૂ
તોઈ પોશ્તે ઈરાનો તાજે મેહાન્
નખાહીમ બી તો ઝમાની જેહાન્
હમાન્ નીમરૂઝ્ અઝ્ તો ખાલી મબાદ
કે ચૂન્ તૂ નદીદસ્ત ગીતી બયાદ

ઘણાક દુશ્મનો કે તારાથી બેજાન થઇ ગયા છે-તેમજ ઘણાક મુલકો અને શેહરો તારાથીજ નાશ પામ્યાં છે.

તુજ મારા સઘળા પેહલવાનોનો સરદાર છે અને મારાં લશ્કરની પોસ્ત પનાહનો કરનાર છે-દુન્યાના સઘળા પાદશાહોની નઝદીક તારોજ દરજ્જો ચઢતો છે

તેંજ સઘળા જાદૂગરોને તારા ભારી ગોર્ઝે કૂટી નાખ્યા છે-તેમજ અમો પાદશાહોના તાજને બુલદી ઉપર લઇ જઈ રોશન કર્યા છે

શું પાદશાહ અફ્રાસિયાબ કે શુ ચીનના ખાકાન વગેરે-સઘળા પાદશાહોએ તારૂજ મુબારક નામ પોતાની મોહર ઉપર કોતરાવી રાખ્યું છે

જે શખ્સ કે તારા હાથથી બધાયો હોય-તો તેને છોડવનારાઓના જીગર ઝખ્મી થયલાજ જાણવા

તે શખ્સ ઉપરના બદનો છોડનાર ફકટ તુજ છે-કયાની પાદશાહોનુ મુબારક છત્ર તુજ છે

તે પર્વર્દેગારે તને આવુ મસ્ત હાથીઓ જેવુ કૌવત તેમજ આવી છાતી, બાઝૂ, ચુન્ગાલ અને મુબારક ઊચી બુન્યાદ બક્ષેશ કરી છે

તારી તલવારથી જેહાન ખાલી ના હોતી હમેશે તારી કમર બાધેલી હોજો!

તારી જવાની કાયમ રહેજો અને તારૂ દિલ ખુશહાલ રહેજો-દુશ્મનની બૂરાઈથી તારૂ પાક તન દૂર રહેજો!

ભાગ્શાળી છે ઝાલ કે જ્યારે તે આ દુન્યા છોડી જશે ત્યારે દુન્યામા તારા જેવી એક યાદગારી રાખી જશે

ઝાબુલની સરઝમીન મુબારક હોજો! કે જ્યાનુ દૂધ આવા બહાદુર પેહલવાનોની પર્વરેશી કરે છે

ભાગ્યશાળી છે ઈરાન અને ભાગ્યશાળી તેના મુબારક પેહલવાનો-કે જેઓ તારા જેવા એક પેહલવાન ધરાવે છે

એ ત્રાણેથી બુલદ તો મારૂ નસીબ ગણાય-કે તારા જેવો પેહલવાન મારા તખ્તની તાબેદારી કરે છે

તારા સઘળા કામો ખુરશેદની બુલદી સૂધી યાદગાર રહી જશે-કારણકે તારા પરાક્રમો આખી દુન્યામા ફેલાઈ ગયા છે

તુજ ઈરાન દેશની તેમજ બુઝોર્ગોના તાજની પોશતપનાહ કરનાર છે-અમો નથી ચાહતા કે તારા વગર એક પળ પણ દુન્યા ખાલી રહે

તમજ નીમરૂઝનો મુલક તારેથી ખાલી ના પડતો-કારણકે દુન્યાને પણ તારા જેવા જોયલાની યાદ નથી"

ઉપલા પાદશાહ કયખુસરૂના સખુનોથી દરેક વાંચનારા સાહેબોની ખાતેરી થઈ હશે કે રૂસ્તમ કોણ હતો, કેવો હતો અને કેટલી શક્તિ ધરાવતો હતો? બેશક કે કયખુસરૂના આ કીમતી સખુનોને પેહલવાન રૂસ્તમ ઈન્ચેઈન્ચ લાયક હતો.

આ પાદશાહ પોતાની મા તરફથી તૂરાની લોહી ધરાવતો હતો, છતાં એક પણ દાખલામાં ઈરાનીઓને બડબડવાનુ કાંઇપણ કારણ આપ્યું નહીં હતુ. જ્યારે આ પાદશાહ કયખુસરૂને સરોશ ઈઝદે બશારત કરી આ ફાની દુન્યા છોડી જવા ફર્માવ્યું, ત્યારે ઈરાની સરદારો ગભરાઈ જઈ ઝાબુલેસ્તાન જઈ ઝાલ અને રૂસ્તમને બોલાવી લાવ્યા કે પાદશાહને સમજાવી આ કામથી બાઝ રાખે. ઝાલ અને રૂસ્તમ આવ્યા બાદ પાદશાહને સમજાવવા લાગ્યા. પાદશાહ સાથ તકરારમાં ઉતરતાં પેહલવાન ઝાલેઝરથી પાદશાહની માની અઉલાદ વિષે તેમજ કાઊસ વિષે એશારો કરવાથી પાદશાહ કયખુસરૂ બહુજ ગુસ્સામાં આવી જઇ નીચે પ્રમાણે બોલ્યો કે:—

જહાન્દાર્ પૂરે સેયાવુશ મનમ
ઝે તોખ્મે કયાન્ શાહે બાહુશ મનમ

તુ જાણ કે "હુ પાદશાહ સિયાવક્ષનો બેટો છુ તેમજ કયાની તોખ્મનો બાહોશ પાદશાહ છુ

નબીરહુ જહાનદારૂ કાઊસે કય
દેલઅફ્રૂઝ પુરૂ દાનેશો નીકુ પય
બે આદરૂ હમઝ તોખ્મે અફ્રાસેયાબ્
કે બા ખેશ્મે ઊ ગુમ શુદી ખુર્દો ખાબ્
નબીરહુ ફરીદૂનો પૂરે પશન્ગ્
અઝીન્ ગઉહરાન્ ખુદ મરા નીસ્ત નન્ગ્

કે શીરાને ઈરાન્ બદર્યાએ આબ્
નશોસ્તી તન્ અઝ બીમે અફ્રાસેયાબ્

દેલ રોશન કરનાર, દાનાઈ ભરેલા અને નેક કદમના કયાની પાદશાહ કાઊસનો નબીરો છુ

તેવીજ રીતે મા તરફથી પણ પાદશાહ અફ્રાસિયાબની અવલાદ ધરાઉ છુ, કે જે પાદશાહના ગુસ્સાને લીધે સર્વની ઊંઘ અને ભૂખ ઉડી જતા હતા

તે અફ્રાસિયાબ પાદશાહ ફરીદૂનનો નબીરો અને પશંગનો છોકરો હતો, આવી બન્ન તરફની બુન્યાદ ધરાવવા માટે હુ પોતે જરા પણ શર્મિંદો નથી

કારણકે અફ્રાસિયાબ જેવા પાદશાની ધાસ્તીએ કરીને ઈરાનના સિહો વટિક દર્યાના પાણીમા પોતાનુ તન ધોઈ શકતા નહીં હતા

એ વગેરે બીજા સખુનો કહેવા ઉપરથી ઝાલેઝર પશેમાન થયો અને તુરત પાદશાહ કયખુસરૂની માફી ચાહી. આ પાદશાહ ઉપર ઈરાની સરદારોનો એટલો તો ચાહ અને જાનફેશાની હતી કે જયારે પાદશાહ કયખુસરૂ સરોશ ઇઝદના ફર્માવ્યા મુજબ પહાડ તરફ ગયો ત્યારે તેની પૂઠે ઈરાની સરદારો તૂસ, ગીવ, બીઝન વગેરે ગયા, પણ ત્યાંથી તેઓ પાછા ફર્યાજ નહીં અને પોતાના વહાલા પાદશાહ ઉપર પોતાના કીમતી જાનો અર્પણ કર્યા

મુંબઈ રોઝ ૧ લો માહ ૧ લો સને ૧૨૮૫ યઝદજર્દી.

માહીયાર નવરોજી કુટાર.
ફરામર્ઝ નવરોજી કુટાર.

શાહનામએ ફિર્દોસી.

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

વૉલ્યુમ ૫ મું.

બાઝ્ ગશતને ગીવ્ બા પાસોખે પીરાન્ વ સફ્ કશીદને હરદૂ લશ્કર્.

બગીવ્ આન્ગહી ગોફ્ત્ બરૂખીઝો રવ્
સુએ પહ્લવાને સેપહ્ બાઝ્ શવ્
કે બર્ મા સેપાહ્ આમદ્ અઝ્ ચાર્ સૂય
હમી તખ્તે ઇરાન્ કુનન્દ્ આરૂઝૂય
બગૂયશ્ કે અઝ્ મન્ તો ચીઝી મજૂય
કે ફર્ઝાનગાન્ આન્ ન બીનન્દ્ રૂય
યકી આન્ કે અઝ્ નામદારાન્ ગવાન્
સેપોર્દન્ બદસ્તે તો ઈન્ કય તવાન્
દીગર્ કે ગૂઈ સેલીહો સેપાહ્
ગેરાન્માયહ્ અસ્પાનો તખ્તો કોલાહ્
બેરાદર્ કે રૂઇશાન્રવાને મનસ્ત્
ગુઝીદહ્ પેસર્ પહ્લવાને મનસ્ત્
હમી ગૂઈ અઝ્ ખીશતન્ દૂર્ કુન્
કે બેખ્રદ્ ચુનીન્ ખામ્ બાશદ્ સખુન્
મરા મર્ગ્ બેહ્તર્ અઝીન્ ઝન્દગી
કે સાલાર્ બાશમ્ કુનમ્ બન્દગી
યકી દાસ્તાન્ ઝદ્ બરીન્ બર્ પલન્ગ્
ચુ બા શીરે જન્ગી બર્ આમદ્ બજન્ગ્
બનામ્ અર્ બેરીઝી મરા ગોફ્ત્ ખૂન્
બેહ્ અઝ્ ઝેન્દગાની બનન્ગ્ અન્દરૂન્
સેદીગર્ કે પયઘામે શાહ્ આમદસ્ત્
બફર્માને જન્ગમ્ સેપાહ્ આમદસ્ત્
ચુ પાસોખ ચુનીન્ યાફ્ત્ બરગશ્ત્ ગીવ્
અબા નામદારાનો ગોર્દાને નીવ્

ગીવનું પીરાનના જવાબ સાથ પાછું ફરવું અને બંને લશ્કરે સફ સમારવી.

ત્યાર પછી તેણે તુરત ગીવને કહ્યુ-કે "ઉઠ અને તુ પાછો તે લશ્કરના પહેલવાન ગૂર્દર્ઝની તરફ જા

કારણ કે અમારી આગળ ચો તરફથી લશ્કર આવી લાગ્યું છે-અને તે ખુદ ઈરાનનુ તખ્ત હાથ કરવાની ખાહેશ ધરાવે છે

તેને કહેજે કે તુ મારી પાસેથી અકલમંદો નહીં સ્વીકારે તેવી ચીઝની આશા રાખતો ના

પહેલુ તો એ કે તૂરાની નામદાર પહેલવાનોને તારા હાથમા સોપવાની તાકત કોણ ધરાવે છે?

વળી બીજુ તુ કહે છે કે હથિયાર, લશ્કર, કીમતી ઘોડા, તખ્ત અને કોલાહ

તેમજ મારો રોશનરવાનનો ભાઈ-અને વહાલો બેટો જે મારો બહાદુર પહેલવાન છે,

તે બધાને તુ પોતા પાસેથી દૂર કરવા કહે છે-શુ કોઈ ડાહ્યો માણસ એવો બેવકૂફી ભરેલો સખુન બોલતો હશે?

હુ તૂરાની સરદાર કહેવાઈ કોઈની તાબેદારી કરૂં-તો એવી ઝિંદગીના કરતા તો મરણુ મને વધુ પસંદ છે

એ બાબત એક ચિત્તા વાઘે જ્યારે ખૂનખાર સિંહ સાથે લડવા આવ્યો ત્યારે એક વાત કહી

કે 'બહાદુરીથી લડતા જો તારે હાથે હુ માર્યો જાઉ તો શર્મ ભરેલી ૧
ઝિંદગી ગુઝારવા કરતા વધારે બેહતર છે'

અને ત્રીજુ એકે પાદશાહ અફ્રાસિયાબનો પયગામ આવ્યો છે-અને મને લડાઈમા ઉતરવાના તેના ફર્માન સાથ લશ્કર પણ આવી લાગ્યું છે."

જ્યારે પહેલવાન ગીવને એવી રીતનો જવાબ મળ્યો-ત્યારે તે પોતાના નામદારો અને બહાદુર પહેલવાનો સાથ પાછો ફર્યો

સેપહ્દાર ચુન્ ગીવ્ બર્ગશ્ત અઝ્ચ
બોઝ્રશાન્ સુએ જન્ગ્ બેન્હાદ્ રૂય
બેયામદ્ શુ પીશે કનાબદ્ રસીદ્
બદાન્ દામને કુહ્ લશ્કર્ કશીદ્
ચુ ગીવ્ અન્દર્ આમદ્ બપીશે પદર્
હમી ગોફ્ત પાસોખ્ બદ્ દર્ બદર્
બગૂદર્ઝ ગોફ્ત અન્દર્ આવર્ સેપાહ્
બજાઈ કે સાઝી હમી રઝ્મગાહ્
કે ઊરા હમી આશ્તી રાય નીસ્ત્
બદેલશ અન્દરૂન્ દાદ્રા જાય નીસ્ત્
ઝે હર્ગૂનહ્ બા ઊ સખુન્ રાન્દમ્
હમી હરૂચે ગોફ્તી બર્ ઊ માન્દમ્
ચુ આમદ્ પદીદાર્ અઝીશાન્ ગુનાહ્
હયૂની બર્ અફ્ગન્દ્ નઝ્દીકે શાહ્
૨ કે ગૂદર્ઝો ગીવ્ અન્દર્ આમદ્ બજન્ગ્
સેપહ્ રાન્દ્ બાયદ્ કુનૂન્ બી દેરન્ગ્
સેપાહ્ અન્દર્ આમદ્ ઝે અફ્રાસેયાબ્
ચુ મા બાઝ્ ગશ્તીમ્ બોગ્ઝાશ્ત્ આબ્
કુનૂન્ કીનહ્રા કૂસ બર્ પીલ્ બસ્ત્
હમી જન્ગે મારા કુનદ્ પીશ દસ્ત્
ચુનીન્ ગોફ્ત બા ગીવ્ પસ પહ્લવાન્
કે પીરાન્ બસીરી રસીદ્ અઝ્ રવાન્
હમી દાશ્તમ્ ચશ્મ ઝીન્ બદ્નેહાદ્
વલીકેન્ બફર્માને શાહે જેહાન્
બેબાયેસ્ત્ રફ્તન્ કે ચારહ્ નબૂદ્
દેલશરા કુનૂન્ શહ્રયાર્ આઝ્મૂદ્
ચફી દાસ્તાન્ ગોફ્તહ્ બૂદમ્ બશાહ્
ચુ ફર્મૂદ્ લશ્કર્ કશીદન્ બરાહ્
કે દેલરા ઝે મેહ્રે કસી બર્ ગુસેલ્
કુજા નીસ્તશ્ બા ઝબાન્ રાસ્ત દેલ્
હમી મેહ્રે પીરાન્ બતોર્કાન્ બરસ્ત્
બેશૂયદ્ હમી શાહ્ અઝ્ પાક્ દસ્ત્
દવાન્ અઝ્ પયે ગીવ્ પીરાન્ દેલીર્
સેપહ્રા હમી રાન્દ્ બર્સાને શીર્
૩ ચુ દાનેસ્ત્ ગૂદર્ઝ્ કામદ્ સેપાહ્
બેઝદ્ કૂસો આમદ્ ઝે રયબદ્ બરાહ્
ઝે કુહ્ અન્દર્ આમદ્ બહામૂન્ ગુઝશ્ત્
કશીદન્દ્ લશ્કર્ બર્ આન્ પહ્ન્ દશ્ત્
બદશ્ત્ અન્દર્ આવર્દ્ લશ્કર્ ગોરૂહ્
બહામૂન્ સેપાહ્ અઝ્ પસે પોશ્તે કુહ્
ચુ પીરાન્ સેપાહ્ અઝ્ કનાબદ્ બેરાન્દ્
બરૂઝ્ અન્દરૂન્ રઉશનાઈ નમાન્દ્
સવારાને જઉશનવરાન્ સદ્ હઝાર્
ઝે તોર્કાન્ મેયાન્ બસ્તએ કાર્ઝાર્
બેરફ્તન્દ્ બસ્તહ્ કમર્હા બજન્ગ્
હમહ્ નીઝહો તીઘે હેન્દી બચન્ગ્
બકેર્દારે કુહ્ અઝ્ દો રૂયહ્ સેપાહ્
અઝ્ આહન્ બસર્ બર્ નેહાદહ્ કોલાહ્
બર્ આમદ્ ખોરૂશીદને કર્રનાય

જેવો ગીવ ત્યાથી પાછો ફર્યો કે સરદાર પીરાન-પોકાર મારતો લડાઇની તેયારી કરવા પડયો.

અને જ્યારે "કનાબદ" નામની પહાડી જગ્યા નઝદીક આવી પહોચ્યો-ત્યારે તેણે તે પહાડની કદણુમાં લશ્કર ગોઠવ્યુ.

જ્યારે ગીવ બાપની નઝદીક આવ્યો-ત્યારે તેના જવાબનો બોલેબોલ તેને કહયો

અને બોલ્યો કે "જે જગ્યાએ તુ લડાઈગાહ બનાવવા ચાહતો હોય તે જગ્યાએ લશ્કર ગોઠવ

કારણ કે તેનો સુલેહનો વિચાર નથી-તેના દિલમા ઈન્સાફની જગ્યાજ નથી

તેની સાથે હરેક તરેહની વાત ચલાવી-અને તે જે કાઈ કહ્યું હતું તે મે તેને કહ્યું

જ્યારે વાક તેઓનોજ સાબેત થયો-ત્યારે તેણે એક સાંઢણી સવાર પાદશાહની નઝદીક મોકલ્યો

કે 'ગૂદર્ઝ અને ગીવ લડાઈ માટે આવ્યા છે-તેથી મદદ માટે વગર ઢીલે લશ્કર મોકલવુ જોઇયે.'

તેથી અફ્રાસિયાબની નઝદીકથી લશ્કર આવ્યુ છે-અમો જ્યારે પાછા ફરતા હતા ત્યારે તે લશ્કરે જહૂન નદી પસાર કાધી હતી

હવડા તો તેણે લડાઈ માટે નગારા હાથી ઉપર બાધ્યા પણ હશે-અને એય આપણી સાથ લડવાની પહેલ પણ કરશે"

ત્યારે પહેલવાન ગૂદર્ઝે ગીવને એ પ્રમાણે કહ્યુ-કે "પીરાન પોતાના જીવથી ધરાઈ ગયો છે

એ લુચ્ચાથી તો હુ એવીજ આશા રાખતો હતો-તો પણ જહાનના પાદશાહના હુકમ પ્રમાણે

તને જવુજ જોઈતુ હતુ બીજો કશો ઈલાજ ન હતો-હવે પાદશાહે તેના દિલને અઝમાવી લીધુ છે

જ્યારે પાદશાહે મને લશ્કર કુચ કરાવવાનો હુકમ આપ્યો-ત્યારેજ મે તેને એવી એક વાત કહી હતી.

કે જે માણસનુ દિલ અને ઝબાન સરખા ન હોય-તેવા માણસની મોહબતથી તુ દિલ ઉઠાડી લે

પીરાનની સઘળી લાગણી તુરાનીઓ તરફજ છે-માટે હવે પાદશાહે તો તેની સઘળી મોહબતથી હાથ ધોવા જોઇયે"

હવે પેલી તરફ દેલીર પીરાને શિતાબી કરી ગીવની પછાડી-સિંહની માફક લશ્કરને ચલાવ્યુ

જ્યારે ગૂદર્ઝે જાણ્યુ કે લશ્કર આવ્યુ-ત્યારે નગારા વગડાવી રયબદના જગલથી આગળ વધ્યો

તે પહાડ છોડી મયદાનમા આવ્યો-અને તે બોહળા મયદાનમાં લશ્કર લાવ્યો.

અને પહાડને પીઠ પછાડી રાખીને તે બોહળા મયદાનમા આવી તેણે લશ્કર ગોઠવ્યુ.

જ્યારે પીરાને 'કનાબાદ'થી લશ્કર ચલાવ્યું-ત્યારે તે લશ્કરે કરી દહાડાની રોશની પણ ઝાખી પડી ગઈ

તુર્કીઓમાથી લડાઈની કમર બાંધેલા-બખ્તરવાલા એક લાખ સવારો,

કમર બાધીને લડાઈમા ગયા-સઘળાના હાથમા નેઝા અને હિંદી તલવાર હતી.

બન્ને તરફનું લશ્કર જાણે બે પહાડ હોય તેમ લાગતું હતું-તેઓએ માથે લોખડી કોલાહ પેહેરેલી હતી.

પછી કરનાયના પોકાર નીકળ્યા-જેથી એવું લાગતું હતું કે જાણે

કે રયબદ ઝમીન્ તા કનાબદ સેપાહ
દરો દશ્ત અઝીશાન્ કબૂદો સેયાહ
ક ગર્દે સેપહ રૂઝ રઉશન નેહાન્દ
કે નીઝહ હવા જોઝ બજઉશન નમાન્દ
અઝ આવાઝે અસ્પાનો ગર્દે સેપાહ
બેશુદ રઉશનાઈ કે ખુરશીદો માહ
સેતારહ સનાન્ બૂદો ખુરશીદ તીઘ
કે આહન ઝમીન્ બૂદ વઝ ગરદ મીઘ
બેતૂફીદ અઝ આવાએ ગોર્દાન ઝમીન્
કે તર્કો સનાન્ આસ્માન્ આહનીન્
ચુ ગૂદરઝ તૂરાન સેપહરા બેદીદ
કે બર સાને દર્યા હમી બર દમીદ
હેરફૂશ અઝ હેરફૂશો ગોરૂહ અઝ ગોરૂહ
ગોસસ્તહ નશુદ તા શબ્ આમદ કે કુહ
ચુ શબ્ તીરહ શુદ પીલ પાશે સેપાહ
ફરાઝ આવરીદન્દો બસ્તન્દ રાહ
બર અફ્રુખ્તન્દ આતેશ અઝ હરદો રૂય
કે આવાઝે ગોર્દાને પર્ખાશજૂય
જહાન્ સરબસર ગોફતી અહરીમનસ્ત
બદામન બર અઝ આસ્તીન્ જઉશનસ્ત
કે બાન્ગે તબીરહ બસન્ગ અન્દરૂન્
બેદરીદ દેલ દર શબે તીરહ ગૂન્
સપીદહ બર આમદ કે કુહે સેયાહ
સેપહદારે ઈરાન બપીશે સેપાહ
બઆસૂદહ અસ્પ અન્દર આવરદ પાય
યલાન્રા બહરસૂ હમી સાખ્ત જાય
સેપહરા સુએ મયમનહ કુહ બૂદ
કે જન્ગે દેલીરાન્ બી અન્દુહ બૂદ
સુએ માયસરહ રૂદે આબ રવાન્
ચુનાન દરખુર આમદ કે તન્રા રવાન્
હમીદૂન પેયાદહ પસે નીઝહદાર
અબા જઉશના તીરે આહન ગોઝાર
પેયાદહ કે બુદ દરખુરે કાર્ઝાર
બેફરમૂદ તા પીશે રૂએ સવાર
સફી બર કશીદન્દ નીઝહવરાન્
સેપરદાર બા બાદપાયાન્ સરાન્
કમાનહા ફેગન્દહ બબાઝૂ દરૂન્
હમી અઝ જેગર શાન્ બેજૂશીદ ખૂન્
પસે પોશતે ઈશાન્ સવારાન જન્ગ
કઝ આતેશ બખન્જર બેબોર્દન્દ રન્ગ
પસે પોશત શાન ઝેન્દહ પીલાન ચુ કુહ
ઝમીન્ અઝ પયે પીલ ગશતહ સેતૂહ
હેરફૂશે બોબસ્તહ મેયાને સેપાહ
કે અઉહર હેરફૂશાન્ બકેર્દારે માહ
દુરોખ્શીદને તીઘહાએ બેનફૂશ
અઝાન્ સાયએ કાવેયાની દેરફૂશ
તો ગોફતી કે અન્દર શબે તીરહ ચેહર
સેતારહ હમી બર ફેશાનદ સેપેહર
બેયારાસ્ત લશ્કર બસાને બેહેશ્ત
બબાગે વફા સર્વે કીનહ બેકેશ્ત

રયબદની જગ્યાથી તે કનાબદ સૂધી લશ્કર ભરેહું હતું-જેથી મયદાન અને પહાડની ખીણ કાળી અને બલુ થઈ ગઈ હતી

લશ્કરની ગર્દથી દિવસનો પ્રકાશ ઢંકાઈ ગયો-સવારોના નેઝાઓથી હવાએ જાણે બખ્તર પેહેર્યું હોય એમ લાગતુ હતુ

ઘોડાઓના આવાઝ અને લશ્કરની ધૂળથી-આફ્તાબ અને માહતાબની ૪
રોશની જતી રહી હતી

નેઝાઓ જાણે સેતારા હતા અને તલવારો સૂર્ય મિસાલ લાગતી હતી-જમીન નાખડી થઈ ગઈ હતી અને વાદળા ધૂળના બન્યા હતા

પહેલવાનોના પોકારનો ઝમીનમાથી પડઘો પડવા લાગ્યો-ટોપ અને નેઝાથી આસ્માન લોઢાનુ બન્યુ

ગૂદર્ઝે તૂરાની લશ્કરને જોયુ-કે જે દર્યાની મિસાલ ઉછાળા મારતું હતુ.

પહાડ આગલથી રાત પડી ગઇ ત્યા સૂધી ઝુડા પાછળ ઝુડા અને લશ્કર પાછળ લશ્કર આવતુ બદ પડયુ નહીં

જ્યારે રાત અધારી થઈ ત્યારે લશ્કર આગળ હાથીઓ લાવી ત્યાનો રસ્તો બદ કર્યો

બન્ને તરફથી તપાસ રાખવા માટે મશાલો સળગી-લડાયક પેહલવાનોના આવાઝથી

તુ કહેશે કે તમામ જેહાન દૈત્યથીજ ભરેલી છે-અને દામનથી તે આસ્તીન સૂધી તેઓ હથિયારથી સજ થયલા છે

તે સીઆહ રાત્રે નગારાંના આવાઝથી પત્થરના દિલ પણ ફાટવા લાગ્યા

જ્યારે સીઆહ પહાડમાથી સહવારની સફેદી ઉપર ચઢી-ત્યારે ઈરાની સરદાર પોતાના લશ્કરની હરોલમા આવી,

એક આસૂદા ઘોડા ઉપર સવાર થયો-અને બીજા પહેલવાનોને ચો ૫
તરફ ગોઠવ્યા

લશ્કરની જમણી તરફ પહાડ હતો-જે પહાડ બીજા દેલાવર લોકોની લડાઈથી નચિન્ત રહેલો હતો

અને ડાબી તરફ વહેતા પાણીની નદી હતી-જે જેમ આત્મા શરીરને માટે ઝરૂરનો છે તેમ લડાઈ માટે યોગ્ય હતી

તેમજ ભાલાવાળાઓની પછાડી બખ્તર સાથના અને લોખડ વિંધનાર તીર સાથના પેયાદા સિપાહો હતા

જે લડાઇને લાયકના પેયાદા હતા-તેઓને સવારોની આગળ રહેવા ફરમાવ્યુ

નેઝાવાળાઓએ તેમજ ઢાલવાળાઓએ અને ઊટ સવારોએ એક બાજૂએ સફ ખેચી

બાઝુ ઉપર કમાનો લટકાવેલી હતી-તેઓના જીગરમા લોહી જોશ કરતુ હતુ

તેઓની પીઠ પછાડી લડાયક સવારો હતા-કે જેઓ ખંજરે કરી આતશનો ઝળકાટ મંદ કરી નાખતા હતા

તેઓની પછાડી પહાડની મિસાલના મસ્ત હાથી હતા-જે હાથીના કદમથી ઝમીન આજેઝ થયલી હતી

લશ્કરની વચ્ચે મુબારક કાવેયાની ઝુડો હતો-જે ઉપરનાં ગોહરોએ કરી માહતાબની મિસાલ ઝળકાટ આપતો હતો

કાવેયાની ઝુડાના સાયા હેઠળ પોલાદી તલવારોનો ઝળકાટ એવો ૬
લાગતો હતો,

કે જાણે કાળા ચેહરાવાળી રાતને વખતે-ઉપરથી આસ્માન સેતારા વર્સાવે છે

એ પ્રમાણે ગૂદર્ઝે બેહેશ્તની મિસાલ લશ્કર ગોઠવ્યું-અને વફાદારીના બાગમાં કીનાનું સરોવર રોપ્યું

ફ્રીઓરૂઝરા દાદ પસ મયમનહ
પસે પોશ્તે લશ્કરૂ હજીરો બુનહ
ગોરાઝહ સરે તોખમએ ગીવગાન
સવારહ નેગહબાને તખ્તે કયાન
બયારી ફ્રીઓરૂઝ બરૂખાસ્તન્દ
બેયક રૂએ લશ્કરૂ બેયારાસ્તન્દ
બરોહહામ ફરમૂદ પસ પહલવાન
કે અય નાઝેશે તખ્તો તાજે કયાન
બેરવ બા સવારાન સુએ મયસરહ
બકેદારે નઉરૂઝ હૂર અઝ બરહ
બરૂઅફરૂઝ લશ્કરૂ તો અઝ ફરૂરે ખીશ
સેપહરા હમી દારૂ દર પરૂરે ખીશ
બદાન આબગૂન ખન્જરે નીવ સૂઝ
બુ શીરે ઝેયાન અઝ યલાન રઝમૂ તૂઝ
૭ બેરફતન્દ યારાનશ બા ઊ બહમ
કે ગોદાને લશ્કરૂ યકી ગોસ્તહમ
દેગરૂ ગઝદહમ રઝમરા નાગુઝીરૂ
ફેરૂહેલ કે બોગઝારદ અઝ ચરૂખ તીરૂ
બેફરમૂદ બા ગીવ તા દહ હઝારૂ
બેરફતન્દ બરગુસ્તુવાનવરૂ સવારૂ
સેપોરદ આન ઝમાન પોશ્તે લશ્કરૂ બદૂય
કે બુદ જાએ ગોદાને પર્ખાશજૂય
બેરફતન્દ બા ગીવ જન્ગઆવરાન
ચુ ગુર્ગીનો ચૂન ઝન્ગએ શાવરાન
દેરફ્શી ફેરેસ્તાદો સીસદ સવારૂ
નેગહબાને લશ્કરૂ સુએ રૂદબારૂ
હમીદૂન ફેરેસ્તાદ બરૂ સુએ કુહ
દેરફ્શીઓ સીસદ ઝે ગોદાન ગોરૂહ
યકી દીદહબાન બરૂ સરે કુહ સરૂ
બરૂ આમદ બરૂ આવરૂદ અઝ અબ્રૂહ સરૂ
શબો રૂઝ ગર્દન બરૂ અફ્રાખ્તહ
અઝ આન દીદગહ દીદહ બરૂ તાખ્તહ
બેજુસ્તી હમા રાહે તૂરાન સેપાહ
પયે મૂરરા ગરૂ બેદીદી બરાહ
૮ ઝે દીદહ ખોરૂશીદન આરાસ્તી
બેગોરૂતીઓ ગૂદરૂઝ બરખાસ્તી
બદાન સાન બેયારાસ્ત આન રઝમગાહ
કે રઝમ આરૂઝૂ કરદ ખુરૂશીદો માહ
ચુ સાલાર શાયેસ્તહ બાશદ બજન્ગ
નતર્સદ સેપાહ અઝ દેલાવરૂ નેહંગ
વઝાન પસ બેયામદ બસાલારૂ ગાહ
કે દારદ સેપહરા ઝે દુશ્મન નેગાહ
દેરફ્શે દેલઅફરૂઝ બરૂપાય કરદ
યલાનરા બકલ્બ અન્દરૂન જાય કરદ
સરાનરા હમહ ખાન્દ નઝદીકે ખીશ
પસે પોશ્ત શીદૂશો ફર્હાદ પીશ
સેપહદારૂ ગૂદરૂઝ શાન દરમેયાન
દેરફ્શ અઝ બરશ સાયએ કાવેયાન
હમી બેસ્તદ અઝ માહો ખુરૂશીદ નૂર
નેગહ કરદ પીરાન બલશ્કર ઝે દૂર

પછી ફ્રીઓઝને જમણી બાજૂ આપી-લશ્કરની પછાડી અસબાબ સાથ હજીરને રાખ્યો.

ગીવગાનની તોખમનો સરદાર ગોરાઝેહ-તેમજ કયાની તખ્તનો નેગહબાન પેહલવાન સવારેહ,

તેઓ ફ્રીઓઝની મદદ માટે ગયા-એવી રીતે એક તરફના લશ્કરની સફ સમારી.

પછી પહેલવાન ગૂદર્ઝે રોહામને ફર્માવ્યું-કે "ઓ કયાની તખ્ત અને તાજના લાડકા પેહલવાન!"

મેષ રાશિમાના નઉરૂઝના આફતાબની મિસાલ-તુ સવારો સાથ ડાબી તરફ જા

અને પોતાના દબદબાથી લશ્કર રોશન કર-અને લશ્કરને તું પોતાના આસરા હેઠળ રાખ

તેમજ તારી બહાદુરીને બાળી નાખનારી તેઝી શમ્શેરે કરી-મસ્ત સિહની મિસલ દુશ્મનના પેહલવાનો સાથ લડાઈ કર"

ત્યારે રોહામ અને તેના મદદગારો તેની સાથે ગયા-જેમાં તે લશ્કરના પેહલવાનોમાથી એક ગોસ્તહમ હતો

બીજો કે જેના વગર લડાઈ થઇ શકેજ નહીં તેવો ગઝદહમ-અને ત્રીજો ફેરૂહેલ કે જે તીરે કરી આસ્માનને વિંધી નાખનો હતો

પછી દશ હઝાર પાખર સાથના ઘોડેસવારોને હુકમ કીધો જેથી તેઓ ગીવ સાથે ગયા

જેને લશ્કરનો પાછળો ભાગ સભાળવા રાખ્યો-કે જે લડાયક પહેલવાનોની જગ્યા હતી

ગીવની સાથે ગુર્ગીન અને ઝગએશાવરાન જેવા લડાયકો ગયા.

એક ઝુંડો અને ત્રણસો સવાર-લશ્કરનો નદી તરફનો ભાગ સંભાળવા માટે મોકલ્યા

તેમજ એક ઝુંડો અને ત્રણસો બહાદુરો પહાડ તરફનો લશ્કરનો ભાગ સભાળવા મોકલ્યા

પહાડની ટોચ ઉપર એક ચોકીબાન-ગયો અને તેમ કરીને સઘળા લશ્કરથી પોતાનુ સર ઊંચ ચઢાવ્યુ

તે રાતદહાડો ગર્દન ઊંચીજ રાખતો હતો-અને ચોકીની જગ્યાએથી નઝર ફેંકીને,

તુરાની લશ્કરની હિલચાલ તપાસતો હતો-અને તેમ કરતાં જો એક કીડી પણ ચાલતી જોતો,

કે તુરત ચોકીની જગ્યાથી પોકાર મારતો-અને ગૂદર્ઝને સાવચેત કરતો હતો

ગૂદર્ઝે તે લડાઈ એવી તો સરસ ગોઠવી-કે આફતાબ અને માહતાબે પણ લડાઈની ખાહેશ કીધી

જો એક લડાઈમા તેનો સરદાર લાયક હોય-તો તેનુ લશ્કર દેલાવર મગરમચ્છથી પણ ધાસ્તી રાખતુ નથી

ત્યાર પછી ગૂદર્ઝ પોતાની સેપહસાલારની જગ્યા ઉપર આવી ઉભો-કે પોતાના લશ્કરને દુશ્મનથી નેગાહ રાખે

દિલ રોશન કરનારો કાવેયાની ઝુંડો ઉભો કીધો-અને પેહલવાનોની જગ્યા કલ્બગાહમાં કીધી

બાકીના સઘળા સરદારોને પોતાની નઝદીક બોલાવી મંગાવ્યા-જેમાં પોતાની પીઠ પછાડી શીદૂશને અને આગાડી ફર્હાદને રાખ્યો

તેઓની વચ્ચે સરદાર ગૂદર્ઝ પોતે ઉભો-તેના સર ઉપર કાવેયાની ઝુંડો સાયો નાખતો હતો.

જે ઝુંડો આફતાબ અને માહતાબનાં નૂરને પણ ઝાંખો કરતો હતો-પીરાને ઈરાની લશ્કરપર દૂરથી નઝર કીધી.

બહાન્ સાઝો આન્ લશ્કરૂ આરાસ્તન્
હેલ અઝ્ રન્જો તીમારૂ બરૂકારેતન્
દરો દશ્તો કુહો બેયાબાન્ સનાન્
એનાન્ તાકૂતહુ ગરૂબસરૂ દરૂ અનાન્
સેપહદારે તૂરાન્ ધમી ગશ્ત સખ્ત
બરૂ આશોકૂત બા તીરહ ખુરૂશીદ બખ્ત
બઝાન્ પસ નેગહ કરૂદ જાએ સેપાહ
નેયામદશ બરૂ આરૂઝૂ રઝ્મગાહ
ન આવરૂદગહ દીદો નહ જાએ સફૂ
હમી બરૂઝદ અઝ્ ખેશમ કફૂરા બકફૂ
બશાન્ આર કે આમદ બેબાયેસ્ત સાખ્ત
ચુ સૂએ યલાન અસ્પ્ બાયેસ્ત તાખ્ત
પસ અઝ નામદારાનો ગોર્દાને ખીશ
કસી કુ કુનદ જન્ગરા દસ્ત પીશ
બઝાન્ જન્ગ્ સાઝાને અફ્રાસેયાબ્
કસી કૂ બદાન્ કીનહ ગીરદ શતાબ્
ગુઝીન્ કરૂદ શમ્શીરૂઝન્ સી હઝારૂ
કે બૂદ ન્દ શાયેસ્તએ કાર્ઝારૂ
બહુમાન સેપોરૂદ આન્ ઝમાન કલબ્ગાહ
સેપાહી હેઝબ્રૂ અફૂગનો રઝ્મખાહ
નગાહે ચપ લશ્કરો રાસ્તરા
બેખાન્દ અન્દરીમાનો અશ્તાસ્તરા
ચપે રઝ્મગાહરા બદીશાન્ સેપોરૂદ
અબા સદ હઝારૂ અઝ્ દેલીરાને ગોરૂદ
ચુ લહ્હાકે જન્ગીઓ ફર્શીદ્વરૂદ
અબા સી હઝારૂ અઝ્ યલાને નબરૂદ
દરૈફૂતન્દ બરૂ મયમનહ જાયગાહ
ઝમીન્ સરૂબસરૂ ગશ્ત અઝ આહન્ સેયાહ
ચુ ઝન્ગૂલએ ગોર્દો કલબાદરા
સેપહરમ કે બુદ રૂઝે ફર્યાદરા
ફેરેસ્તાદ બા નીઝહવર દહ હઝારૂ
બપોશ્તે સવારાન ખન્જરૂ ગુઝારૂ
બરફ્ત રફૂત રૂઈને રૂઈનતન
અબા દહ હઝારૂ અઝ્ યલાને ખોતન
બદાન તા દરાન્ બીશહ સાઝચુ નારૂ
કમીનગહ કુનદ બા યલાને દેલીરૂ
તલાયહ ફેરેસ્તાદ બરૂગેરૂ કુહ
સેપહદારે ઈરાન શવદ ઝાન્ સોતૂહ
ગરઝ્ રઝ્મગાહ પય નેહદ પેશતર
બેજુમ્બદ અઝ જાય ખીશાન બીશતરૂ
સેપહદારે રૂઈન બકેર્દારે શીરૂ
પસ પોશ્તે ઊ અન્દરૂ આયદ દલીરૂ
હમાન દીદહબાન બરૂ સરે કુહસારૂ
નેગહબાને કર્દો સેતારહ શુમારૂ
કઝ ઈરાનેયાન ગર સવારી ઝે દૂરૂ
એનાન તાફ્તી સૂએ સાલારે તૂરૂ
નેગહબાને દીદહ ગેરેફ્તી ખોરૂશ
હમહ રઝ્મગાહ આમદી જૂ બજૂશ
દો લશ્કરૂ બરૂય અન્દરૂ આવરૂદ રૂય
હમહ નામદારાને પરખાશજૂય

આવી તૈયારી અને આવી લશ્કરી ગોઠવણથી-તેણે મનને ફિક્ર ચિન્તાથી ફારેગ રાખવાનું ધાર્યું

પણ મયદાનો, ખીણો, પહાડો અને જંગલો નેઝાઓથીજ ભરેલાં દેખાયાં-સવારોના ઘોડાએની લગામ એક બીજા સાથે જોડાઈ ગયલી દેખાતી હતી

એ જોઈ તુરાનનો સરદાર પીરાન ઘણો દેલગીર થયો-તેને પોતાની ૯
કર્મ ફૂટેલી હાલતથી ઘણો સંતાપ આવ્યો

ત્યાર પછી તેણે પોતાના લશ્કરની જગ્યા માટે તપાસ કીધી-પણ પોતાની ખાહેશ મૂજબની તે લડાઈગાહ પસંદ પડી નહીં

તેને લડાઈ લાયક કે સફ સમારવા લાયક કોઈ જગ્યા દેખાઈ નહીં-અને ગુસ્સે થઈ હાથ અફાળવા લાગ્યો

જે રીતે તે આવ્યો તે રૂપે હવે તેણે સંતોષ પકડવોજ પડયો-અને ઈરાની પેહલવાનો ઉપર હુમલો લઈ જવો પડયો

પછી પોતાના નામદારો અને પેહલવાનોમાથી-જે કોઈ કે લડાઇને માટે આતુર હતા,

તેમજ અફ્રાસિયાબના લડાયકોમાથી-જે કોઈ કે તે લડાઈ માટે તત્પર હતા,

તેવા ત્રીસ હઝાર તલવાર મારનારા ચુંટી કાઢયા-કે જેઓ લડાઈને લાયકના હતા

હૂમાનને લશ્કરની કલબગાહ સોંપી-કે જે સિંહ મારનારો અને લડાઈ ન ગનારો એક સિપાહબચ્ચોજ હતો

લશ્કરની ડાબી અને જમણી બાજૂએ ગોઠવવા માટે-અન્દરીમાન અને અશ્તાસ્તરને લાવ્યા.

અને તેણે ત્રીસ હઝાર બહાદુર સવારો સાથ લશ્કરની ડાબી બાજૂ તેઓને સોંપી

તેમજ લડાયક લહાક અને ફર્શીદવર્દ-ત્રીસ હઝાર જંગી પેહલ- ૧૦
વાનો સાથે,

જમણી તરફ પોતાની જગ્યા લીધી-તે લશ્કરનાં હથિયારોએ કરી તમામ ઝમીન સીઆહ થઈ ગઈ

બહાદુર ઝન્ગૂલેહ અને કલબાદને-સેપહરમ સાથે કે જે ઝરરની વખતે ઘણોજ કામ લાગતો હતો તેને,

તથા નેઝા ઉઠાવનાર દશ હઝાર સવારો સાથે-ખંજર મારનારા સવારોની પીઠ પાછળ રાખ્યા

અને રૂઈનતન રૂઈન ખોતનના પેહલવાનોમાથી દશ હઝાર સવારો સાથ બાહેર રડયા

કે જેથી તે ઓઢોળા જંગલમા બહાદુર પેહલવાનો સાથે સિંહની માફક ભરાઈ બેસે

અને પોતાના તલાયા નદી અને પહાડ ઉપર મોકલે-કે જેથી કરી ઈરાની લશ્કરનો સેપહસાલાર ગભરાટમા પડે

જો લડાઈના મયદાનમાથી તે પગલુ આગળ ભરે-અને જો તે આગળજ વધ્યો જાય,

તો સરદાર રૂઈન સિંહની મિસાલ-તેની પીઠેથી દિલાવર બનીને આવી પડે

તેમજ વળી તેણે પહાડની ટોચ ઉપર ચોકીબાન બેસાડયો-જે દિવસે ચોકી કરતો અને રાત્રે સેતારાની ગણત્રી કરતો જાગૃત રહેતો.

કેમ કે જો ઈરાનીઆમાથી દૂરથી કોઈબી સવાર-તુરાની સરદાર તરફ ૧૧
લગામ ફેરવતો,

કે તુરત તે ચોકીબાન પોકાર કરતો-અને તેમ કરી સઘળાં લશ્કરને સાવચેત કરતો હતો.

બન્ને લશ્કરો અને સઘળા લડાયક નામદારો સામાસામી ઉભા રહ્યા.

ચુનીન્ ઈસ્તાદહ્ સે રૂઝો સે શબ્
તો ગોફ્તી ચકીશ નજુમ્બીદ લબ્
હમી ગોફ્ત ગૂદર્ઝ ગર્ જાએ ખીશ
સેપારમ્ બદીશાન્ નેહમ પાએ પીશ
સેપાહ્ અન્દર્ આયદ પસે પોશ્તે મન્
નમાનદ બજોઝ્ બાદ દર્ મોશ્તે મન્
શબો રૂઝ બર્ પાએ પીશે સેપાહ્
હમી જોસ્ત નીકૂ અખ્તરે હૂરો માહ્
કે તા રૂઝગારી કે નીકૂ અખ્તરસ્ત
કુદામસ્ત જુમ્બેશ કેરા દરૂખરસ્ત
કુજા બર્ દમદ બાદ રૂઝે નબર્દ
કે ચશ્મે સવારાન્ બપૂશદ બગર્દ
બરીશાન્ બેયાબમ્ મગર્ દસ્તગાહ્
બકેર્દારે બાદ અન્દર્ આરમ્ સેપાહ્
૧૨ બજાન્ રૂએ પીરાન નેહાદહ્ દો ચશ્મ
કે ગૂદર્ઝરા કેહ બેજૂશદ બખશ્મ
કુનદ પોશ્ત પર્દુખ્તો રાનદ સેપાહ્
ઝમીન્ અન્દર્ આરદ બપોશ્તશ ઝે રાહ્

ત્રણ દ્હાડા અને ત્રણ રાત થઈ તો પણ તેઓ એવીજ રીતે ઉભેલા રહ્યા—જાણે કોઇનો હોઠ પણ હીલતો હતો નહી

ગૂદર્ઝ પોતે એમ વિચારતો કે "અગર હું આગળ વધી પોતાની જગ્યા દુશ્મનને આપુ છુ,

તો દુશ્મનનુ લશ્કર મારી પીઠ પછાડી આવી લાગશે-અને હું હાથ ઘસતો રહી જઈશ"

એ પ્રમાણે તે રાત અને દ્હાડો લશ્કરની નઝદીક ઉભો રહ્યો—અને આફતાબ અને માહતાબના સારા ચોઘડિયાની વાત જોતો હતો

કે "લડાઈ માટે નસીબવતો દિવસ-કયો છે અને હમ્લો લઈ જવાનુ કોણને ઠીક પડે?

લડાઇને દહાડે પવન કઈ દિશાએથી ફુકશે-કે જેથી કરી સવારોની આખ ધૂળથી ભરાઈ જાય?

ત્યારે કદાચ હુ દુશ્મનો ઉપર ફાવી જાઉ—અને પવનની ઝડપે લશ્કરનો ધસારો લઈ જાઉ"

પેલી તરફ પીરાન આતુરતાથી વાત જોતો હતો-કે "ક્યારે ગુસ્સાથી ગૂદર્ઝનુ દિલ ઉશ્કેરાઈ આવે?

અને લશ્કરને આગળ ચલાવી પોતાની પીઠ તરફની જગ્યા ખાલી કરે-કે ગૂદર્ઝના લશ્કરના પાછલા ભાગ ઉપર એકાએક ધસારો કરવા લશ્કરને સાતે"

આશોફ્તહ્ શુદને બીઝન્ અઝ્ દેરન્ગીએ જન્ગ્ વ સખુન્ ગોફ્તને ઊ બા ગીવ્.

બરૂઝે ચહારોમ્ ઝે પોશ્તે સેપાહ્
બેશુદ બીઝને ગીવ્ તા કલ્બગાહ્
બપીશે પેદર્ શુદ હમહ્ જામહ્ ચાક્
હમી બાસ્માન્ બર્ પરાગન્દ ખાક્
હમી ગોફ્ત કય બાબે કાર્ અઝ્માય
ચેરાઈ બદીન્ ખીરહ્ બૂદન્ બપાય
બપન્જુમ ફરાઝ્ આમદ ઈન્ રૂઝગાર્
શબો રૂઝ્ આસાયેશ આમદ ઝે કાર્
ન ખુર્શીદ શમ્શીરે ગોર્દાન્ બેદીદ
ન ગર્દી બરૂએ હવા બર્ દમીદ
સવારાન્ બખાફૂતાનો ખૂદ અન્દરૂન્
ચકીશ બરગ્ દર્ નજુમ્બીદ ખૂન્
દેલીરાન્ હમહ્ ઝીરે બાર્ અન્દરન્દ
ન આખેર્ બરન્ગો નેગાર્ અન્દરન્દ
બઈરાન્ પસ અઝ્ રોસ્તમે નામદાર્
નબૂદી ચુ ગૂદર્ઝ દીગર્ સવાર્
૧૩ કુનૂન્ તા બેયામદ ઝે જન્ગે પશાન્
અઝાન્ કુશ્તનો રઝ્મગાહે ગશાન્
બલાદન્ કે ચન્દીન્ પેસર્ કશ્તહ્ દીદ
સરે બખ્તે ઈરાનેયાન્ ગશ્તહ્ દીદ
જેગર્ ખસ્તહ્ ગશ્તસ્તો ગુમ કર્દ રાહ્
ખાહદ કે નબીનદ હમી રઝ્મગાહ્

બીઝનનું લડાઇની ઢીલ માટે ગુસ્સે થવું અને તેણે પોતાના બાપ ગીવ સાથ વાતચિત્ત કરવી.

ચોથે દિવસે લશ્કરની પછાડીના ભાગ તરફથી-ગીવનો બેટો બીઝન કલ્બગાહમા આવ્યો

તે ગોસ્સાને લીધે પોતાના કપડા ફાડી આસ્માન ઉપર ધૂળ ઉરાડતો બાપની આગળ આવ્યો

અને બોલ્યો કે "ઓ અનુભવી બાપ!-તુ અહી ફોકટમા ઉભો રહી શુ કરે છે?

આ પાચમો દિવસ પણ નઝદીક આવ્યો-તોપણ રાત અને દહાડો લડાઈ વગરના પસાર થઈ ગયા છે

અને ખુરશીદે પણ પહેલવાનોની તલવાર જોઈ નથી-તેમજ એક પણ ધૂળ આસ્માન ઉપર ઉડી નથી.

સવારો બખ્તર અને ટોપ પહેરેલા છે-તે છતા એક શખ્સનું પણ લોહી લડાઈ કરવા માટે પોતાની નગમા દોડતુ નથી

સઘળા દેલાવરો હથિયારના ભાર હેઠળ કચડાય છે-તેઓ કાઈ બદનને સણગારીને બેઠા નથી

ઈરાનમા નામદાર રૂસ્તમ પછી-ગૂદર્ઝ જેવો બીજો લડવૈયો નહીં હતો

પણ 'પશાન'ની લડાઈ તેમજ તે ભારી લડાઈગાહ અને કાપાકાપી-માથી પાછો ફર્યા પછી,

જ્યારે તે લાદનની લડાઈમા તેણે પોતાના કેટલાક બેટા મૂએલા જોયા-અને ઈરાનીઓનું નસીબ ફરેલું જોયું,

ત્યારથી તેનું જીગર ઝખ્મી થયલું છે અને તે ગભરાઈ ગયો છે-તે નથી ચાહતો કે બીજી મરતબે લડાઈનું મયદાન જોય.

બપીરીશ બરૂ ચશ્મ બાયદ કેગન્દ
નેહાદસ્ત સરૂ સૂએ ચર્ખે બલન્દ
સેપહ્દારૂ કે ના શુમોર્દહ્ સેપાહ્
સેતારહ્ શુમારદ હમી ગેરૂદે માહ્
તો બેશ્નાસ કન્દરૂ તનશ નીસ્ત ખૂન
શુદ અઝ્ જન્ગે જન્ગ્આવરાન્ ઊ ઝબૂન
શેગેફ્ત અઝ્ જહાનદીદહ્ ગૂદરૂઝ નીસ્ત
કે ઊરા રવાન્ ખુદ બદીન્ મરૂઝ નીસ્ત
શેગેફ્ત અઝ્ તો દારમ હમી અય પેદરૂ
કે શીરે ઝેયાન્ અઝ્ તો જૂયદ હોનરૂ
દો લશ્કરૂ હમી બરૂ તો દારન્દ ચશ્મ
ચકી તીઝ્ કુન્ મધઝો બેન્માય ખશ્મ
કુનૂન્ ચૂન્ જહાન્ ગર્મો રઉશન્ હવા
બેગીરદ હમી રઝ્મે લશ્કરૂ નવા
ચુ ઈન્ રૂઝ્ગારે ખુશી બોગ્ઝરદ
ચુ પૂલાદ રૂએ ઝમીન્ બેફૂસરદ
ચુ બરૂ નીઝહા ગર્દદ અફૂસર્દહ્ ચન્ગ્
પસે પોશ્ત બરૂફ આયદો પીશ જન્ગ્
કે આયદ ઝે ગોર્દાન્ બપીશે સેપાહ્
કે આર્વદ ગીરદ બદીન્ રઝ્મગાહ્
વરૂ અયદૂન કે તર્સી હમી અઝ્ કમીન્
ઝે જન્ગ્આવરાનો ઝે મર્દાને કીન્
બમન્ દાદ બાયદ સવારી હઝારૂ
ગુઝીને મન્ અન્દરૂ ખુરે કાર્ઝારૂ
બરૂ આરીમ ગરૂદ અઝ્ કમીન્ગાહ્ શાન્
સરૂ અફૂશાન્ કુનીમ અઝ્ બરે માહ્ શાન્
ઝે ગોફ્તારે બીઝન્ બેખન્દીદ ગીવ
બસી આફ્રીન્ ખાન્દ બરૂ પૂરે નીવ
બદાદારૂ ગોફ્ત અઝ્ તો દારમ સેપાસ
તો દાદી મરા પૂરે નીકી શેનાસ
હમશ ઝૂરૂ દાદી હમશ હુશો દીન્
શેનાસાએ હરૂ કારો જૂયાએ કીન્
બમન્ બાઝ્ ગશ્ત ઈન્ દેલાવરૂ જવાન્
ચુનાન્ ચુન્ બુવદ બચ્ચએ પહ્લવાન્
ચુનીન્ ગોફ્ત મરૂ બોફ્તરા નરૂરહ્ શીરૂ
કે ફરૂઝન્દે મા ગરૂ નબાશદ દેલીરૂ
બેબુરૂરીમ અઝૂ મેહ્રો પયવન્દે પાફૂ
પેદરૂશ આબે દર્યા બુવદ મામ ખાફૂ
વલીકેન્ તો અય પૂરે ચીરહ્ સખુન્
ઝબાન્ બરૂ નેયા બરૂ કુશાદહ્ મકુન્
કે ઊ કારૂ દીદહ્સ્તો દાના તરસ્ત
બરૂ ઈન્ નામવરૂ લશ્કરૂ ઊ મેહ્તરસ્ત
કસી કે બુવદ સૂદએ રૂઝ્ગારૂ
નબાયદ બદરૂ કારૂશ આમૂઝ્ગારૂ
સવારાને મા ગરૂ બબારૂ અન્દરન્દ
ન તોર્કાન્ બરન્ગો નેગારૂ અન્દરન્દ
હમહ્ શરૂ બખ્તન્દો બરૂગશ્તહ્ સરૂ
હમહ્ દીદહ્ પુરૂ આબો પુરૂ ખૂન્ જેગરૂ

આપણને તેના બૂઢાપાનો વિચાર કરવાનો છે-તેમજ તેણે બુલંદ આસ્માન તરફ સર-કીધેલું છે તે જોવાનું છે

જે સેપેહસાલાર લશ્કરની ગણત્રી ન રાખે-અને માહતાબની આસ-પાસના તારાઓને ગણતો રહે,

તેને માટે તુ જાણજે કે તેના બદનમા લોહી ફરતુજ નથી-અને લડાયકોની લડાઈથી તે કંટાળી ગયો છે

અનુભવી સરદાર ગૂદર્ઝનાં આવા કામથી કાઈ નવાઈ નથી-કારણ કે આ જગ્યાએ તેનુ ધ્યાન ઠેકાણે નથી

પણ ઓ બાપ! હુ તને જોઈ અજબ થાઉ છું-કારણ કે મસ્ત સિંહ પણ તારાથીજ હોનર શીખે છે

બન્ને લશ્કરની નઝર તારા ઉપરજ છે- તું જરા લડાઇનો વિચાર કર અને ગુસ્સો દેખાડ

હમણા જ્યારે જહાન ગર્મ થઇ છે અને હવા રોશન બની છે-ત્યારે તેવા વખતમા આપણા લશ્કરની લડાઇ ફતેહમદ નીવડશે

જ્યારે આ ખુશીનો હંગામ જતો રહેશે-અને શિયાળાથી પોલાદની મિસાલ ઝમીનની સપાટી બંધાઈ જશે, ૧૪

તેમજ જ્યારે નેઝાઓ ઉપર હાથ બધાઈ જશે-પછાડી બરફ વરસશે અને આગળ લડાઇ થશે

ત્યારે આ મયદાનમા લડાઈ કરવા માટે પેહલવાનોમાથી કોણ લશ્કરની સામે આવશે?

જો તુ કમીનગાહથી અને લડાયકોથી તથા કીનો લેનારાઓથી બીહતો હોય,

તો મને મારા પસદ કીધેલા લડાઇને લાયકના એક હઝાર સવાર આપ

ચુનીન્ કર્દ્ ગૂદર્ઝ્ પયમાન્ કે મન્
સરાન્ બર્ગુઝીનીમ અઝાન્ અન્જોમન્
યકાયક્ બરૂય અન્દર્ આરીમ રૂય
દો લશ્કર્ બર્આસાયદ્ અઝ્ ગોફ્તગૂય
૫૫ ગર્ અયદૂન્ કે પયમાન્ બજાય આવરદ્
સરાન્રા કે લશ્કર્ બપાય આવરદ્
વગર્ હમગોરૂહ્ અન્દર્ આયદ્ બજન્ગ્
પઝીરહ્ શવીમશ્ હમહ્ તીઝ્ ચન્ગ્

પીરાને પોતાના સરદારો સાથ વાતચિત્ત કરવી.

——.૦.——

આગળી લડાઇની શેકસ્ત ખાધા પછી-તુરાનીઓ દુઃખથી ભરેલા અને ખુવાર હતા.

દિકરો ચેહરેનો બેટો બાપ ઉપર રડતો હતો-તેમજ ભાઈ પોતાના ભાઈના મારી ગયાથી દુઃખી હતો

સઘળાઓ સોગ ભરેલા અને ખુવાર થયલા હતા-તેઓ ઉપર બુલંદ આસ્માન ગુસ્સા ભરેલો થયલા હતો.

જ્યારે પીરાને તમામ લશ્કર જેમ ફાડી ખાનારાં વરૂથી બકરાનું ટોળું ખુવાર થયલુ હોય તેમ ઘાહેલ થયલું જોયું

ત્યારે લશ્કરમાથી સઘળા સરદારોને બોલાવ્યા-અને તેઓની આગળ લમ્બાણથી વાર્તા કીધી

તે બોલ્યા કે "ઓ મારા અનુભવી પેહલવાનો!-લડાઈના ઘડાયલા બુઢ્ઢા અને જવાનો!

પાદશાહ અફ્રાસિયાબ આગળ તમોને-કેવી બુઝોર્ગી, મરતબો અને આબરૂ છે?

ફતેહમદી અને દબદબામા તમારૂં નામ મશહૂર થયલુ છે-સઘળી દુન્યામા તમારીજ મુરાદ પથરાયલી છે

પણ હમણા તમોને એક લડાઇમા શેકસ્ત મળી-તેથી તમોએ એકદમ લડાઈથી હાથ ખેંચ્યો છે

તમો સઘળાઓ જાણો કે આ લડાઈગાહથી-અગર હીચકારાપણાથી લશ્કર પાછું ફરશે

તો આપણી પછાડી ઈરાનના દેલાવર સરદારો-ભારી ગોર્ઝ સાથે આવશે

અને આપણામાથી નાના કે મોટા એક જણને પણ દુન્યામા કોઈ જીવતા જોશે નહીં

તમોએ દિલમાથી ધાસ્તી દૂર કરવી જોઇયે અને આ વિલાપ કરતા લશ્કરીઓને ધીરજ આપવી જોઇયે

દાનાઓ કહી ગયા છે-કે હમેશાની ફતેહ તો પાક યઝદાનેજ મળે છે.

બાકી તમામ જેહાનને ચઢતી અને પડતી મળે છે-અને એજ રીતે આપણુ કામ ધસારો લઈ જવાનુ છે

એ તેજ લશ્કર છે કે જે આપણી લડાઇમાથી-નાસી ગયુ હતું અને હવે પાછો આપણી લડાઇનો વિચાર કર્યો છે

હવે તમો જેઓને પોતાના મુલકનું, બાળબચ્ચાંનું, પોતાની ઝિંદગીનું, અને સગાવહાલાઓનુ લાગતુ હોય,

તેઓએ આ લડાઇગાહમા કમર બાંધવી જોઇયે અને કીનાથી ઈરાનીઓની નઝદીક જવું જોઇયે

ગૂદર્ઝે મારી સાથે કોલ કીધો હતો કે હું-લશ્કરમાથી સરદારો ચુંટી કાઢીશ.

પછી એકેકને આમણુસામણુ લડાવીશું-અને લશ્કરને એ લડાઇથી આસાયેશ લેવા દઈશું.

હવે જો તે પોતાનું વચન પાળશે-અને લશ્કરમાંથી સરદારોને પોતાની જગ્યા ઉપર લાવશે તો તેમ.

નહીં તો જો તે સામટુંજ લશ્કર લડાઈમાં ઉતારશે-તો આપણ સઘળા તેઝ ચુંગાલ સાથે લડાઇમાં ઉતરીશું.

અગરૂ સરૂ હમહુ સૂએ ખન્જરૂ બરીમ
બઝ્ઝી બેઆદીમો ઝ્ઝી મરીમ
વગરૂનહુ સરાન્ શાન્ બરૂઆરમ બદારૂ
દો ઝ્યહુ બુવદ ગદરો ઝ્ગગારૂ
અગરૂ સરૂ બેપીચદ કસ અઝ્ ગોફ્તે મન્
બેફ્રર્માયમશ સરૂ બુરીદન્ ઝે તન્
ગેરેફ્તન્દ ગોદાન્ બપ.ઝોબ શોતાબ્
કે અય · પહુલવાને રદ અફ્રાસેયાબ્
તો અઝ્ દીરૂ ગાહરેત બા ગન્જે ખીશ
ગુઝીદસ્તી અઝ્ બહુરે મા રન્જે ખીશ
મેયાન્ બસ્તઈ પીશે મા ચૂન રહી
પેસરૂ બા બેરાદરૂ બેકોશ્તન્ દેહી
ચેરા સરૂ બેપીચીમો મા ખુદ કે ઈમ
ચુનીન્ બન્દએ તૂ ઝે બહુરે ચે ઈમ
બેગોફ્તન્દો અઝ્ પીશ બરૂખાસ્તન્દ
બપયકારૂ ચફ્સરૂ બરૂઆરાસ્તન્દ
હમહુ શબ્ હુમીસાખ્તન્દ ઈન્ સખુન્
કે અફ્ગન્દ સાલારે બીદારૂ બુન્
બશબગીરૂ આવાઝે શયપૂરો નાય
બરૂઆમદ ઝે દેહુલીઝે પર્દહુસરાય
નેશસ્તન્દ બરૂ ઝીન્ સપીદહુ દમાન્
હમહુ નામદરાન્ બનાગે કમાન્
તો ગોફ્તી કે અઝ્ નઅલે અસ્પાન ઝમીન્
બેપૂશદ હમી ચાદરે આહનીન્
સેપહુબુદ બલહુલાકો ફર્શીદવરૂદ
ચુનીન્ ગોફ્ત કય નામદારાને મરૂદ
શુમારા નેગહુબાને તૂરાન્ સેપાહુ
હમીબૂદ બાયદ બરીન્ રઝ્મગાહુ
યકી દીદહુબાન્ બર્ સરે કૂહસારૂ
નેગહુબાને રૂઝો સેતારહુ શુમારૂ
વરૂ અયદૂન કે મારા ઝે ગર્દાન સેપેહુરૂ
બદ આયદ બેબુરૂરદ ઝે મા પાકૂ મેહુરૂ
શુમા જન્ગરા બુદ મપાઇદ ઝૂદ
શેતાબીદ ઝીદરૂ બતૂરાન્ ચુ દૂદ
કઝીન્ તોખ્મએ વીસગાન્ કસ નમાન્દ
હમહુ કોશ્તહુ શુદ બોઝ્ શુમા બસ નમાન્દ
ગેરેફ્તન્દ મરૂ યકૂ દેગરૂરા કેનારૂ
બદર્દે જેગરૂ બરૂગેરેસ્તન્દ ઝારૂ
વઝાનપસ ઝે હમ રૂએ બરૂકાશ્તન્દ
ઘરીવીદનો બાન્ગ્ બરૂદાશ્તન્દ
પુરૂ અઝ્ કીનહુ સાલારે તૂરાન સેપાહુ
બેરૂશાન્ બેયામદ બઆવરૂદગાહુ

પછી આપણાં માથાં આપણે તલવાર તરફ કપાઈ જવાને માટે લઈ જઇયે–આપણે એક દિવસ જન્મ લીધો તેમ એક દિવસે મરવાના છિયે.

નહીં તો તેઓનાં માથાં શૂળી ઉપર લટકાવીશ–બેમાંથી એક રીતે ઝમાનો ફર્યા વગર રહેશે નહીં

અગર કોઈ મારી, આ વાતનો અનાદર કરશે–તો હું તેનું સર તનથી જુદું કરવા ફરમાવીશ"

ત્યારે પેહલવાનોએ તુરત જવાબ દીધો–કે "ઓ સરદાર અફ્રાસિયાબના પેહલાન!

જે કે લામ્બી મુદ્દતથી તારી પાસે ખઝાનો છે છતાં–તેં અમારે ખાતેર આ દુઃખ પસંદ કીધું છે.

અને ગોલામની માફક કમર બાંધી તું અમારી સામે ઉભો છે–અને તેં ભાઈ સાથ પોતાનો બેટો પણ મારવા માટે આપ્યો છે.

તો અમો તારાથી શા માટે સર ફેરવ્યે અમો પોતે એવા તે કોણ છિયે–ત્યારે અમો તારા એવી રીતના નોકરો શા માટે થયા છિયે?"

તેઓ એમ બોલ્યા અને ત્યાંથી ઉઠયા–અને સઘળાઓએ લડાઇની તૈયારી કીધી.

આખી રાત તેઓએ તેઓના ડાહ્યા સરદારે જે વાત કહી હતી તેની ૧૫
ગોઠવણમાજ પસાર કીધી

બામદાદમા તેઓની છાવણીના દરવાઝા આગળથી રણશિંગડાં અને કરનાયના આવાઝ નીકળ્યા.

અને સવારના પોહોરમાજ તીર તથા કમાન લઇ સઘળા નામદારો ઘોડાના ઝીન ઉપર સવાર થયા

તું કહે ગોયા ઘોડાઓની નઅલથી ઝમીને–લોઢાંની ચાદર ઓઢી હતી

પછી સરદાર પીરાને લહાક અને ફર્શીદવર્દને–કહ્યું કે "ઓ મારા બહાદુર નામદારો!

તમારે આ લડાઈગાહમા તુરાની લશ્કરના નેગેહબાન થવું જોઇયે.

અને પહાડની ટોચ ઉપર એક ચોકીબાનને–દિવસે ચોકી કરવા અને રાતે સેતારાની ગણત્રી કરવા માટે રાખવો જોઇયે

જો ફરતા આસ્માનની ચાલથી કદાચ અમોને–કશી હાનિ પુગે અને અમારા ઉપરથી સઘળી માયા તોડી નાખે,

તો તમો પોતે લડાઇને માટે ઉભા રહેતા ના પણ અહીંથી તુરતજ ધુવાંની માફક તુરાન તરફ જવાની તૈયારી કરજો

કારણકે આપણા વીસેના તોખ્મમાથી કોઈ બાકી રહ્યું નથી–સઘળા માર્યા ગયા છે અને તમો સિવાય કોઈ વધુ રહ્યા નથી"

પછી તેઓએ એક બીજાને કોટી કીધી–અને જીગરના દુઃખથી તેઓ ૧૫૯
પુષ્કળ રડયા

અને ત્યાર પછી તેઓએ એકમેકથી મોં ફેરવ્યા–અને લડાઇનો શોર અને પોકાર ઉઠાવ્યો.

તુરાની લશ્કરનો સરદાર પીરાન પોકાર કરતો કીના ભરેલો લડાઈગાહમાં આવ્યો.

નામ્ઝદ્ કર્દને પીરાન્ વ ગૂદર્ઝ્ સર્દારાન્રા બરાએ જન્ગે યાઝ્દહ્રોખ્.

ચુ ગૂદર્ઝે કશ્વાદગાનરા બદીદ
સખુન્ ગોફ્ત ચન્દીઓ પાસોખ શનીદ
બદુ ગોફ્ત કય પુરહેરદ પહેલવાન્
બરન્જ અન્દરૂન અન્દ પીચી રવાન્
રવાનેં સેયાવૂશરા ઝાન્ ચે સૂદ
કે અઝ બૂમે તૂરાન્ બરૂઆરી તો દુદ
બદાન્ ગીતી ઊ જાએ નીકાન્ ગુઝીદ
નગીરી તો આરામ દ્ર આરમીદ
દો લશ્કર ચુનીન્ પાક બર્ યક દેગર
ફેગન્દી ચુ પીલાન્ ઝે તન્ દૂર સર
સેપાહે દો કેશ્વર્ હમહ્ શુદ તબાહ્
ઘહ્ આમદ કે પર્દાઝી ઈન્ કીનહ્ગાહ્
જહાન્ સર્બસર પાક બીમર્દ ગશ્ત
બરીન્ કીનહ્ પયકારે મા સર્દ ગશ્ત
૧૫૮ ચેરા કોશ્ત બાયદ હમી બીગોનાહ્
સખુન્ બર્નેહાદમ કુનૂન બર દો રાહ્
ગર અયદૂન કે હસ્તી ચુનીન્ કીનહ્દાર્
અઝાન્ પાયએ કોહ્ સેપહ્ ઈદર આર્
તો અઝ લશ્કરે ખીશ બીરૂન ખરામ્
મગર કર્ત બર્આયદ અઝીન્ કીનહ્ કામ
બતન્હા મનો તુ બરીન્ દશ્તે કીન્
બગર્દીમ જન્ગ્આવરાન્ હમચુનીન્
કે મા હર્ કેરા હસ્ત પીરુઝબખ્ત
રસદ્ ખુદ બકામો નેશીનદ્ બતખ્ત
અગર્ મન્ બદસ્તે તો ગર્દમ તબાહ્
નજૂઈ તો કીનહ્ ઝે તૂરાન્ સેપાહ્
બપીશે તો આયન્દો ફર્માન્ કુનન્દ
બપયમાન્ સરાન્ રાન્ ગેરઉઆન્ કુનન્દ
વગર્ તુ શવી કોશ્તહ્ બર દસ્તે મન્
બઆ નામ્દારાને આન્ અન્જોમન્
મરા બા સેપાહે તો પયકાર નીસ્ત
બર્ ઈશાન્ ઝે મન્ તર્સો તીમાર નીસ્ત
ચુ ગૂદર્ઝ ગોફ્તારે પીરાન્ શનીદ
ઝે અખ્તર્ હમહ્ કારે ઊ તીરહ્ દીદ
૧૫૯ નુખોસ્ત આફ્રીન્ કર્દ બર્ કેર્દગાર્
દેગર્ યાદ કર્દ અઝ શહે નામ્દાર્
બપીરાન્ ચુનીન્ ગોફ્ત કય નામવર્
શનીદીમ ગોફ્તારે તુ સર્બસર્
કે ખૂને સેયાવુશ બઅફ્રાસિયાબ્
ચે સૂદસ્ત બર્ગૂયી સર્ બર્ મતાબ્
કે ખૂન સુરુપન્દશ બરીદન્દ સર્
પુર અઝ ખૂન દેલ અઝ દર્દ ખસ્તહ્ જેગર્
વઝાન્પસ બર્આવર્દ ઝીરાન્ ખોરુશ
ઝે બસ કોશ્તનો ગારતો જન્ગે જોશ

પીરાન અને ગૂદર્ઝનું પોતાના સરદારોને "યાઝદહરોખ"ની લડાઈ માટે મુકરર કરવું.

જ્યારે પીરાને કેશ્વાદના ગૂદર્ઝને જોયો-ત્યારે તેણે કેટલીક વાતચિત્ત કીધી અને તેના જવાબો પણ સાંભળ્યા.

તેણે તેને કહ્યું કે "ઓ દાનશમંદ પેહલવાન!-તું તારા જીવને કેટલો બધો દુઃખમાં નાખે છે?

તુ તુરાનના મુલકને પાયમાલ કરે છે તેથી સિયાવક્ષના રવાનને શું ફાયદો થવાનો હતો?

તેણે તો પેલી દુન્યામાં જઇ ભલાઓની જગ્યા એખ્તયાર કરી છે-જ્યારે તેણે ત્યા આરામ કીધા છે ત્યારે તુ પણ કા આરામ નથી પકડતો?

હાથીઓ માફક બન્ને લશ્કરને એક બીજા સાથ લડતા તે કીધા છે અને તેથી તેઓના માથા તેઓના શરીરથી જુદા થઈ ગયા છે

બન્ને મુલકનાં તમામ લશ્કરો પાયમાલ થયાં છે-અને હવે તને આ કીનાનું મયદાન છોડી જવાનો વખત આવ્યો છે

કારણકે તમામ જેહાન માણસો વગરની થતી જાય છે-તેમજ આ કીના ઉપર આપણી લડાઈ પણ થંડી થતી જાય છે

આપણે નિર્દોષોને શા માટે મારવા જોઇયે -હવે હું તને બે માર્ગ એખ્તયાર કરવા વિષેની વાત કહું છુ

જો તું એટલો બધો કીના લવા તઇયાર હોય-તો પેલા પહાડની કઠણ માંથી તારૂ લશ્કર બાહેર કાઢી અહીં લઈ આવ

અથવા તો તુ એકલો પોતાના લશ્કરમાથી બાહેર આવ-જેથી કદાચ આ તારી કીનો લેવાની મુરાદ બર આવ

તુ અને હુ એકલા આ કીનાના મયદાનમા ઉતર્યે તેમજ બીજા લડાયકો પણ ઉતરે

પછી આપણામાથી જે કોઈ ફતેહમંદ થાય-તે પેતાની મુરાદ પુરી પાડીને તખ્ત ઉપર બેસે

જો હું તારા હાથ ઉપર માર્યો જાઉં-તો તું તુરાની લશ્કર ઉપર કીનો ના લેતો

તેઓ તારી નઝદીક આવશે અને તાબે થશે-વચન આપીને તે પાળવા માટે પોતાની જિન્દગી ગિરવી આપશે

અને જો તું મારા હાથ ઉપર તારા નામદારો સાથ માર્યો જશે,

તો પછી મને તારાં લશ્કર સાથ કશી લડાઈ નથી-તેઓએ મારી કશી બીક કે ધાસ્તી રાખવાની જરૂર નથી."

જ્યારે ગૂદર્ઝે પીરાનની એવી વાત સાભળી-અને સેતારાની ચાલથી તેનાં સઘળાંજ કામ ઊંધા જોયા,

ત્યારે તેણે પેહેલા ખોદાતાલા ઉપર દુઆ કીધી-પછી નામદાર શાહની કહેલી વાત યાદ કીધી.

તે પછી પીરાનને કહ્યું કે "ઓ નામવર!-મેં તારી તમામ વાત સાંભળી છે.

તું મને કહે કે સિયાવક્ષનાં ખૂનથી અફ્રાસિયાબને-શું ફાયદો થયો? હવે તું એ બાબતથી સર ના ફેરવ.

જ્યારે કે તેઓએ તેનું સર ગોસ્પંદના સરની મિસાલ કાપી નાખ્યું-દુઃખથી તેનું દિલ લોહીલુહાણ થયું તથા તેનુ કલેજુ ઝખ્મી થઇ ગયું હતું.

ત્યારબાદ વળી ઈરાનમાં ખૂન, લૂટ અને લડાઇનો પોકાર ઉઠાવ્યો.

સેયાવુશ બસઉગન્દે તૂ શુદ્ બેહાદ
તો દાદી બબીરહ્ મરૂ ઊરા બબાદ
બઝાનપસ કે નઝુદે તો દુઝેન્દે મન્
બેયામદ કશીદી સરૂ અઝ્ પન્દે મન્
બેતાબીદીઓ બઅ્ઝ્રા સાખ્ની
બકેદારે આતેશ હુમીતાખ્તી
મરા હાજત અઝ્ કેર્દેગારે જેહાન્
બસીનત્નૂનદ્ બૂદ આશ્કારો નેહાન્
કે રૂઝી તો પીશે મન્ આઈ બજન્ગ્
કુનૂન કામદી નીસ્ત જાએ દેરન્ગ્
બપીરાનસરૂ અકૂનૂન બઆવરૂ ગાહ્
બગર્દીમ યકૂ બા દિગ બી સેપાહ્
કુનૂન નામઝદ કુન્ સરાસરૂ સેપાહ્
કે પીશે દલીરાન મન્ રઝ્મખાહ્
બેયાયન્દ રઝ્મઆઝ્મૂદહ્ સરાન્
બતીગો સનાના બગર્ઝે ગરાન્
બેકૂશન્દો બા હમ નબરૂદ આવરન્દ
સરે યકૂદેગરૂરા બગરૂદ આવરન્દ
બદૂ ગોફ્ત પીરાન્ કે દારમ સેપાસ
બરૂન આરમ અઝ્ લશ્કરે બીકયાસ
સેપારમ બઆવરૂદન્ ઈરાનેયાન્
જુનાન્ ચૂન્ બેયાયદ દેલાવરૂ સરાન્
તો હમ ગોફ્તએ ખુદ બજા આવરી
બઝીન્ અહ્દો પયમાન મા નુગ્ઝરી
સેપહ્દારે તોર્કાન્ બરૂઆરાસ્ત કારૂ
ઝે લશ્કરૂ ગુઝીદ આ ન્ ઝમાન્ દહ્ સવારૂ
અબા અસ્પો સાઝો સેલીહે તમામ
હમહ્ શીરૂમર્દો હમહ્ નીકૂનામ
હમાન્ નીઝ્ અઝ્ ઈરાન્ સેપહ્ પહ્લવાન્
બબાન્દ સાઝ ઝમાન્ દહ્ સવારે જવાન્
બેરૂન્ તાખ્તન્દ અઝ્ મેયાને સેપાહ્
બેરફ્તન્દ તા જાએ આવરૂદગાહ્
કે દીદારૂ દીદહ્ બદીશાન્ નબૂદ
દો સાલારૂ અઝ્ઝા ગૂનહ્ જન્ગ્ આઝ્મૂદ
અબા હરૂ સવારી ઝે તૂરાન્ સેપાહ્
અઝ્ ઈરાન્ યકી શુદ બઆવરૂદગાહ્
નેહાદન્દ પસ ગીવરા બા ગોરૂઈ
કે હમ ઝૂરૂ બૂદન્દો પર્ખાશજૂય
ગોરૂઈઝેરેહ્ કઝ્ મેયાને સેપાહ્
સરાસરૂ બદૂ બૂદ નફ્રીને શાહ્
કે બેગ્રેફ્ત રીશે સેયાવુશ બદસ્ત
સરશરા જુદીદ અઝ્ તને પાકૂ પસ્ત
દેગરૂ બા ફરીબોર્ઝે કાઊસ તફ્ત
ચુ હબ્બાદે વીસહ્ બઆવરૂદ રફ્ત
ચુ રોહ્હામે ગૂદરૂઝ્ બા બાર્માન્
બેરફ્તન્દ બા યકૂ દેગરૂ બદ્ગુમાન્
બોરાઝહ્ બેશુદ બા સેયામકૂ બજન્ગ્
ચુ શીરે ઝેયાન્ બા દમન્દહ્ નેહન્ગ્
ચુ ગુર્ગીને કારૂઆઝ્મૂદહ્ દેલીરૂ
અબા અન્દરીઆન્ બેરૂન્ શુદ ચુ શીરૂ

તારા સોગંદ ઉપર વિશ્વાસ કરી સિયાવક્ષ મારો ગયો-તેં તેને તુચ્છ સમજીને બરબાદ કીધો.

ત્યાર પછી જ્યારે મારો બેટો તારી આગળ-આવ્યો ત્યારે તેં મારી સલાહ તુચ્છકારી કાઢી.

અને તુ ભડકયો અને લડાઈની તૈયારી કરી-આતશની મિસાલ આકળો પડી લડવા આવ્યો.

દુન્યાને પયદા કરનાર સાહેબ આગળ ઝાહેર અને છૂપી મારી એજ મારી દુઆ હતી,

કે એક દહાડો તું મારી સામે લડાઈમાં આવે-હવે તું આવ્યો છે ત્યારે ઢીલ કરવાની ઝરૂર નથી.

ચાલ, આપાંએ બન્ને જણ બૂઢાપામાં લશ્કર વગરજ આ લડાઈગાહમાં ૧૬
એક બીજા સાથે લડીએ.

હવે તુ તારા સઘળા નામદારોને મુકરર કર-કે મારા દેલીરો સામે લડવા માટે,

તલવાર, નેઝા અને ભારી ગોર્ઝ લઇ લડાઈના અનુભવી સરદારો આવે.

અને તેઓ એક બીજા સાથે યુદ્ધ કરે-અને એક બીજાનાં સરને નીચે નાખવાની કોશેશ કરે"

ત્યારે પીરાને ગૂદર્ઝને કહ્યુ કે "એ માટે હુ તારો ઉપકાર માનું છું-અને મારાં બેશુમાર લશ્કરમાંથી થોડાકોને ચુંટી કાઢીશ.

અને જેવી રીતના તારા ઈરાની બહાદુર સરદારો આવશે, તેવી રીતના તારા હમનબર્દોને મારા પેહલવાનો સોંપી આપીશ.

તું પણ તારૂ કહેલું ઉસ્તવારીથી બજા લાવજે-અને આ કોલકરારથી ફરતો ના."

પછી તુર્કીઓના સરદારે તે કામની સઘળી તૈયારી કીધી-અને પોતાનાં લશ્કરમાથી તુરત દશ સવારો ચુંટી કાઢયા.

જે સઘળા ઘોડા, અસ્બાબ અને હથિયારો સાથના-તમામ શેરમર્દો અને નેકનામો હતા

સેપહસાલાર ગૂદર્ઝે પણ તેજ પ્રમાણે ઈરાની લશ્કરમાથી-દશ જવાન સવારોને તુરત બોલાવી મંગાવ્યા.

પછી તેઓ લશ્કરની વચ્ચેથી બાહેર પડયા-અને લડાઈ કરવાની ૧૬
જગ્યાએ ગયા

કે જ્યા, કોઇ પણ તેઓને જોઇ શકે નહીં-એ પ્રમાણે બન્ને સરદારો લડાઈ અઝમાવી જોતા હતા

તુરાની લશ્કરમાથી એક સરદાર સાથે લડવા-ઈરાની લશ્કરમાંથી એક સરદાર મયદાનમાં આવ્યો

ગીવને ગોરૂઈઝેરેહ સાથ ગોઠવી આપ્યો-કે તેઓ એકસરખા કોવતના અને લડાયકો હતા.

તે ગોરૂઇઝેરેહ કે તુરાની લશ્કર વચ્ચેથી-તેનીજ ઉપર પાદશાહ કય-ખુસરૂના સઘળા શ્રાપ ઉતરેલા હતા.

કારણકે તેણેજ સિયાવક્ષના દાઢી પોતાના હાથમાં પકડી હતી-અને તેનાં પાક તનથી સર કાપી નાખી ખુવાર કર્યું હતું.

બીજું કાઊસના બેટા ફરીબોર્ઝ સાથ વીસેનો બેટો હબ્બાદ શેતાબ લડાઇમાં ગયો.

જ્યારે ગૂદર્ઝનો રોહામ અને બાર્માન એક બીજાના દુશ્મન થઈ ગયાં ગયા

જેમ મસ્ત સિંહ ફુંફાડો મારતાં મગરમચ્છ સાથ જાય તેમ-ગોરાઝેહ સેયામક સાથ લડાઇમાં ગયો.

ગુર્ગીન જેવો બહાદુર અનુભવી પેહલવાન-સિંહની મિસાલ અન્દરીઆન સાથ બાહેર પડયો.

૧૬૨ ચુ બા બીઝને ગીવ ફૂધને ગોરૂદ
બજન્ગ અઝ જહાન્ રઉશનાઈ બેબોરૂદ
ચુ અખ્વાસ્ત બા ઝન્ગએ શાવરાન્
દેગર્ બર્તહુ બા કોહુરમ્ અઝ યાવરાન્
વદીગર્ ફેરૂહલ્ અબા ઝન્ગલહુ
બેરૂન્ તાખ્તન્દ અઝ મેયાને ગલહુ
હજીરો સેપહુરમ બકેર્દારે દીવ
અઝાન્ રઝ્મગહુ બરૂકશીદહુ ગરીવ
ચુ ગૂદર્ઝે કશ્વાદો પીરાન્ બહમ
હમહુ સાખ્તહુ દેલ્ બકીનો સેતમ્
બખૂન્ તેશ્નહુ હરૂદ્ સેપહુબુદ બકીન્
ચે અઝ પાદ્શાહી ચે અઝ બહરે દીન્
બેખુર્દન્દ સઉગન્દ બા યકદેગર્
કે કસ બર્ નગર્દાનદ અઝ કીનહુ સર્
બદાન્ તા કેરા ગર્દદ આમૂઝગાર્
કે પીરૂઝ ગર્દદ અઝીન્ કારઝાર્
દો બાલા બુદ અન્દર્ મેયાને સેપાહુ
કે શાયેસ્ત કર્દન્ બહર્ સૂ નેગાહુ
યકી સૂએ ઈરાન્ યકી સૂએ તૂર્
કે દીદાર્ બૂદી દો લશ્કર્ ઝે દૂર્
૧૬૩ બઝીર્ અન્દરૂન્ બૂદ હામૂનો દશ્ત
કે બદબખ્તો બખ્તાવર્ આન્જા ગુઝશ્ત
ચુનીન્ ગોફ્ત ગૂદર્ઝ બા સરકશાન્
કે હર્ કુ ઝે ગોર્દાનો મહુરૂમકશાન્
બઝીર્ આવરદ દુશ્મનીરા ઝે તૂર્
દરફ્શશ બબાલા બરૂઆરદ ઝે દૂર્
સેપહુદાર્ પીરાન્ નેશાની નેહાદ
બબાલાએ દીગર્ હમી કરૂદ યાદ
વઝાન્પસ બહામૂન્ નેહાદન્દ સર્
બખૂન્ રીખ્તન્ સખ્ત બસ્તહુ કમર્
બતીગો બતીરો બગોર્ઝો કમન્દ
હમીઆઝમૂદન્દ હરગૂનહુ બન્દ
દેલીરાને તૂરાનો કુન્દાવરાન્
ચે બા ગોર્ઝો તીરો પરન્દ આવરાન્
અગર્ કુહુ પીશ આમદી રૂઝે જન્ગ્
નબૂદી બરાન્ પસ્ત કર્દન્ દેરન્ગ્
હમહુ દસ્તહા શાન્ ફેરુમાન્દહુ પસ્ત
દરે ઝૂર્ યઝદાન્ બર્ ઈશાન્ બેબસ્ત
બદામે બલા અન્દર્ આવીખ્તન્દ
કે બેસ્યાર્ બીદાદ ખૂન્ રીખ્તન્દ
૧૬૪ ફેરૂમાન્દ અસ્પાને જન્ગી બજાય
તો ગોફ્તી કે બા દસ્ત બસ્તહુસ્ત પાય
બદીશાન્ હમહુ રાસ્તી શુદ નેગૂન્
કે બરૂગશ્ત રૂઝો બેબારીદ ખૂન્
ચુનાન્ બૂદ રાએ જહાન્આફ્રીન્
કે ગોફ્તી ગેરેફ્ત આન્ ગવાનરા ઝમીન્
ઝે મહ્ર કે બૂદન્દ બા બખ્તે ખીશ
બરૂઆવીખ્તન્દ અઝ પયે તખ્તે ખીશ
સરાન્ અઝ પયે પાદ્શાહી બજન્ગ્
બેદાદન્દ પાક અઝ પયે નામો નન્ગ્

ગીવના બેટા બીઝન સાથ પેહલવાન રૂઈન કે જે લડાઈમાં દુન્યા સીઆહ કરતો હતો.

જ્યારે અખવાસ્ત શાવરાનના ઝન્ગે સાથ-અને બર્તહ પેહલવાન તુરાની મદદગારોમાથી કોહરમ સાથ જોડયો થયો.

અને બીજો ફેરૂહલ ઝન્ગલહ સાથ ટોળાની વચ્ચેથી બાહેર પડયો.

હજીર અને સેપહરમે દેવની મિસાલ-તે લાઈગાહમાં લડાઇના પોકાર ઉઠાવ્યા.

કેશ્વાદનો ગૂદર્ઝ, પીરાન સાથે જોડયો થયો-સઘળાઓ લડાઇ તથા કીના માટે તૈયાર હતા

તે બન્ને સેપહસાલારો પોતાનાં રાજ્ય માટે કે શું દીનધર્મ માટે કીનો લેવા ઉપર મકકના તાકીના તરસ્યા બન્યા

તેઓએ એકમેક સાથ સઉગન્દ ખાઈ કોલકરાર કર્યો-કે "કોઇએ પણ આ લડાઇમાથી પોતાનુ સર ફેરવવું નહીં

જોઇયે કે કોણનુ નસીબ ઊંધુ વળે છે-અને લડાઇમાંથી ફતેહ મેળવીન કોણ પાછુ આવે છે?"

બે ટેકરી બન્ને લશ્કર આગળ હતી કે જ્યાથી ચો તરફ નઝર કરી શકાય.

એક ટેકરી ઇરાનીઓની બાજૂએ હતી અને બીજી તુરાનીઓની બાજૂએ હતી-જ્યાથી બન્ને લશ્કરને દૂરથી જોવાઇ શકાતુ હતુ

ટેકરીઓની નીચે મયદાન હતા જ્યાં અભાગ્યો અને ભાગ્યવાન બન્ને જતા હતા.

ગૂદર્ઝે પોતાના બહાદુરોને એ પ્રમાણે કહ્યુ-કે "આપણા સરદારોમાથી જે કોઇ

પોતાના તુર્કી દુશ્મનને નીચે નાખે-તેનો ઝુંડો મયદાનમાથી તે ટેકરી ઉપર લાવી ઉડતો કરે"

સરદાર પીરાને બીજી ટેકરી ઉપર પોતાનો ઝુંડો ઉભો કીધો અને તેવોજ હુકમ આપ્યો

અને ત્યારપછી તેઓ લોહી રેડવા માટે પોતાની કમર મઝબૂત બાધી મયદાનમા ઉતર્યા

અને તલવાર, તીર, ગેર્ઝ અને કમન્દથી-તેઓએ દરેક રીતના હોનરો અઝમાવવા લાગ્યા

તુરાનના દેલીરો અને પેહલવાનો પણ-ગોર્ઝ, તીર અને તલવાર સાથ એવા તત્પર થયા,

કે જો તે લડાઈ વખતે એક પહાડ પણ તેઓ સામે આવે-તો તેને સપાટ મયદાન કરી નાખવામા તેઓ જરાએ વાર લગાડે નહીં.

છતા તે સઘળાઓના હાથ ઢીલા પડી ગયા-કારણ ખોદાતાલા એજ તેઓ સામે કૌવતનો દરવાઝો બધ કરી દીધો હતો

હાલ તેઓ બલાના ફાંદામા ફસી પડયા હતા-કારણકે તેઓએ ઝુલ્મ ગુઝારીને ઘણાકોના ખૂન રેડયા હતા

તેઓના લડાઈના ઘોડા પણ થાકી ગયા હતા-ગોયા તેઓના હાથ સાથે પગ બધાઇ ગયા હતા.

તેઓ ઉપર દરેક સીધી બાબત વાંકી થઈ જતી હતી-કારણકે તેઓનો દહાડો વાંકો આવ્યો હતો અને વેર જોશ કરતું હતું.

ખોદાતાલાનો પણ એવોજ હુકમ હતો-વિચાર એમજ હતો-કે ગોયા ધરતી તે પેહલવાનોને પકડી બેઠી હતી.

જે ઝોર તેઓ ધરાવતા હતા તે ઝોર સાથે દેશને ખાતેર પોતાનાં નસીબ સાથે લડતા હતા.

દેશને ખાતેર તેમજ નામ અને નામોશીને ખાતેર લડાઈમાં પોતાનાં માથાં આપતા હતા.

દમાન્ આમદહુ તા બઆર્વંગાહુ
બબા ચકુહેગરૂ સાખ્તહુ કીનહુખાહુ
સેપહુદારૂ પીરાન્ બેદાનેસ્ત રાઝ
કે રૂઝે બદ્ આમદ્ બતન્ગી ફરાઝ
ચુનીન્ ગોફ્ત કય દાવરે કેર્દેગારૂ
બેઅર્દાન્ ઝે મન્ ઈન્ બદે રૂઝગારૂ
મગરૂ બાઝ બીનમ બરો બૂમરા
બેમાનમ બસન્ગ્ આખ્તરે શૂમરા
હમીદીદ પીરાન્ શુમારે સેપેહરૂ
બેદાનેસ્ત કઝ વય બેબુરૂરીદ મેહરૂ
ચુનીનસ્ત કારે સેપહરે બલન્દ
અઝુ શાદમાની વઝૂ મુસ્તમન્દ
બજોઝ જન્ગ્રા હીચ ચારહુ નદીદ
સેતમ બરૂ સેતમગારૂ આમદ પદીદ
રસીદન્દ ગૂદર્ઝો પીરાન્ બહમ
સખુન્ રફ્ત હરૂગૂનહુ અઝ બીશો કમ

બન્ને પક્ષવાળા દોડતા લડાઇનાં મયદાનમા આવ્યા—અને એક બીજા સાથ કીનો લેનારા બની ગયા

સરદાર પીરાન સઘળો ભેદ સમજી ગયો—કે "આપણો બરગશ્તે દહાડો છેકજ નઝદીક આવી ચૂકયો છે"

ત્યારે તે એમ બોલ્યો કે "ઓ જેહાનના પયદા કરનાર દાદગર દાવર!—આ બૂરો વખત મારે માથેથી દૂર કરજે

જેથી હું મારૂ બાપીકું વતન પાછુ જોઉ—અને મારા નેહેસ્ત સિતારાને પત્થર તળે કચડું."

પછી પીરાને આસ્માનની ચાલની ગણત્રી કરી જોઇ—અને જોઈ લીધું કે "તેણે હવે તની સાથની મોહબત કાપી નાખી છે"

આ બુલંદ આસ્માનનાં કામ એવાજ છે—તેનાથીજ ખુશહાલી અને ૧૬૫
તેનાથીજ રજ પુગે છે

તેણે લડાઈ સિવાય હવે કશો બીજો એલાજ જોયો નહીં—હવે ઝુલ્મ કરનાર ઉપર ઝુલ્મ પડવાનો વખત ઝાહેર આવ્યો

ગૂદર્ઝ અને પીરાન સાથે થઇ ગયા—અને હરેક રીતની થોડી ઘણી વાતો ચાલી

જન્ગે ફરીબોર્ઝ બા કલ્બાદ્ વ કોશતહ્ શુદને કલ્બાદ્.

ચુઓસ્તીન્ ફરીબોર્ઝ ગોર્દે દલીરૂ
ઝે લશકરૂ બેરૂન્ તાખ્ત બરૂસાને શીરૂ
બનઝદીકે કલ્બાદે વીસહુ દમાન્
બેયામદ બઝેહુ બરૂ નેહાદહુ કમાન્
હમીગશ્તો [illegible] નેયામદ ચુ ખાસ્ત
કશીદ આન્ પરન્દઆવરૂ અઝ દસ્તે રાસ્ત
બરૂઆવર્દો ઝદ નાગ્હ બરૂ ગર્દનશ
બદૂ નીમહુ શુદ તા કમરૂગહુ તનશ
ફેરૂદ આમદ અઝ અસ્પો બુગશાદ બન્દ
ઝે ફેત્રાકે ખીશ આન્ કયાની કમન્દ
બેબસ્ત અઝ બરે અસ્પ કલ્બાદરા
કુશાદ અઝ બરશ બન્દે પૂલાદરા
બબાલા બરૂઆમદ બપીરૂઝ નામ
ખોરૂશી બરૂઆવર્દો બુગઝારૂદ ગામ
કે સલારે મા બાદ પીરૂઝગરૂ
હમહુ દુશ્મને શાહ ખસ્તહુ જેગરૂ
ગેરેફતન્દ ઈરાનીયાન્ આન્ બફાલ
કે બૂદન્દ ગોર્દાને બા શાખો યાલ

કલ્બાદ સાથ ફરીબોર્ઝની લડાઈ અને કલ્બાદનું માર્યું જવું.

પછી પહેલા બહાદુર પેહલવાન ફરીબોર્ઝ—સિંહની માફક પોતાનાં લશ્કરમાથી બાહેર પડયો

તે વાસેના બેટા કલ્બાદની નઝદીક કમાનનો ચિલ્લો ચઢાવીને દોડતો આવ્યો

તે તેની આસપાસ ફર્યો પણ જ્યારે તેના તીર તેની મરજી મુજબ તેની ઉપર કારગર નહીં થયા—ત્યારે તેણે જમણે હાથે ઝળકતી તલવાર ખેંચી,

ઉપર ઉગામીને તેની ગર્દન ઉપર એવી મારી—કે તેનુ તન કમર સુધી બે ટુકડા થઇ ગયુ

પછી તે ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો—અને પોતાના ફેતરાકબદ ઉપરથી કયાની કમંદ ખોલી

કલ્બાદને તેના ઘોડા ઉપર બાંધ્યો—અને તેની છાતી ઉપરથી લોખંડી બખ્તર ખોલી નાખ્યુ

અને ફતેહમંદી ભરેલા નામ સાથ પેલી ટેકરી ઉપર ચઢી ગયો—અને ફતેહના પોકાર સાથ આગળ વધ્યો

કે "આપણો વડો સરદાર ફતેહમંદ હોજો—અને પાદશાહના તમામ ૧૬૬
દુશ્મનો ઝખ્મી જીગરના થજો!"

આ પહેલી ફતેહના ઈરાનીઓએ સારા શુગન ગણ્યા—કારણકે બીજા બધા પેહલવાનો મઝબૂત બાઝૂ અને ગર્દન ધરાવનારા હતા.

રઝ્મે ગીવ્ બા ગોર્વઝિરેહ્ વ ગેરેફ્તાર્ શુદને ઊ બદસ્તે ગીવ્.

વ દીગર્ ગોરૂઇઝેહૈસ્ હીવે નીવ્
બેરૂન્ રફ્ત બા પૂરે ગૂદર્ઝ ગીવ્
બનીઝહ્ ફેરાવાન્ બરૂઆવીખ્તન્દ્
હમી ખાક્ બા ખૂન્ બરૂઆમીખ્તન્દ્
સનાનહાએ નીઝહ્ બચન્ગે સવાર્
ફેરૂરીખ્ત અઝ્ હઉલે આન્ કાર્ઝાર્
કમાન્હા ગેરેફ્તન્દો તીરે ખદન્ગ્
યકે અન્દર્ દેગર્ તાખ્તન્ બીદરન્ગ્
હમી ખ્વેન્દહ્ બાયેસ્ત મર્ ગીવ્રા
કઝ્ અસ્પ્ અન્દર્ આરદ્ મરાન્ નીવ્રા
ચુનીન ખ્વેન્દહ્ દર્ પીશે ખુસ્રવ્ બરદ્
કે તોર્કાન્ યકી હદ્યએ નવ્ બરદ્
ચુ ગીવ્ અન્દર્ આમદ્ ગોરૂય અઝ્ નેહીબ્
કમાન્ શુદ્ ઝે દસ્તશ બસૂએ નેશીબ્
સુએ તીગ્ બોરૂદ્ આન્ ઝમાન્ દસ્તે ખીશ
દમાન્ ગીવે નીવ્ અન્દર્ આમદ્ બપીશ
૧૬૭ યકી ગોર્ઝએ ગાવ્પયકર્ બચન્ગ્
ખોરૂશાન્ બકેર્દારે શર્ઝેહ્ પલન્ગ્
બઝ્દી બેઝદ્ બર્ સરો તર્કે ઊય
કે ખૂન્ અન્દર્ આમદ્ ઝે તારક્ બરૂય
હમીદૂન્ કે ઝીન્ દસ્ત બુગ્ઝાર્દશ
ગેરેફ્તો બબર્ સખ્ત બેફ્શાર્દશ
ચુ બર્ પોશ્તે ઝીન્ મર્દ્ બીતૂશ ગશ્ત
અઝ્ અસ્પ્ અન્દર્ ઓફ્તાદો બીહુશ ગશ્ત
ફેરૂદ્ આમદ્ અઝ્ અસ્પ્ જન્ગી પલન્ગ્
દો દસ્તશ પસે પોશ્ત બસ્તશ ચુ સન્ગ્
નેશસ્ત અઝ્ બરે ઝીન્ મર્ ઊરા બપીશ
દવાનીદો શુદ્ તા બરે યારે ખીશ
બબાલા બરૂઆમદ્ ફેરફ્શા બદસ્ત
બનઅરહ્ હમી કૂહરા કરૂદ્ પસ્ત
બપીરૂઝીએ શાહ્ર્યારે ઝમીન્
હમીખાન્દ્ બર્ પહ્લવાન્ આફ્રીન્
કે શાહી બકયખુસ્રવે નામદાર્
હમીબાદો બદ્ખાહ્ ઊ સૂગ્વાર્

ગોર્વઝિરેહ સાથ ગીવની લડાઈ અને તેનું ગીવના હાથ ઉપર પકડાવું.

બીજો દેવ જેવો પેહલવાન ગોર્વઝિરેહ ગૂદર્ઝના બેટા ગીવ સાથ બાહેર પડયો.

તેઓ બન્નેએ નેઝાની ઘણીક લડાઈ કીધી—અને ખાકને લોહી સાથે ભેળી નાખી.

તે બન્ને સવારે.ની ચુગાલમાંના નેઝાની નોકો-તે લડાઈની ધાસ્તીથી ખરી પડી

જેથી તેઓએ કમાનો હાથમાં પકડી અને ખદંગી તીરે કરી-એક બીજા ઉપર વગર ઢીલે હલ્લો ચલાવા માડયો

ગીવ એવું ચાહતો હતો કે તે પેહલવાનને જીવનોજ ઘોડા ઉપથી ઊચકી લીયે

અને તુરાનીઓમાથી એક નાહેર હદ્યા તરીકે લઇ જાય-તેને એમનો· એમ જીવતોને જીવનોજ કયખુસરૂ પાસે લઇ જાય

જ્યારે ગીવ તેની નઝદીક આવ્યો ત્યારે ધાસ્તીથી ગોર્વીના-હાથમાંથી તેની કમાન નીચે પડી ગઈ

તેવોજ તુરત તેણે તલવાર તરફ હાથ નાખ્યો-બહાદુર ગીવ પણ હિમ્મતથી તેની આગળ ધસ્યોજ આવ્યો

તેના હાથમા એક ગાયની સૂરતનો ગોર્ઝ હતો-તેમજ ગુસ્સા ભરેલા ચિત્તાની મિસાલ પોકાર કરતો હતો

તેણે એક ગોર્ઝનો ફટકો તેના માથા અને ટોપી ઉપર માર્યો કે જેથી કરીને તેના તાલકમાથી લોહી નીકળી મોઢા ઉપર ટીપાવા લાગ્યુ

ગીવે ઝીન ઉપર હાથ લાગ્યો કરીને-તેને બગલમા લઇને ખૂબ ભચડિયો.

જ્યારે તે મર્દ ઝીન ઉપરજ નબળો પડી ગયો-અને ઘોડા ઉપરથી તુટી પડી બેહોશ થઈ ગયો,

ત્યારે તે લડાયક ચિત્તો પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો—અને તેના બન્ને હાથ તેની પીઠ પછાડી મઝબૂત બાંધ્યા

અને પોતે પણ ઘોડા ઉપર સવાર થયો અને તેને પોતાની આગળ—દોડાવ્યો અને પોતાના દોસ્તોની નઝદીક ગયો

તે હાથમા ઝુંડો લઇને પેલી ટકરી ઉપર આવ્યો અને પોતાના પોકારથી તે ટેકરીને ધમધમાવી મૂકી

ગીવ દુન્યાના પાદશાહ કયખુસરૂની ફતેહ ઈચ્છતો-પેહલવાન ગૂદર્ઝ ઉપર દુઆ કરવા લાગ્યો

કે "નામદાર કયખુસરૂની પાદશાહી-કાયમ રહેજો અને તેના દુશમનો સોગ ભરેલા થજો!"

રઝ્મ્ ગોરાઝહ્ બા સેયામક્ વ કોશ્તહ્ શુદને સેયામક્.

સેદીગર્ સેયામક્ ઝે તુરાન્ સેપાહ્
બેશુદ્ બા ગોરાઝહ્ બઆવર્દગાહ્
૧૬૮ ચુનીન દર્દો નીઝહ્ ગેરેફ્તહ્ બદસ્ત
ખોરૂશાન્ બકેર્દારે પીલાને મસ્ત

સિયામક સાથ ગોરાઝેહની લડાઈ અને સિયામકનું માર્યુ જવું.

ત્રીજો તુરાની લશ્કરમાંથી સિયામક-ગોરાઝેહ સાથ લડાઈગાહમાં ગયો.

એ પ્રમાણે તેઓ બન્ને જાણે મસ્ત હાથીની મિસાલ પોકારતા હતા અને નેઝા હાથમાં પકડેલા હતા.

પુરસ્ એશમો પુર્ જન્ગો કીનહ્ સરાન્
ગેરેફ્તન્દ્ અઝાન્ પસ આમૂદે ગરાન્
શ્રુ શીરાને જન્ગી બરૂઆશુફ્તન્દ્
હમી બર્ સરે યકુદેગર્ કુફ્તન્દ્
ઝબાન શાન્ શુદ અઝ તેશનગી લખ્ત લખ્ત
બતન્ગી ફરાઝ આમદ્ આન્ કાર્ સખ્ત
પેયાદેહ શુદન્દો બરૂઆવીખ્તન્દ્
હમી ગર્દ કીનહ બરૂઅન્ગીખ્તન્દ્
ગોરાઝેહ એઝદ દસ્ત બરૂસાને શીર્
મર્ ઊરા શુ બાદ અન્દર્ આવર્દ ઝીર્
ચુનાન્ સખ્ત ઝદ બર્ ઝમીન્ કુસ્તુખાન્
બેરીઝીદો હમ દર્ ઝમાન દાદ જાન્
ગોરાઝેહ હમાન્ દમ બેબસ્તશ બર્ અસ્પ
નેશસ્ત અઝ બરે ઝીન્ શુ આઝર્ગોશસ્પ
ગેરેફ્ત આનગહ અસ્પે સેયામક્ બદસ્ત
બબાલા બરૂઆમદ બકરદારે મસ્ત
દરફ્શે ખોજસ્તેહ બદસ્ત અન્દરૂન
ગોરાઝાનો શાદાનો દુશ્મન નેગૂન
બપીરૂઝીએ શાહો બખ્તે બલન્દ
મકામ આમદહ ઝીરે તખ્તે બલન્દ
ફેરૂદ આમદ અઝ અસ્પો કર્દ આફ્રીન
બે દાદાર્ બર્ તખ્તે શાહે ઝમીન્

તેઓ બન્નેનાં સર ગુસ્સા ભરેલાં તેમજ લડાઈ અને કીના ભરેલાં હતાં તેઓની લડાઈ પછી તેઓએ ભારી ગોર્ઝ હાથમાં લીધા.

અને લડાયક સિંહની માફક છેડાઈ પડી- એક બીજાનાં સર ઉપર મારવા લાગ્યા

તરસથી તેઓની ઝબાન ફાટવા લાગી-હવે તેઓ સખ્ત લડાઈ કરવા લાગ્યા

પછી તેઓ ઘોડા ઉપરથી પયાદા થયા-અને એક બીજાને વળગ્યા- અને કીનાની ધૂળ ઊંચે ઉરાડવા લાગ્યા

ગોરાઝેહે સિંહની મિસાલ ચુગાલ મારી-શિતાબીથી તેને નીચે નાખ્યો.

તેણે એવો તો ઝોરથી ઝમીન ઉપર પટક્યો કે તેનાં હાડકાં-ચૂરેચૂરા થઇ ગયા અને તુરત તેનો જીવ નીકળી ગયો

ગોરાઝેહ તન તેજ વખતે પાછો તેના ઘોડા ઉપર બાંધ્યો-અને પોતે આઝર ગોશસ્પની મિસાલ ઘોડા ઉપર સવાર થયો

અને શિતાબ સેયામકનો ઘોડો હાથમા પકડી-એક મસ્ત માણસની માફક પેલી ટેકરી ઉપર આવ્યો

તેના હાથમા મુબારક ઝુંડો પકડેલો હતો-તે દોડતો તથા ખુશહાલ હતો જ્યારે તેનો દુશ્મન ઊંધો પડેલો હતો

પાદશાહની ફતેહ અને તેના ઊંચા નસીબને લીધે-તેમજ તેના બુલંદ ૧૬૯
તખ્તના સાયા નીચ તેની મુરાદ બર આવી,

તેથી તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને દુન્યાના શાહનાં તખ્ત ઉપર ખોદાતાલા તરફની દુઆ ચાહી

જન્ગે ફેરૂહલ્ બા ઝન્ગલહ્ વ કોશતહ્ શુદને ઝન્ગલહ્.

દહારેમ ફેરૂહલ્ બબા ઝન્ગલહ્
[illegible] જન્ગી બકેરદારે શીરે યલહ્
[illegible]ફ્રશાનો જુરશાનો નઅરેહઝનાન્
દીરાનો ગોર્દાન્ શુ શીરે ઝેયાન્
[illegible]ઈરાન્ નબર્દેહ બતીરો કમાન્
[illegible]ખુદ ચૂન ફેરૂહલ્ દેગર્ બીગમાન્
[illegible] અઝ દૂર્ તુર્કે દેઝમરા બેદીદ
માનરા બઝેહ કર્દ અન્દર્ કશીદ
[illegible]બર્ ઝન્ગલહ્ તીર્ બારાન્ ગેરેફ્ત
[illegible]હરસૂ કમીને સવારાન્ ગેરેફ્ત
[illegible]દન્ગી બરાનશ બેઝદ હમચુ બાદ
[illegible]ખુગઝશ્ત બર્ અસ્પો બર્ મર્દે રાદ
[illegible]રૂચ અન્દર્ આમદ્ તગાવર્ બે દર્દ
[illegible]દા ગશ્ત અઝ્ ઝન્ગલહ્ રૂએ ઝર્દ
[illegible]ચૂન શુદ સરે ઝન્ગલહ્ જાન્ બેદાદ
[illegible]માના કે ખુદ રૂઝે બદરા બેઝાદ
[illegible]રૂહલ્ ફેરૂજસ્તો બુબ્રીદ સરૂશ
[illegible]ચૂન કર્દ બકૂતાને રૂમી બે બરૂશ

ઝન્ગલહ સાથની ફેરૂહલની લડાઈ અને ઝન્ગલહનું માર્યું જવું.

ચોથો ફેરૂહલ ઝન્ગલહ સાથ બાહેર પડયો-તે બન્ને લડાયકો [illegible] છૂટેલા સિંહની મિસાલ

શોર કરતા તથા જોશ કરતા અને પોકાર મારતા હતા-તે બન્ને બહાદુરો અને પેહલવાનો શેરની મિસાલના હતા

ઈરાન દેશમા ફેરૂહલના જેવો તીર અને કમાન વાપડનારો બેશક કે બીજો કોઈજ હતો નહી

તેણે જ્યારે દૂરથી ગુસ્સા ભરેલા તુર્કીને જોયો-ત્યારે કમાનનો ચિલ્લો ચઢાવી ખેંચી તૈયાર કીધી

અને ઝન્ગલહ ઉપર તીરનો વરસાદ વરસાવવા લાગ્યો-અને ચો તરફ યુક્તિથી તીર ફેંકવા લાગ્યો

તેણે પવનની ઝડપે જતો એક તીર તેની જાંગ ઉપર માર્યો-જે તેના ઘોડા અને તે બહાદુર મર્દ બન્નેમાથી પસાર થઇ ગયો

તે તેજ વખત તે ઘોડો દુઃખથી ઊંધે મસ્તક પડયો-અને ફિક્કો પડી ગયલો ઝંગલહ તે ઘોડાથી છૂટો પડી ગયો.

ઝંગલહનુ માથું ઊંધુ પડયુ અને તેનો જીવ નીકળી ગયો-તું જાણે- કે તે એવા બૂરા દહાડા માટેજ જન્મ્યો હતો.

ફેરૂહલ તુરત નીચે ઉતરી પડયો અને તેનું સર કાપી લીધું-અને ૧૭૦
તેનાં બદનમાંથી રૂમી બખ્તર પણ કાઢી લીધું.

સરશરા બફેરાકે ઝીન્ બર્ બેબસ્ત
બેયામદ ગેરેફ્તુ અસ્પે ઊશ બદસ્ત
બબાલા બરૂઆમદ બસાને પલન્ગ્
બખૂન્ ધરૂફ્ ગશ્તહ્ બરો તીઘો ચન્ગ્
ઢેરફ્તી ખોજસ્તહ્ બરૂઆવંદ શસ્ત
શુદહ્ શાદ દેલ્ ચાફ્તહ્ આન્ચે ખાસ્ત

તે માથાને ઝીનના ફેત્રાક સાથે બાંધ્યું-અને આવીને તેનો ઘોડો હાથમાં પકડ્યો

અને ચિત્તાની મિસાલ ટેકરી ઉપર ચઢયો-તેની છાતી, તલવાર અને ચુંગાલ લોહીમા ગર્ક થયલા હતાં

તેણે મુબારક ઝુંડો ઉભો કીધો-જે કાંઇ તેણે ચાહ્યું તે મેળવીને ખુશહાલ દિલનો થયો

જન્ગે રોહ્હામ્ બા બાર્માન્ વ કોશ્તહ્ શુદને બાર્માન્.

બપન્જોમ ચુ રોહ્હામે ગૂદરૂઝ બૂદ
કે બા બાર્માન્ ઊ નબરૂદ આઝમૂદ
કમાન્ બરૂગેરેફ્તન્દો તીરે ખદન્ગ્
બરૂઆમદ ખોરૂશે સવારાને જન્ગ્
કમાનહા હમહ્ પાક્ બરૂહમ શેકસ્ત
સુએ નીઝહ્ બોર્દન્દો શમ્શીરૂ દસ્ત
દો જન્ગીઓ હરૂદ્ દેલીરો સવારૂ
હોશીવારો દીદહ્ બસી કાર્ઝાર્
બેગશ્તન્દ બેસ્યારૂ બા યકદેગરૂ
બેપીચીદ રોહ્હામે પર્ખાશખરૂ
યકી નીઝહ્ અન્દાખ્ત બરૂ રાને ઊય
કઝ અસ્પ્ અન્દરૂ આમદ બર્ફમાને ઊય
૧૭૧ જુદા ગશ્ત અઝ્ બાર્માન્ હમચુ ગરૂદ
સવારૂ અન્દરૂ આમદ ઝે બાદે નબરૂદ
બપોશ્ત અન્દરશ નીઝઈ ઝદ દેગરૂ
સનાન્ અન્દરૂ આમદ મેયાને જેગરૂ
બઝીને સેયાવુશ કશીદશ નેગૂન
ઝે ઝીનહ્ બેમાલીદ બરૂ રૂએ ખૂન
બઝીન્ અન્દરૂ આવર્દો બસ્તશ ચુ સન્ગ્
સરૂ આવીખ્તહ્ પાએહા ઝીરે તન્ગ્
નેશસ્ત અઝ્ બરે ઝીનો ઊરા કશાન્
બરામદ દમાન્ તા બજાએ નશાન્
બબાલા બરામદ શુદહ્ શાદમાન્
દેલ્ આઝાદ ગશ્તહ્ ઝે દર્દો ગમાન્
બપીરૂઝીએ શાહો તખ્તે બુલન્દ
બકામ આમદહ્ યાફ્ત બખ્તે બુલન્દ
બેકરૂદ આફ્રીન્ બરૂ જહાનદારૂ શાહ્
બરાન્ તોખ્મએ ખુસ્રવે નીકૂખાહ્

બાર્માન્ સાથ રોહામની લડાઈ અને બાર્માનનું માર્યું જવું.

પાચમો ગૂદર્ઝનો બેટો રોહામ હતો કે જેણે બાર્માન સાથ લડાઇ અઝમાવી

તેઓએ કમાન અને ખદગી તીર લીધા તે લડાયક સવારોના પોકાર ઉઠયા

તેઓની કમાનો સઘળી તુટી ગઈ જેથી તેઓએ નેઝા અને તલવાર ઉપર હાથ નાખ્યા

કારણકે તેઓ બન્ને લડાયકો તેમજ બન્ને બહાદુરો અને ઘોડે સવારો હતા-વળી તેઓ હુશ્યાર અને ઘણીક લડાઈ જોઈ ચૂકેલા હતા

તેથી તેઓ એક બીજા સાથ ખુબ રનેશે લડયા-પછી લડાયક રોહામે ગોતા ઉપર પેચ ખાઇ,

એક નેઝો તેની જાગ ઉપર માર્યો-જેથી તે ઘોડા ઉપરથી નીચે પડી તેના તાબામા આવ્યો

બાર્માને વટોળિયાની માફક તેની આગળથી નાસવા માડયુ-પણ તે બહાદુર સવારે લડાઈની ઉડી રહેલી ધૂળમાથી બાહેર નીકળી,

તેની પીઠ ઉપર એક બીજો નેઝો માર્યો-જે નેઝો તેના કલેજાની વચ્ચે પેસી ગયો

તેવોજ રોહામે સેયાવક્ષના ઝીનામા તેને ઊધે મસ્તક રગડયો-અને ઝીનાથી તેનુ લોહી પોતાના મો ઉપર ચોપડયુ

પછી તેને ઝીન ઉપર નાખ્યો અને પત્થરની મિસાલ બાધ્યો તેનું માથુ અને પગ ઘોડાના તગ નીચે લટકતા રાખ્યા

પોતે ઘોડા ઉપર સવાર થયો અને તેને ખેચતો-પેલી નિશાન દેખાડવાની જગ્યા સૂધી દોડતો લઈ આવ્યો

તે ખુશહાલ થઇને ટેકરી ઉપર આવ્યો-તેનુ દિલ દર્દ અને ગમથી મોકળુ થયુ હતુ

પાદશાહની બરકત અને બુલદ તખ્તની ફતેહમદીએ કરી તેણે પોતાની મુરાદ મેળવી તેમજ ઊચું નસીબ પણ મેળવ્યું

તેણે જેહાનના પાદશાહ ઉપર-તેમજ તે નેકખાહ ખુસરૂનાં ખાન્દાન ઉપર દુઆ કીધી

રઝ્મે રૂઈન્ બા બીઝન્ વ કોશતહ્ શુદને રૂઈન્.

—— •.——

શશુમ બીઝને ગીવો રૂઈન્ દમાન્
બઝેહ્ બરૂનેહાદન્દ હરદૂ કમાન્
ચપો રાસ્ત ગશ્તન્દ હરદૂ બહમ
ચુ શીરે ઝેયાનો ચુ પીલે દેઝમ
બસી હમ્લેહ કર્દન્દ બા યકદેગર
નશુદ તીર શાન્ અઝ કમાન્ કારગર
બરૂઈન્ આમદ આનગહી પૂરે ગીવ
હમીગશ્ત બા ગોર્ઝે રૂઇને નીવ
બઆવરદ્ગહ્ બર્ બદ દસ્ત યાફ્ત
ઝમીન્રા બેહરૂરીહો અન્દર્ શેતાફ્ત
બદ અઝ બાદ બર્ સરશ રૂઈન્ ગુતુન
ફેરૂરીખ્ત અઝ તારકશ મગ્ઝો ખૂન
બઝીન્ અન્દરૂન્ જાને શીરીન્ બેદાદ
કે પીરાને વીસહ્ હમીકરદ યાદ
પસાન્ગહ્ કે અસ્પ્ અન્દર્ આમદ નેગૂન
હમહ્ તન્ પુર્ આહન દહાન્ પુર્ ઝે ખૂન
બેરફ્ત અઝ પયે સૂદો માયહ્ બેદાદ
હનૂઝ અઝ જવાનીશ ના બૂદહ્ શાદ
ચુનીનસ્ત ગીતી પુર્ આસીબો શીબ્
પસે હર ફરાઝી નેહાદહ્ નેશીબ્
કે અસ્પ્ અન્દર્ આમદ સબુક્ બીઝના
બર્ ઊરા બકેર્દારે અહ્રીમના
બશમ્શીર્ કર્દશ જુદા સર્ ઝે તન્
નેયાબદ હમી કોશતહ્ ગૂરો કફન્
કમન્દ અન્દર્ અફ્ગન્દો બર્ ઝીન્ કશીદ
નબુદ કસ કે તીમારે રૂઈન્ કશીદ
બર્ અસ્પશ બકેર્દારે પીલાને મસ્ત
ગેરેફ્ત આન્ ઝમાન્ પાલહન્ગશ બદસ્ત
એનાને હયૂને તગાવર્ બેતાફ્ત
બઝાન્ જાએગહ્ સૂએ બાલા શેતાફ્ત
બચન્ગ્ અન્દરૂન્ શીર્ પયકર્ દેરફ્શ
કઝુ હર તરફ્ રન્ગ્ બૂદી બેનફ્શ
હમી ગોફ્ત પીરૂઝગર્ પાદશાહ્
હમીશહ્ સરે પહ્લવાન્ બા કોલાહ્

બીઝન સાથ રૂઈનની લડાઈ અને રૂઈનનું માર્યું જવું.

——:०:——

છઠ્ઠો ગીવનો બેટો બીઝન અને રૂઇન શિતાબીથી બાહેર પડયા-તેઓ બન્ને જણાએ કમાનનો ચિલ્લો ચઢાવ્યો

અને ડાબી તથા જમણી તરફ બન્ને જણાઓ મસ્તશેર અને ગુસ્સા ભરેલા હાથીની મિસાલ ફર્યા.

તેઓએ એક બીજા ઉપર ઘણાક હમ્લા કીધા-પણ તેઓની કમાન- १७२
માથી છુટેલા તીર કારગર થયા નહી

બહાદુર પેહલવાન રૂઈનની સાથે ગીવનો બેટો બીઝન લોખડી ગોર્ઝ સાથે આમતેમ તક શોધતો ફરતો હતો

અને લડાઈગાહમા તે તેની ઉપર ફાવ્યો-એવી રીતે કે ગોયા ઝમીનની સપાટી ચીરીને પોતાના હરીફને ધકેલી દીધો

તુરતજ રૂઈનના માથા ઉપર લોખડી ગોર્ઝ લગાવ્યો-જેથી તેના માથામાથી ભેજુ અને લોહી બન્ને નીકળી પડયા

તેણે તુરત વેસેના બેટા પીરાનને યાદ કરતો કરતો ઝીન ઉપરજ પોતાનો વહાલો જાન બરબાદ કીધો

પછી તે ઘોડા ઉપરથી ઊંધે મસ્તક પડયો-જ્યારે તેનુ સઘળુ તન લોઢાએ ભરેલુ હતું, ત્યારે મોઢુ લોહીથી ભરેલું થયુ

નફો લેવા જતા થાપણ ખોહી દીધી (યાને કીર્તિ મેળવવા જતા જાન ખોહ્યો)-હજુ તો તે જવાનીનો પુરેપુરો આનદ પણ પામ્યો ન હતો

આ દુન્યા એવીજ દુખ ભરેલી અને ખાડાખબોચિયા ભરેલી છે-તેની અદર દરેક ચઢતીની પાછળ પડતી મૂકેલીજ છે

હવે બીઝન તુરત ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-અને એહરેમનની માફક તેના

સરને તલવારે કરી તનથી જુદુ કીધુ-લડાઈમા માર્યા ગયલાને ગોર કે કફન કશુ મળતુ નથી

પછી કમદે કરી તેને ઝીન ઉપર બાધ્યો-રૂઈનને રડનાર ત્યા કોઈ १७३
પણ ન હતુ

પછી તે મસ્ત હાથીની મિસાલ પોતાના ઘોડા ઉપર સવાર થયો-અને તેના ઘોડાની લગામ પકડી તુરત ઘોડાનુ દોરડુ હાથમા ધરી,

પોતાના તેઝી ઘોડાની લગામ ફેરવી-અને તે જગ્યાએથી પેલી ટેકરી તરફ દોડયો

તેના હાથમા સિહની સૂરતનો ઝુડો હતો કે જેનાથી દરેક જગોએ આસ્માની રગ પ્રકાશતો હતો

તે બોલતો કે "હમેશે પાદશાહ ફતેહમદ હોજો-અને સરદારનુ કીર્તિનુ તાજ સલામત રહેજો!"

જન્ગે હજીર્ બા સેપહ્રમ્ વ કોશતહ્ શુદને સેપહ્રમ્.

એઝૂન્ તાખ્ત હફ્તુમ કે ગોર્દાન્ હજીર્
ગવે નામદારો સવારે હઝીર્
સેપહ્રમ્ કે ખીશાને અફ્રાસેયાબ્
ગવે નામવર્ બૂદો બા જાહો આબ્

સેપહરમ સાથ હજીરની લડાઈ અને સેપહરમનું માર્યું જવું.

હવે હજીર કે જે નામીચો પેહલવાન અને અચ્છો ઘોડે સવાર હતો, તે ઈરાની નામદારોમાંથી સાતમો બાહેર પડયો.

ત્યારે અફ્રાસિયાબના ખેશીઓમાંથી સેપહરમ-જે એક માન મરતબા સાથનો નામવર પેહલવાન હતો,

અબા પૂરે ગૂદરૂઝ રઝમ આઝમૂદ
કે ચૂન ઊ બલશકર સ્વારી નબૂદ
બેરફ્તન્દ હરૂદૂ બજાએ નબરૂદ
બરૂઆમદ ઝે આવરૂદગહ તીરહ ગરૂદ
બશમ્શીરૂ હરૂદૂ બરૂઆવીખ્તન્દ
હમી બાહન આતેશ ફેરૂરીખ્તન્દ
૧૭૪ હજીરે દલાવરૂ બકેદારે શીરૂ
બરૂએ સેપહરમ દરૂઆમદ દેલીરૂ
બનામે જહાન્આફ્રીન્ કેર્દગારૂ
બબખ્તે જહાન્દારે નવ શહરયારૂ
યકી તીઘ ઝદ બરૂ સરે તર્ગે ઊયે
કે આમદ હમ અન્દરૂ ઝમાન મર્ગે ઊય
ઝે અસ્પ અન્દરૂ ઓફ્તાદ આનગહ નેગૂન
બખારીઓ ઝારીઓ ઘર્કુ બખૂન
ફૈરૂદ આમદ અઝ અસ્પ ફરૂરોખ હજીરૂ
બરૂ ઊરા બેબસ્ત અન્દ બર ઝીન હજીરૂ
નેશસ્ત અઝ બર દ સ્પો આન્ અસ્પે ઊય
ગેરેફ્તશ લગામો બેતાબીદ રૂય
બરૂઆમદ બબાલાઓ કરૂદ આફ્રીન્
બરાન્ અખ્તરે નીકો ફરૂરોખ ઝમીન્
હમહ ઝૂરો બખ્ત અઝ જહાન્દારૂ દીદ
વઝ અદરો બખ્તે બીદારૂ દીદ

તેણે ગૂદર્ઝના બેટા હજીર સાથ લડાઈ કીધી-કે જેના જેવો તુરાનની લશ્કરમા એક પણ સવાર નહીં હતો.

તેઓ બન્ને જણા લડાઈની જગ્યા ઉપર ગયા-જેથી તે લડાઈગાહમાંથી સીઆહ ગર્દ ઉઠી.

તે બન્ને જણા તલવારથી લડવા લાગ્યા-અને તેઓના ફટકાથી લોહાંની ટોપીમાથી આતશ નીચે પડવા લાગ્યો.

દેલાવર હજીર સિહની મિસાલ-સેપહરમની સામે બહાદુરીથી ધસી જઇ,

દુન્યાને પયદા કરનાર ખોદાતાલાના નામથી તેમજ જેહાનના નવા પાદશાહ કએખુસરૂના બખ્તની મદદથી

એક તલવાર તેના નાકાના ટાપી સાથનાં સર ઉપર મારી-કે જેથી તેજ વેળા તેનુ મોત આવ્યુ.

તે તુરત ખુવાર અને પરેશાન હાલતે લોહીમા તરબોળ થયલો ઘોડા ઉપરથી ઊંધે મસ્તક નીચે પડયો.

તેરાજ મુબારક હજીર ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-અને તેને પાછો ઝીન ઉપર મઝબુત બાંધી,

પોતાના ઘોડા ઉપર સવાર થયો અને તેના ઘોડાની લગામ પકડીને પાછો ફર્યો.

તે પલા ટેકરી ઉપર આવ્યો અને પોતાના નેક સેતારા અને પોતાની મુબારક સર ઝમીન ઉપર દુઆ કીધી

તમામ કૌવત અને બુલદ બખ્ત ખોદાતાલા તરફથીજ મળેલું જાણ્યુ-અને તે સાહેબથી પોતાના નસીબની ચાલ પ્રકાશિત થયલી જોઇ

જન્ગે ગુર્ગીન્ બા અન્દરીમાન્ વ કોશતાહ્ શુદને અન્દરીમાન્.

ચુ ગુર્ગીન્ બહશ્તુમ બેશુદ ઝીનહુખાહ
અબા અન્દરીમાન્ ઝે તૂરાન સેપાહ
જહાનદીદહો કારૂકર્દહ દો મરૂદ
બેરફ્તન્દો જોસ્તન્દ જાએ નબરૂદ
૧૭૫ બનીઝહ બેગશ્તન્દો બેશકસ્તો પસ્ત
કમાનહા ગેરેફ્તન્દ હરૂદૂ બદસ્ત
બેબારીદ તીરૂ અઝ કમાને સરાન્
બરૂય અન્દરૂ આવરૂદ ગોરૂગ્ એસ્પરાન્
હમી તીરૂ બારીદ હમચુ તગરગ્
બરાન્ એસ્પરે ગોર્ગો આન્ ખૂદો તરગ્
યકી તીરૂ ગુર્ગીન્ બેઝદ બરૂ બરશ
કે બરૂદુખ્ત બા તર્ક ફ્રૂમા સરશ
બેલર્ઝીદ બરૂ ઝીન્ ઝે સખ્તી સવારૂ
યકી તીરે દીગરૂ બેઝદ નામદારૂ
બેયામદ બપહલૂએ ઉરૂફ અન્દરૂન
ઝે ચશ્મશ બેરૂન્ આમદ અઝ દરૂદ ખૂન
ફૈરૂદ આમદ અઝ અસ્પ ગુર્ગીન્ ચુ ગરૂદ
સરે અન્દરીમાન્ ઝે તન દૂર કરૂદ
બફેત્રાક બરૂબસ્તો ખુદ બરૂનેશસ્ત
બેનાને સવારે નબર્દ બદસ્ત

અન્દરીમાન સાથની ગુર્ગીનની લડાઈ અને અન્દરીમાનનું માર્યું જવું.

આઠમો પેહલવાન ગુર્ગીન તુરાની લશ્કરના અન્દરીમાન સાથે લડવા માટે ગયો.

તે બન્ને દુન્યા જોયલા અને અનુભવી યોદ્ધાઓ-ગયા અને લડાઈની જગ્યા પસદ કીધી.

પછી નેઝા લઈ તેઓ લડયા અને જ્યારે તે નેઝા ભાગી જઈ ચુર થયા-ત્યારે બન્ને જણાએ પોતાના હાથમા કમાનો પકડી.

અને તે સરદારોની કમાનમાથી તીરનો વરસાદ વરસવા લાગ્યો-તેઓએ પોતાના મો સામે વરૂના ચામડાંની ઢાલ પકડેલી હતી.

તે વરૂના ચામડાની ઢાલ ઉપર તેમજ બખ્તર અને લોઢાંની ટોપી ઉપર-જેમ આસ્માન ઉપરથી કરાનો વરસાદ વરસે તેમ તીર વરસતા હતા.

શેવટે ગુર્ગીને એક તીર તેની ઉપર એવો માર્યો કે જેથી કરી તેનું સર ફ્રુમી ટોપી સાથ સીવી લીધુ.

તે આફતથી પેલો સવાર ઘોડાનાં ઝીન ઉપર ધુજવા લાગ્યો-તેવોજ નામદાર ગુર્ગીને એક બીજો તીર માર્યો

જે તીર તે તુર્કીની પાસળીની અંદર લાગ્યો-અને તે વેદનાથી તેની આંખમાથી લોહી બાહેર નીકળવા લાગ્યું.

તેજ વખત ગુર્ગીન શિતાબી કરતો ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો-અને અન્દરીમાનનુ સર તેનાં તનથી દૂર કીધું.

અને તેને ફેતરાકબંદ સાથે બાંધ્યું અને પોતે પાછો સવાર થયો-તે બહાદુર સવારનાં ઘોડાની લગામ હાથમા પકડી.

બરાન્ કુન્દ બાલા બરૂઆમદ્ દમાન્
હમીદૂન્ બેઝદ્ બર્ બબાઝૂ કમાન્
બનીરૂએ યઝદાન્ કે ઊ બુદ્ પનાહ્
બપીરૂઝ બખ્તે જહાનદારૂ શાહ્
ચુ પીરૂઝ બરૂગશ્ત મર્દ અઝ નબર્દ
દેરફ્શી દેલઅફ્રૂઝ બર્ પાએ કર્દ

તેમજ કમાનને પોતાની બાજૂ ઉપર લટકાવી-પેલી ઉંચી ટેકરી ઉપર દોડતો આવ્યો.

પાક યઝદાન કે જે સાહેબ મદદનો કરનાર હતો તેનાં કોવતથી તેમજ જેહાંદાર શાહનાં ફતેહમંદ બખ્તની બરકતથી,

જ્યારે તે બહાદુર મર્દ ફતેહમદી સાથ પાછો ફર્યો-ત્યારે તેણે દિલને ૧૭૬
રોશન કરનારો પોતાનો ઝુંડો ઉભો કીધો

રઝ્મે બર્તહ્ બા કોહ્રમ્ વ કોશ્તહ્ શુદને કોહ્રમ્.

નોહુમ બર્તહ્ બા કોહ્રમે તીગ્ઝન્
દો ખૂનીઓ હરૂદ્ સરે અન્જોમન્
બેરૂન તાખ્તહ્ તા બઆવર્દ્ગાહ્
બરૂઆવીખ્તહ્ અઝ પયે કીને શાહ્
હમી આઝમૂદન્દ્ હર્ ગૂનહ્ જન્ગ્
ગેરેફ્તન્દ્ પસ તીગે હેન્દી બચન્ગ્
યકાયક્ બેપીચીદ્ અઝ બર્તહ્ રૂય
યકી તીગ્ ઝદ્ બર્ સરે તર્કે ઊય
કે તા સીનહ્ કોહ્રમ બદ્ નીમ ગશ્ત
દેલે દુશ્મન્ અઝ બર્તહ્ પુર્ બીમ ગશ્ત
ફેરૂદ આમદ્ અઝ અસ્પો ઊરા બેબસ્ત
બરાન્ ઝીને તૂઝીઓ ખુદ્ બરૂનેશસ્ત
બબાલા બરૂઆમદ્ ચુ શર્ઝહ્ પલન્ગ્
બોરૂશાન્ યકી તીગે હેન્દી બચન્ગ્
દેરફ્શે હુમાયૂન્ બચન્ગ્ અન્દરૂન્
ફેગન્દહ્ બરાન્ અસ્પ કોહ્રમ નેગૂન્
હમી ગોફ્ત શાહસ્ત પીરૂઝગર્
હમીશહ્ કોલાહશ બખુર્શીદ્ બર્

કોહરમ સાથ બર્તહની લડાઈ અને કોહરમનું માર્યું જવું.

નવમો પેહલવાન બર્તહ તલવાર મારનાર કોહરમ સાથ મયદાનમા પડયો-આ બન્ને લોહીના તરસ્યા અને લશ્કરના સરદારો હતા.

તેઓ બાહેર પડી લડાઈગાહ સુધી ગયા-અને પોતપોતાના પાદશાહના કીના માટે લડાઈ કરવા લાગ્યા

તેઓએ હરેક તરેહની લડાઈ અઝમાવી જોઈ-અને પછી હિંદી તલવાર હાથમા પકડી

તેવામા અચાનક કોહરમે બર્તહ સામેથી મો ફેરવ્યુ-તેવોજ બર્તહે તેની કોલાહ ઉપર એક તલવારનો ઝખ્મ માર્યો

જેથી કોહરમ છાતી સુધી ચીરાઈ બે કકડા થઇ ગયો-અને બર્તહથી દુશ્મનોના દિલ ધાસ્તી ભરેલા થયા

તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને તેને "તુઝ" રોહરનાં બનાવેલા ઝીન ઉપર બાંધ્યો અને પોતે પાછો સવાર થયો

અને એક હિંદી તલવાર હાથમા પકડીને મસ્ત ચિત્તાની મિસાલ પોકારતો પેલી ટેકરી ઉપર આવ્યો

અને બીજા હાથમા મુબારક ઝુંડો પકડેલો હતો-તેમજ કોહરમ ઘોડા ઉપર ઊંધો પડેલો હતો

તે એ પ્રમાણે બોલ્યો કે આપણો પાદશાહજ ફતેહમંદ છે-હમેશાં તેનું તાજ ખોરશેદ કરતા પણ ઊંચું હોજો!

રઝ્મે ઝન્ગએ શાવરાન્ બા અખ્વાસ્ત્ વ કોશ્તહ્ શુદને અખ્વાસ્ત્.

દહુમશ ઝે ગોર્દાનો જન્ગ્આવરાન્
બેશુદ્ સાખ્તહ્ ઝન્ગએ શાવરાન્
કે હમરઝ્મશ અઝ બખ્ત અખ્વાસ્ત બૂદ્
કે અઝ જન્ગે કસ સર્ ન બરૂતાફ્ત બૂદ્
ગેરેફ્તન્દ્ હરૂદ્ અમૂદે ગરાન્
ચુ અખ્વાસ્ત બા ઝન્ગએ શાવરાન્
બેગશ્તન્દ્ અઝ અન્દાઝહ્ બીરૂન બજન્ગ્
ઝે બસ કૂફ્તન્ ગશ્ત પયકારૂ તન્ગ્

અખ્વાસ્ત સાથ ઝન્ગએશાવરાનની લડાઈ અને અખ્વાસ્તનું માર્યું જવું.

દશમી લડાઇને માટે લડાયકો અને પેહલવાનોમાથી-ઝન્ગએશાવરાન ૧૭૭
તૈયાર થયો.

નસીબ સંજોગે તેનો લડાઇનો સાથી અખ્વાસ્ત હતો-કે જેણે કોઈનીબી લડાઇથી સર ફેરવ્યુ હતું નહીં

અખ્વાસ્ત અને ઝન્ગએશાવરાન-બન્ને જણાએ ભારી ગોર્ઝ હાથમાં પકડયા.

તેઓએ હદ બાહેરની સખ્ત લડાઈ કીધી-અને પુષ્કળ ગોર્ઝ મારવાથી તે લડાઈ ઘણી તંગ થઈ પડી

હેરૂમાન્દ અસ્પાને તાઝી કે તગ્
તો ગોકૂતી કે અસ્પાન્ નજુંબ્બીદ રગ્
શુ પુરૂશીદે તાબાન્ કે ગુમ્બદ બેગશ્ત
બકેદારે આહન બેતફ્ફીદ દશ્ત
શુનાન્ ખસ્તહ્ ગશ્તન્દ બરૂ જાએ ખીશ
તો ગોકૂતી ચકી પાએ નન્હાદ પીશ
ઝબાન્ બરૂકોશાદન્દ બરૂ યક્ દેગરૂ
કે અકૂનૂન કે ગર્મી બેતફ્તેદ બેગરૂ
બેબાયદ બરૂઆસૂદો દમ બરૂઝદન્
પસાનગહ્ સુએ જન્ગ્ બાઝ આમદન્
બેરફ્તન્દો અસ્પાને જન્ગી બજાય
બેશુદ આબશીદન્દો બસ્તન્દ પાય
૧૭૮ બઆસૂદગી બાઝ બરૂખાસ્તન્દ
બપયકારો કીનહ્ બેયારાસ્તન્દ
બકેદારે આતેશ બનીઝહ્ સવારૂ
હમીગશ્ત બરૂ મઈકે કાર્ઝારૂ
બદાનગહ્ કે જન્ગહ્ બદૂ દસ્ત યાફૂત
ઝમીન્રા બેદરૂદીદો અન્દરૂ શેતાફૂત
ચકી નીઝહ્ ઝદ બરૂ કમરૂગાહે ઊય
કે અસ્પશ નેગૂન કર્દો બરૂઝદ બરૂય
શુ રઅદે ખોરૂશાન્ ચકી વયલહ્ કરૂદ
તો ગોકૂતી બેદરૂરીદ દસ્તે નબરૂદ
બેશુદ આમદ અઝ્ અસ્પો શુદ નઝદે ઊય
બરાન્ ખાકે તીરહ્ કશીદશ બરૂય
મરૂ ઊરા બચારહ્ કે રૂએ ઝમીન્
નેગૂનશ બરૂઆવૂગન્દ બરૂ પોશ્તે ઝીન્
નેશાસ્ત અઝ્ બરે અસ્પો બાલા ગેરેફૂત
બતોર્કાન્ ચે આમદ કે બખ્ત અય શેગેફૂત
બરાન્ કૂહે ફરૂરોખ બરૂઆમદ કે પસ્ત
ચકી ગોરૂઝ્ પયકરૂ દેરફૂશી બદસ્ત
બેઝદ પીશે યારાનો કરૂદ આફરીન્
અબરૂ શાહો બરૂ પહલવાને ઝમીન્

તેઓના અરબી ઘોડાઓ પણ અડી ગયા–ગોયા ઘોડાઓની નાડીજ બંધ પડી ગઈ હતી.

જ્યારે ઝળકતો ખોરશેદ નમવા લાગ્યો–અને તે લડાઈનું મયદાન લોઢાની માફક ગર્મ થયુ

ત્યારે તેઓ એટલા બધા થાકી ગયા હતા–કે ગોયા એક પગલું આગળ મૂકી શકતા ન હતા

જેથી તેઓએ એક બીજા સાથ ગોઠવણ કીધી, કે "હવે તો ગર્મીથી કલેજુ પણ બળી જાય છે

માટે જરા આસાયેશ લઇયે અને દમ માર્યે–અને ત્યાર પછીજ આપણે પાછા લડાઈ કરવા આવીશું"

પછી તેઓ ગયા અને પોતાના લડાઈના ઘોડાઓને દૂર લઈ જઈ તેઓના પગ બાંધ્યા

તેઓ આસાયેશ લીધા પછી પાછા ઉઠયા–અને લડાઇ તેમજ કીના માટે તૈયાર થયા

તેઓ હાથમા ભાલા લઈ ઘણીજ ઝડપથી મયદાનની વચ્ચે ઘોડા ફેરવવા માંડયા

જે વખતે કે ઝગએશાવશાનને લાગ ફાવ્યો–તે વખતે ગોયા ઝમીન ચીરીને આગળ ધસ્યો

અને એક નેઝો તેની કમર ઉપર મારી–તેને ઘોડા ઉપરથી ઉથલાવી નાખી ઊંધે મસ્તક પટકયો

પછી ગોયા તેણે લડાઈનુ મયદાન ચીરાઈ જાય તેવો–વાદળના ગગડાટની મિસાલનો એક પોકાર મારી

ઘોડા ઉપરથી નીચે ઉતરી તેની નઝદીક ગયો–અને સીઆહ ખાક માથી તેને ઊંધે મસ્તકજ ઘસડયો

પછી તેને મુશ્કેલીથી ઝમીન ઉપરથી ઊંચકી ઊંધો ઝીન ઉપર નાખ્યો

અને પોતે ઘોડા ઉપર સવાર થઇ ટેકરી તરફ ગયો–અરે! અજબ જેવુ કે તુર્કીઓ ઉપર નસીબ સંજોગે કેવી આફત આવી?

હવે ઝગે નીચેથી તે મુબારક ટેકરી ઉપર ચઢયો–તેના હાથમા વરૂની સૂરતનો એક ઝુંડો હતો

જે તેણે પોતાના દોસ્તોની નઝદીક ઉભો કીધો અને પાદશાહ તથા દુન્યાના પેહલવાન ગૂદર્ઝ ઉપર દુઆ કીધી

જન્ગે ગૂદર્ઝ બા પીરાન્ વ કોશ્તહ્ શુદને પીરાન્.

૧૭૯ શુ અઝ્ રૂઝ્ નોહ્ સાઅત અન્દરૂ ગુઝશ્ત
કે તોર્કાન્ નમ્હદ કસ બરાન્ પહ્ન દશ્ત
રવાનહાએ તોર્કાન્ ગોસસ્તહ્ બતીગ્
જહાન્રા તો ગોકૂતી નેયામદ દરીગ્
કસીરા કુજા પર્વરાનદ બનાઝ્
બરૂઆરદ વરા રૂઝગારે દરાઝ્
શબીખૂન કુનદ બાદે શાદી બરૂય
હમાન સખ્તીઓ ખારી આરૂદ બરૂય
કે બાદ અન્દરૂ આરદ દેહદ બાન બદમ
હમી દાદ ખાહીશો પયદા સેતમ

પીરાન સાથ ગૂદર્ઝની લડાઈ અને પીરાનનું માર્યું જવું.

જ્યારે તે દિવસના નવ કલાક પસાર થઈ ગયા–ત્યારે તે મોટા મયદાનમા તુર્કીઓમાંથી કોઇ જીવતું રહ્યું નહીં

તે તુર્કીઓના જીવ તલવારથી જુદા પડી ગયા–ગોયા જેહાનને તેઓ ઉપર કશી દયાજ ન આવી

જે કોઇને કે આ દુન્યા લાડથી પાળે છે–અને લાંબા વખત સુધી તેને સુખચેનમા રાખે છે,

તેનીજ ઉપર પુર ખુશહાલીના વખતમાં અચિન્તો હુમ્લો કરે છે–અને તેની ઉપર સખ્તી અને ખુવારી નાખે છે.

તે આપણને ખુશાલીમા પવનની લેહેરીમાંથી લાવીને આતશમાં નાખે છે–આ કામને આપણ ઈનસાફ કહો કે સિતમ કહો?

બતૂશાનેયાન્ બરૂ આઝાન જન્ગે શૂમ
બરૂ આવરૂદગહુ કર્દન્ આહન્ગે શૂમ
ચુના‍ન શુદ કે પીરાન્ ઝે તુરાન્ સેપાહુ
સવારી નદીદ અન્દરૂ આવરૂદગાહુ
સેપહુદારે ઇરાનો તુરાન્ બહમ
ફરાઝ આમદન્દ અન્દરાન કીન્ દેઝમ
હમી બરૂનવશ્તન્દ રૂએ ઝમીન્
હમહુ દેલ પુરઝ દર્દો સરૂ પુરૂ ઝે કીન્
બર આવરૂદગાહે સવારાન્ ઝે ગરૂદ
દેરૂમાન્દ ખુરૂશીદ રૂઝે નબરૂદ
બનીધો બખન્જરૂ બગોઝો કમન્દ
ઝે હરૂ ગૂનઈ બરૂનેહાદન્દ બન્દ
ફરાઝ આમદ આન્ ગર્દેશે ઇઝદી
ઝે યઝદાન બપીરાન્ રસીદ આન્ બદી
અબા ખાસ્ત યઝદાન્શ ચારહુ નમાન્દ
કે દરૂ ઝીરે ઊ જૂરે બારહુ નમાન્દ
નેગહુ કરૂદ પીરાને કે હન્ગામ ચીસ્ત
બેદાનેસ્ત કાન્ ગર્દેશે ઇઝદીસ્ત
વલીકેન્ ઝે મર્દી હમીકરૂદ કારૂ
બકૂશીદ બા ગર્દેશે રૂઝગારૂ
વઝાન્પસ કમાન્ બરૂગેરેફ્તન્દો તીરૂ
દો સાલારે લશ્કરૂ દો હોશયારૂ પીરૂ
યકી તીરૂ બારાન બેકર્દન્દ સખ્ત
ચુ બાદે ખેઝાન્ બરૂવઝદ બરૂ દરખ્ત
નેગહુ કરૂદ ગૂદરૂઝ તીરે ખદન્ગ
કે આહાન ગુઝારદ મરૂ આન્રા બસન્ગ
બબરૂગુસ્તુવાન્ બરૂ ઝદશ બરૂદરીદ
તગાવરૂ બેલર્ઝીદો દમ દરૂકશીદ
બેયાફ્તાદો પીરાન્ દરૂઆમદ બઝીરૂ
બેધક્તીદો ઝીરશ સવારે દેલીરૂ
ઝે નીરૂશ દૂ નીમહુ શુદ દસ્તે રાસ્ત
બેપીચીદો આનગાહુ બરૂ પાએ ખાસ્ત
બેદાનેસ્ત કામદ ઝમાનશ ફરાઝ
વઝાન રૂઝે તીરહુ નેયાબદ જવાઝ
ઝે ગૂદરૂઝ બુગ્રીખ્ત શુદ સૂએ કૂહુ
શુદ અઝ દર્દે દસ્તો દવીદન્ સોતૂહુ
હમીશુદ બરાન્ કૂહુસરૂ બરૂ દમાન્
કેઝૂ બાઝ ગર્દદ મગરૂ પહુલવાન્
નેગહુ કરૂદ ગૂદર્ઝો બેગ્રીસ્ત ઝારૂ
બેતર્સીદ અઝાન્ ગર્દેશે રૂઝગારૂ
બેદાનેસ્ત કશ નીસ્ત બા કસ વફા
મેયાન્ બસ્તહુ દારદ ઝે બહુરે જફા
ફેઘાન્ કરૂદ કય નામવરૂ પહુલવાન્
ચે બૂદત કે અયદૂન પેયાદહુ દવાન્
બકેર્દારે નખ્ચીરૂ દરૂ પીશે મન્
કુજાત આન્ સેપાહુ અય સરે અન્જોમન્
નેયાયદ ઝે લશ્કરૂ તોરા યારૂ કસ
વઝીશાન્ નબીનમત ફર્યાદરસ
કુજાત આન્ હમહુ ઝૂરો મર્દાનગી
સલીહો દેલો ગન્જો ફર્ઝાનગી

તે ભાગ્યહીન લડાઈ કીધાથી તે લડાઈના મયદાનમા નિષ્ફળ યત્નો કીધાથી તુરાનીઓનો એવો હાલ થયો.

એવું બન્યું કે પીરાને તુરાની લશ્કરમાંથી-લડાઈગાહમાં એક પણ સવારને જીવતો જોયો નહીં

હવે ઇરાન અને તુરાનના સરદારો પોતાનો ભયંકર કીનો લેવા માટે એકઠા થયા

તેઓ મયદાનમા ચારે બાજુ ફરી વળ્યા-તેઓના દિલ દર્દથી ભરેલા અને માથા કીના ભરેલા હતા

તે લડાઇને દહાડે લડાઈના મયદાનમા તે સવારોની ઉડી રહેલી ધૂળને લીધે ખોરશેદ પણ આજેજ રહ્યો.

તેઓએ તલવાર, ખંજર, ગોર્ઝ અને કમંદથી-હરેક રીતે હાથ અજ- ૧૮૦
માવી જોયા

પણ આસમાનની ગર્દશ આવી પહોચી-અને પીરાન ઉપર ખોદા તાલાનો ગઝબ ઉતર્યો

પાક યઝદાનની મરજી આગળ હવે તેનો કશો ઈલાજ રહ્યો નહીં-કારણકે તેની રાન હેઠળના ઘોડામા કાઇ કૌવત રહ્યુ નહીં

પીરાને જોઈ લીધુ કે આ કેવો વખત આવ્યો છે?-અને સમજી ગયો કે આ મારી ઉપરની ગર્દશ ખોદાતાલા તરફનીજ છે

તોપણ તેણે બહાદુરીથીજ કામ લીધુ-અને ઝમાનાની ગર્દશ સામે પણ લડયો.

ત્યાર પછી તે બન્ને લશ્કરના બાહોશ બુઢ્ઢા સરદારોએ કમાન અને તીર હાથમા લીધા

અને જેમ ચોમાસાનો પવન ઝાડ ઉપર ફુંકે તેમ તેઓએ તીરનો એક સખ્ત વરસાદ વરસાવ્યો

ગૂદર્ઝે એક ખદંગી તીર કે જેનુ પયકાન પત્થરમાથી પણ પસાર થઈ જાય તેવો ચુંટી કાઢયો

અને તે પીરાનના ઘોડાની પાખરમા મારી તેને ચીરી નાખી-જેથી તે ઘોડો ધ્રુજીને હાફવા લાગ્યો

અને તુરત નીચે પડી ગયો અને પીરાન તેની નીચે આવ્યો-જ્યારે તે ઘોડો ગબડયો અને તેની નીચે તે દેલીર સવાર આવી ગયો,

ત્યારે તેના ભારથી પીરાનનો જમણો હાથ ભાગી ગયો-તો પણ તે ૧૮૧
અકરવકર કરી તેજ વખત પાછો ઉઠી ઉભો થયો

તે પોતે સમજી ગયો કે તેનુ મોત નઝદીક આવ્યુ છે-અને તે સીઆહ દિવસથી ખલાસી પામવાનો નથી

તેમ છતા તે ગૂદર્ઝ આગળથી નાસીને પહાડ તરફ ગયો-તે પોતાના હાથના દુખે કરીને તેમજ દોડવાને લીધે આજેઝ થઈ ગયો હતો

તેણે ઝડપથી પહાડને મથાળે ચઢવા માંડયુ-એવી મતલબથી કે કદાચ પેહલવાન ગૂદર્ઝ ત્યાથીજ પાછો ફરે

જ્યારે ગૂદર્ઝે એ જોયુ ત્યારે તે ઘણો રડયો અને પોતે પણ ઝમાનાની આવી રીતની ગર્દેશથી ધાસ્તી કરવા લાગ્યો

તેણે જાણ્યુ કે "ઝમાનો કોઈ સાથ વફાદાર રહેતો નથી-પણ તે જફાને માટેજ કમર બાંધેલી રાખે છે"

પછી તેણે પોકાર મારી કહ્યુ કે "ઓ નામવર પેહલવાન!-તને શું થયુ કે એ પ્રમાણે પેયાદો દોડતો દોડતો,

મારી નઝદીકથી જેમ એક શેકાર દોડી જાય તેમ જાય છે-ઓ અન્જુમના સરદાર' તારૂ પેલું લશ્કર કયા ગયું?

તે લશ્કરમાથી કોઇ તારી મદદે આવતુ નથી-તેમજ તેઓમાથી હુ કોઇને પણ તારો મદદગાર જોતો નથી

તેમજ તારૂં તમામ કૌવત અને મર્દાનગી કયા ગઈ?-તારાં સઘળા હથિયાર, હિમ્મત, માલખઝાનો અને ડહાપણ કયાં ગયું?

૧૮૨ શુતૂને બવાન્ પોશ્તે અફ્રાસેયાબ્
કુનૂન્ શાહરા તીરહ્ શુદ આફતાબ્
ઝમાનહ્ ઝે તૂ પાક્ બર્દાશ્ત મેહ્ર
ન બાએદ ફેરીબસ્ત ચારહ્ મજૂય
શુ કાસ્ત ચુનીન્ ગશ્ત ઝેન્હાર્ ખાહ્
બબાન્ તાત ઝેન્દહ્ બરમ નઝ્દે શાહ્
બેબખ્શાયદત શાહે પીરૂઝગર્
કે હસ્તી શુ મન્ પહલવે પીલ્‌સર્
બદ્ ગોફ્ત પીરાન્ કે ઈન્ ખુદ મબાદ્
બફર્જામ બર્ મન્ ચુનીન્ બદ્ મબાદ્
કઝીન્ પસ મરા ઝેન્દગાની બુવદ્
બઝેન્હાર્ રફ્તન ગેરાની બુવદ્
મન્ અન્દર્ જહાન્ મર્ગરા ઝાદહ્ અમ
બદીન્ કાર્ ગર્દન તોરા દાદહ્ અમ
શનીદસ્તમ ઈન્ દાસ્તાન અઝ મેહાન્
કે હર્ ચન્દ્ બાશી બગુરૂરમ જેહાન્
સરન્જામ મર્ગસ્તો ઝૂ ચારહ્ નીસ્ત
બમન્ બર્ બરીન્ ચારહ્ પયચારહ્ નીસ્ત
હમીગશ્ત ગૂદર્ઝ બર્ ગેર્દ કૂહ્
નમૂદશ બદ્ રાહે આમદ સોતૂહ્
૧૮૩ પેયાદહ્ બેશુદ સેપર્ બર્ગેરેફ્ત
શુ નખ્ચીર્ જૂયાન્ કોહ્ અન્દર્ ગેરેફ્ત
ગેરેફ્તહ્ સેપર્ પીશ ઝૂ બીન્ બદસ્ત
બબાલા નેહાદહ્ સર્ અઝ જાએ પસ્ત
હમીદીદ પીરાન્ મર્ ઊરા ઝે દૂર્
બેજસ્ત અઝ સરે સન્ગ્ સાલારે તૂર્
બેયન્દાખ્ત ઝૂબીન બકેર્દારે તીર્
બર્આમદ બબાઝૂએ સાલારે પીર્
શુ ગૂદર્ઝ શુદ ખસ્તહ્ બર્ દસ્તે ઊય
ઝે કીનહ્ બજોશીદ અન્દર્ આવર્દ રૂય
બેયન્દાખ્ત ઝૂબીન્ બપીરાન્ રસીદ
ઝેરેહ્ દર્ બરશ સર્બસર્ બર્દરીદ
ઝે પોશ્ત અન્દર્ આમદ બરાહે જેગર્
બેઘલ્તીદ આન્ગહ્ બર્ગશ્ત સર્
બર્આમદશ ખૂને જેગર્ અઝ દહાન્
રવાનશ હમીરફ્ત ઝી હમરહાન્
શુ શીરે ઝેયાન્ અન્દર્ આમદ બસર્
બજૂશીને પૂલાદ ખસ્તહ્ જેગર્
બરાન્ કૂહે ખારા ઝમાની તપીદ
પસઝ કીનો આવર્દગહ્ આર્મીદ
૧૮૪ ઝમાનહ્ બઝહ્ર્ આબ્ દાદસ્ત ચન્ગ્
બેદર્રદ દેલે શીરો ચર્મે પલન્ગ્
ચુનીનસ્ત ખુદ ગર્દેશે રૂઝગાર્
નગીરદ હમી પન્દે આમૂઝગાર્
શુ ગૂદર્ઝ બર્શુદ બરાન્ કૂહસાર્
બેદીદશ બદાન્ગૂનહ્ અફ્ગન્દ ખાર્
શેકસ્તહ્ દેલો દસ્તો પુર્ ખાક્ સર્
દરીદહ્ સેલીહો ગોસસ્તહ્ કમર્
ચુનીન્ ગોફ્ત ગૂદર્ઝ કય નર્રહ્ શીર્
સરે પહલવાનાનો ગોર્દે દલીર્

તુ તો તુરાની પેહલવાનોનો સ્થંભ અને અફ્રાસેયાબની પોસ્ત પનાહ કરનારો હતો હવે તારા પાદશાહનો આફતાબ સાઆહ થયો છે

ઝમાનાએ તારી ઉપરથી સઘળી માયા ઠાલી લીધી છે હવે ફરેબ કરવાની તારી જગ્યા રહીજ નથી માટે હવે કાઇપણ ચારો ના શોધ.

જ્યારે તારી હાલત આવી થઈ ગઇ છે ત્યારે મારી પનાહ માંગ-હું મારા જાનના સોગંદથી કહું છું કે હું તને જીવતો મારા શાહ પાસે લઇ જઇશ

અને ફતેહમંદ શાહ તારો ગુનાહ માફ કરશે-કારણ તું પણ મારા જેવોજ સફેદ બાલવાળો પેહલવાન છે"

ત્યારે પીરાને તેને કહ્યું કે "એવુ તો કદીબી બનતુંજ ના-અને શેવટને હદ કે મારી ઉપર એવી રીતની બદનામી કદીબી ચોટનીજ ના

કારણકે હવે પછી કદાચ મારી જિંદગી લાંબી પણ થાય-તોયે જીવતદાન માગવું એ તો કદી પણ બનેજ નહીં.

હું દુન્યામા માતને માટેજ જન્મેલોછુ-અને તે કામ માટે તો મારી ગર્દન તનેજ સોંપેલી છે

મે એવી વાત બુઝોર્ગોથી સાંભળી છે કે તું ગમે એટલો વખત આ ખુશહાલી ભરી દુન્યામા રહેશે,

તો પણ શવટે તો મરવુંજ છે અને તેનાથી છુટકો નથી-તેથીજ મને એ બાબત ઉપર ફર્યાદ કરવાનુ કશુ કારણ નથી"

ત્યારે ગૂદર્ઝ તે પહાડની આસપાસ ફર્યો પણ તેને તેની ઉપર જવાનો માર્ગ મળ્યો નહીં

જેથી તે પેયાદો થયો અને માથા ઉપર ઢાલ પકડી-અને શેકાર શોધનારાની માફક પહાડ ઉપર ચાલ્યો

તેણે ઢાલ આગળ કરી અને હાથમા છુટભાલડી રાખી-અને નીચેથી પહાડ ઉપર ચઢવા લાગ્યો.

જેવો પીરાને તેને દૂરથી આવતો જોયો-તેવોજ તે તુર્કોનો સરદાર પહાડ ઉપર ઉભો થયો.

અને તીરની માફક એક છુટભાલડી ફેંકી-જે બુઢા સરદાર ગૂદર્ઝની બાઝુમા લાગી

જ્યારે ગૂદર્ઝ તેના હાથ ઉપર એવી રીતે ઝખ્મી થયો-ત્યારે તે પણ કીનો લેવા માટે ગુસ્સાથી ઉશ્કેરાઈ આવ્યો

અને પોતાના હાથમાની છુટભાલડી ફેંકી જે પીરાનને આબાદ લાગી-અને તેની છાતી આગળનું તમામ બખ્તર ચીરી નાખી,

કલેજામાથી થઈ પાછળ નીકળી ગઈ-જેથી તે ગબડી પડ્યો અને તેના માથામા ચક્કર આવી ગયા

તેના કલેજાનુ લોહી મોઢાવાટે બાહેર નીકળવા લાગ્યુ-તેનો જીવ પોતાના બીજા સાથીઓ તરફ ચાલ્યો ગયો

પોલાદની છુટભાલડીથી ઝખ્મી થયલા જીગરે-તે મસ્ત સિંહની પેઠે ઊંધે મસ્તક પડ્યો

તે સખ્ત પહાડ ઉપર થોડોકવાર તરફડ્યો-અને પછી તેણે કીના તથા લડાઈના મયદાનમાથી હમેશની આસાએશ લીધી

ઝમાનાએ પોતાની ચુંગાલને ઝેહરી પાણી પાયલુ છે જેને કરી તે સિંહનુ દિલ અને ચિત્તાનુ ચામડુ ચીરી નાખે છે.

અને ઝમાનાની પોતાની ગર્દેશ પણ એવીજ રીતની છે તે કોઈપણ ડાહ્યા માણસની શીખામણ સાંભળતીજ નથી.

હવે જ્યારે ગૂદર્ઝ તે પહાડ ઉપર ગયો-ત્યારે તેણે પીરાનને એવી રીતે ખુવાર પડેલો દીઠો.

તેનુ દિલ અને હાથ ભાગી ગયલા અને સર ખાકથી ભરાઇ ગયલું હતું-તેમજ તેનુ બખ્તર ચીરાઇ ગયલુ અને કમર તુટી ગયલી હતી.

એ જોઇ ગૂદર્ઝ એ પ્રમાણે બોલ્યો કે "ઓ શેરનર! પેહલવાનોના સરદાર અને બહાદુર પેહલવાન!

જહાન્ ચૂન્ મનો ચૂન્ તો બેસ્યાર્ દીદ
નખાહદ હમી બા કસી આર્મીદ
હેરૂબોરૂદ અન્ગાહો ખૂન્ બરૂગેરેફૂત
બેખુર્દો બેયાલુદ રૂ અય શેગેફૂત
કે ખૂને સેયાવુશ ઓફ્શીદ ઝાર
સેતાયેશ હમીકરદ બર કેર્દેગાર
કે હફ્તાદ ખૂને ગેરામી પેસર
બેનાલીદ બર દાવરે દાદગર
સરશરા હમીખાસ્ત અઝ તન્ બુરીદ
ચુનાન્ બદકુનશ ખીશતનરા નદીદ
દેરફ્શશ બેબાલીન્ અબરૂ પાએ કરૂદ
સરશરા બદાન્ સાયહ બરૂ જાએ કરૂદ
સુએ લશ્કરે ખીશ બેન્હાદ રૂય
ચકાન્ ખૂન્ કે બાઝૂશ ચૂન્ આબે જૂય
ચુ પીરૂઝ બરૂગશ્ત શીરૂ અઝ નબરૂદ
દેરફ્શે દેલઅફ્રૂઝ બરૂ પાએ કરૂદ
હમહ કીનહજૂયાને પર્ખાશજૂય
કે બાલા બલશ્કરૂ નેહાદન્દ રૂય
અબા કોશ્તગાન્ બસ્તહ બરૂ પોશ્તે ઝીન્
બદાન્સાન્ બરૂઆવરૂદ આઇને કીન્
ચુ બા કીનહજૂયાન્ નબુદ પહુલવાન્
ખોરૂશી બરામદ કે પીરો જવાન્
કે ગૂદરૂઝ બરૂ દસ્તે પીરાન્ મગરૂ
કે પીરી બખૂન્ અન્દરૂ આવરૂદ સરૂ
હમી ઝારૂ બેગ્રીસ્ત લશ્કરૂ હમહ
કે નાદીદને પહુલવાને રમહ
દેરફ્શશ બેદીદન્દ અઝ તીરહ ગરૂદ
ગેરાઝાનો શાદાન્ કે દસ્તે નબરૂદ
ચુ ગૂદરૂઝ ઝાન્ ગરૂદ દીદારૂ ગશ્ત
દેલે નામદારાન્ બીઆઝારૂ ગશ્ત
બરૂઆમદ કે લશ્કરૂગહ આવાઝે કૂસ
હમી ગરૂદ બરૂ આસ્માન્ દાદ બૂસ
બુઝોર્ગાન્ બરે પહુલવાન્ આમદન્દ
પુરઝ ખન્દહો શાદમાન્ આમદન્દ
ચુનીન્ ગોફ્ત લશ્કરૂ કઝ પહુલવાન્
મગરૂ બાઝ ગર્દીદ તીરહરવાન્
કે પીરાન્ યકી શીરૂદેલ મરૂદ બૂદ
હમહ સાલહ જૂયાએ આવરૂદ બૂદ
સખુન્ યાદ કરૂદ આન્ઝમાન્ પહુલવાન્
સેપોર્દહ બદ ગૂશ પીરો જવાન્
બઅન્ગોશ્ત બેન્મૂદ જાએ નબરૂદ
બેગોફ્ત આન્ કે બા ઊ ઝમાનહ ચે કરૂદ
બરોહ્હામ ફરૂમૂદ તા બરૂનેશસ્ત
બઆવર્દને ઊ મેયાનરા બેબસ્ત
બદ્ ગોફ્ત કુરા બઝીન્ બરૂ બેબન્દ
બેરૂદ આરશ અઝ કૂહસારે બુલન્દ
દેરફ્શો સેલીહશ ચુનાન્ હમ કે હસ્ત
બેબન્દો મેયાનશ મબરૂ હીચ દસ્ત
બરાન્ગૂનહ ચૂન્ પહુલવાન્ કરૂદ યાદ
બેફૂન્ તાખ્ત રોહ્હામ ચૂન્ તુન્દ બાદ

આ દુન્યાએ તારા અને મારા જેવા ઘણા જોયલા છે-પણ તે કોઈ સાથે ઠરીને રહેવા માગતી નથી"

પછી તેણે હાથની ખોબલી નીચે કરીને પીરાનનું લોહી તેમા ભરીને-થોડુંક પીધું અને થોડુંક પોતાને મોઢે લગાડયું અરે ! આ કેવી વાત ?

તે સિયાવક્ષના ખૂન માટે ઘણો રડયો-અને ખોદાતાલાની સેતાયેશ કીધી.

તેમજ તે પોતાના સિત્તેર પ્યારા બેટાઓના ખૂન માટે-દાદગર દાવરની હુઝૂરમાં પોકાર્યો.

તે પીરાનના તન ઉપરથી તેનુ સર કાપવા માગતો હતો-પણ પોતાને એવુ કમીંણુ કામ કરવાને લાયકનો નહી જોયો

તેણે તેનો ઝુંડો તેના માથા આગળ ઉભો કીધો-અને તે ઝુંડાના ૧૮૫
છાયા હેઠળ તેનુ માથુ કીધુ

પછી પોતે પોતાના લશ્કર તરફ ચાલ્યો-તેની બાઝૂમાંથી નદીના પાણી મિસાલ લોહી વહેતુ હતુ

જ્યારે તે સિહ લડાઈમાથી ફતેહમદ થઇ પાછો ફર્યો-ત્યારે તેણે દિલને રોશન કરનારો ઝુંડો ઉભો કીધો

હવે પેલા સઘળા કીનો લેનારા લડાયકો-પહાડ ઉપરથી પોતાના લશ્કર તરફ ચાલ્યા

તુરાની સરદારો જેઓ માર્યા ગયા હતા તેઓને ઘોડાના ઝીન ઉપર બાધી સાથે લઈ ગયા-અને એ રીતે વેર લીધું

જ્યારે તે કીનો લેનારા પેહલવાનોની સાથે પેહલવાન ગૂદર્ઝ નહીં દેખાયો-ત્યારે લશ્કરના બુઢ્ઢા અને જવાનોએ પોકાર કીધો

કે "કદાચ ગૂદર્ઝે બૂઢાપાને સબબે પીરાનને હાથ પોતાનુ માથુ લોહીમા બોળી દીધુ છે"

એ પ્રમાણે લશ્કરના પેહલવાન ગૂદર્ઝને નહીં જોવાથી-તમામ લશ્કર ઝારઝાર રડવા લાગ્યુ

તેવામા તેઓને સીઆહ ધૂળમાથી તેનો ઝુડો દેખાયો-કે જે હાથમા લઈ નખરા સાથ ખુશી ભર્યો તે લડાઇના મયદાનમાથી આવતો હતો

જ્યારે તે ગર્દમાથી ગૂદર્ઝ ઝાહેર થયો-ત્યારે તે નામદારોના દિલ દુખથી મોકળા થયા

અને લશ્કરી છાવણીમાથી નગારાના આવાઝ નીકળ્યા-ત્યાંની ધૂળ ૧૮૬
છેક આસ્માનને ચુમ્બન કરતી હતી

સઘળા બુઝોર્ગો હસ્તા અને ખુશહાલ ચેહરે પેહલવાન ગૂદર્ઝની નઝદીક આવ્યા

અને સઘળાઓ એ પ્રમાણે બોલ્યા કે "પીરાનથી તુ પેહલવાન-કદાચ દુખી થઇનેજ પાછો ફર્યો હશે

કારણકે પીરાન એક શેરદેલ મર્દ હતો-અને તમામ ઉમર લડાઈજ શોધતો ફરતો હતો"

ત્યારે પેહલવાન ગૂદર્ઝે તુરત સઘળી વાત તેઓને કહી સભળાવી-અને તે લશ્કરના બુઢ્ઢા તેમજ જવાનોએ તે કાન દઇને સાભળી

તેણે આગળી કરીને લડાઈની જગ્યા બતાવી-અને ઝમાનાએ પીરાન સાથે શું કીધુ હતું તે કહ્યુ

પછી રોહામને ફર્માવ્યુ જેથી તે સવાર થયો-અને પીરાનને લઇ આવવા માટે કમર બાધી.

ગૂદર્ઝે તેને કહ્યું કે "તેને ઝીન ઉપર બાધજે-અને તે પહાડ ઉપરથી તેને નીચે લાવજે.

તેનો ઝુડો અને બખ્તર જેમ છે તેમજ લઈ આવજે-તેની કમર કે કમરબંદને જરાપણ હાથ લગાડતો ના"

જ્યારે પેહલવાન ગૂદર્ઝે એ પ્રમાણે હુકમ કીધો-કે તુરત રોહામ તોફાની પવનની મિસાલ બાહેર પડયો

૧૮૭ કશીદ્ અઝ્ બરે ઝીન્ તને રઉશનશ
બખૂન્ અન્દરૂન્ ધર્કંહ્ બુદ્ જઉશનશ
બુનાન્ હમ બેબસ્તશ બબન્દે કમન્દ
ફેરૂદ આવરીદશ ઝે કૂહે બલન્દ
દેરફશશ શુ અઝ્ જાએગાહે નશાન્
બેદીદન્દ ગોર્દાનો ગર્દનકશાન્
હમીખાન્દન્દ આફ્રીન્ સરબસર્
અબર્ પહેલવાને ઝમીન્ દર્ બદર્
કે અય નામવર્ પોશ્તે ઈરાનેયાન્
પરસ્તન્દએ તાજો તખ્તે કેયાન્
ફેદાએ સેપહ કર્દઈ જાનો તન્
બપીરૂઝીઓ ફ્રુગમારે શેકન્
ચુનીન્ ગોફ્રુત ગૂદર્ઝ બા મેહતરાન્
કે ચૂન્ રઝ્મે મા ગશ્ત અઝીન્સાન્ ગરાન્
મરા દર્ દેલ આમદ કે અફ્રાસેયાબ્
સેપહરા ગુઝારદ બદીન્ રૂએ આબ્
સેપાહે વય આસૂદહ અઝ્ રન્જો તાબ્
બેમાન્દહ સેપાહમ ચુનીન્ અઝ્ શેતાબ્
બદીન્ હુશમન્દી ફેરેસ્તાદહ અમ
બસી શાહરા પન્દહા દાદહ અમ
૧૮૮ કે ગર્ શાહે તુર્કાન્ બેયારદ સેપાહ
નદારીમ પાય અન્દરીન્ રઝ્મગાહ
ગુમાનમ ચુનાનસ્ત કૂ બા સેપાહ
બેયૂદી બેયાયદ બરીન્ રઝ્મગાહ
બરીન્ કોશ્તગાન્રા બરીન્ હશ્તે ઝીન્
ચુનીન્ હમ બેદારીદ બર્ પોશ્તે ઝીન્
કઝીન્ કોશ્તગાન્ જાને મા બીગમસ્ત
રવાને સેયાવશ અઝીન્ ખુર્રમસ્ત
ચુઝા હમચુનીન્ નઝ્દે શાહ આવરીમ
શવદ શાદ ઝીન્ પાયગાહ આવરીમ
કે આશૂબે તુર્કાનો ઈરાનેયાન્
અઝીન્ બુદ્ ચુઝા ગુમ શુદ્ અન્દર્ મેયાન્
બયઝ્દાન્ ચુનાન્ દારમ ઉમીદ બર્
કે આયદ જહાનદારે ખુરશીદ ફર્
બેયારદ સેપાહી હમહ કીનવર્
બેયફ્રૂઝદ ઈન્ રઝ્મગહરા બફર્
અગર્ શાહે તુર્કાન્ બેયારદ સેપાહ
બયારી બેયાયદ બદીન્ રઝ્મગાહ
ઝુ ખુશાવ બેયાયદ નદારીમ બાક
ઝે તોર્કાન્ બનીરૂએ યઝ્દાને પાક
૧૮૯ હમહ યકસરહ ખાન્દન્દ આફ્રીન્
કે બી તૂ મબાદા ઝમાનો ઝમીન્
હમહ સૂદમન્દી બગોફ્તારે તોસ્ત
ખુરો માહ રઉશન્ ઝે દીદારે તોસ્ત
બેરફ્તન્દ બા કોશ્તગાન્ હમચુનાન્
ગોરૂઈઝેરેહરા પેયાદહ કશાન્
બબન્દે કમન્દશ બેબસ્તહ દો ચન્ગ્
ફેગન્દહ બગર્દનશ બર્ પાલહન્ગ્
ચુ નઝ્દીકે લુનગાહે લશ્કર્ શુદન્દ
પઝીરહ સેપહબુદ્ સેપાહ આમદન્દ

અને પીરાનનુ પવિત્ર શરીર કે જે ઉપરનું બખ્તર લોહીમાં ગર્ક થયલુ હતું તેને ઘોડાના ઝીન ઉપર મૂક્યું.

અને તેને એમનું એમ કમદના બદથી બાંધ્યું-અને તે બુલંદ પહાડ ઉપરથી નીચે લઈ આવ્યો

જ્યારે ઈરાની પેહલવાનો અને ગર્દનકશોએ તે દેખાડેલી જગ્યાએથી પીરાનનો વાવટો જોયો,

ત્યારે ઈરાન દેશના સેપહસાલાર ઉપર સઘળાઓ દુઆ કરવા લાગ્યા

કે "એ ઈરાનીઓની પોશ્ત પનાહ કરનાર અને કયાની તાજ અને તખ્તની પરસ્તેશ કરનાર નામવર પેહલવાન!

તે ફતેહના હંગામમા તેમજ શિકસ્તના વખતે-લશ્કર ઉપર જાન અને તન ફિદા કીધા છે"

ત્યારે ગૂદર્ઝે સરદારોને કહ્યું-કે "જ્યારે આપણી લડાઈ મને મુશ્કેલ જણાવા લાગી,

ત્યારે મારા દિલમા એમ આવ્યુ કે અફ્રાસિયાબ પણ-પોતાના લશ્કરને નદીની આ પાર ઉતારી લાવે,

તો તેનુ લશ્કર તો રંજ અને મેહનતથી આસૂદેહ છે-અને મારૂં લશ્કર દોડધામથી થાકી ગયલુ છે.

એમ સમજી મે એક ડાહ્યા માણસને મોકલેલો છે-તેમજ પાદશાહને મેં ઘણીક સલાહ આપેલી છે

કે 'અગરજો તુર્કીઓનો પાદશાહ લશ્કર લાવશે-તો અમો તેની લડાઈ ગાહમાં પાયદારી લાવી શકીશુ નહીં

મને એવુ ગુમાન છે કે તે લશ્કર લઈ-આ લડાઈગાહ ઉપર શેતાબી કરતો આવી લાગશે

આ કીનાના મયદાન ઉપર માર્યા ગયલાઓને-તમો એમનાએમ ઝીન ઉપરજ રહેવા દેજો

કારણકે આ મૂવેલાઓથી આપણા જીવ નચિન્ત બન્યા છે-અને તેથી સેયાવશનું રવાન પણ ખુશી ભરેલુ થયું છે

જ્યારે આપણે પાદશાહની સામે એ લોકોને એમનાએમ લાવીશુ ત્યારે તે ખુશી થશે અને આપણા મરતબા વધશે

કારણકે તૂરાનીઓ અને ઈરાનીઓનો ગભરાટ-આ લડાઈના શેવટને લીધેજ હતો કે જે હવે નીકળી ગયો છે

ખોદાતાલા આગળ મારી એજ દુઆ છે-કે ખુરશેદના જેવા ઝળકાટનો પાદશાહ કયખુસરૂ અત્રે આવી લાગે

અને તે એક કીનો લેનારૂં લશ્કર લાવે-તેમજ પોતાના દબદબાથી આ લડાઇનુ મયદાન રોશન કરે

અગર તુર્કીઓનો પાદશાહ લશ્કર લઇને મદદ માટે આ લડાઈગાહ ઉપર આવે,

તે વખતે જો પાદશાહ કયખુસરૂ આવી લાગે તો પછી પાક યઝદાનનાં કૌવતની બરકતથી આપણને તુર્કીઓથી કશું પણ બીહવાનું રહેશે નહીં."

તેજ વખત સઘળાઓએ તેની ઉપર દુઆ કીધી-કે "તારા વગર ઝમાનો અને ઝમીન ના હોતા!

તારા બોલવામાં સઘળો ફાયદોજ સમાયલો છે-તારા ચેહરાથી આફતાબ અને માહતાબ રોશની પકડે છે."

પછી તેઓ માર્યા ગયલાઓને જેમ લાવ્યા હતા તેમના તેમજ સાથે લઈ ચાલ્યા-ગોરૂઈઝેરેહને પણ પેયાદો ઘસડી લઇ ગયા.

તેના બન્ને હાથ કમંદના બંદથી બાંધેલા હતા-અને તેની ગર્દનમાં રસી નાંખેલી હતી

જ્યારે તેઓ લશ્કરી છાવણીની નજીક પુગ્યા-ત્યારે સઘળું લશ્કર પોતાના સરદારને એસ્તેકબાલ લેવા આવ્યું.

બપીશે સેપહ્ બૂદ્ ગોસ્તહુમ શીર્
બેયામદ્ બરે પહ્લવાને દેલીર્
ઝમીનરા બેબૂસીદો કરદ્ આફ્રીન્
સેપાહત બીઆઝાર્ ગોફ્તા બેબીન્
ચુનાન્ ચૂન્ સેપોર્દી સેપોર્દીમ હમ
દરીન્ બૂદ્ ચૂહરૂઝ બા ગોસ્તહમ
હમ અન્દર્ ઝમાન્ અઝ લબે દીદહ્બાન્
બગૂશ આમદ્ અઝ કૂહે રયબદ્ ફેઘાન્
કે અઝ ગર્દ્ શુદ્ દશ્ત ચૂન્ તીરહ્ શબ્
શેગેફ્તી બરૂઆમદ્ ફેઘાનો જલબ્
ખોરૂશીદને કૂસ બા કરૂરનાય
બેજુમ્બદ્ હમી દશ્ત ગોફ્તી જે જાય
હમાન્ તખ્તે પીરૂઝહ્ બર્ પોશ્તે પીલ
દુરોખ્શાન્ બકેર્દારે દર્યાએ નીલ
હવા શુદ્ બસાને પરન્દે હેરફ્શ
જે તાબીદને સોર્ખો ઝર્દો બેનફ્શ
હેરફ્શી બકેર્દારે સર્વે સહી
પદીદ્ આમદ્ અઝ દૂર્ બા ફ્રરહી
બગેર્દશ સવારાનો જઉશનવરાન્
ઝમીન શુદ્ બુનફ્શ અઝ કરાન્ તા કરાન્
પસે હર્ હેરફ્શી હેરફ્શી બપાય
ચે અઝ અઝ્દહાઓ ચે પયકર્ હોમાય
અગર્ હમચુનીન્ તીઝ રાની કુનન્દ્
બયક્ રૂઝે દીગર્ બદીનજા રસન્દ્

લશ્કરની હરોળમાં સિંહની મિસાલનો ગોસ્તહમ હતો-તે દેલીર પેહલવાન ગૂદર્ઝની નઝદીક આવ્યો.

અને ઝમીનને બોસા લઈ તેની ઉપર દોઆ કરી-બોલ્યો કે "આ તારૂ લશ્કર સહીસલામત તપાસી લે

જેમ તુ મને સોપી ગયો હતો તેમનુ તેમજ તને પાછું સ્વાધીન કરૂંછું"-હવે ગૂદર્ઝ ગોસ્તહમ સાથ એવીજ રીતની વાતચિત્તમાં હતો,

તેવામા રયબદના પહાડ ઉપરથી ચોકીબાનનો પોકાર તેઓના કાનમા પડયો

કે "ધૂળે કરી તમામ જંગલ સીઆહ રાતના જેવુ થયું છે-અને શોર અને ગોકાર અજબ જેવી રીતે નીકળે છે

કરનાય સાથ નગારાના પોકારથી-જાણે મયદાન પણ ધમધમી રહે છે ૧૫૦

તેમજ નીલના દર્યાની મિસાલ ઝળકતુ પીરોઝાનુ તખ્ત હાથીની પીઠ ઉપર દેખાય છે

ઝુંડાના રેશમી કપડાના લાલ, પીળા અને ઝાંબુડા રંગના ચમકાટથી હવા પણ તેવીજ રંગબેરંગી થઈ છે

સીધા સરોવરની મિસાલનો ઝળકાટ સાથનો એક ઝુંડો દૂરથી દેખાય છે

તેની આસપાસ બખ્તર સાથના સવારો છે-એક નાકેથી બીજા નાકા સૂધી સઘળી ઝમીન આસ્માની રંગની થઈ છે

શુ અઝદહા કે શુ હોમાએ જાનવરની સૂરતના ઝુંડા પાછળ ઝુંડા ઓની હાર લાગી છે

જો તેઓ એવીજ શિતાબીથી ચાલ્યા આવશે-તો તેઓ બીજે દહાડે આ જગ્યાએ આવી પહોંચશે"

આગાહી યાફ્તને લહ્હાક્ વ ફર્શીદ્વદ્ અઝ્ કોશતહ્ શુદને પીરાન્ વ ગુરીખ્તન્ શાન્.

જે કૂહે કનાબદ્ હમી દીદહ્બાન્
બેદીદ્ આન શેગેફ્તીઓ આમદ્ દમાન્
બનઝદીકે લહ્હાકો ફર્શીદ્વરદ્
પુરઝ ઘમ્ દેલો લબ્ પુરઝ બાદ સર્દ
ચુનીન્ ગોફ્ત ગર્ ચશ્મે મન્ તીરહ્ નીસ્ત
અઝ અન્દાઝહ્ દીદારે મન્ ખીરહ્ નીસ્ત
જે તુર્કાન્ બરૂઆવરદ્ ચઝદાન્ હલાક્
હમહ્ રન્જહા સરબસર્ ગશ્ત ખાક્
સેપાહ્ અન્દર્ આમદ્ જે બાલા બપસ્ત
ખુરૂશાનો હર્ યક્ હેરફ્શી બદસ્ત
હેરફ્શે સેપહ્દારે પીરાન્ નેગૂન
હમી બીનમો તનશ ઘર્કહ્ બખૂન
હમાન્ દહ્ દેલાવર્ કઝ ઈદર્ બેરફ્ત
બયા ગોર્દે પીરાન્ બઆવરદ્ તફ્ત
હમીબીનમ અઝ દૂર્ શાન્ સરનેગૂન
ફેગન્દહ્ બર્ અસ્પાનો તન પુર્ જે ખૂન

લહાક અને ફર્શીદવર્દનું પીરાનના માર્યા જવાથી વાકેફ થવું અને તેઓનું નાસી જવું.

હવે પેલી તરફ કનાબદના પહાડ ઉપરથી દીદબાને-તે સઘળી અજાયબી જોઇને દોડી આવ્યો

તે લહાક અને ફર્શીદવર્દની નઝદીક-ગમ ભરેલાં દિલે અને સર્દ આહેથી ભરેલા હોઠ સાથે આવી,

એ પ્રમાણે બોલ્યો કે "જો મારી આંખો આંધળી નહીં થઇ ગઇ હોય-અથવા તો દૂરનું જોતા જોતા મારી આંખો થાકી નહીં ગઈ હોય,

તો હુ જોઉંછુ કે યઝદાને તુર્કીઓ ઉપર હલાકી પહોંચાડી છે-અને ૧૫૧
તેઓની તમામ મેહનત ધૂળ મળી છે

પેલા ઈરાની સેપાહો તે ટેકરી ઉપરથી પોકાર કરતા નીચે આવતા જણાય છે અને તેઓના દરેકના હાથમા એકેક ઝુંડો છે

સરદાર પીરાનનો ઝુંડો ઊંધો વળેલો-અને તેનું તન લોહીમાં ગર્ક થયલું મને દેખાય છે

તેમજ આપણી તરફથી જે દશ દેલાવરો પીરાનની સાથે લડાઈમા ગયા હતા,

તે સઘળાઓને હુ દૂરથી ઊંધા પડેલા અને લોહીલુહાણ થયલા ઘોડાઓ ઉપર નાખેલા જોઉંછું

દેલીરાને ઈરાન્ ગોશાબાન્ બહમ
રસીદન્દ આન્ગહ બરે ગોસ્તહમ
બઆન્ સૂએ રયબદ યકી તીરહ ગરૂદ
પદીદ આમદો દસ્ત શુદ લાજવરૂદ
મેયાને સેપહ કાવેયાની દેરફ્શ
બપીશ અન્દરૂન્ તીગહાએ બેનફ્શ
દેરફ્શે શહન્શાહ બા બૂકો કુસ
પદીદ આમદો શુદ ઝમીન્ આબનૂસ
બેરફ્તન્દ લહહાકો ફર્શીદવરદ
બહાન્ દીદહગહ બર્ કે દશ્તે નબરૂદ
૧૦૨ બેદીદન્દ કોશ્તહ બદીદારે ખીશ
સેપહબુદ બેરાદર્ જહાન્દારે ખીશ
બબા દહ સવારે ગુઝીને સરાન્
કે તુર્કાન્ દેલીરાને જન્ગઆવરાન્
બદાન્ દીદહગહ ઝારો જૂશાન્ શુદન્દ
કે ખૂને બેરાદર્ ખોરૂશાન્ શુદન્દ
હમી ઝાર્ ગોફ્તન્દ કય નરૂરહ શીર્
સેપહદારે તુર્કાન્ સવારે દલીર્
ચે બાયેસ્ત આન્ શાદીઓ રાસ્તી
ચુ રફ્તન્ કે ગીતી ચુનાન્ ખાસ્તી
કુનૂન્ કામે દુશ્મન્ બરૂઆમદ હમહ
બબદ બર તો ગીતી સર્ આમદ હમહ
કે જૂયદ હમી દર્ જહાન્ કીને તૂ
કે ગીરદ કુનૂન્ રાહો આઇને તૂ
બબર્ શાહે તૂરાનો અફ્રાસેયાબ્
બદ ઓફ્તાદો ગર્દદ સરાસર્ ખરાબ્
બબાયદ બુરીદન્ સરે ખીશ પસ્ત
બખૂન ઘર્કહ કર્દન્ તનો તીઘો દસ્ત
ચુ અન્દર્જે પીરાન્ નેહાદન્દ પીશ
નરફ્તન્દ બર્ ખીરહ ગોફ્તારે ખીશ
૧૦૩ કે ગૂદર્ઝ ચૂન્ ખાસ્ત પીરાન્ નબરૂદ
ચુનીન્ ગોફ્ત બા ગોરૂદ ફર્શીદવરૂદ
કે ગર્ મન્ શવમ કોશ્તહ બર્ કીનહગાહ
શુમા કસ મપાઈદ પીશે સેપાહ
કે ગર્ મન્ નબાશમ બરીન્ દશ્તે કીન્
શવદ તન્ગ બર્ નામદારાન્ ઝમીન્
ન માનદ તોખ્મએ વીસહ માનદ કસી
કે અન્દર્ સરશ મગ્ઝ બાશદ બસી
કે બર્ કીનહગહ બર્ ચુ મારા કશન્દ
સરે બી તનાન્ માન્ બઈરાન્ કશન્દ
કે ગૂદર્ઝ ખાહદ સેપહ ઝીન્હાર્
શુમા ખીશતનરા મદારીદ ખાર્
શુમા રાહ સૂએ બેયાબાન્ બરીદ
મગર્ કઝ બદે દુશ્મનાન્ જાન્ બરીદ
બલશ્કરગહે ખીશ રફ્તન્દ બાઝ
હમહ દીદહ પુર્ ખૂનો તન્ પુર્ ગોદાઝ
બેદાનેસ્ત લશ્કર્ સરાસર્ હમહ
કે શુદ બી શબાન્ આન્ ગોશબાન્ રમહ
હમહ સર્બસર્ ઝારો ગેર્યાન્ શુદન્દ
ચુ બર્ આતેશે તીઝ બેર્યાન્ શુદન્દ

તે ઈરાની બહાદુરો ખુશહાલી કરતા-તુરતનાજ પેહલવાન ગોસ્તહમની આગળ જઇ પુગ્યા છે.

વળી રયબદનાં જંગલ તરફથી એક સીઆહ ગર્દ-ઝાહેર થઈ છે જેથી જંગલ બહુ રંગનું થયુ છે

તે લશ્કરની વચ્ચે કાવેયાની ઝુંડો છે-તેની આગળ પોલાદને રંગની તલવારો ચળકી રહી છે

કરનાય અને નગારાં સાથે તે શેહનશાહનો ઝુંડો-દેખાયો છે અને તેની ધૂળથી ઝમીન આબ્નૂસને રંગની થઇ છે"

એ સાંભળી લહાક અને ફર્શીદવર્દ બન્ને જણ લડાઈનાં મયદાનમાંથી પેલી ચોકી ઉપર ગયા

અને પોતાની આખે પોતાના પાદશાહ જેવા ભાઇ સેપહસાલાર પીરાનને મૂવેલો જોયો

જે પોતાના સરદારોમાંથી ચુંટી કાઢેલા દશ સવારો કે જેઓ તુરાની લશ્કરમાંના લડાયક બહાદુરો હતા તેઓ સાથ માર્યો ગયો હતો

તે જોઈ તેઓ તેજ ચોકી ઉપર રડતા અને ગાંડા જેવા થયા-તેમજ પોતાના ભાઈનાં ખૂન માટે પોકાર કરવા લાગ્યા

તેઓ રડતા રડતા બોલ્યા કે "ઓ શેરનર-તુર્કીઓના સરદાર અને બહાદુર સવાર!

તારી આટલી બધી બાહોશી અને પ્રમાણિકપણું શું કામ આવ્યું-જ્યારે દુન્યામાથી તે આવીજ રીતે જવા માગ્યુ?

હવે દુશ્મનની તમામ મુરાદ બર આવી છે-ખરાબ રીતે તારો ઝમાનો પુરો થયો છે

દુન્યામા તારો કીનો હવે કોણ લેશે?-હવે તારી રાહ અને રીત કોણ એખ્તયાર કરશે?

તુરાન દેશ ઉપર તેમજ પાદશાહ અફ્રાસિયાબ ઉપર-આફત આવી છે અને હવે સઘળુ તારાજ થઈ જશે

હવે તો આપણા સર પણ કપાવા આપી બરબાદ કરવાં જોઇયે-તેમજ આપણા આ શરીર, તલવાર અને હાથો લોહીમાજ ગર્ક કરવા જોઇયે"

પણ જ્યારે તેઓએ પીરાનની શીખામણ યાદ કીધી-ત્યારે તેઓ પોતાના બેહુદા બોલવા ઉપર ચાલ્યા નહીં.

જ્યારે પીરાન ગૂદર્ઝ સાથે લડવા ગયો હતો-ત્યારે પેહલવાન ફર્શીદવર્દને એવુ કહ્યું હતુ

કે "અગર હું આ લડાઇગાહનાં મયદાનમાં માર્યો જાઉં-તો તમો લોકો કોઈપણ ઈરાની લશ્કર આગળ થોભતા ના.

કારણકે જ્યારે હું આ કીનાનાં મયદાનમા નહીં હોઇશ-ત્યારે આપણા નામદારો ઉપર જેહાન તંગ બનશે

અને આપણા વીસેનાં ખાન્દાનમાંથી કોઈ એવુ નહીં રહેશે-કે જેના માથાંમાં પુરતુ ભેજુ હોય

જ્યારે તેઓ લડાઈના મયદાન ઉપર અમો દરો જણુને મારી નાખશે-અને અમારા વગર તનનાં માથા ઇરાનમા લઈ જશે,

ત્યારે આપણું લશ્કર તો ગૂદર્ઝની માફી માગશે-પણ તમો લોકો પોતાને એવુ હીણુ લગાડવા દેતા ના

પણ તમો જંગલ તરફનોજ રસ્તો લેજો-અને એમ કરી કદાચ બૂરા દુશ્મનોથી તમો જાન સલામત લઈ જશો."

(એવી રીતનું પીરાનનું કહેલું યાદ કરીને) તેઓ તમામ આંસુ ભરેલી આંખે અને નખાઈ ગયલાં શરીરે પાછા પોતાની લશ્કરી છાવણીમાં ગયા.

તમામ લશ્કરે જાણી લીધું-કે તે મગરૂર તુરાની લશ્કર ધણી વગરનું થયું છે

ત્યારે તેઓ પણ સઘળા પોકારવા અને રડવા મંડી ગયા-અને જેમ ભડભડતા અંગાર ઉપર ભુંજાય તેમ ભુંજાવા લાગ્યા.

બનચહીકે લહુહાકો ફર્શીદ્વરૂદ
બેરકૂતન્દ લબ્હા પુરસ્ બાહે સરૂદ
કે અકૂનૂન ચે સાઝીમ્ અઝીન્ રઝ્‌મગાહ
ચુ શુદ પહુલવાન્ પોશતે તુરાન્ સેપાહ
કેરા હેસ્ત હેહદ નીચ્ બસ્તન્ કમરૂ
ઝે આહન્ કોલહુ બરૂનેહાદહુ બસરૂ
ચુનીન્ ગોફ્ત લહુહાકો ફર્શીદ્વરૂદ
કે અઝ્ ખાસ્તે યઝ્દાન્ કરાનહુ કે કરૂદ
ચુનીન્ રાન્દ બરૂ સરૂ વરા કેર્દગારૂ
કે બરૂ ફીનહુ કોશતહુ શવદ ઝારો ખારૂ
બશામ્શીરૂ કર્દહુ જુદા સરૂ ઝે તન્
નેયાબદ જોઝ્ અઝ્ ખાકે તીરહુ કફન્
બહરૂ જાએ કોશતહુ કશાન્ દુશ્મનશ
પુરસ્ ખૂન સરો જામહો જઉશનશ
કુનૂન્ બૂદની બૂદો પીરાન્ ગુઝશ્ત
હમહુ કારો કેહારે ઊ બાદ ગશ્ત
સુતૂને સેપહુ બૂદ તા ઝન્દહુ બૂદ
બમેહુરે સેપહુ જાનશ આગન્દહુ બૂદ
સેપહુરા ઝે દુશ્મન નેગહુદારૂ બૂદ
સરે નામદારશ બરૂ ખારૂ બૂદ
બદાન્ ગીતી ઓફતાદ નીકો બદશ
હમાના નેફકારૂ કરૂદ ઈઝદશ
પસઝ્ રફતને ખીશ તીમારૂ ખરદ
ઝે ગૂદરૂઝ્ પયમાન્ સેતદ દરૂ નબરૂદ
કે ગરૂ મન્ શવમ્ કોશતહુ દરૂ કીનહુગાહુ
નજૂઈ તો કીનહુ ઝે તુરાન્ સેપાહુ
ગુઝરૂ શાન્ દેહી તા બતૂરાન્ શવન્દ
બરૂ ઈશાન્ નસાઝી ઝે કીનહુ ગઝન્દ
ઝે પયમાન્ નગર્દન્દ ઇરાનેયાન્
અઝીન્ દરૂ કુનૂન્ નીસ્ત બીમે ઝેયાન્
સે કારસ્ત પીશ આમદહુ નાગુઝીરૂ
હમહુ ગૂશ દારીદ બર્નાઓ પીરૂ
અગરૂ તાન્ બઝેન્હારૂ બાયદ શદન્
બરીન્ કારૂ તાન્ રાએ બાયદ ઝદન્
વગરૂ બાઝ્ ગશ્તન્ બખુનગાહે ખીશ
સેપોર્દન્ બનીકો બબદ રાહે ખીશ
વગરૂ જન્ગ્રા ગેરૂદ કર્દન્ અનાન્
યકાયક બખૂન આબ્દાદન્ સનાન્
બરૂ અયદૂન્ કે તાન્ રાએ બાશદ બજન્ગ્
બરીન્ રઝ્‌મગહુ કરૂદ બાયદ દેરન્ગ્
કે પીરાન્ ઝે મેહુતરૂ સેપહુ ખાસ્તહુ
સેપહુબુદ યકી લશ્કરૂ આરાસ્તહુ
ઝમાન્ તા ઝમાન્ લશ્કરૂ આયદ પદીદ
હમહુ કીનહુ ઝીશાન્ બેબાયદ કશીદ
ઝે હરૂગૂનહુ રાનીમ યકસરૂ સખુન્
બોઝઝ્ ખાસ્તે ઈઝદ નબાશદ બખુન્
બરૂ યઆદૂન્ કે તાન્ રાએ શહુરસ્તો ગાહુ
હમાના કે બરૂ મા નગીરન્દ રાહુ
વગરૂ તાન્ બઝેન્હારે શાહસ્ત રાય
બેબાયદ પસીચીદો રફતન્ ઝે જાય

તેઓ લહાક અને ફર્શીદવર્દની નઝદીક-સર્દ હાય મારતા ગયા ૧૬૪

અને બોલ્યા કે "જ્યારે તુરાની લશ્કરની પોસ્ત પનાહ કરનારો પેહલવાનજ જતો રહ્યો ત્યારે અમો હવે આ લડાઇગાહમાં શું કર્યે?

કમર ઉપર કમરબંદ બાધવા અને લોઢાંની કોલાહ સર ઉપર મૂકવાની પણ હવે કોણની હિમ્મત ચાલશે?"

ત્યારે લહાક અને ફર્શીદવર્દે એવો જવાબ દીધો-કે પાક યઝદાનની ઇચ્છાને કોણે રોકી છે?

ખોદાતાલાએ તેના નસીબમા એજ લખ્યું હતુ-કે તે લડાઈનાં મય મયદાનમાજ ખુવારીથી માર્યો જાય

તલવારથી તેનુ સર તનથી જુદુ કરેલુ થાય-અને તે સીઆહ ખાક સિવાય બીજુ કાઇ કફન પામે નહીં.

તેનુ માથુ, કપડા અને બખ્તર લોહીથી ભરેલાજ લઇને-દુશ્મનો તેને મૂવેલોજ આ ત્યા ઘસડતા ફરે

હવે તો જે બનવાનું હતુ તે બન્યુ અને પીરાન ગુઝરી ગયો-તેનો સઘળો કારોબાર બરબાદ ગયો છે

તે જીવતો હતો ત્યા સૂધી તે લશ્કરનો સ્થભ હતો-તેનો જીવ લશ્કરની મોહબતથીજ ભરેલો હતો

લશ્કરને દુશ્મનથી નેગાહ રાખનાર તેજ હતો-પોતાના કીમતી જીવને પોતાના લશ્કર આગળ નજીવો ગણતો હતો

તેની નેકી બદીનુ કામ બીજી દુન્યામા પડયું-ગોયા ખોદાતાલાએ ૧૬૫
તેને એક નેક કામ કરનારો બનાવ્યો

પોતાના મૂવા પછી પણ તેને આપણીજ ફિક્ર હતી-તેથીજ ગુદર્ઝ પાસે લડાઈમા તેણે વચન લીધો હતો.

કે 'અગર હુ આ લડાઇમા માર્યો જાઉ-તો તુ તુરાની લશ્કરને દુ:ખ ના દેતો

તું તેઓને જવા દેજે કે જેથી તેઓ પાછા તુરાન જાય-તેઓ ઉપર તુ કીનો લેવા માટે હાનિ ના પાડતો'

માટે ઈરાનીઓ હવે પોતાના વચનથી કદી ફરશે નહીં-માટે એ બાબતમા આપણને ધાસ્તી રાખવી જોઇતી નથી

હવે આપણને માટે નાચારીએ માત્ર ત્રણજ કામ બાકી રહ્યા છે-તે તમો સઘળા બુઢ્ઢા અને જવાનો કાન દઇન સાભળો

પહેલુ કામ જો તમને માફી માગવી હોય તો તે બાબતનો તમોએ તુરત વિચાર કરવો જોઇયે

બીજુ કામ લડાઈના અસ્બાબના કોઠારો જ્યા રાખેલા છે ત્યાં પાછા જવું-અને ત્યાથી પોતાનો ભલો કે બૂડો રસ્તો લેવો

ત્રીજું કામ બાલાઓને લોહીનુ પાણી પાઇને લડવા માટે ફરીને લગામ ફેરવવી

હવે જો એ પ્રમાણે તમારો લડવાનોજ વિચાર હોય-તો આ લડાઈ ગાહ ઉપર થોડીક ઢીલ કરવી જોઇયે છે

કારણકે પીરાને પાદશાહ અફ્રાસિયાબ પાસેથી લશ્કર મગાવેલુ છે- ૧૬૬
અને તે સરદારે એક લશ્કર તેયાર પણ કીધુ હશે.

અને તે લશ્કર જે વખત જાય છે તેમા આવી લાગશે-અને ત્યાર પછીજ તેઓ ઉપર આપણે સઘળો કીનો લઈશુ

આપણે ચો તરફના સજોગો વિચારીં છિયે ખરા-પણ રોવરે ખોદાની મરજી હશે તેમજ બનશે.

અગર તમારો વિચાર શેહર તરફ જવાનો અને પાયતખ્ત તરફ પાછા ફરવાનો છે-તો ખચીત કે તેઓ આપણો રસ્તો રોકશે નહીં.

અગર તમારો વિચાર પાદશાહ ક્યખુસરૂની પનાહ માગવાનો છે-તો તેની પણ તેયારી કરી અહીંથી જવું જોઇયે

હેમે હર્ કસી બર્ તનશ પાદશાસ્ત
વગર્ તાન્ હમી સૂએ ઈરાન્ હવાસ્ત
કે મા હ્ બેરાદર્ બદારીદ્ ચશ્મ
કે હર્ગેઝ નશૂઈમ્ દેલ્હા કે ખશ્મ
વઝીન્ તોખ્મએ વીસગાન્ કસ નબૂદ્
કે બન્દે કમર્ બર્ મેયાનશ ન સૂદ્
બર્ અન્દર્ઝે સાલાર્ પીરાન્ રવીમ
બરાહે બેયાબાન્ બતૂરાન્ શવીમ
વર્ અયદૂન્ કે બર્ મા બેગીરન્દ્ રાહ્
બેકૂશીમ તા હસ્ત માન્ દસ્તગાહ્
૧૯૭ ચુ તુર્કાન્ શનીદન્દ્ અઝીશાન્ સખુન્
નેગર્ તા ચે પાસોખ ફેગન્દન્દ્ બુન્
કે સાલાર્ બા દહ્ યલે નામદાર્
બેગશ્તન્દ્ કોશ્તહ્ બદીન્ગૂનહ્ ખાર્
વઝાન્ રૂએ કયખુસવ્ આમદ્ પદીદ્
કે ચારહ્ બરીન્ રઝ્મગહ્ આમદીદ્
ન અસ્પો સેલીહો ન પાઓ ન પર્
ન ગન્જો ન સાલારો નહ્ બૂમો બર્
ન નીરૂએ જન્ગો ન રાહે ગુરીઝ
ન બા ખીશતન્ કરદ્ બાયદ્ સેતીઝ
અગર્ બાઝ્ ગર્દીમો ગૂદર્ઝો શાહ્
પસે મા બેરાનન્દ્ પીલો સેપાહ્
રહાઈ નેયાબીમ્ યકતન્ બજાન્
ન ખર્ગાહ્ બીનીમો ન દૂદમાન્
કે ઝેન્હાર્ બર્ મા ફૂનૂન્ આર્ નીસ્ત
સેપાહસ્ત બેસ્યારો સાલાર્ નીસ્ત
વઝીન્પસ ખુદ્ અઝ્ શાહે તુર્કાન્ ચે બાક્
ચે અફ્રાસેયાબો ચે યક્ મોશ્ત ખાક્
ચેરા હમચુનીન્ શાહે ઈરાન્ નબૂદ્
કે બર્ લશ્કરશ મેહ્રબાની નમૂદ્
૧૯૮ બયારીએ લશ્કર્ બેયામદ્ દમાન્
ખુદો નામદારાન્ બબાઝૂ કમાન્
શાહે નામદારાન્ બદાન્ સૂએ આબ્
નેશસ્તહ્ બઆરામ બા ખુર્દો ખાબ્
ચુ લશ્કર્ ચુનીન્ પાસોખ આરાસ્તન્દ્
દો પુરમાય અઝ્ જાએ બરખાસ્તન્દ્
બેદાનેસ્ત લહ્હાકો ફર્શીદવર્દ્
કે શાન્ નીસ્ત હન્ગામે નન્ગો નબર્દ્
હમી રાસ્ત ગૂયન્દ્ લશ્કર્ હમહ્
તબહ્ ગર્દદ્ અઝ્ બી શબાની રમહ્
બપર્દખ્તન્દ્ કર્દન્ ગેરેફ્તન્દ્ સાઝ્
બેયાબાન્ ગેરેફ્તન્દો રાહે દરાઝ
દેરફ્શી ગેરેફ્તહ્ બદસ્ત અન્દરૂન્
પુરઝ્ દર્દ્ દેલ્ દીદગાન્ પુર્ ઝે ખૂન્
બેરફ્તન્દ્ બા નામવર્ દહ્ સવાર્
દેલીરાનો શાયેસ્તએ કાર્ઝાર્
બરહ્ બર્ સવારાને ઈરાન્ બુદન્દ્
નેગહ્બાને રાહો દેલીરાન્ બુદન્દ્
બર્અન્ગીખ્તન્દ્ અસ્પ તુર્કાન્ ઝે જાય
તલાયહ્ બેયફ્શુર્દ્ બર્ જાએ પાય

દરેક માણસ પોતાના તનમનનો માલેક છે-તેથી તે જો તમારી ખાહેશ ઈરાન તરફજ હોય તો જાઓ.

પણ તમો અમો બેઉ ભાઇઓ તરફથી એવી કશી આશા ના રાખતા-કારણકે અમો કદીબી કીનાથી અમારૂં દિલ ધોઇશું નહીં

આ વીસેના ખાન્દાનમાંથી કોઈ એવો નથી થઇ ગયો-કે જેની કમર ઉપર કમરબંદનો બદ ઘસાયો ન હોય

પણ અમો સદ્દાર પીરાનની શીખામણ ઉપર ચાલીને-જંગલને રસ્તે તુરાન તરફ જઇએ છિયે.

જો કદાચ ઈરાનીઓ અમારો રસ્તો રોકશે-તો જ્યાં સૂધી અમારામાં શક્તિ છે ત્યા સુધી અમો લડીશુ "

જ્યારે તુર્કીઓએ તેઓની એવી વાત સાભળી-ત્યારે તું જો કે તેઓએ શુ જવાબ દીધા?

તેઓ બોલ્યા કે "આપણો સરદાર દશ નામદાર પેહલવાનો સાથ-એવી રીતે ખુવારીથી મારો ગયો છે

વળી પેલી તરફથી કયખુસરૂ આવતો દેખાયો છે-તો પછી આ મય દાનમા કોણ ટકી શકવાનુ છે?

આપણી પાસે નથી ઘોડા કે હથિયાર, નથી હાથ કે પગ,-નથી આપણી પાસ ખઝાનો કે સરદાર કે નથી ઘરબાર મુલક

નથી લડાઇનુ કૌવત કે નથી નાસવાનો માર્ગ કશુ રહ્યુ નથી-ત્યારે એમ પોતાના જીવ ઉપર ઝોખમ બેડવો નહી જોઇયે

જો અમો પાછા ફર્યે અને ગૂદર્ઝ તથા પાદશાહ-અમારી પછાડી હાથી અને લશ્કર મોકલી આપે,

તો અમોમાથી એકબી જણ બચી શકે નહી-અને પોતાનુ ઘરબાર કે કુટુબને જોઈ શકે નહી

તેઓની માફી માગવામા અમોને કશી પણ શર્મ નથી-કારણકે અહી લશ્કર તો ઘણુ છે પણ સરદાર કોઇ નથી

હવે પછી અમો તુરાની પાદશાહની બીક શા માટે રાખ્યે?-હવે તો શુ અફ્રાસેયાબ કે શુ એક મુઠી ખાક બન્ને સરખાજ છે

શા માટે તે ઇરાની પાદશાહ જેવો ભલો નહી નિવડયો?-કે જે પાદશાહે પોતાના લશ્કર ઉપર મેહરબાની કીધી.

અને પોતાના લશ્કરની મદદ માટે પોતે અને બાઝ ઉપર કમાન લટકાવેલા બીજા નામદારો દોડતા આવ્યા

જ્યારે આપણા નામદારોનો પાદશાહ નદીને પેલે પાર-કરારને જીવે અયશઆરામ અને ખાણીપીણીમા પડયો છે"

જ્યારે લશ્કરે એવી રીતનો જવાબ દીધો-ત્યારે બન્ને નામવરો તે જગ્યાએથી ઉઠયા

લહાક તેમજ ફર્શીદવર્દે જાણ્યુ-કે "હવે તેઓનો લડવાનો કે શર્મ કરવાનો વખત રહ્યો નથી

લશ્કર જે કહે છે તે સઘળું રાસ્તજ કહે છે-એક ભરવાડ વગર મેઢાનું ટોળું વીખરાઈ જઇ નાશ પામે છે"

પછી ત્યાથી તેઓએ ઉઠાગરી કરવાની તૈયારી કરી-અને જંગલ તરફનો લાંબો રસ્તો પકડયો

તેઓના હાથમા એક ઝુંડો હતો-તેઓના દિલ દર્દથી ભરેલા અને આંખો આંસુ ભરેલી હતી

તેઓ બહાદુર અને લડાઇને લાયકના નામવર દશ સવારોની સાથે ચાલવા માડયુ

પણ રસ્તામા ઈરાનના બહાદુર સવારો તલાયા તરીકે ફરતા હતા.

તે જગ્યાએથી જ્યારે તુર્કીઓએ ઘોડા હંકાર્યા-ત્યારે પેલા તલાયાઓએ પણ તેમણી પૂઠે ઘોડા ડપટાવ્યા.

યકી નાસેબાલીદ્ શાન્ જન્ગ્ બારેત
કે અઝ ખૂન્ ઝમીન્ ગશ્ત ચૂન્ લાલહ્ રાસ્ત
અઝ ઈરાનેયાન્ કોશ્તહ્ શુદ્ હશ્ત મર્દ
દેલીરાનો શીરાને રૂઝે નબર્દ
ઝે તોર્કાન્ બેઝ્ આન્ દૂ સરફ્રાઝ્ ગોર્દ
ઝે દસ્તે તલાયહ્ કસી જાન્ નબોર્દ
યઝાન્ઝા બેરફ્તન્દ્ હર્ દૂ દેલીર્
બરાહે બેયાબાન્ બકેર્દારે શીર્
પસઝ્ દીદહ્ગહ્ દીદહ્બાન્ કર્દ્ ગવ્
કે અય સર્ફરાઝાનો ગોર્દાને નવ્
બઝીન્ લશ્કરે તુર્ક દૂ નામદાર્
બેરૂન્ રફ્તે બા નામવર્ દહ્ સવાર્
ચુનાન્ બા તલાયહ્ બર્આવીખ્તન્દ્
કે બા ખાક ખૂન્ અન્દર્ આમીખ્તન્દ્
તની હશ્ત કોશ્તન્દ્ ઝીરાનેયાન્
દો તન્ તીઝ્ રફ્તન્દ્ બસ્તહ્ મેયાન્
ચુ બેશ્નીદ્ ગૂદર્ઝ્ ગોફ્ત ઈન્ દો મર્દ
ન જોઝ્ ગોર્દે લહ્હાકો ફર્શીદ્વર્દ
બેરફ્તન્દ્ બા ગર્દન અફ્રાખ્તન્
શોકસ્તહ્ નશુદ્ શાન્ દેલ અઝ્ તાખ્તન્
ગર્ ઈશાન્ અઝ્ ઇરાન્ બતૂરાન્ શવન્દ્
બરીન્ લશ્કર્ આયદ્ હમાના ગઝન્દ્
કે જૂયદ્ કુનૂન્ નામ નઝ્દીકે શાહ્
બપૂશદ્ સરે ખુદ્ બરૂમી કોલાહ્
શવદ્ નઝ્દે લહ્હાકો ફર્શીદ્વર્દ
બર્આરદ્ ઝે હર્ દૂ બશમ્શીર્ ગર્દ
હમહ્ માન્દહ્ બૂદન્દ્ ઈરાનેયાન્
શુદહ્ સુસ્તો સૂદહ્ ઝે આહન્ મેયાન્
નદાદન્દ્ પાસોખ બજોઝ્ ગોસ્તહમ
કે બૂદ્ અન્દર્ આવર્દ શીરે દેઝમ
બસાલાર્ ગોફ્ત અય સઝાવારે ગાહ્
ચુ રફ્તી બઆવર્દે તૂરાન્ સેપાહ્
સેપોર્દી મરા કૂસો પર્દહ્સરાય
બપીશે સેપહ્ બર્ બેબૂદન્ બપાય
દેલીરાન્ હમહ્ નામ જોસ્તન્દો નન્ગ્
મરા બહ્રહ્ નામદ્ બહન્ગામે જન્ગ્
કુનૂન્ મન્ બઈન્ કાર્ નામ આવરમ્
શવમ્ શાન્ યકાયક્ બદામ્ આવરમ્
બેખન્દીદ્ ગૂદર્ઝ્ ઝૂ શાદ્ ગશ્ત
રોખશ્ તાઝહ્ શુદ્ વઝ્ ગમ્ આઝાદ્ ગશ્ત
બદૂ ગોફ્ત નીકુઅખ્તરી તૂ ઝે હૂર્
કે શીરીઓ નખ્ચીરે તૂ નર્રહ્ ગૂર્
બેરવ્ કાફ્રીનન્દહ્ યારે તો બાદ્
ચુ લહ્હાક્ સીસદ્ શેકારે તો બાદ્

અને તેઓ વચ્ચે નહીં ધારેલી એક લડાઈ થઈ પડી-કારણકે લોહીથી ૧૯૯
ઝમીન લાલાનાં ફૂલ જેવી લાલ બની ગઇ

ઈરાનીઓમાંથી આઠ મર્દો કે જેઓ બહાદુર અને લડાઇને દહાડેના
સિંહ જેવા હતા તેઓ માર્યા ગયા.

તેમજ તુર્કીઓમાથી ઇરાની તલાયાઓના હાથે તે બન્ને સરફ્રાઝ
પેહલવાનો સિવાય કોઇ જીવ બચાવી જઇ શકયો નહીં

ત્યાથી પેલા બન્ને દેલીરો સિંહની મિસાલ બિયાબાન તરફ નાસી ગયા

ત્યારે પાછળથી ચોકી ઉપરથી ચોકીબાને પોકાર કીધો કે "એ
સરફ્રાઝો અને નામદાર પેહલવાનો!

આ તુર્કી લશ્કરમાથી બે નામદારો-દશ નામવર સવારો સાથે બાહેર
પડયા હતા

અને તેઓ આપણા તલાયા સાથ એવા વળગી પડયા-કે ખાક સાથેજ
લોહી ભેળી દીધુ

ઇરાનીઓમાથી આઠ જણાને માર્યા છે—અને તે બચેલા બન્ને મર્દો
કમર બાંધી શિતાબીથી નાસી ગયા છે"

જ્યારે ગૂદર્ઝે એ સાભળ્યુ ત્યારે તે બોલ્યો કે "આ બે મર્દો-પેહલ
વાન લહાક અને ફર્શીદવર્દ સિવાય કોઈ નહીં હોય

તેઓ હજી ઊંચી ટટાર ગર્દન સાથે ગયા છે-દોડવાથી તેઓનુ દિલ
હજી તુટયું નથી

જો એ લોકો ઇરાનથી તરાન જઈ લાગશે, તો આ આપણા લશ્કરને ૨૦૦
ખચીત હાનિ પુગશે

માટે હવડા આપણા પાદશાહની નઝદીક કોણ શખ્સ નામવરી
શોધવા ચાહે છે?-જે રૂમી કોલાહથી પોતાનુ સર ઢાકી

લહાક અને ફર્શીદવર્દની નઝદીક જાય-અને તલવારથી તે બન્નેની
ગર્દ કાઢી નાખે"

પણ સઘળા ઇરાનીઓ થાકી ગયા હતા અને સુસ્ત થઈ ગયલા હતા
તેમજ તેઓની કમર લોઢાથી ઘસાયલી હતી

તેથી ગોસ્તહમ કે જે લડાઇમાં ગુસ્સા ભરેલો સિંહ હતો તે સિવાય
કોઇયે જવાબ નહી આપ્યો

તેણે સરદાર ગૂદર્ઝને કહ્યુ કે "એ તખ્તને લાયકના મર્દ!-જ્યારે તુ
તૂરાની લશ્કરની લડાઇ ઉપર ગયો

અને મને નગારૂ અને લશ્કરની છાવણી સોપી હતી-તેમજ લશ્કરની
આગળ તેની સભાળ માટે ઉભું રહેવા ફર્માવ્યું હતું,

તે વખતે સઘળા નામદારોએ તો નામના મેળવી પણ તે લડાઇ
વખતે મારે ભાગે તો કશુએ આવ્યુજ નહી

માટે હવે આ કામમા હુ નામના મેળવુ—હુ જાઉ અને તેઓને
અચિંતા ફાંદામા લાઉ"

ત્યારે ગૂદર્ઝ હસ્યો અને તેનાથી ખુશહાલ થયો-તેનો ચેહરો ખીલિયો
અને ફિકરથી મોકળો થયો

તે બોલ્યો કે "આફતાબે તને સારૂ નસીબ આપ્યું છે-તુ સિંહ છે ૨૦૧
અને તારો શેકાર નરગોરખર છે

માટે તું જા, ખોદાતાલા તારો મદદગાર હોજો!-અને લહાક જેવા
ત્રણસો તારા શેકાર થજો!"

રફતને ગોસ્તહમ્ પસે લહ્હાક્ વ ફર્શીદ્વર્દ્.

બેપૂશીદ ગોસ્તહુમ દરૂએ નબરૂદ
બે ગોદાંન્ કેરા દીદ પહરૂદ કરૂદ
બેરૂન્ તાખ્ત અઝ્ લશ્કરે ખીશો રફૂત
બજંગે દો તુર્કે સરફરાઝ્ તફૂત
હમી ગોફૂત લશ્કર્ હમહુ સરબસર્
કે ગોસ્તહુમરા ઝીન્ બદ આયદ બસર્
યકી લશ્કર્ અઝ્ નઝદે અફ્રાસેયાબ્
હમીરફૂત બરૂસાને કેશ્તી બર્ આબ્
બયારી હમી જન્ગ્જૂય આમદન્દ
બુ નઝદીકે દશ્તે દધૂય આમદન્દ
ખબર્ શુદ બદીશાન્ કે પીરાન્ ગુઝશ્ત
નબર્દે દેલીરાન્ બદાન્ગૂનહુ ગશ્ત
હમહુ બાઝ્ ગશ્તન્દ યકુસર્ બે શાહુ
ખોરૂશાન્ બેરફૂતન્દ નઝદીકે શાહુ
ખબર્ શુદ બબીઝન્ કે ગોસ્તહુમ રફૂત
બઆવર્દે ફર્શીદો લહુહાકૂ તફૂત
૧૦૨ ગુમાની ચુનાન્ બોરૂદ બીઝન્ કે ઊય
બતન્ગ્ અન્દર્ આયદ બદશ્તે દધૂય
ન બાયદ કે લહુહાકો ફર્શીદ્વરૂદ
બરૂઆરન્દ અઝ્ ગરૂદ દુએ નબરૂદ
બનઝદે નેયા શુદ ચુ શીરે દેઝમ
દેલશ પુર્ બે દરૂદ અઝ્ ગમે ગોસ્તહમ
ચુ ચશ્મશ બરૂએ નેયા બરૂફેતાદ
ખોરૂશીદો ચન્દી સખુન્ કરૂદ યાદ
ન ખૂબ આયદ અય પહુલવાન્ અઝ્ ખરદ
કે હર્ નામદારી કે ફર્માન્ બરદ
મર્ ઊરા બખીરહુ બેકોશ્તન્ દેહી
બહાનહુ બચર્ખે રવાન્ બરૂનેહી
દો ગોર્દે દેલાવર્ બે તૂરાન્ સેપાહુ
બેરફૂતન્દ ચૂન્ શીર્ પૂયાન્ બરાહુ
બે પીરાનો હુમાન્ દેલાવર્ તરન્દ
બગઉહર્ બુઝોર્ગાને આન્ કેશ્વરન્દ
કુનૂન્ ગોસ્તહમ શુદ બજન્ગે દો તન્
નબાયદ કે આયદ બદ્ બર્ શેકન્
હમહુ કામે મા બાઝ્ ગર્દદ બદરૂદ
ચુ ગુમ ગર્દદ અઝ્ લશ્કર્ આન્ શીરૂમરૂદ
૧૦૩ ચુ બેશ્નીદ ગૂદરૂઝ ગોફૂતારે ઊય
કશીદન્ બદાન્ કાર્ તીમારે ઊય
પસ અન્દીશહુ કરૂદ અન્દર્ યક્ ઝમાન્
હમાન્ બુદ કુજા બોરૂદ બીઝન્ ગમાન્
બગોદાંન્ ચુનીન્ ગોફૂત સાલારે શાહુ
કે હર્ કસ કે જૂયદ હમી નામો જાહુ
પસે ગોસ્તહમ રફૂત બાયદ દમાન્
મર્ ઊરા બુદન્ યાર્ બર્ બદગમાન્

ગોસ્તહમનું લહાક અને ફર્શીદવર્દની પૂઠે જવું.

પછી તુરત ગોસ્તહમે લડાઇનુ બખ્તર પેહેર્યું-અને જે પેહલવાનો તેને મળ્યા તેઓને દુઆ સલામ કીધી

તે પોતાના લશ્કરમાથી બાહેર પડયો-અને શેતાબ બન્ને સરફરાઝ તુર્કીઓની લડાઈમા ગયો

ત્યારે તમામ લશ્કર એ પ્રમાણે બોલ્યું-કે "આ કામમા ગોસ્તહમને હાનિ પુગશે"

હવે અફ્રાસિયાબની નઝદીકથી એક લશ્કર-પાણી ઉપરની કિશ્તીની માફક ઝડપથી રવાના થયું.

તેઓ પેહલવાન પીરાનની મદદ માટે આવતા હતા-પણ જ્યારે દધૂયનાં જંગલની નઝદીક આવી લાગ્યા,

ત્યારે તેઓને ખબર થઇ કે "પીરાન માર્યો ગયો છે-અને બીજા પેહલવાનોની લડાઈ પણ એવીજ રીતની નીવડી છે"

ત્યારે તેઓ સઘળા રસ્તામાથીજ પાછા ફર્યા-અને રૂદન કરતા પાદશાહ અફ્રાસિયાબની આગળ ગયા

હવે બીઝનને ખબર થઈ કે "ગોસ્તહમ ફર્શીદવર્દ અને લહાકની લડાઈમા દોડતો ગયો છે"

ત્યારે બીઝને વિચાર્યું કે "ગોસ્તહમ-જ્યારે દધૂયના જંગલમા બતંગ આવી જાય,

ત્યારે એવુ નહીં બનવું જોઇયે કે લહાક અને ફર્શીદવર્દ-લડાઈની અંદર તેને નુકસાન પુગાડે"

તે ઉપરથી તે ગુસ્સા ભરેલા સિંહની માફક બપાવાની નઝદીક ગયો-તેનું દિલ ગોસ્તહમના ગમથી દર્દ ભરેલું હતું

જ્યારે તેની નઝર બપાવાના ચેહરા ઉપર પડી-ત્યારે તેણે દુખથી પોકારીને કેટલાક સખુન તેને કહ્યા.

કે "ઓ પેહલવાન! આ કાઈ અકલને અનુસરતુ નથી-કે દરેક નામદાર જે તારો હોકમ બજા લાવે છે,

તેને તું જાણીજોઇને ફોકટનો મરવા મોકલે-અને પછી ફરતાં આસ્માન ઉપર તેની જવાબદારી નાખે

તુરાની લશ્કરમાથી બે બહાદુર પેહલવાનો-સિંહની માફક દોડતા પોતાને રસ્તે ગયા છે

જેઓ પીરાન અને હુમાનથી વધારે દેલાવર છે-અને બુન્યાદમા પણ તે મુલકના બુઝોર્ગો છે

હવે તે બન્ને પેહલવાનો સામે લડવા માટે ગોસ્તહમ ગયો છે-તો એવું નહીં થાય કે તેની ઉપર શિકસ્ત આવી પડે.

અને જ્યારે તે શેરમર્દ આપણા લશ્કરમાથી ગુમ થશે-ત્યારે આપણી સઘળી ખુશહાલી દુખમા ફેરવાઇ જશે"

જ્યારે ગૂદર્ઝે બીઝનની એવી વાત સાંભળી-ત્યારે એ કામમાં રંજ ખેંચવાની તેની લાગણી જાણાઇ આવી

પછી થોડો વખત તે બાબતનો વિચાર કીધો-અને સમજ્યો કે "બીઝને જે વિચાર્યું હતું તેજ ખરૂ હતું."

પછી તે પાદશાહના સેપહસાલારે પેહલવાનોને કહ્યું-કે "જે કોઈ કે નામ અને મરતબો મેળવવા માગતો હોય,

તેણે ગોસ્તહમની પછાડી દુશ્મન સામે તેનો મદદગાર બનવા માટે જવું જોઇયે"

નહાદન્દ પાસોખ કસ અઝ અન્જોમન્
ન ધમ્ખારહ્ બુદ કસ ન આસૂદહ્ તન્

બગૂદરૂઝ પસ ગોફ્ત બીઝન્ કે કસ
બજોઝ મન્ નબાશદ્ દરી ફર્યાદરસ
કે આયદ ઝે ગોદર્ઝાન્ બદીન કાર પીશ
બસીરી નેયામદ કસ અઝ જાને ખીશ
મરા રફ્ત બાયદ કે અઝ કારે ઊય
હેઝમ પુર ઝે દર્દસ્તો પુર આબ રૂય
બદુ ગોફ્ત ગૂદરૂઝ કય શીરમર્દ
ન ગરૂમ આઝમૂદહ્ ઝે ગીતી ન સર્દ
ન બીની કે મા ઈમ પીરૂઝગર
બદીન કાર મશતાબ તુન્દ અય પેસર
બદીશાન્ બુવદ ગોસ્તહમ ચીરહ્દસ્ત
બખન્જર બેબુરદ સરે હરદો પસ્ત
બેમાન્ તા કુનૂન અઝ પસે ગોસ્તહમ
સવારી ફ્રેસ્તમ ચુ શીરે દેઝમ
કે બા ઊ બુવદ યાર ગાહે નબર્દ
સરે દુશ્મનાન્ અન્દર આરદ બગર્દ
બદુ ગોફ્ત બીઝન કે અય પહલવાન્
ખેરદમન્દો હુશ્યારો રઊશનરવાન્
કુનૂન યાર બાયદ કે ઝેન્દહ્સ્ત મર્દ
ન આનગહ્ કે અઝ વય બરઆરન્દ ગર્દ
ચુ શુદ ગોસ્તહમ કોશતહ્ અઝ કાર્ઝાર
સરઆમદ બર ઊ રૂઝો બરગશ્ત કાર
ચે શુદ અર ફ્રેસ્તી સવારી બરશ
નેયાબદ બજોઝ ગશ્તહ્ દર ખૂન સરશ
બેફર્માએ તા મન ઝે તીમારે ઊય
બેબન્દમ કમર તન્ગ દર કારે ઊય
વર અયદૂન કે ગૂઈ મરવ તા સરમ
બેબુરરમ બદીન આબગૂન ખન્જરમ
કે મન ઝેન્દગાની પસ અઝ મર્ગે ઊય
નખાહમ કે બાશદ બહાનહ્ મજૂય
બદુ ગોફ્ત ગૂદરૂઝ બેશતાબ પીશ
અગર નીસ્તત મેહર બર જાને ખીશ
નેયાબી હમી સીરી અઝ કાર્ઝાર
કમર બન્દો બેપસીચો સર બર મખાર
નસૂઝદ હમાના દેલત બર પેદર
કે હર દમ બેસૂઝી મર ઊરા જેગર
બરઆરી હમી બર સરે ખીશ ખાક
બઝીન્ જન્ગ્ જોસ્તન મરા પુર ચે બાક

પણ તે અંજુમનમાંથી કોઇએ પણ કશો જવાબ આપ્યો નહી-કોઈજ તેનો ગમ ખાનાર હતું નહીં કારણકે તે લડાઈથી હજી કોઇયે આસાયેશ ભોગવી હતી નહીં.

પછી બીઝને ગુદર્ઝને કહ્યુ કે "મારા સિવાય કોઇજ તેને મદદ કરી શકશે નહીં

આપણા પેહલવાનોમાથી એ કામ માટે કોણ આગળ પડે?-કારણકે કોઈ પોતાના જીવથી ધરાયુ નથી

તેથી મનેજ જવુ જોઇયે કારણકે તેને લીધે-માર દિલ દર્દ ભરેલુ અને ચેહરો આસુ ભરેલો થયો છે"

ત્યારે ગુદર્ઝે તેને કહ્યુ કે "ઓ શેરમર્દ!-તે દુન્યાની લીલી સુકી જોઈ નથી

તુ જોતો નથી કે આપણે ફતેહમદ થયા છિયે-માટે ઓ બેટા! એ કામમા તુદી કરીને ઉતાવળો ના બન

ગોસ્તહમ તેઓ ઉપર ફતેહ પામશે-અને તલવારથી તે બન્ને જણાનાં ૨૦૪
સર કાપશે

તુ સબર કર હુ હમણા ગોસ્તહમની પછાડી-ગુસ્સા ભરેલા શેરની મિસાલના એક સવારને મોકલુ છુ,

કે જે લડાઈ વખતે તેનો મદદગાર થાય-અને દુશ્મનના સર ઉધા નાખે"

બીઝને તેને કહ્યુ કે "ઓ ડહાપણ ભરેલા, બાહોશ અને ઉત્સાહી પેહલવાન!

તેનો મદદગાર તો હમણા જ્યારે તે જીવતો છે ત્યારેજ જોઇયે-તે વખતે તો નહીંજ કે જ્યારે દુશ્મનો તેનો નાશ કરી નાખે

જ્યારે ગોસ્તહમ લડાઈમા માર્યોજ ગયો, તેના દહાડાની આખેર આવી અને સઘળુ કામ ઉલટાઇ ગયુ,

પછી જો તે તેની નઝદીક એક સવાર મોકલ્યો તો શું ફાયદો?-ત્યારે તો લોહીલુહાણ થયલા માથા સિવાય તેને બીજુ કાંઈ મળશે નહી.

માટે તુ હુકમ આપે કે હુ તેના ગમને માટે તેના કામ ઉપર કમર તગ બાધુ

જો તુ એમ કહેશે કે ના જા, તો હુ મારૂં સર-આ મારા પાણી પાયલા ખજરે કરી કાપી નાખીશ

કારણકે તેના માર્યા જવા પછી હુ નહીં ચાહતો કે મારી ઝિદગી કાયમ રહે માટે તુ કાઇ બહાનુ ના કાઢનો"

ત્યારે ગુદર્ઝે તેને કહ્યુ કે "જો તને પોતાના જીવ ઉપર કશી દયાજ ૨૦૫
નથી તો તું ઉતાવળે આ ાળ વધ

જો તુ લડ ઈથી હજુ ધરાયો નથી-તો કમર બાધ જલ્દીથી તૈયાર થા

ખચીત કે તને પોતાના બાપની કશીજ દાઝ નથી-કે તુ તેનું જીગર હરદમ બાળ્યા કરે છે

આવી લડાઈ શોધવાથી મને પોતાને કાઈ ધાસ્તી નથી-પણ તેથી તુ પોતેજ તારા સર ઉપર ધૂળ નાખશે"

રફ્તને બીઝન્ પસે ગોસ્તહમ્.

ચુ બેશનીદ બીઝન્ ફેરૂબોરદ સર
બઝીન્રા બબૂસીદો આમદ બદર
કમર બસ્તો બરસાખ્ત મર જન્ગરા
બઝીન્ અન્દર આવરદ શબરન્ગરા

બીઝનનું ગોસ્તહમની પછાડી જવું.

જ્યારે બીઝને એ સાંભળ્યું ત્યારે સર નીચું કરી-ઝમીન ચૂમી અને બાહેર આવ્યો

તેણે કમર બાધી અને લડાઇની તૈયારી કીધી-શબરંગ નામના તેના ઘોડા ઉપર ઝીન બાધ્યું.

બઓીવ આગહી શુદ કે બીઝન બે કરૂદ
કમર બસ્ત બર્ ફીને ફર્શીદવરૂદ
પસે ગોસ્તહમ તાઝેયાન શુદ બરાહ
બઝન્ગે સવારાને તુરાન સેપાહ
હમઅન્દર્ ઝમાન ગીવ બર્જસ્ત ઝૂદ
નેશસ્ત અઝ બરે તાઝી અસ્પી ચુ દૂદ
બેયામદ બરહ બર્ ચુ ઊરા બેદીદ
બઝુન્હી એનાનશ બયક્ સૂ કશીદ
૨૦૬ બદૂ ગોફ્ત ચન્દાન બદમ દાસ્તાન
નબાશી હમી બૂદ હમદાસ્તાન
કે બાશમ ઝે તૂ યકઝમાન શાદમાન
ફુઝ રફ્ત બાશી બદીસાન દમાન
બદર્ કાર્ દર્દે દેહી મન મજૂય
બપીરાન સર્ અઝ મન બે બાશી બેગૂય
બગીતી મરા ઝેઝ તો ફર્ઝન્દ નીસ્ત
રવાનમ બદર્દે તો ખુર્સન્દ નીસ્ત
ચુ નીકી દેહેશ બખ્તે પીરૂઝ દાદ
બેબાયદ નેશસ્તન બઆરામો શાદ
શુદી દહ શબાન રૂઝ બર્ પોશ્તે ઝીન
કશીદહ બબદખાહ બર્ તીગે કીન
બેસૂદી બખફતાનો ખૂદ અન્દરૂન
નબાશી હમી સીર્ ગશ્તન ઝે ખૂન
બપીરી ઝમાનહ બે બાઝી સરત
બઝ ઈમન શુદસ્તી બદીન ખન્જરત
કસી કૂ નજૂયદ સરન્જામે ખીશ
નેયાબદ ઝે ગીતી હમી કામે ખીશ
તો ચન્ગી બપીરી ઝમાનહ મપૂય
કે ઊ ખુદ સુએ મા નેહાદસ્ત રૂય
૨૦૭ ઝે બહરે પેદર્ ઝીન સખુન બાઝ ગર્દ
નશાયદ કે દારી દેલે મન બદર્દ
બદૂ ગોફ્ત બીઝન કે અય પુરખરદ
બેઝીન બર્ તો મર્દુમ ગોમાની બરદ
ઝે કારે ગુઝશ્તહ નેયારી તો યાદ
ચે પીચી બખીરહ હમી સર્ ઝે દાદ
બેદાન અય પેદર્ કીન સખુન દાદ નીસ્ત
મગર્ જન્ગે લાદન તોરા યાદ નીસ્ત
કે બા મન બે કર્દ અન્દરાન ગોસ્તહમ
ખમો શાદમાનીશ બા મન બહમ
ચર્ અયદૂન ફુઝ ગર્દેરી ઈઝદી
ફરાઝ આરદ આન રૂઝગારે બદી
નેવેશ્તહ નગર્દદ બપર્હીઝ બાઝ
નબાયદ કશીદન સુખુનહા દરાઝ
ઝે પયગાર્ સર્ બર્ મગર્દાન કે મન
ફેદા કર્દ દારમ બદીન કાર્ તન
બદૂ ગોફ્ત ગીવ અર્ નગર્દી તો બાઝ
હમાન ખૂબતર્ ઝીન નેશીબો ફરાઝ
તો બી મન નપૂઈ બરૂઝે નબર્દ
મનત યાર્ બાશમ બહર્ કાર્ કર્દ
૨૦૮ બદૂ ગોફ્ત બીઝન કે ઈન ખુદ મબાદ
કે અઝ નામદારાને ખુશ્કવનેઝાદ

હવે બીઝને શુ કર્યું તે ખબર ગીવને પડી-કે "તેણે ફર્શીદવર્દ સાથે લડવા માટે કમર બાંધી છે

અને તે ગોસ્તહમની પાછળ તુરાની લશ્કરના સરદારોની લડાઈ માટે રાહમા દોડતો ગયો છે"

તેવોજ ગીવ શિતાબ કૂદકો મારી ઉઠયો-અને ઉતાવળે એક અરબી ઘોડા ઉપર સવાર થઈ,

નીકળી પડયો અને જ્યારે રાહમા તેને જોયો-ત્યારે ગુસ્સાથી તેની લગામ એક તરફ ખેંચી

અને તેને કહ્યુ કે "મે તને કેટલી વખત સમજાવ્યો-પણ શુ તુ મારૂ કહ્યુ માનવા નથીજ માગતો?

હુ તારાથી એક પળ પણ ક્યારે ખુશહાલ રહીશ?-તુ એવી રીતે દોડતો ક્યા જાય છે?

દરેક એવા કામ કરી મને દુખી ના કર-મને કહે કે મારા બુઢાપામા મારી પાસે શુ માગે છે?

મને તારા સિવાય બીજું કાઇ ફરઝંદ નથી-તને દુખી જોઈ મારો જીવ ખુશહાલ રહેતો નથી.

જ્યારે નેકીના આપનાર સાહેબે તને ફતેહમંદ બખ્ત આપ્યુ છે-ત્યારે તારે તો આરામ અને ખુશહાલી સાથેજ બેસવુ જોઇયે

દશ રાત અને દશ દિવસ તુ ઘોડાના ઝીન ઉપરજ રહ્યો છે-અને કીનાની તલવાર દુશ્મનો ઉપર ખેંચી છે

તે તારૂ બદન બખ્તર અને ટોપીથી ઘસી નાખ્યું છે-તે છતા તુ લોહી રેડવાથી ધરાતોજ નથી

મોતના વખતની આજમયજ કાય તારૂ માથુ ખોહી દેછે? તુ પોતાની તલવાર ઉપર ઘણોજ નચિન્ત બન્યો છે

જે કોઈ કે પોતાના શેવટનો વિચાર નહીં રાખે તે આ દુન્યામા કદીપણ પોતાની મુરાદ પામે નહી

તુ મોતની સામે અરલો બનો ના દોડ-કારણકે તેણે તો આપણી તરફજ મો ફેરી રાખ્યુ છે

માટે તારા બાપને ખાતેર એ વાતથી પાછો ફર-તારે મારૂ દિલ દુખવવુ ન જોઇયે"

ત્યારે બીઝને તેને કહ્યુ કે "ઓ દાનેશમંદ બાપ! લોકો તારે માટે કાઈ બીજેજ વિચાર કરશે

તુ આગળા કામોની યાદ તો લાવતોજ નથી જાણીજોઇને શા માટે ઈન્સાફથી સર ફેરવે છે?

ઓ બાપ! તુ જાણ, કે આ તારી વાતમા ઇન્સાફજ નથી-અથવા તો કદાચ લાદનની લડાઈ તુ ભૂલી ગયલો લાગે છે

કે તે લડાઈમા ગોસ્તહમે મારી સાથે શુ શુ કીધુ હતુ?-તેની ગમગીની અને ખુશહાલી સાથેજ ભેળાયલી છે

જો ખોદાતાલા તરફની મુકરર થયલી ઝમાનાની ચાલ એવીજ હશે-કે મારો તે બૂરો વખત નઝદીક લાવી મેલે,

તો આપણે ગમે એવી સાવચેની રાખ્યાથી કંઈ લખેલા લેખ મિટતા નથી હવે વધુ બોલ્યામા શું ફાયદો છે?

તુ મારૂ સર લડાઇથી પાછુ ના ફેરવ, કારણકે મેં-એ કામ કરવા ઉપર મારા તનને ફિદા કર્યું છે"

ત્યારે ગીવે તેને કહ્યું કે "જો તું પાછો નથીજ ફરતો-તો એજ બેહતર છે કે આ ઊંચાણ નીચાણવાળા માર્ગે,

આવા લડાઈના હંગામ ઉપર તું મારા વગર એકલો નહીં જાય-હુ દરેક કામમા તારો મદદગાર થઈશ."

બીઝને તેને જવાબ દીધો કે "એવું કદી પણ ના બનતું-કે આપણા પાદશાહી ખોલાદના નામવરોમાંથી,

ચે ગોરૂહ અઝ પસે બીમ ખુર્દેહ દો તુર્ક
બેતાઝીમ પૂયાન બરીન શાહે દુર્ક
બદૂ ગોફ્ત ગીવ અય પેસરૂ બાઝ ગરૂદ
કે મન યારૂ બાશામ વરા દરૂ નબરૂદ
ચુનીન ગોફ્ત બીઝન કે રૂઝી મબાદ
કે તૂ રઝમ જૂઇઓ મન ગેન્દહ શાદ
ચે ગૂયન્દ નામઆવરાન રૂઝે બઝમ
કે બીઝન નેશસ્તો પેદરૂ શુદ બરઝમ
બજાનો સરે શાહે રઉશનરવાન
બજાને નેયા નામવરૂ પહલવાન
બખૂને સેયાવુશ કઝીન રઝમગાહ
તો બરગર્દીઓ મન બેપૂયમ બરાહ
નખાહમ બરીન કારૂ ફર્માનત કરૂદ
કે ગૂઈ મરા બાઝ ગરૂદ અઝ નબરૂદ
ચુ બેશનીદ ગીવ ઈન સખુન બાઝ ગશ્ત
બરૂ આફ્રીન કર્દો અન્દરૂ ગુઝશ્ત
કે પીરૂઝ રફૂતીઓ શાદ આમદી
ગોશાદહ દેલો બસ્તહ દસ્તે બદી
હમી તાખ્ત બીઝન પસે ગોસ્તહમ
કે નાયદ બરૂ બરૂ ઝે તૂરાન સેતમ
ચુ અઝ રૂદ લહહાકો ફર્શીદવરૂદ
ગુઝશ્તન્દ પૂયાન બકેર્દારે ગરૂદ
બયક સાઅત અઝ હફ્ત ફર્સન્ગ રાહ
બેરફ્તન્દ ઈમન અઝ ઇરાન સેપાહ

ધાસ્તી ખાધેલા બે તુર્કીઓની પછાડી ત્રણ પેહલવાનો આખે રસ્તે દોડિયે "

ત્યારે ગીવે તેને કહ્યુ કે "ઓ બેટા ! તુ પાછો ફર-કારણકે હુ તેનો લડાઈમા મદદગાર થઈશ "

બીઝને પાછો જવાબ દીધો કે "એવો દહાડો કદી પણ ના આવતો-કે તુ લડાઇ કરે અને હું જીવતો ખુશહાલ બેસી રહુ

ખુશીની મજલેસને વખતે બીજા નામદારો શુ કહેશે ? કે 'બીઝન બેસી રહ્યો અને બાપ લડાઈમાં ગયો '

માટે આપણા રોશન રવાનના પાદશાહના જાન અને સરના કસમથી-તેમજ મારા નામવર બપાવા પેહલવાન ગૂદર્ઝના કસમથી, •

તથા સેયાવક્ષના ખૂનના કસમથી હું કહુછુ કે આ લડાઈના મયદાનમાથી-તુ પાછો ફર અને મને જવા દે

કારણકે તુ મને કહેશે કે 'લડાઇથી પાછો ફર'-તો આ બાબતમા હુ તારો હુકમ કદી માનવાનો નથી "

જ્યારે ગીવે આવા સખુન સાભળ્યા ત્યારે તે પાછો હઠયો-અને બીઝન ઉપર દોઆ કરીને ચાલી ગયો,

કે ફતેહમંદી સાથે જજે અને દુશ્મનના હાથ બાધી મોકળે મને ખુશહાલ પાછો ફરજે "

પછી બીઝને ગોસ્તહમની પછાડી દોડવા માડયુ-કે રખેને તરાનીઓને ૨૦૯
હાથે તેના ઉપર કશી આફત આવી પડે

હવે જ્યારે લહાક અને ફર્શીદવર્દ નદી ઉતરીને-શિતાબીથી દોડતા આગળ ચાલ્યા,

ત્યારે એક કલાકમા સાત ફર્સંગ જેટલો રસ્તો-તેઓએ કાપ્યો અને ઈરાની લશ્કરથી નચિન્ત બન્યા

કોશતહ શુદને લહ્હાક્ વ ફર્શીદ્-વર્દ બદસ્તે ગોસ્તહમ્.

ચકી બીશહ દીદન્દો આબે રવાન
બદૂ અન્દરૂન સાયગાહે ગવાન
બબીશહ દરૂન સુર્ઘો નખ્ચીરો શીરૂ
દેરખ્ત અઝ બરો સબ્ઝહો આબ્ ઝીરૂ
બનખ્ચીરૂ કર્દન ફેરૂદ આમદન્દ
અઝાન તેશ્નગી સૂએ રૂદ આમદન્દ
ચુ આબ્ અન્દરૂ આમદ બેબાયેસ્ત નાન
બઅન્દૂહો શાદી ન બન્દદ દહાન
બેગશ્તન્દ બરૂ ગેર્દે આન મરગઝારૂ
ફેગન્દન્દ બેસ્યારૂ માયહ શેકારૂ
બરૂઅફ્રૂખ્તન્દ આતેશો ઝાન કબાબ
બેખુર્દન્દ કર્દન્દ સરૂ સૂએ આબ
શવદ રૂઝગારે દેલીરાન દેઝમ
ચુ બા ચીરહ બાશદ બરૂ ઇસાન સેતમ
ફેરૂખોફ્ત લહહાકો ફર્શીદવરૂદ
બસરૂ બરૂ હમી પાસ્બાનીશ કરૂદ
બરૂઆમદ ચુ શબ્ તીરહ શુદ માહતાબ
દો ધમગીન સરૂ અન્દરૂ નેહાદહ બખાબ

ગોસ્તહમના હાથ ઉપર લહાક અને ફર્શીદવર્દનું માર્યુ જવું.

તેઓએ એક જંગલ અને વેહેતા પાણીનો ઝરો જોયો-કે જે જંગલમા પેહલવાનોને આસાયેશ લેવા લાયક છાયડાવાળી જગ્યા હતી

તે જંગલમા પક્ષીઓ, શેકારો અને સિંહો હતા-માથા ઉપર ઝાડોનો છાયો અને ઝમીન ઉપર લીલોતરી અને વેહેતા પાણી હતા

તેઓ શેકાર કરવા માટે નીચે ઉતર્યા-અને તરસ મટાડવા માટે પેલા ઝરા તરફ ગયા

જ્યારે પાણી પીધુ ત્યારે ખાનાની તલબ થઇ-કારણકે ખુશી કે ગમીમા મોઢુ તો બધ રહેજ નહીં

તેઓ તે જંગલની આસપાસ ફર્યા-અને ઘણીક જાતના શેકારો માર્યા

પછી આતશ સળગાવ્યો અને તેના કબાબ કરી-ખાધા અને પાછા ઝરા તરફ આવ્યા.

જ્યા નસીબની દેવી ગઝબ વરસાવતી હોય ત્યા બહાદુરોનો દિવસ અભાગિયો રહે છે

લહાક ત્યા સૂતો અને ફર્શીદવર્દ-તેના માથા આગળ ચોકી કરતો બેઠો. ૨૧૦

જ્યારે રાત અંધારી થઈ અને માહતાબ બાહેર આવ્યો-ત્યારે પેલા બન્ને ગમગીન દિલનાઓએ પોતાના સર ખાબમાં મેલ્યાં

રસીદ અન્દરાન્ જાએગહ ગોસ્તહમ
કે બૂદન્દ ગોદર્ઝે તૂરાન્ બહમ
નવન્દ અસ્પે ઊ બૂએ અસ્પાન્ શનીદ
બોફ્રશી બરૂઆવર્દો અન્દરૂ દમીદ
સમુક્ અસ્પે લહ્હાક હમ ઝીન્ નશાન્
બોફ્રશી બરૂઆવરદ ચૂન્ બી હોશાન્
દવાન્ સૂએ લહ્હાક ફર્શીદવર્દ
શુદ ઊરા ઝે ખાબે ખુશ આગાહ કર્દ
બદૂ ગોફ્ત બરખીઝ અઝીન્ ખાબે ખોશ
બમર્દી સરે બખ્તે બદ્રા બકોશ
કે દાના બદ ઈન્ દાસ્તાન ખુઓરૂમ
કે શીરી કે બુગ્રીઝદ અઝ જન્ગે ગોરૂગ
નબાયદ કે ગોરૂગ અઝ પસ્શ દરૂકશદ
કે ઊરા હમાન્ બખ્તે બદ બરૂકશદ
હલા ખીઝો બેશતાબ્ કામદ સેપાહ
અઝ ઈરાનો બરૂ મા ગેરેફ્તન્દ રાહ
૨૧૧ બે માયહ બેપૂઈદો અન્દરૂ શેતાફ્ત
કસ અઝ રૂઝે બદ્રા રહાઈ નયાફ્ત
નેશસ્તન્દ બર અસ્પ હર દુ સવાર
કશીદન્દ પૂયાન્ અઝાન્ મર્ગઝાર
ઝે બીશહ બહામૂન્ નેહાદન્દ રૂય
દો ગોર્દે દેલાવર દો પર્ખાશજૂય
બહામૂન્ નેહાદન્દ હર દુ સવાર
દો દીદહ કે તા ચૂન્ પસીચન્દ કાર
પદીદ આમદ અઝ દૂર પસ્સ ગોસ્તહમ
નદીદન્દ બા ઊ સવારી બહમ
દેલીરાન્ બ સરહા બરઅફ્રાખ્તન્દ
મર ઊરા બેદીદન્દો બેશનાખ્તન્દ
ગેરેફ્તન્દ બા યક દેગર ગોફ્તગૂય
કે યક્તન્ સૂએ મા નેહાદસ્ત રૂય
બેબાયદ ગોસ્તહમ નીસ્ત કામદ બજન્ગ
દેરફ્શે દેલીરાન્ ગેરેફ્તહ બચન્ગ
ગુરીઝાન્ નબાયદ શુદ અઝ પીશે ઊય
મગર કન્દર આરદ બદીન્ દસ્ત રૂય
નયાબદ રહાઈ ઝે મા ગોસ્તહમ
મગર બખ્તે બદ કરદ બાહદ સેતમ
૨૧૨ અઝાન્જા બહામૂન્ નેહાદન્દ રૂય
પસ અન્દર દમાન્ ગોસ્તહમ કીનહજૂય
બિયામદ ચુ નઝદીક ઈશાન્ રસીદ
ચુ શીરે ઝેયાન્ નઅરહ બરકશીદ
બરીશાન્ બેબારીદ તીરે ખદન્ગ
ચુ ફર્શીદવર્દ અન્દર આમદ બજન્ગ
યકી તીગ ઝદ બર સરશ ગોસ્તહમ
કે બા ખૂન્ બિયામીખ્ત મગઝશ બહમ
નગૂન્ શુદ હમન્દર ઝમાન્ જાન્ બેદાદ
શુદ આન્ નામવર ગોર્દે વીસહ નેઝાદ
ચુ લહ્હાક રૂએ બેરાદર બદીદ
બેદાનેસ્ત કઝ કાર્ઝાર આરમીદ
બગર્દીદ વઝ દર્દે ઊ ખીરહ શુદ
જહાન્ પીશે ચશ્મ અન્દરશ તીરહ શુદ

તેવામા જે જગ્યાએ કે તુરાની પેહલવાનો સાથે સુતેલા હતા તે જગ્યાએ ગોસ્તહમ આવી પહોચ્યો.

તેના તેઝી ઘોડાને પેલાઓના ઘોડાઓનો વાસ માલુમ પડયો-તેથી તે ખખાર્યો અને ઝડપથી આગળ વધ્યો

જેથી લહાકનો ઘોડો પણ તુરત તેજ પ્રમાણે સુધ્ધિ વગરનો બનીને ખખારવા લાગ્યો

તેવોજ ફર્શીદવર્દ સાવધ બની દોડતો લહાકના પાસે ગયો અને તેને ખુશ ખાબમાથી જગાડી,

કહ્યુ કે "આ મીઠી ઊંઘમાથી બીદાર થા-અને પેલા બદબખ્તનુ સર બહાદુરીથી કાપી નાખ

કારણકે એક દાનાએ આ ઘણીજ સંગીન નસીહત કહી છે-કે 'જ્યારે કોઈ સિંહ, વરૂની લડાઇમાથી નાસી જાય,

તો પેલા વરૂએ તેની પછાડી જવુ ન જોઇયે-નહી તો કે તુ એમજ જાણ કે પેલા વરનુ બુરૂ નસીબજ તેને સિંહ આગળ ઘસડી જાય છે'

માટે ચાલ ઉઠ, ઉતાવળ કર કારણકે ઈરાની લશ્કર આવી લાગ્યુ છે-અને આપણો રસ્તો રોકી લીધા છે"

(ફિરદોસી કહે છે કે) "તેઓ કેટલા બધા દોડયા અને કેવી ઉતાવળ કીધી?-પણ કોઇ બઝલના દહડાથી છુટકારો પામ્યોજ નથી, કે તેઓ છુટે"

પછી તેઓ બન્ને, ઘોડા ઉપર સવાર થયા-અને તે જંગલમાથી દોડતા ગયા

તે બન્ને દેલાવર પેહલવાન અને બન્ને લડાયકો જંગલમાથી મયદાનમા ચાલ્યા

બન્ને સવારોએ તે મયદાન તરફ નઝર કીધી કે હવે શુ રસ્તો લેવો?

તેવામા પછાડી દૂરથી ગોસ્તહમ દેખાયો-તેઓએ તેની સાથે બીજો કોઈ સવાર જોયો નહી

જ્યારે તે દેલાવરોએ પોતાના ડોકા ઊંચા કરી જોયુ-ત્યારે તેને તેઓએ જોયો અને પિછાન્યો.

તેઓ એક બીજા સાથે બોલવા લાગ્યા-કે "તે એકલો આપણી તરફ આવ્યો છે

જે લડવા આવ્યો છે તે ગોસ્તહમ સિવાય કોઇ બીજો ન હોવો જોઇયે-તેણે દેલીરોનો ઝુંડો હાથમા પકડેલો છે

તેની સામેથી નાસી જવાનુ કશુ કારણ નથી-કદાચને તે આ મયદાન તરફ આવે,

તો ગોસ્તહમ આપણા હાથમાથી છટકવાનો નથી-સિવાય કે આપણુ બુરૂ બખ્ત આપણુ ઉપર ઝુલમ વરસાવે"

પછી તેઓ તે જગ્યાએથી મયદાન તરફ ચાલ્યા-તેઓની પૂઠે કીનો લેનાર ગોસ્તહમ દોડતો હતો

જ્યારે ગોસ્તહમ તેઓની નઝદીક આવ્યો-ત્યારે તેણે મસ્ત શેરની મિસાલ પોકાર માર્યો

અને તેઓ ઉપર ખદંગી તીર વરસાવવા લાગ્યો-પણ જ્યારે ફર્શીદવર્દ તેની સામે લડાઇમા આવ્યો,

ત્યારે ગોસ્તહમે તેનાં સર ઉપર એક તલવારનો ઝટકો માર્યો-જેથી તેનું મગઝ લોહી સાથે ભેળાઇ ગયુ.

જેથી તે ઊંધો પડયો અને તેજ વેળા પ્રાણ છોડી દીધા-વીસેનાં ખાન્દાનનો તે નામવર પેહલવાન માર્યો ગયો

જ્યારે લહાકે પોતાના ભાઇનો ચેહરો જોયો-અને જાણ્યું કે તેણે લડાઈ કરવાથી હમેશની આસાયેશ લીધી છે.

ત્યારે તે ધ્રુજ્યો અને ભાઈનાં દુ:ખથી તે દીવાનો બની ગયો-જહાન તેની આંખની નઝદીક અંધારી થઈ ગઈ

ચે રહેશાન્ રવાનશ બસીરી રસીદ
કમાનરા બઝેહ કર્દો અન્દર્ કશીદ
બેયન્દાખ્ત તીરી સુએ ગોસ્તહમ
હમી અઝ દો દીદહ બેબારીદ નમ
દરૂઅન્દાખ્ત આનો બેયન્દાખ્ત ઈન્
નેયોકૂતાદ તીરે યકી બરૂ ઝમીન્
શુદન્દ આન્ ઝમાન ખસ્તહ હરૂ દુ સવારૂ
બશમ્શીરૂ કર્દન્દ પસ કાર્ઝારૂ
યકાયકૂ બરૂ ગોસ્તહમ દસ્ત યાફૂત
એનાનરા બેપીચીદો અન્દરૂ શેતાફૂત
બગર્દનશ બરૂઝદ યકી તીધે તીઝ
બરૂઆવરૂદ નાગાહ અઝ રસ્તખીઝ
સરશ ઝીરે પાય અન્દરૂ આમદ ચુ ગૂય
સરૂઆમદ હમહ રઝ્મો પયમારે ઊય
ચુનીનસ્ત કર્દારે ગર્દાન્ સેપેહરૂ
બેબુરૂરદ ચે પર્વર્દએ ખીશ મેહરૂ
ચુ જૂઈ સરશ પાએ યાબી નુખોસ્ત
વગરૂ પાએ જૂઈ સરશ પીશ તોસ્ત

બઝીન્ બરૂ ચુનાન્ ખસ્તહ બુદ ગોસ્તહમ
તો ગોફૂતી કે બુગસસ્ત ખાહદ ચે હમ

બેયામદ ખમીદહ બઝીન્ અન્દરૂન્
હમીરાન્દ અસ્પો હમી રીખ્ત ખૂન્
બનઝદીકીએ ચશમહ સારી રસીદ
હમ આબે રવાન્ દીદો હમ સાયહ દીદ
ફેરૂદ આમદો અસ્પરા બરૂ દરખ્ત
બેબસ્તો બઆબ્ અન્દરૂ આમદ ચે બખ્ત
બેખુરૂદ આબ્ બેસ્યારો કરૂદ આફ્રીન્
બેબસ્તશ તો ગોફૂતી યકાયકૂ ઝમીન્
બેપીચીદો ઘલ્તીદ બરૂ તીરહ ખાકૂ
સરાસરૂ હમહ તન્ બશમ્શીરૂ ચાકૂ
હમી ગોફૂ ત કય કર્દેગારે જહાન્
બરૂઅન્ગીઝ અઝાન્ લશ્કરો દૂદમાન્
બહેલ્સૂઝગી બીઝને ગીવરા
વગરૂનહ દેલાવરૂ યકી નીવરા
કે તા ઝેન્દહ યા મોર્દહ ઝીન્ જાયગાહ
કશદ મરૂ મરા સૂએ ઈરાન્ સેપાહ
બદાન્ તા બેદાનદ કે મન્ જોઝ બનામ
ન મુર્દમ બગીતી હમીનસ્ત કામ
હમહ શબ્ બેનાલીદ તા રૂઝે પાક
અઝાન્ દરૂદ ચૂન્ મારૂ પીચાન્ બખાક

તે પણ પોતાના બીઠા જીવથી ખરાબલો થઈ ગયો—અને કમાનને ચિલ્લો ચઢાવી ખેંચીને

એક તીર ગોસ્તહમ તરફ ફેંક્યો—તે પોતાની બન્ને આંખોમાંથી બાઇને માટેના આંસુ વરસાવતો હતો

બન્ને પેહલવાનોએ આમણેસામણે તીર ફેંકવા માંડયા—તેઓમાંથી કોઇનો પણ તીર રદ જઈ ઝમીન ઉપર પડતો હતો નહીં

જેથી તે બન્ને સવારો જલ્દીથી ઝખ્મી થઈ પડયા—પછી તેઓ તલવારે કરી લડાઈ કરવા લાગ્યા ૨૧૩

તેવામા અચાનક ગોસ્તહમને તેની ઉપર લાગ ફાવી ગયો—તેથી તેણે લગામ ફેરવી અને આગળ ધસી,

તેની ગરદન ઉપર તેઝી તલવારનો એક ઝખ્મ માર્યો—અને એક પલકારામા તેની ઉપર રસ્તાખીઝ કરી નાખી

તેનુ માથું દડીની માફક પગ હેઠળ પડયું—અને તેની લડાઈ તેમજ કીનાનુ શેવટ આવી ગયુ

આ ફરતા આસ્માનનાં કામ એવીજ રીતના છે—તે પોતાનાજ પર્વરેશ કરેલા શખ્સ ઉપરથી મોહબત તોડી નાખે છે

જ્યારે તું આસ્માનનું માથુ શોધવા નીકળશે ત્યારે પહેલાં તને પગ મળી આવશે—અને જો પગ શોધવા જશે તો તેનું માથું તારી આગળ આવી ઉભુ રહેશે

હવે જો કે ગોસ્તહમ ઘોડાની પીઠ ઉપરજ હતો તો પણ તે એટલો તો ઝખ્મી થઈ ગયો હતો—કે તેની નબળાઇએ ,કરી જાણે એમ ઘોડા ઉપરથી તુટી પડશે

તો પણ તે ઝીન ઉપરજ વાંકો વળીને આગળ ચાલ્યો—તે ઘોડો ચલાવતો હતો અને તેના બદનમાથી લોહી ટીપાતુ હતુ

એમ કરતા તે એક પાણીના ઝરાવાળી જગ્યા આગળ આવી લાગ્યો—જ્યા તેણે વેહેતુ પાણી પણ જોયુ અને છાયડો પણ જોયો

ત્યારે પોતે નીચે ઉતર્યો અને ઘોડાને ઝાડ સાથે—બાધ્યો અને નસીબ સંજોગે જે પાણી પાસે આવી લાગ્યો હતો,

તેમાથી ખૂબ પાણી પીધું અને ખોદાના શુકરાના કીધા—તેવામા ગોયા તેને ઝમીને એકાએક જકડીજ લીધો ૨૧૪

અને તે મરોડાઇને સીઆહ ખાક ઉપર ગબડવા લાગ્યો—તેનું સઘળુ શરીર તલવારથી ઘાયલ થયલુ હતું

તે એ પ્રમાણે બોલતો હતો કે "ઓ દુન્યાને પયદા કરનાર સાહેબ !—ઇરાની લશ્કરમાથી અને મારા કુટુંબમાથી મોકલ,

મારા વિષે દિલમા દાઝ રાખનારા ગીવના છોકરા બીઝનને—અથવા તો કોઈ બીજા દેલાવર પેહલવાનને મોકલ.

કે તે જીવતો યા મૂવેલો આ જગ્યાએથી—મને ઈરાની લશ્કરમાં લઈ જાય

જેથી સઘળાઓ જાણે કે હુ નામના મેળવ્યા વગર—નથી મરી ગયો, બસ આ દુન્યામા મારી એજ મુરાદ છે"

તે પવિત્ર દિવસ ઉગ્યો ત્યા સુધી આખી રાત પોતનાં દુઃખને લીધે સાંપની માફક ખાકમા લપેટાતો અને રડતો હતો

રસીદને બીઝન બગોસ્તહમ્.

ચુ ગીતી ઝે ખુરશીદ શુદ રઉશના
રસીદ અન્દરાન્ જાયગહ્ બીઝના
હમીગશ્ત બર્ ગેર્દે આન્ મરઘઝાર્
કે યાબદ નેશાની ઝે ગુમ કર્દહ્ યાર્
પદીદ આમદ અઝ્ દુર્ અસ્પે સમન્દ
બહામ્ મરઘઝાર્ અન્દરૂન્ ચૂન્ નવન્દ
૨૧૫ ચમાનો ચરાન્ ચૂન્ પલન્ગાન્ બગામ
નેગૂન્ કર્દહ્ ઝીના ગોસ્સતહ્ લગામ
હમહ્ આલતે ઝીન્ બર્ બર્ નેગૂન્
રેકીબો કમન્દશ હમહ્ પુર્ ઝે ખૂન્
ચુ બીઝન્ બેદીદ આન્ અઝૂ રફ્ત હુશ
બરૂઆવરૂદ ચૂન્ શીરે ઘોરાન્ ખોરૂશ
હમી ગોફ્ત કય મેહરબાન્ નીક્ યાર્
કુજાઈ ફેગન્દહ્ બરીન્ મરઘઝાર્
કે પોશતમ્ શેકસ્તીઓ ખસ્તી દેલમ્
કુનૂન્ જાને શીરીન્ ઝે તન્ બોગ્સેલમ્
ચે ગૂયમ્ કુજા જૂયમ્ અકૂનૂન્ તોરા
ચે બાઝી નમૂદસ્ત ગરદૂન્ તોરા
બેશુદ બર્ પયે અસ્પ તા ચશમહ્સાર્
બર્ ઊરા બેદીદ અન્દરાન્ મરઘઝાર્
હમહ્ જઉશનો તરક્ પુર્ ખાકો ખૂન્
ફેતાદહ્ બદીન્ ખસ્તગી સર્ નેગૂન્
ફેરૂજસ્ત બીઝન્ ઝે શબરન્ગ્ ઝૂદ
ગેરેફ્તશ બઆઘૂશ બર્ તન્ગ્ ઝૂદ
બેરૂન્ કરૂદ ઝૂમી કબા અઝ બરશ
બરહનહ્ શુદ અઝ તરક્ ખસ્તહ્ સરશ
૨૧૬ તનશરા નેગહ્ કર્દ આન્ ખસ્તગી
તબાહ્ દીદ ખસ્તહ્ ઝે નાબસ્તગી
રવાન્ હમચુ રૂદ અઝ તનશ આબે ઝરદ
રવાન્ પુર્ ઝે તીમારો દિલ પુર્ ઝે દરૂદ
બરાન્ ખસ્તગીહાશ બેન્હાદ રૂય
હમી બૂદ ઝારી કુનાન્ પીશે ઊય
હમા ગોફ્ત કય નીકૂદેલ યારે મન્
તો રફ્તીઓ બદ ગશ્ત પયકારે મન્
બેબાએદશ મરા પીશ બાયેસ્ત કરૂદ
રસીદન્ બજાઈ કે બૂદત નબરૂદ
મગર્ બૂદમી ગાહે સખ્તીત યાર્
કે બા અહ્રમન સાખ્તી કારઝાર્
કુનૂન્ કામે દુશમન્ હમહ્ રાસ્ત કરૂદ
બરૂઆવરૂદ ખુદ હરચે ખુદ ખાસ્ત કરૂદ
બેગોફ્ત ઈન્ સખુન બીઝનો ગોસ્તહમ
બેજુમ્બીદો બરૂઝદ યકી તીઝદમ
બબીઝન્ ચુનીન્ ગોફ્ત કય નીકખાહ્
મકુન્ ખીશતન્ નઝ્દે મન્ દર્ તબાહ્
મરા દર્દે તુ બદતર્ અઝ મર્ગે મન્
બેનેહ્ બર્ સરે ખસ્તહ્ બર્ તર્કે મન્

બીઝનનું ગોસ્તહમની નઝદીક આવી પુગવું.

જ્યારે દુન્યા ખુરશેદે કરી રોશન થઈ-ત્યારે બીઝન તે જગ્યાએ આવી પહોચ્યો

તે પેલાં જંગલની આસપાસ ફર્યો-કે કેથે પણ પોતાના ગુમ થયલા દોસ્તની નિશાન મેળવે

એવામા દુરથી તે જંગલમા ડાકના ઘોડા જેવો એક કાળો ઘોડો દેખાયો

જે ચિત્તા વાઘોની માફક કદમ લમ્બાવીને મચળે ફરતો અને ચરતો-હતો જેનુ ઝીન ઊધુ વળી ગયુ હતુ અને લગામ તુટી ગઈ હતી

તેની ઉપરના સઘળો ઝીનના સામાન ઊંધો વળેલા અને તેની રેકાબ અને કમદ તમામ લોહીથી ભરેલા જેયા

જ્યારે બીઝને એવી રીતે જેયુ-ત્યારે તેણે ગરજના કરતા સિહની મિસાલ પોકાર માર્યો

અને બોલ્યો કે "ઓ મેહરબાન ભલા દોસ્ત' આ જંગલમા તુ ક્યા પડેલો છે?

કે તે મારી પીઠ ભાગી નાખી અને દિલ ઝખ્મી કીધુ છે-હવે મારો પ્યારો જીવ તનમાથી છુટો પડી જશે

હવે હુ શું બોલુ? તને ક્યા શોધુ?-આસ્માને તને આ કેવી બાઝી બતાવી છે?"

પછી તે ઘોડાના પગળા જેતો જેતો પેલા પાણીના ઘણાક ઝરાવાળી જગ્યા સુધી ગયો-અને ત્યા તેણે તે જંગલમા ગોસ્તહમને જેયો.

તેનુ તમામ બખ્તર અને ટોપી ખાક તેમજ લોહીથી ભરાઇ ગયલા હતા-અને બધા ઘાયલ થયલો નેચે મસ્તક પડેલો હતો

તેવોજ બીઝન શેતાબ શબરંગ ઘોડા ઉપરથી નીચે કુદી પડયો અને તુરત તેને બગલમા મઝબુત પકડી લીધો

તેના બદન ઉપરથી રૂમી બખ્તર બાહેર કાઢયુ-અને તેના ઝખ્મી સર ઉપરથી ફોલાદ ઉતારી

તેણે તેના બદન ઉપરના ઝખ્મો ઉપર નેગાહ કીધી-તો માલુમ પડયું કે તે ઝખ્મા સાફ કરી પાટા નહી બાંધ્યાથી ખરાબ થઈ ગયા હતા

તેના તનમાથી નદીની મિસાલ રસી વેહેતી હતી તેનો જીવ-ધાસ્તી ભરેલો અને દિલ દર્દ ભરેલુ હતુ

તે તેના ઝખ્મો ઉપર નઝર કરી અને તેની આગળ રૂદન કરવા લાગ્યો

તે એ પ્રમાણે બોલ્યો કે "ઓ મારા નેક દેલ દોસ્ત' તુ ગયો એટલે મારે મનસે લડાઈ કરવી ઝેહર જેવી થઈ પડી

મારે આગમચથી તારી શોધ કરવી જેઈતી હતી-અને જે જગ્યાએ તુ લડતો હતો તે જગ્યાએ જલ્દીથી આવી પહોચવુ હતુ

કે તે એહરેમનો સાથે તે લડાઈ કરી-ત્યારે કદાચ હુ તારી મુશ્કેલીના વખતમા તને મદદગાર થતે

પણ હવે તો દુશ્મનની સઘળી મુરાદ બર આવી છે-અને તેણે જે ચાહ્યુ તે કીધુ છે"

હવે બીઝન એ પ્રમાણે બોલ્યો તેવામા ગોસ્તહમ-હીલ્યો અને તેણે એક ઊંડો દમ ખેચ્યો

અને બીઝનને કહ્યુ કે "ઓ મારા નેકખાહ' તું મારી આગળ તારી પોતાની ખરાબી ના કર.

મને મારાં મોત કરતાં પણ તારૂં દુઃખ વધારે લાગે છે તું મારાં ઝખ્મી થયલાં માથાં ઉપર મારી ટોપી પાછી મૂક.

ચકી ચારહ્ કુન્ તા અઝીન્ જાયગાહ્
તવાની મરા બોરૂદ નઝદીકે શાહ્
મરા બાદ ચન્દાન્ હમી રૂઝગારૂ
કે બીનમ યકી ચેહરએ શહરૂયારૂ
વઝાન્ પસ ચુ મરગ્ આયદમ બાક નીસ્ત
કે મારા નેહાલી બજોઝ ખાક નીસ્ત
ન મુર્દસ્ત હરૂ કસ કે બા કામે ખીશ
બેઆરદ બેયાબદ સરંજામે ખીશ
વદીગરૂ દો બદખાહે બા તર્સો બાકુ
કે બરૂ દસ્તે મન્ કરૂદ યઝદાન્ હલાકુ
મગરૂ શાન્ બઝીન્ બરૂ તવાની કશીદ
વગરૂનહ્ સરાન્ શાન્ ઝે તનહા બુરીદ
સલીહો સરે નામબર્દારૂ શાન્
બબરૂ તા બેદાનન્દ પયકારૂ શાન્
કુની નઝદે શાહે જહાનદારૂ યાદ
કે મન્ સરૂ બખીરહ્ નદાદમ બબાદ
બેસૂદમ બહરૂ જાએ બા બખ્ત્ જન્ગ્
કે મન્ નામ જોસ્તમ બમર્દીઓ નન્ગ્
બબીઝન્ નમૂદ આનગહી કાન્ દો તૂરૂ
કુજા અન્દ કોશતહ્ ફેગન્દહ્ ઝે દૂરૂ
બેગોફ્ત ઇનો સુસ્તી ગેરેફતશ રવાન્
હમીબૂદ બીઝન્ બસરૂ બરૂ નવાન્
વઝાન્ જાયગહ્ અસ્પે ઊ બીદરન્ગ્
બેયાવર્દો બુગશાદ અઝૂ બન્દો તન્ગ્
નમદ ઝીન્ બઝીરે તને ખસ્તહ્ મરૂદ
બેયફ્ગન્દો નાલીદ ચન્દાન્ ઝે દરૂદ
હમહ્ દામને કુર્તહ્ બેદરીદ ચાકુ
બરાન્ ખસ્તગીહાશ બરૂ બસ્ત પાકુ
બઝાન્ જાયગહ્ સૂએ બાલા દવાન્
બેયામદ ઝે ધમ્ તીરહ્ કર્દહ્ રવાન્
સવારાને તુર્કાન્ પરાગન્દહ્ દીદ
કે આમદ ઝે શાહે બેયાબાન્ પદીદ
ઝે બાલા ચુ બરૂ કુ અન્દરૂ આમદ નેશીબ્
દેલ્ અઝ મોર્દને ગોસ્તહમ પુરૂ નેહીબ્
અઝાન્ બીમ ખુર્દહ્ સવારાને તૂરૂ
દો તન્ તાઝેયાન્ દીદ નાગહ્ ઝે દૂરૂ
ઝે ફેત્રાકુ બોગશાદ પીચાન્ કમન્દ
ઝે તોર્કાન્ યકીરા બગર્દન્ ફેગન્દ
ઝે અસ્પ્ અન્દરૂ આવરૂદ ઝેન્હારૂ દાદ
બદાન્ કારૂ બા ખીશતન્ યારૂ દાદ
વઝાનજા બેયામદ બકેરદારે ગરૂદ
દવાન્ સૂએ લહ્હાકો ફરશીદવરૂદ
બેદીદ * આન્ સરાને સેપહ્રા નેગૂન્
ફેગન્દહ્ બરાન્ ખાકો ઘર્કહ્ બખૂન્
બસરૂ શાન્ બરૂ અસ્પાને જંગી ચરાન્
ચરાગાહ્ સાઝીદહ્ પીશે સરાન્
ચુ બીઝન્ ચુનાન્ દીદ કરૂદ આફરીન્
બબરૂ ગોસ્તહમ કુ સરૂ આવરૂદ ઝીન્
બેફરમૂદ તા તોર્કે ઝેન્હારખાહ્
બઝીન્ બરૂ કશીદ આન્ સરાને સેપાહ્

અને કાંઈપણ યુક્તિ કર કે જેથી આ જગ્યાએથી-મને તું પાદશાહની ૨૧૭
નઝદીક લઈ જઇ શકે

હું ફક્ત એટલોજવાર જીવતો રહું-કે એક મરતબે પાદશાહનો ચેહરો જોઉ

અને ત્યારપછી જો મારૂં મોત આવે તો ફિક નહીં-કારણકે આપણું બિછાનુ ખાક સિવાય બીજું કાઇજ નથી

જે કોઈ કે પોતાની ઈચ્છાઓ તૃપ્ત કરીને અને પોતાનાં કામોનુ શેવટ પાર પાડીને મરે છે, તે કાંઈ મૂવેલો ગણાતો નથી

અને બીજું એ કે પેલા બે હીચકારા બીકણ દુશ્મનો-કે જેઓને ખોદાતાલાએ મારા હાથ ઉપર હલાક કીધા છે

કદાચ તેઓને જો તું ઝીન ઉપર બાંધી શકે તો તેમ-નહીં તો તેઓના બદન ઉપરથી માથા કાપી લેજે

તેઓના નામીચા સર અને હથિયાર-લેતો જજે કે જેથી સઘળા લોકોને તેઓની લડાઇ માલૂમ પડે

પછી તુ જહાનદાર પાદશાહ કયખુસરૂની નઝદીક સઘળુ બેયાન કરજે-કે મે ફોકટમા મારૂં સર બરબાદ કર્યું નથી.

પણ દરેક જગ્યાએ નસીબ સાથે હાથ લમ્બાવ્યો છે-કારણકે હુ બહાદુરીથી અને કીર્તિ સાથે નેકનામી મેળવવા માગતો હતો"

પછી તેણે બીઝનને પેલા બન્ને તુર્કીઓ કે જે દૂર મૂવેલા પડેલા હતા-તે બતાવ્યા

પણ તે એટલુ બોલતાજ તેનો જીવ સુસ્ત મારી ગયો-એ જોઇ ૨૧૮
બીઝન તેના માથા આગળ રડવા ઉભો

પથી કાંઈપણ ઢીલ વગર ત્યાથી તેનો ઘોડો-હાકી લાવ્યો અને તેના બંદ અને તંગ ખોલી નાખ્યા.

અને તે ઝખ્મી મર્દનાં તન હેઠળ ઝીનની નીચેની ગાદી-પાથરી અને તેના એવા દુઃખથી તે ઘણો રડ્યો

તેણે પોતાના જબ્ભાની સઘળી દામન ફાડી કાઢી-અને તેના સઘળા ઝખ્મો ઉપર તે સભાળથી બાંધી લીધી

પછી તે જગ્યાએથી ગમથી સીઆહ થયલા જીવ સાથ તે દોડતો એક ટેકરી ઉપર ચઢયો

ત્યાથી તેને તુર્કી સવારો છુટાછવાયા નઝર પડયા-કે જેઓ તેજ જંગલના રસ્તા તરફથી આવતા જણાયા

તેવોજ તે ટેકરી ઉપરથી વીજળીની ઝડપે નીચ આવ્યો-તેનુ દિલ ગોસ્તહમના મરણના ભયથી ધાસ્તી ભરેલુ હતુ

તેવામા તેણે તે ધાસ્તી ખાધેલા તુર્કી સવારોમાથી-બે જુવાન દૂરથી દોડતા જોયા

તુરત રોકારબંદ ઉપરથી તેણે પેચદાર કમંદ ખોલી-અને પેલા તુર્કીઓમાના એકની ગર્દનમા નાખી,

તેને ઘોડા ઉપરથી નીચે નાખ્યો અને જીવતદાન બક્ષ્યુ અને અમન કરી તેને પોતાનો એક મદદગાર બનાવી લીધો

પછી ત્યાથી શિતાબી કરતો લહાક અને ફર્શીદવર્દની તરફ દોડતો ૨૧૯
આવ્યો

તેણે તે લશ્કરના સરદારોને ખાક ઉપર ઊંધા પડેલા અને લોહીમા ગર્ક થયલા જોયા.

તેઓના સર આગળ તેઓના લડાયક ઘોડા ચરતા હતા-અને તે સરદારોની નઝદીકજ તેઓએ પોતાની ચરવાની જગ્યા બનાવેલી હતી,

જ્યારે બીઝને એ પ્રમાણે જોયુ ત્યારે ગોસ્તહમ ઉપર દુઆ કીધી કે જેણે પુરેપુરો કીનો લીધો હતો.

પછી તેણે પેલા જીવતદાન બક્ષેલા તુર્કને-તે લશ્કરના સરદારોને ઝીન ઉપર ચઢાવવા ફરમાવ્યું.

બજાનજા સુએ ગોસ્તહમ તાઝેયાન્
બેયામદ બસાને પલન્ગે ઝેયાન્
ફેરૂદ આમદ અઝ અસ્પો ઊરા શુ બાદ
બીઆઝારી નરૂમ્ અઝ બરે ઝીન્ નેહાદ
બદાન્ તુર્ક ફરૂમૂદ તા બરનેશસ્ત
બઆધૂરી ઊ અન્દર આવરૂદ દસ્ત
સમન્દે નવન્દશ હમીરાન્દ નરૂમ
બશ્ બર્ હમી આફ્રીન્ ખાન્દ ગરૂમ
મગર્ ઝેન્દહ ઊરા બરે શહરૂયાર્
તવાનદ રસાનીદ અઝાન્ કાર્ઝાર્
૨૨૦ હમી રાન્દ બીઝન્ પુરઝ દર્દો ઘમ
રવાનશ પુરઝ અન્દોહે ગોસ્તહમ

અને ત્યાથી તે મસ્ત ચિત્તાની મિસાલ ગોસ્તહમ તરફ દોડતો આવ્યો.

તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને તેને પવનની માફક-જરાપણ ઈજા કર્યા વગર ધીરજથી ઝીન ઉપર મૂકયો.

અને પેલા તુર્કીને ફર્માવ્યું જેથી તે પણ સવાર થયો-પછી ઘોસ્તહમને બગલમાથી પકડી રાખી,

તેણે પોતાના રાહ કાપનાર ઘોડાને ધીમે ધીમે હકાર્યો-તે તેને માટે ખરાં દિલથી અવી દોઆ માગતો હતો,

કે "તે તેને આ લડાઈગાહમાથી જીવતો પાદશાહની આગળ પુગાડે."

એ પ્રમાણે બીઝન દુખ અને ગમ ભરેલો ઘોડો ચલાવતો હતો-તેનો જીવ ગોસ્તહમના દુખથી ગમગીન હતો

દખ્મહ્ ફર્મૂદને કયખુસવ્ મર્ પીરાન્ વ સરાને તૂરાન્ વ કોશતને ગોર્વઝિરેહ્રા.

કયખુસરૂનું પીરાન અને તૂરાનના સરદારો માટે દખ્મુ બનાવવા ફર્માવવું અને ગોર્વઝિરેહને મારી નખાવવું

ચુ અઝ રૂઝ નોહ્ સાઅત્ અન્દર્ ગુઝશ્ત
ખુર્ અઝ ગુમ્બદે ચર્ખે ગર્દૂન્ બેગશ્ત
જહાનદાર્ ખુસવ્ બાનગ્હે સેપાહ્
બેયામદ બરાન્ દસ્ત બા ફરૂરો જાહ્
પઝીરહ્ શુદન્દશ પેયાદહ્ સરાન્
હમહ્ નામદારાનો જન્ગાવરાન્
હમી ખાન્દન્દ આફ્રીન્ બેઝદાન્
બરાન્ શહરૂયારો સરે મૂબદાન્
શુનાન્ હમ હમીબૂદ બર્ અસ્પ્ શાહ્
બદાન્ તા બેબીનન્દ રૂયશ સેપાહ્
બર્ ઈરાન્ હમી ખાન્દ શાહ્ આફ્રીન્
કે આબાદ બાદા બગોર્દાન્ ઝમીન્
બઆઈન્ પસે પોશ્તે લશ્કર્ શુ કૂહ્
હમી રફ્ત ગૂદરૂઝ ખુદ બા ગોરૂહ્
હમાન્ દહ્ મુબારેઝ કે દર્ રઝમગાહ્
બરૂઆવર્દહ્ બૂદન્દ ગરૂદ અઝ સેપાહ્
સરે કોશતગાનરા ફેગન્દહ્ નેગૂન્
સેલીહો તનો જામહા પુર્ ઝે ખૂન્
૨૨૧ પસે લશ્કર્ અન્દર્ હમી રાન્દન્દ
અબર્ શહરૂયાર્ આફ્રીન્ ખાન્દન્દ
શુ ગૂદરૂઝ નઝદીકે ખુસવ્ રસીદ
પેયાદહ્ શુદ અઝ દૂર્ ઊરા બેદીદ
સેતાયેશ કુનાન્ પહલવાને સેપાહ્
બેયામદ બેધક્તીદ દર્ પીશે શાહ્
હમાન્ કોશ્તગાનરા બખુસવ્ નમૂદ
બેગોફ્ત આન્ કે હમરઝમે હર્ કસ કે બૂદ
ગોરૂઇઝેરેહ્રા બેયાવરૂદ ગીવ્
દવાન્ તા સેપહ્દારે ઈરાને નીવ્

જ્યારે દહાડાના નવ કલાક પસાર થયા-અને સૂર્ય ફરતા આસ્માનનો ગુમ્મદ છોડી ચાલ્યા.

ત્યારે પાદશાહ કયખુસરૂ પોતાના દબદબા અને મરતબા સાથ તે જ ગલમા લશ્કરની નઝદીક આવ્યો

તમામ સરદારો, નામદારો અને લડાયકો પ્યાદા પાદશાહને અસ્તેક બાલ ગયા

દાનાઓ તે પોતાના પાદશાહ અને મોબેદોના સરદાર ઉપર દોઆ કીધી.

પાદશાહ પોતે ઘોડા ઉપરજ બેસી રહ્યો-કે જેથી પોતાનુ લશ્કર તેનો ચેહરો જોય

પછી પાદશાહે તેઓ ઉપર દુઆ કીધી કે "મારા પેહલવાનોથી ઈરાનની સર ઝમીન સદા આબાદ રહેજો!"

પાદશાહના તે પહાડ જેવા લશ્કરની પૂઠે રેવાજ મૂજબ-સરદાર ગૂદર્ઝ પોતાના લશ્કર સાથ ચાલતો હતો.

તેની સાથે પેલાજ લડવૈઆ કે જેઓએ લડાઇગાહમાં-દુશ્મનના લશ્કર માથી તેઓની ગર્દ કાઢી નાખી હતી તે હતા

તેઓએ માર્યા ગયલાઓના સર ઊંધા નાખ્યા હતા-જેઓના બખ્તર અને તન તથા કપડા લોહીથી ભરેલા હતા

તે પેહલવાનો લશ્કરની પછાડી પાદશાહ ઉપર દોઆ કરતા કરતા ચાલતા હતા

જ્યારે ગૂદર્ઝ ખુસરૂની નઝદીક આવી પહોચ્યો-અને તેને દૂરથી જોયો ત્યારે તુરત પેયાદો થયો

તે લશ્કરનો સરદાર સેતાયશ કરતો કરતો-આવી પાદશાહની આગળ ઝમીન ઉપર પડયો.

તેણે પેલા માર્યા ગયલાઓને ખુસરૂને બતાવ્યા-અને કોણ કોણનો હરીફ થયો હતો તે સઘળુ કહ્યું

પછી ગીવ ગોર્વઝિરેહને દોડાવતો ઈરાનના બહાદુર પાદશાહ પાસે લઈ આવ્યો.

ચુ ખુસ્રવ ગોરૂઇઝેરેહૂરા બેદીદ
યકી આહે સરૂદ અઝ જેગરૂ બરૂકશીદ
ઝે અસ્પ્ અન્દરૂ આમદ સબુક્ શાહૂરયારૂ
હમી આફ્રીન્ ખાન્દ બરૂ કેર્દેગારૂ
ઝે યઝદાન્ સેપાસો બદૂયમ પનાહૂ
કે ઊ દાદ પીરૂઝીઓ દસ્તગાહૂ
સેતાયેશ હમી કરૂદ બરૂ પાય શાહૂ
ઝે સરૂ બરૂગેરેફૂત આન્ કયાની કોલાહૂ
ઝે દાદારૂ બર્ પહૂલવાન આફ્રીન્
હમી ખાન્દો બરૂ લશ્કરશ હમચુનીન
કે અય નામદારાને ફૅર્ખોન્દહૂ પય
શુમા આતેશો દુશ્મનાન્ હમચુ નય
સેપહૂદા ... ... દૂદમાન્
કે બાશન્દ બરૂસાને આતેશ દમાન્
હમહૂ જાનો તનહા ફેદા કર્દેહૂ અન્દ
દમ અઝ સહૂરે તૂરાન્ બરૂઆવર્દેહૂ અન્દ
પણ જ્યા સૂધી કે તેણે દરેક બદીથી દુન્યાને પાક કીધી-અને તમામ જેહાન ધાસ્તી અને બીક વગરની બનાવી ત્યા સૂધી કમર બાંધેલી રાખી.

તેનાથી સિયાવક્ષનું રવાન સજીવન થયું-અને તમામ દુન્યા તેની તાબેદાર બની"

પછી જેહાનના પાદશાહે કહ્યું-કે "ઓ નામદારો અને મુબારક સરદારો!

તમો તમારા બાયડી છોકરાને શેહરની બાહેર લઇ જાઓ-અને મય દાનમા ખાણીપીણી કરી ખુશહાલી પાળો"

પછી પાદશાહે ગરીબોને, પોતાના નોકર ચાકરોને તેમજ સગાં વહાલાઓને સઘળી ચીઝોની બક્ષેશ આપી

એ કામથી ફારેગ થઈ પાદશાહ ખુશહાલી કરવા પડયો-પાદશાહી ખાન્દાનના પેહલવાનોએ ચાલવા માંડયું

જેઓ ઝરસ્પની ઓલાદથી ઉતરેલા-તેઓ સર્વ આઝર ગોશસ્પના ૪૮૬
આતશકદેહ આગળ બાંધેલા પાદશાહી મેહલમા આવ્યા

ચાલીસ દિવસ સૂધી કયાની કાઊસ પાદશાહની સાથે-તેઓ ખાણીપીણીમા અને ગાવામા મશગૂલ હતા

જ્યારે આસ્માન ઉપર ચાદરાતનો ચંદ્ર જવાન શાહના સર ઉપરના સોનેરી તાજની માફક પ્રકાશતો થયો,

ત્યારે સઘળા બુઝોર્ગો પાર્સ તરફ ગયા-અને લડાઈ તેમજ ઝઘડાથી આસાયેશ મેળવી,

પાર્સ શેહર તરફ જતા રસ્તામા જે જે શેહરો આવતા અને તેઓ જ્યાં ઉતરતા હતા-ત્યા પાદશાહની હુઝૂર લોકો એકઠા થતા હતા

અને પાદશાહ પોતાની કોથળીઓના મોઢા ખોલતો હતો-જેથી પરહેઝગાર મર્દો તવગર બનતા હતા

પાદ્શાહીએ કયખુસવ્ શસ્ત્ સાલ્ બુદ્ મોર્દને કયકાઊસ્ વ બર્ તખ્ત્ નેશસ્તને કયખુસવ્.

ચુ બા અયમની ગશ્ત કાઊસ બેફૂત
હમહુ રાઝે દેલ પીશે યઝદાન્ બેગોફૂત
ચુનીન્ ગોફ્ત કય બરૂતરૂ અઝ રૂઝગારૂ
તો બાશી બહરૂ નીકી આમૂઝગારૂ
ઝે તૂ યાફ્તમ ફ્રૂરો અવરન્દો બખ્ત
બુઝોર્ગીઓ મર્દીઓ દીહીમો તખ્ત

કયખુસરૂની પાદશાહી સાઠ વર્ષ હતી કયકાઊસનું મરણ અને કયખુસરૂનું તખ્તનેશીન થવું.

હવે જ્યારે કાઊસ નચિન્ત બન્યો-ત્યારે તેણે પોતાના દિલનો તમામ ભેદ પાક યઝદાનની નઝદીક કહ્યો

તે બોલ્યો કે "ઓ ઝમાનાથી પણ વધુ શક્તિ ધરાવનાર સાહેબ!-તુંજ દરેક નેકીનો શીખવનાર છે

હું તારીથીજ ખોરેહ, દબદબો, બુલંદ નસીબ, બુઝોર્ગી, પેહલવાની, તાજ અને તખ્ત પામ્યો છું

નકર્દી કસીરા ચુ મન બહુરહુમન્દ
કે ગન્જો કે તખ્તો કે નામે બલન્દ
૪૮૭ કે તુ ખાસ્તમ તા યકી નામવરૂ
બકીને સેયાવુશ બેબન્દદ કમરૂ
નબીરહુ બદીદમ જહાનબીને ખીશ
કુજા કીને મન કરૂદ ચૂન કીને ખીશ
જહાનજૂય બા ફરૂહે બોઝોર્ગ ખરદ
કે શાહાને ગીતી હમી બુગ્ઝરદ
ચુ સાલમ સે પન્જાહ બરૂ સરૂ ગુઝશ્ત
સરે મૂએ મુશકીન ચુ કાફૂરૂ ગશ્ત
હમાન સર્વે નાઝન્દહુ શુદ ચૂન કમાન
નદારમ ગેરાન ગરૂ સરૂ આયદ ઝમાન
બસી બરૂ નેયામદ બરીન રૂઝગારૂ
કજુ નામ માન્દ અઝ જહાન યાદગારૂ
જહાનદારૂ કયખુસ્રવ આમદ કે ગાહુ
નેશસ્ત અઝ બરે તીરહુ ખાકે સેયાહુ
અઝ ઈરાનેયાન હરૂ કે બુદ નામજૂય
પેયાદહુ બેરફૂતન્દ બીરન્ગો બૂય
હમહુ જામહા શાન કબૂદો સેયાહુ
દો હફતહુ બેબૂદન્દ બા સૂગે શાહુ
કે બહુરે સુતૂદાનશ કાખે બલન્દ
બેકર્દન્દ બાલાએ ઊ દહુ કમન્દ
૪૮૮ બેઓર્દન્દ પસ પાએકારાને શાહુ
દબીકીઓ દીબાએ રૂમી સેયાહુ
બરૂ રીખ્તહુ ઊદો કાફૂરો મુશ્ક
તનશરા બદૂ દરૂ બેબસ્તન્દ ખુશ્ક
નેહાદન્દ ઝીરૂ અન્દરશ તખ્તે આજ
બસરૂ બરૂ ઝે મુશ્કો ઝે કાફૂરૂ તાજ
ચુ બરૂગશ્ત કયખુસ્રવ અઝ પીશે તખ્ત
દરે ખાબ્ગહુરા બેબસ્તન્દ સખ્ત
કસી નીઝ કાઊસે કયરા નદીદ
ઝે કીનો ઝે આવરૂદગહુ આર્મીદ
ચુનીનસ્ત રસ્મે સરાએ સેપન્જ
નમાની દરૂ જાવેદાની મરન્જ
ન દાના ગુઝરૂ યાબદ અઝ ચન્ગે મરૂગ
ન જન્ગઆવરાન ઝીરે ખફૂતાનો તરૂગ
અગરૂ શાહુ બાશીમો ગરૂ ઝારો ગેશ્ત
નેહાલીન ઝે ખાકસ્તો બાલીન ઝે ખેશ્ત

બશાદી નેશીનો હમહુ કામ જૂય
અગરૂ કામે દેલ યાફૂતી નામ જૂય
હમહુ કારૂહાએ જહાનરા દરૂ અસ્ત
મગરૂ મરૂગરા કાન દરે દીગરૂ અસ્ત

૪૮૯ અગરૂ ઉમરૂ બાશદ હઝારો દોવીસ્ત
બજોઝ ખાકે તીરહુ તોરા જાએ નીસ્ત
ચુનાન દાન કે ગીતી તોરા દુશ્મનસ્ત
ઝમીન બેસ્તરો ગૂરૂ પીરાહનસ્ત
બેહલ રૂઝ સૂગે નેયા દાશ્ત શાહુ
કે શાદી શુદહુ દૂરૂ વઝ તાજો ગાહુ

તે કોઇને પણ મારી માફક ખઝાના, તખ્ત અને બુલદ નામથી નસીબવંત કીધો નથી.

મે તારી પાસે એવું માંગ્યુ કે 'કોઇ નામવર-મારા સિયાવક્ષના કીના ઉપર કમર બાધે'

અને તેવી રીતનો મે મારો નબીરો અને તેનો પોતાનોજ છોકરો જોયો-કે જેણે મારા કીનાને પોતાનાજ કીના તરીકે ગણ્યો

એ ઝળકાટ, દબદબા અને ડહાપણ સાથનો પાદશાહ-દુન્યાના બીજા પાદશાહો કરતા આગળ વધી જાય છે

હવે જ્યારે મારી ઉમરના દોઢસો વર્ષ પસાર થઈ ગયા છે-અને મારૂ કસ્તુરી જેવા બાલવાળુ સર કપૂરની મિસાલ સફેદ થયુ છે

તેમજ આ લાડ કરનારૂ સરોવર જેવુ બદન કમાનની મિસાલ વાકું વળ્યુ છે, હવે જો મારી અઝલ આવે તો મને લાગવાનું નથી"

(ફિર્દોસી કહે છે કે) ઉપલા બનાવ ઉપર ઘણો વખત ગયો નહીં (એટલામા કાઊસ ગુઝર્યો)-અને તેનુ નામ દુન્યામા યાદગાર રહી ગયુ

તેના ગમમા પાદશાહ કયખુસરૂ તખ્ત ઉપરથી નીચે ઉતરી-સીઆહ ખાક ઉપર બેઠો

તેમજ જે કોઈ ઈરાની નામદારો હતા તેઓ સઘળા દિલગીરી સાથે પેયાદા ચાલતા ત્યા ગયા

તેઓ સઘળા બલ્કુ કાળા કપડા પેહેરીને બે હફતા સૂધી પાદશાહના સોગમા રહ્યા

તેના શબના હાડકા જાળવવા માટેની જગ્યા થકી એક ઊચો કીર્તિ સ્તમ્ભ બાધવામા આવ્યો-જેની ઊચાઈ કોઈ દશ કમદ જેટલી રાખી

ત્યાર બાદ પાદશાહના પેશકારો કાળા ચીતારના રૂમી રેશમી કપડા લઈ આવ્યા.

તેના ઉપર અગરના લાકડાનો ભૂકો, કપૂર અને કસ્તુરી પાથરી-અને તેમા તેનાં શરીરને કોરડુ લપેટિયુ

અને તે શબને હાથીદાતના તખ્ત ઉપર મૂકયુ અને તેના સર ઉપર કસ્તુરી તથા કપૂરનુ તાજ મેલ્યુ

જ્યારે કયખુસરૂ તેના તખ્ત આગળથી પાછો ફર્યો-ત્યારે કાઊસની આરામગાહનો દરવાઝો મઝબૂત બદ કીધો.

ત્યાર પછી કોઇએ કયકાઊસ પાદશાહને જોયોજ નહીં-અને તે પણ કીના અને લડાઈથી આસાયેશ લેવા પડયો

આ મુસાફરખાનારૂપી દુન્યાની રાહરસ્મ એવીજ રીતની છે-જેમા તુ કદીપણ જાવેદાન સૂધી રહેવાનો નથી માટે ફોકટ રજ ના ખેડ

મોતની ચુગાલમાથી ગમે એવો દાના માણસ તેમજ બખ્તર અને લોઢાની ટોપી પેહેરનારા લડાયક પેહલવાનો પણ છટકી શકવાના નથી

અગર આપણે શાહ (યાને શેઠ) હોઇયે અથવા કગાળ કદરૂપા ભીખારી હોઇયે પણ શેવટે આપણું બિછાનુ માટીનુજ થવાનું અને તકયો ઇટ કે પત્થરનોજ બનવાનો

માટે તુ ખુશહાલ રહે અને તારી મુરાદ બર લાવ-અને જ્યારે તારી મુરાદ બર આવી કે પછી નેકનામી મેળવ

દુન્યામા મોત સિવાય આપણી ઝિદગીનાં સર્વ કામના દરવાઝા હોય છે (એટલે તેના ઈલાજો મળી આવે છે)-પરતુ પોતાનો દરવાઝો જુદોજ છે (યાને મોતનો ચારો નથી, તે આવવાનુજ ખરૂ)

અગર તારી ઉમર બારસો વર્ષની પણ થાય-તોયે સીઆહ ખાક સિવાય તારી બીજી જગ્યાજ નથી

તું એમજ યાદ રાખજે કે આ દુન્યા તારી દુશ્મન છે-આ ઝમીન તારૂં બિછાનું અને ગોર તારૂં પેહેરણુ છે.

હવે પાદશાહ કયખુસરૂએ ચાળીસ દીવસ સૂધી અપાવાનો સોગ રાખ્યો-અને તેટલો વખત તે ખુશહાલી અને તાજ તખ્તથી દૂરજ રહ્યો.

બએહુલો ચકમ રૂઝ બરૂ તખ્તે આજ
બસરૂ બરૂનેહાદ આન્ દેલફ્રૂઝ તાજ
સેપાહુ અન્જુમન્ શુદ બદરૂગાહે શાહુ
રદાનો ખુઝોર્ગાને ઝરૂરીન્ કોલાહુ
બશાદી બરૂ આફ્રીન્ ખાન્દન્દ
બરાન્ તાજ બરૂ ગઉહરૂ અફૂશાન્દન્દ
ચકી સૂરૂ ખુદ દરૂ જહાન્ સરૂબસરૂ
કે બરૂ તખ્ત્ બેન્શસ્ત પીરૂઝગરૂ

અને એકતાળીસમે દિવસે પાદશાહ હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો—અને પેલુ દિલ રોશન કરનારૂં તાજ સર ઉપર મેલ્યું.

પાદશાહની દરગાહમાં લશ્કર, સોનેરી કોલાહના સરદારો અને બુઝોર્ગો એકઠા થયા

તે સઘળાઓએ તેની ઉપર ખુશહાલી સાથ દુઆ કીધી—અને તેનાં તાજ ઉપર ગોહરો વધાવ્યા.

તમામ દુન્યામા ખુશહાલી પથરાઇ રહી-કે "ફતેહમંદ પાદશાહ કયખુસરૂ તખ્તનેશીન થયો"

રહા કર્દને કયખુસરૂ જહૂનરા અઝ્ બન્દ્ વ દાદને પાદ્-શાહીએ તૂરાન્ ઊરા.

બેફરૂમૂદ તા જહુને અફ્રાસેયાબ્
બેયારન્દ દરૂ પીશ બા જાહો આબ્
બેરફ્તન્દ ફર્માન્‌બરાન પીશે ઊય
બનઝદીકે જહુન્ આવરીદન્દ રૂય
ચુ દીદન્દ મરૂ જહુન્‌રા પાએ બન્દ
શેકસ્તન્દ આન્ બન્દરા બી ગઝન્દ
બેઆર્દન્દ પસ મરૂદરા નઝદે શાહુ
બેયામદ બદાન્ નામવરૂ બારૂગાહુ
ચુ ચશમશ બરૂઆમદ બરાન્ શહ્રૂયારૂ
ઝમીન્‌રા બેબૂસીદ બીચારહુ વારૂ
ચુ નઝદીકે આન્ શાહે નીકાન્ રસીદ
ઝે દેલ્ મઉજે ખૂનશ બમેઝ્ગાન્ રસીદ
હમી બૂદ ગેર્યાન્ બરે શાહુ બપાય
ચકી નામવરૂ બૂદો ફર્ખોન્દહુ રાય
ચુ ખુસ્રવ્ બદાન્ ગૂનહુ મેહ્રશ બેદીદ
ચકી બાદે સરૂદ અઝ જેગરૂ બરૂકશીદ
ઝે ખૂની કે બુદ બહુરએ માદરી
બેજૂશીદો શુદ ચેહ્રહશ આઝરી
વઝાન્‌પસ ફેરૂરીખ્ત બરૂ ચેહ્રહુ આબ્
બસી યાદ કરૂદ અઝ રદ અફ્રાસેયાબ્
કે ગરૂ ઊ નશુસ્તી બખૂન્ દસ્ત પીશ
નેગહુ દાશ્તી દીનો આઇનો કીશ
નકર્દી ઝે ખૂન્ સોરૂખ રીશે સફીદ
નગશ્તી ઝે બૂમો ઝે બરૂ નાઉમીદ
મનશ બૂદમી પીશ ફર્ઝન્દ વારૂ
નખાન્દમ મન્ ઊરા મગરૂ શહ્રૂયારૂ
વલીકેન્ ચુનીનસ્ત બદ રૂઝગારૂ
કઝૂ બરૂગ્ ઝહરસ્તો બારસ્ત મારૂ
ચુ જહુન્ ઈન્ શનીદ અઝ લબે શહ્રૂયારૂ
બજાન્ અયમની યાફ્ત અઝ રૂઝગારૂ
બસી આફ્રીને ખુઝોર્ગાન્ બેગોફ્ત
બદાન્ કશ બેરૂન્ આવરીદ અઝ નેહોફ્ત

કયખુસરૂનું જેહનને કયદમાંથી છોડવવું અને તેને તૂરાનની પાદ-શાહી આપવી.

પછી પાદશાહે ફર્માવ્યુ કે "અફ્રાસિયાબના છોકરા જેહનને—માન મરતબા અને આબરૂ સાથ મારી આગળ લાવે"

જેથી ફર્માન બર્દારો પાદશાહ આગળથી—જેહનની નઝદીક ગયા

જ્યારે તેઓએ જેહનને કયદ પડેલો જોયો—ત્યારે તુરત તેઓએ વગર ઈઝાએ તેના બંદ તોડી નાખ્યા

પછી તે શખ્સને પાદશાહની નઝદીક લઈ ગયા—જેહન તે નામીચો ૪૯૦
દરબારમા દાખેલ થયો

જ્યારે તેની નઝર પાદશાહ ઉપર પડી—ત્યારે તેણે લાચારોની માફક ઝમીનને બોસો લીધો

જ્યારે તે નેક લોકોના પાદશાહની નઝદીક જઈ પહોચ્યો—ત્યારે તેનાં દિલમાથી આસુના મોજા તેના પાપણ ઉપર જઇ પહોચ્યા

જેહન કે જે એક મુબારક વિચારનો નામવર નર હતો—તે રડતો પાદશાહની નઝદીક ઉભો રહ્યો

જ્યારે કયખુસરૂએ તેની એવી રીતની મોહબત જોઈ-ત્યારે તેણે જીગરમાથી એક સર્દ હાય ખેચી

અને જે લોહીનો હિસ્સો કે તેની મા તરફથી તે ધરાવતો હતો—તે લોહીએ ઉછાળો માર્યો અને તેનો ચેહરો આતશી રંગનો લાલ બન્યો

ત્યાર પછી તેણે પણ પોતાના ચેહરા ઉપર આસુ પાડયા—અને પાદશાહ અફ્રાસિયાબને ઘણોક યાદ કીધો,

કે "અગરજો તેણે પહેલેથીજ ખૂનમા હાથ નહીં ધોયા હતે—અને દીનધર્મ તેમજ રાહ રવેશને સાચવી રાખી હતે,

તો તે પોતાની સફેદ દાઢી લોહીથી રાતી નહીં કરતે—અને પોતાની સરઝમીનથી નાઉમેદ નહીં થતે

તેમજ હુ પણ તેની આગળ એક ફર્ઝંદની માફક ઉભો રહેતે—અને તેને હુ પાદશાહ સિવાય બીજી કોઈપણુ રીતે બોલાવતે નહીં

પણ બૂરો ઝમાનો એવીજ રીતનો હોય છે—કે જેનાં પાદડા ઝેહર ૪૯૧
જેવા કડવા અને ફળ સાપ જેવા ઝેહરી હોય છ"

જ્યારે જેહને પાદશાહને મોઢેથી એવી રીતનુ સાંભળ્યું—ત્યારે તેણે ઝમાનાથી પોતાના જીવ માટે નચિન્તાઈ મેળવી

પાદશાહ કયખુસરૂએ તેને બંદમાથી છોડવ્યો—તે માટે તેણે તેની ઉપર બુઝોર્ગોને લાયકની ઘણીક દોઆ કીધી

કે બાશીદ બાદી તો બા તાજો તખ્ત
હમીશાહ બહરૂજાએ ફીરૂઝબખ્ત
શેહાને જહાન્ પીશે તુ બન્દહ અન્દ
બઝાન્ બન્દગી સરૂ ફરાઝન્દહ અન્દ
મન્ અકૂનૂન્ રહીએ સરાએ તો અમ
બહરૂજા કે બાશમ બરાએ તો અમ
બમીન્ જોઝ બફ્રમાને તુ નેસ્પરમ
વઝાનૂથમ તો ફ્રમાંન્ દેહી નુગઝરૂમ
ચુ ઈન્ ગોફ્તા ઊ શાહ બરૂ પાએ ખાસ્ત
નેશાન્દશ બરાન્ તખ્ત બરૂ દસ્તે રાસ્ત
બગોફ્તશ કે ચૂની દરીન્ રૂઝગારૂ
કે દીદી હમહ પન્દે આમૂઝગારૂ
બરૂઆસાય અકૂનૂનો બરૂ ખુરૂ ઝે બખ્ત
તોરા દાદ ખાહમ હમાન્ તાજો તખ્ત
૪૫૨ હમાન્ કેશ્વરે તૂરૂ દાદમ બતૂ
કઝાન્ તોફ્મએ તૂરૂ શાદમ બતૂ
નબીરહ પશાન્ગી ફરીદૂન નેઝાદ
નબાયદ કે પીચી તો સરૂરા ઝે દાદ
મરા બા તો મેહરસ્તો પયવન્દે ખૂન્
નબાયદ કે આઈ ઝે પન્દમ બેરૂન્
બબાયદ કે ગીરી તો ગીતી બહીચ
ઝે દાનેશ રહે દાદરા સરૂ મપીચ
વગરૂ ઝાન્ કે અઝ દાદ પીચી તો સરૂ
સરતરા બેબુરૂરમ બસાને પેદરૂ
પેદરૂત અઝ બદી કરૂદ ગીતી રહા
બદૂઝખ શુદ અન્દરૂ દમે અઝદહા
ચુ દીવાન બદીન્ રાહો આઈન્ ગેરેફ્ત
ઝે યઝદાન્ બુરીદો કમે દીન્ ગેરેફ્ત
સેયાવૂશરા બીગુનહ ચૂન્ બેકોશ્ત
બયારહ મન્ આવર્દમ ઊરા બમોશ્ત
બમર્દીઓ અઝ રાહો આઇને ખીશ
બજોસ્તમ અઝૂ મન્ હમહ કીને ખીશ
સરશરા બુરીદમ બસાને ચકાવ
બેઘલતીદ દરૂ ખાક બી તુશો તાવ
૪૫૩ બખૂન્ સોરૂખ શુદ રીશો મૂએ સફીદ
બનાચારૂ ગશ્ત અઝ જહાન્ નાઉમીદ
ન બેશીસ્ત બરૂ વય કસી હીચ ઝારૂ
બદાન્ કશ બદી બૂદ આઇનો કારૂ
ઝે ઝહ્હાકો તૂરૂ આન્ સેતમગારગાન્
બગૂયમ કે બૂદન્દ ખૂનખારગાન્
કે ઝહ્હાક કોશ્તસ્ત જમરા બકીન્
દેગરૂ તૂરૂ કોશ્ત ઈરજે પાક દીન્
બયઝદાન્ નેગરૂ તા ઝે દસ્તે દો શાહ
બરીશાન્ ચે આવરૂદ દરૂ રઝમગાહ
ફરીદૂન્ દેઅન્દ આન્ કમન્દે યલી
બનીરૂએ યઝદાનો અઝ પુરૂદેલી
ગેરેફ્ત આન્ સેતમગારહ ઝહ્હાકરા
ઝે તખ્ત અન્દરૂ આવરૂદ નાપાકરા
બબોર્દ દેગન્દશ બચાહ અન્દરૂન્
નેહાદશ યકી કુહ બરૂ સરૂનેગૂન્

કે "તું પાદશાહ જાવેદાન સુધી તાજ અને તખ્ત સાથ કાયમ રહેજો-અને દરેક જગ્યાએ હમેશે ફતેહમંદ બખ્તનો થજે!

દુન્યાના પાદશાહો તારી નઝદીક તાબેદાર છે-અને તે તારી તાબેદારીને સબબેજ તેઓ સરફરાઝ થયલા છે

હું તારી દરગાહનો એક કમીનો ચાકર છુ-અને જ્યાં કેથે હોઈશ ત્યાં તારાજ હોકમ પ્રમાણે ચાલીશ:

તારા હોકમ વિના એક પગલું પણ ભરીશ નહીં-અને તું જે કાંઇ મને હોકમ ફર્માવશે તેથી ફરીશ નહીં"

જ્યારે જેહન એ પ્રમાણે બોલ્યો ત્યારે પાદશાહ પોતે ઉભો થયો-અને તેને તખ્ત ઉપર પોતાના જમણા હાથ તરફ બેસાડયો

પછી તેને કહ્યુ કે "ધડો આપનારા ઝમાનાથી બધી રીતનો ધડો તને હવે મળિયો હશે હવે ઝિંદગી તને કેવી લાગે છે?

હવે તુ આસાયેશ લે અને તારા નસીબના ફળ ચાખ-હુ તને તેજ તાજ અને તખ્ત પાછુ આપવા માગુ છુ.

તેમજ તૂરાનનો સઘળો મુલક હુ તને સોપી આપુ છું-કારણકે તૂરના ખાન્દાનમાથી હુ ફક્ત તારી ઉપરજ ખુશહાલ છુ

તુ પશાગનો નબીરો અને ફરીદૂનની ઓલાદનો છે-એવુ નહીં બનવુ જોઇયે કે તારા સરને ઈન્સાફથી ફેરવે

મને તારી સાથે મોહબત અને લોહીનુ જોડાણ છે-એવુ ન થાય કે તુ આ મારી શીખામણ વીસરી જાય

તુ આ દુન્યાને તદ્દન તુચ્છ સમજજે-અને દાનાઈથી ઈન્સાફની રાહ પકડજે

પણ જો ઇન્સાફથી તુ સર ફેરવશે-તો હુ તારૂ સર તારા બાપની માફક કાપી નાખીશ

તારા બાપે બદી કીધાથી દુન્યા છોડી-અને દોઝખમા અઝદહાના દમમા પડયો

દેવોની રાહરસ્મ તેણે લીધી હતી-અને પાક યઝદાનને છોડી દીધો તેમજ દીનને તુચ્છકારી કાઢી.

જ્યારે તેણે સિયાવક્ષને બેગુનાહ મારી નાખ્યો-ત્યારે મે તેને અનેક યુક્તિથી પકડયો

અને મેં મર્દાનગીથી તેમજ મારી રાહ રીતી મુજબ-મારો સઘળો કીનો તેના ઉપર લીધો

મે તેનાં સરને ચકાવ પક્ષીના સરની માફક કાપી નાખ્યુ-જેથી તે કાંઈ પણ ઝોર કે શક્તિ વગર ખાકમા ગબડી ગયો

તેની સફેદ દાઢી અને બાલ લોહીમા રાતા થયા-અને આખેરે તે આ જેહાનમા નાઉમેદ બની ચાલી ગયો

કોઈ તેની ઉપર ઝાઝુ રડયુ કુટયુ પણ નહી-કારણકે તેની રીત ભાત અને કામો ભૂડાઈ ભરેલાજ હતાં

પેલા ઝુલ્મગાર ઝહ્હાક અને તૂર માટે-હું કહુ છું કે તેઓ પણ ખૂનીજ હતા

કારણકે ઝહ્હાકે જમશીદને કીનાથી મારી નાખ્યો-અને તૂરે પાક દીનના પાદશાહ એરચને માર્યો

ખોદા તરફ જો કે બે શાહોના હાથે-ઝાલેમોની ઉપર લડાઈનાં મયદાનમાં શું શુ વીટિયુ ?

પાક યઝદાનના આપેલા કૌવતની બરકતથી અને પોતાની બહાદુરીથી-પાદશાહ ફરીદૂને પોતાની પેહલવાની કમંદ નાખી,

તે સીતમગાર ઝહ્હાકને પકડયો-અને તે નાપાકને તખ્ત ઉપરથી નીચે નાખ્યો.

પછી તેને ખેચી જઇને ઊંડા ગારમાં નાખ્યો-અને તે ઊંધા પડેલાંનાં સર ઉપર પહાડની માફકનો એક પત્થર મૂકયો.

પરસ્તન્દહુ મર્દુમ ઝે આઝારે ઊય
સરૂઆમદ હમહુ જન્ગો પયકારે ઊય
દેગરૂ બીન્ મેનૂચેહરે આન્ દાદગરૂ
કે બસ્ત અઝ પયે કીને ઈરજ કમરૂ
અઝ ઈરાન્ બેરફ્તો બેશુદ તા બચીન્
દેલશ પુર્ ઝે બાદો સરશ પુર્ ઝે કીન્
બનીરૂએ યઝદાને પીરૂઝગરૂ
ઝે તૂરે સેતમગરૂ જુદા કરૂદ સરૂ
ચુનીનસ્ત ફર્માને યઝદાનો રાહ
કે હરૂ કસ કે બુરૂરદ સરે બીગુનાહુ
સરશરા બેબુરૂરન્દ બી તર્સો બાકૂ
સેપારન્દ નાપાકદેહરા બખાકૂ
નેગરૂ તા નબાશી તો ઝીનહાઓ બસ
કે કસરા નદીદન્દ ફર્યાદરસ
બપાસોખ બરૂઆરાસ્ત જહુન્ આન્ ઝમાન્
કે અય દાદગરૂ શહરૂયારે જહાન્
બફર્માને તૂ મન્ બેબન્દમ કમરૂ
નેહમ પીશે તખ્તે તો બરૂ ખાકૂ સરૂ
હમઝ બન્દગાને તો મન્ કેહતરમ
ન બા તખ્તો તાજો ન બા અફૂસરમ
બતુરાન્ ઝમીન્ ગરૂ ફેરેસ્તી મરા
નેયાયેશ કુનમ પીશે યઝદાન્ તોરા
ફેરેસ્તમ બહરૂ સાલ મન્ બાજો સાવ
બપીશે તો ઝાન્ચમ બુવદ તૂશો તાવ
બહરૂ ચન્દ ગાહમ બેબન્દમ કમરૂ
બેઆયમ બેબીનમ રોખે તાજવરૂ
બેબૂસમ ઝમીન્ પીશે તખ્તે તોરા
કુનમ આફ્રીન્ તખ્તો બખ્તે તોરા
નેસારૂ આવરમ મુશ્કો ઊદો અબીરૂ
ઝમીન્રા બેપૂશમ બચીની હરીરૂ
યકી આરૂઝૂ દારદ અકૂનૂન્ રેહી
બદીન્ નામવરૂ પીશગાહે મેહી
કે પૂશીદહરૂયાનો ફર્ઝન્દે મન્
હમાન્ ખાહરાન્રાઓ પયવન્દે મન્
બેબખ્શી બમન્ તા બતૂરાન્ બરમ
ચુનીન્ આરૂઝૂરા અગરૂ દરૂખરમ
ચુ બેશનીદ અઝૂ શહરૂયારૂ ઈન્ સખુન્
બરાન્ આરૂઝૂ પાસોખ અફૂકન્દ બુન્
બેફરમૂદ તા પીશે ઊ શુદ દબીરૂ
બેઆર્દન્દ કેર્તાસો મુશ્કો અબીરૂ
નેવેશતન્દ મન્શૂરૂ બરૂ પર્નેયાન્
બઆઇને શાહાનો રસ્મે કેયાન્
ચુનાન્ ચૂન્ ફરીદૂન બતૂરૂ આન્ ઝમીન્
સેપોર્દો બેગોફ્તશ કે તૂ પીશ અઝીન્
મજૂ અઝ જહાન્ બહરએ ખીશરા
બેદેહ દાદ મઝલૂમો દર્વીશરા
બગન્જૂરૂ ગોફ્ત આન્ ઝમાન્ શહરૂયારૂ
કે રવ ખેલઅતો તાજે શાહાનહુ આરૂ
બેયાવરૂદ ગન્જૂરૂ તાજે કયાન્
બબા ખેલઅતો બારએ મેહતરાન્

જેથી ખોદાપરસ્ત લોકો તેના દુઃખથી છુટા-અને તેની તમામ
લડાઈનુ શેવટ આવ્યું
વળી તું જોકે દાદગર મિનોચેહરે એરચના કીના માટે કમર બાંધી.

તે ઈરાનથી નીકળી ચીન સુધી ગયો-તેનુ દિલ ગુસ્સાથી ભરેલું અને ૪૫૪
સર કીનાથી ભરેલું હતું.
ફતેહમદ યઝદાનના કોવતની બરકતથી-તેણે સીતમગાર તૂરનું સર
જુદું કીધુ
પાક યઝદાનનુ ફર્માન અને રવૈયો એવોજ છે-કે જે કોઇ શખ્સ
નિદોર્ષ માણસનુ સર કાપે,
તેનુ સર બીજાઓ વગર ધાસ્તીએ અને બીકે કાપી નાખે છે-અને
તે નાપાક શખ્સના તનને ખાકને સોંપે છે
સંભાળજે કે તે ઝાલેમોમાનો તુ પણ એક ઝાલેમ નહીં હોય-તે
ઝાલેમોની દાદે પહોંચનારો કોઇ હતો નહીં"
ત્યારે જેહને તુરત જવાબ દીધો-કે "ઓ જેહાનના દાદગર પાદશાહ!

હુ તારા ફર્માન ઉપરજ કમર બાધીશ-અને તારા તખ્તની નઝદીક
સર ખાક ઉપર મૂકીશ
હુ તારા ગોલામો કરતા પણ વધારે કમીનો છુ-મારી પાસે તખ્ત,
તાજ કોલાહ કાંઈ નથી
જો તુ મને તૂરાન ઝમીન તરફ મોકલશે-તો તારે માટે પાક યઝ
દાનની નઝદીક નિયાયેશ કરીશ
અને મારી જેટલી શક્તિ કે તાકત હશે તેટલી દર સાલ હુ ખેરાજ
અને ચોથાઈ તારી નઝદીક મોકલ્યો જઈશ
વળી થોડે થોડે વખતે હુ કમર બાધી-અત્રે આવી તુજ તાજવરના ૪૫૫
દીદાર જોઇશ
તેમજ તારા તખ્ત આગળની ઝમીન ચૂમીશ-અને તારા તખ્ત અને
બખ્તને દુઆ દઈશ
કસ્તુરી, અગર અને અબીરનો નેસાર લાવીશ-અને રેશમી ચીનાઈ
કપડાથી તારા મેહલની જગ્યા ઢાકી નાખીશ
હવે આ નામદારી ભરેલી મહાન દરબાર તરફથી તારો ચાકર એક
આરઝૂ રાખે છે,
કે મારૂ ઝનાનખાનું અને ફર્ઝંદ-તેમજ મારી બહેનો અને સગાં
વહાલાઓ,
જો તને આ મારી માગણી વાજબી લાગતી હોય-તો તુ તે સઘળાને
મને પાછા બક્ષેશ કર કે જેથી હુ તેઓને તૂરાન લઈ જાઉ."
જ્યારે પાદશાહે તેનાથી આ વાત સાંભળી-ત્યારે તેણે તેની માંગણી
મુજબનો જવાબ આપ્યો
તેણે ફર્માવ્યુ જેથી દરબારનો મુન્શી કાગઝ, કસ્તુરી અને અબીર
ભેળેલી સીઆહી લઇને પાદશાહ આગળ ગયો
તેણે પાદશાહોની રાહ રીતી અને કયાનીઓની રસ્મ પ્રમાણે-રેશમી
કપડા ઉપર પર્વાનો લખ્યો
જેવી રીતે ફરીદૂને તૂરને તે તૂરાનનો મુલક સોંપ્યો હતો-તેવીજ રીતે
તે તેને સોંપી કહ્યુ કે "હવે તુ એ કરતા વધુ,
આ જેહાનમા પોતાનો હિસ્સો ના ચાહતો-અને સિતમ ખમેલા ૪૫૬
તેમજ ગરીબ માણુસોને ઇન્સાફ આપજે"
પછી તેજ વખત પાદશાહે ખઝાનચીને કહ્યુ-કે "તું જા અને એક
સરપાવ તેમજ પાદશાહી તાજ લઇ આવ"
જેથી ખઝાનચી એક કયાની તાજ તેમજ પાદશાહી સરપાવ અને
સરદારો લાયકનો એક ઘોડો લઈ આવ્યો.

બેફરૂમુદ તા તાજ બરૂ સરૂ નેહાદ
બેરસ્ત અઝ ગઝન્દો શુદ અઝ શાહ શાદ
હમાન્ ખાહરાન્રાઓ પચવન્દે ઊય
કે બૂદન્દ હરૂ યક અઝૂ ચારહૂજૂય
ફેરેસ્તાદ શાન્ શાહરૂચારે જહાન્
બનઝદીકે જહૂન્ આન્ ઝમાન્ શાદમાન્
સઝાવારે હરૂ યક બસી ખાસ્તહ
અબા ખેલઅતો તાજે આરાસ્તહ
ફેરેસ્તાદો ગોફતા રવીદ ઈન્ ઝમાન્
અબા જહૂન્ ખુરૂરમ સુએ ખાન્માન્
હમાન્ગહ બેફરૂમુદ તા શુદ દબીરૂ
નેવેશ્તન્દ યકી નામઈ બરૂ હરીરૂ
બનઝદીકે ગોસ્તહમે નવદરૂ કે ઊય
બેયાયદ બઈરાન્ પુરઝ આબ્રૂય
૪૫૭ સેપારદ બજહૂન્ આન્ ઝમીન્રા તમામ
નસાઝદ દેરન્ગો નગીરદ મુકામ
બશબ્બીરૂ હન્ગામે બાન્ગે ખોરૂસ
ઝે દરૂગાહે જહૂન્ આમદ આવાએ કૂસ
નેશસ્ત અઝ બરે અસ્પો શુદ સૂએ તૂરૂ
હમહ રાહ બા શાદમાનીઓ સૂરૂ
ચુ નઝદીકીએ શહરે તૂરાન્ રસીદ
ફેરેસ્તાદએ નીકુપય બરગુઝીદ
બેગોફતશ કે નઝદીકે ગોસ્તહમ પૂય
હમહ કારે મા પીશે ઊ બાઝ ગૂય
ફેરેસ્તાદહ ચૂન્ ગોફતે શાહશ શનીદ
બકેર્દારે બાદે દમાન્ રહ બુરીદ
ચુ નઝદીકે ગોસ્તહમ શુદ નીકખાહ
બેગોફતશ કે જહૂન્ આમદ અઝ સૂએ શાહ
ચુ ગોસ્તહમ અઝાન્ કારૂ આગાહ શુદ
પઝીરહ બરે જહૂન્ દરૂ રાહ શુદ
હમહ શહરે તૂરાન્ બેયારાસ્તન્દ
મયો રૂદો રામેશગરાન્ ખાસ્તન્દ
ચુ જહૂન્ અન્દરૂ આમદ સુએ શહરે ખીશ
બઆઇને શાહાન્ કે બૂદન્દ પીશ
૪૫૮ બહરૂજાએ દીબા દરૂઆવીખ્તન્દ
હમહ કૂયો બર્ઝન્ દેરમ રીખ્તન્દ
નેશસ્ત અઝ બરે ગાહે અફ્રાસેયાબ્
હમહ ખોફતહરા સરૂ બરૂઆમદ ઝે ખાબ્
દો હફતહ અબા ગોસ્તહમ બૂદ શાદ
બદૂ ખેલઅતો ચીઝે બેસ્યારૂ દાદ
વઝાન્પસ દરે ગન્જહા બાઝ કરૂદ
ફેરેસ્તાદને ગોસ્તહમ સાઝ કરૂદ
સેપોરૂદ આન્ હમહરા બગોસ્તહમો ગોફત
કે અય ગોર્દે બા દાનેશો હૂશ જોફત
બબરૂ ઈન્ હમહ હદયહા પીશે શાહ
બગૂયશ કે દાદારે ગીતીપનાહ
તો શાહીઓ મા બન્દગાને તો ઈમ
બહરૂજા પરસ્તન્દગાને તો ઈમ
પઝીરેફત ગોસ્તહમો કર્દશ દોરૂદ
કે બાદી હમીશહ તો બા કામો રૂદ

પછી પાદશાહે ફર્માવ્યું જેથી પેલું તાજ જેહનનાં સર ઉપર મૂક્યું-તે સઘળી આફતથી છુટો થયો અને પાદશાહથી ખુશહાલ બન્યો

તેમજ તેની બહેનો અને ખેશીઓ-કે જેઓ સઘળા તેને આધીન હતાં,

તેઓને તેજ વખત જેહનના પાદશાહે ખુશહાલ જેહનની નઝદીક મોકલ્યાં

દરેક જણને લાયકનો ઘણોક ખઝાનો, સરપાવ અને આરાસ્તે કીધેલા તાજ પણ સાથે

મોકલ્યા અને કહેવાડિયુ કે "હવે તમો ખુશહાલ જેહન સાથે પોતાને ઘર જાઓ"

પછી તેજ વખત પાદશાહે ફર્માવ્યુ જેથી નવીસદો આવ્યો-અને તેણે રેશમી કપડા ઉપર એક નામુ લખ્યુ

તે નામુ નઉદરના છોકરા ગોસ્તહમની નઝદીક લખ્યુ કે "તે-ઇરાન ઝમીન તરફ આબરૂ ભરેલો પાછો આવે

અને તે તુરાન ઝમીનનો તમામ મુલક જેહનને સપુરદ કરે-તે કામમા કાઈપણ ઢીલ કરે નહી તેમજ અહીં આવવામા કેથે થોભે નહી"

મરઘાની બાગ દેવાની વખતે બામદાદે જેહનની દરગાહમાથી નગારાના આવાઝ નીકળ્યા

તે ઘોડા ઉપર બેઠો અને તુરાન તરફ ચાલ્યો-આખે રસ્તે શાદમાની અને ખુશહાલી ભરેલો ગયો

જ્યારે તે તુરાન શેહરની નઝદીક જઈ પુગ્યો-ત્યારે જેહને એક નેક કદમનો કાસેદ ચુટી કાઢયો

તેને કહ્યુ કે "તુ ગોસ્તહમની નઝદીક જા-અને તેની આગળ આપણો સઘળો અહવાલ કહે"

જ્યારે પેલા કાસેદે પોતાના પાદશાહનુ કહેલુ સાભળ્યુ-ત્યારે તેણે પવનની ઝડપે પોતારો રસ્તો કાપવા માડયો

જ્યારે તે નેકખાહ કાસેદ ગોસ્તહમની નઝદીક જઇ પુગ્યો ત્યારે તેને કહ્યુ કે "પાદશાહ કયખુસરૂ તરફથી જેહન આવી પુગ્યો છે"

જ્યારે ગોસ્તહમ તે વાતથી વાકેફ થયો-ત્યારે તે જેહનની સામે રાહમા એસ્તેકબાલ ગયો

તેઓએ તમામ તુરાન શેહર સણગાર્યું અને મય, તમ્બુરા અને રામેશગરોને બોલાવી

જ્યારે જેહન પોતાના શેહરમા આવ્યો-ત્યારે આગળા પાદશાહોની જેવી રાહરસ્મ હતી તે પ્રમાણે

દરેક જગ્યાએ રેશમી કપડાના વાવટા ટાગ્યા-અને તમામ મોહલ્લા અને ગલીઓમાથી તેની ઉપર દિરમનો વધાવો કર્યો

પછી તે અફ્રાસિયાબના તખ્ત ઉપર બેઠો-અને સઘળા ઊંઘમા પડેલાના સર ખાબમાથી જાગૃત બન્યા

તે બે હફતા સુધી ગોસ્તહમ સાથે ખુશહાલ રહ્યો-અને તેને સરપાવ અને બીજી પુષ્કળ ચીઝો બક્ષેશ આપી

ત્યાર પછી ખઝાનાનો દરવાઝો ખુલ્લો કીધો-અને ગોસ્તહમને ઈરાન મોકલવાની તૈયારી કીધી

તે સઘળો અસ્બાબ ગોસ્તહમને સોપ્યો અને બોલ્યો કે "ઓ ડહાપણ અને હોશ સાથના પેહલવાન!

તુ આ સઘળો હદયો પાદશાહની નઝદીક લઈ જા-અને તેને કહેજે કે દુન્યાને પનાહ આપનાર દાદારની મદદથી

તુંજ પાદશાહ બન્યો છે અને અમો સઘળા તો તારા બંદા છિયે-દરેક જગ્યાએ તારા તાબેદાર છિયે"

તે સઘળો હદયો ગોસ્તહમે કબૂલ કીધો અને તેને દુઆ દીધી-કે "હમેશે તું મુરાદ પામેલો અને ખુશહાલી સાથ રહેજે!"

હમહ શબ્ બેબૂદન્દ બા કામો નાઝ
બપીશ અન્દરૂન્ શાન્ બુતાને તરાઝ
સપીદહ ચુ બરૂ ચરૂખ લશ્કરૂ કશીદ
શબે નીલગૂન્ દામન્ અન્દરૂ કશીદ
બઝીન્ અન્દરૂ આમદ શાહે નવદરી
બઆઇને શાહાન્ બનીકુ અખ્તરી
ઝે તૂરાન્ સુએ શહૂરે ઈરાન્ કશીદ
બનઝદીકે શાહે દેલીરાન્ કશીદ
ગવાન્ ચૂન્ અઝ્ આગહી યાફ્તન્દ
પઝીરહ શુદન્ ઝૂદ બેશતાફ્તન્દ
બેશુદ તૂસ બા પહૂલવાનાન્ બરશ
ચુ દીદન્દ ગોર્દાન્ સરો અફ્સરશ
ફેરૂદ આમદ આન્ગહ બેશુદ પીશ તૂસ
કેનારશ ગેરેફ્તો બરશ દાદ બૂસ
દેગરૂ પહૂલવાનાનો ગર્દનકશાન્
હમહ પીશ રફ્તન્દ હમી ઝીન્ નશાન્
બઝાન્પસ નેશસ્તન્દ ગોર્દાન્ બરૂ અસ્પ
બેરાન્દન્દ બરૂસાને આઝરૂગોશસ્પ
ચુ ગોસ્તહૂમ દરૂ શહૂરૂ શુદ બા મેહાન્
બનઝદીકે દરૂગાહે શાહે જેહાન્
અબા પહૂલવાનાન્ બદરૂગહ રસીદ
પેયાદહ શુદો પીશે દરૂગહ દવીદ
ચુ ચશમશ બરૂઆમદ બરાન્ રૂએ શાહ
ઝમીન્રા બેબૂસીદ દરૂ પીશગાહ
ચુ દીદશ વરા શાહ બા કામો નાઝ
બબરૂ દરૂ ગેરેફ્તશ ઝમાની દરાઝ
પસાન્ગહ નેશાન્દશ બરાન્ ગાહ શાહ
બેપુર્સીદશ અઝ્ જહૂનો તૂરાન્ સેપાહ
બપાસોખ બેગોફ્તશ કે અય શહૂરૂયારૂ
ઝે જહૂનત દોરૂદો ફરાવાન્ નેસારૂ
બોઝઝ્ યાદે તૂ નીસ્ત ઊ યક્ ઝમાન્
બફર્માનત દારદ કમરૂ બરૂ મેયાન્
હમાન્ગહ બસાલારૂ ગોફ્ત અય જવાન્
બેયયમાય જામો બેયારાય ખાન્
ચુ અઝ્ ખુર્દને ખાન્ બેપર્દાખ્તન્દ
મયો રૂદો રામેશગરાન્ સાખ્તન્દ
હમહ શબ્ બેબૂદન્દ બા નાયો રૂદ
હમી દાદ હરૂ કસ બખુસ્રવ દોરૂદ
ચુ ખુરૂશીદ બેન્મૂદ ઝરૂરીનહ ચેહરૂ
જહાન્રા બેશુસ્ત અઝ્ સેયાહી સેપેહરૂ
બેયાવરૂદ ગોસ્તહૂમ આન્ ખાસ્તહ
કે જહૂનશ ફેરેસ્તાદ આરાસ્તહ
બનઝદીકે શાહે જહાન્ આવરીદ
ચુ ખુસ્રવ મરૂ આન્રા હમહ બેન્ગરીદ
બેબખ્શીદ જુમ્લહ બઈરાનેયાન્
નેશસ્ત અઝ્ બરે ગાહ શાહે જેહાન્
બરાન્ગૂનહ તા સાલેયાન્ શસ્ત શસ્ત
જહાન્ શુદ હમહ શાહરા ઝીરૂદસ્ત

તેઓએ આખી રાત મોજમઝાહમા પસાર કીધી—અને તેઓ આગળ તરાઝ શેહરની પૂતળીઓ ઉભી રહી

જ્યારે સીઆહ રાતે પોતાની દામન લપેટી દીધી—અને આસ્માન ઉપર સવારની બામદાદે પોતાનુ લશ્કર ખેંચ્યુ

ત્યારે નવદરી ખાન્દાનનો શાહઝાદો પાદશાહોની રસ્મ મૂજબ નેક ૪૯૯
સેતારાની ચાલ જોઇને ઝીન ઉપર સવાર થયો

અને તૂરાન દેશથી ઈરાન શેહર તરફ બહાદુરોના પાદશાહોની નઝદીક ગયો

જ્યારે ઇરાની પેહલવાનોને તેના આવ્યાની ખબર પડી—ત્યારે તેઓ તેને એસ્તેકબાલ જવા માટે જલ્દીથી તેયાર થયા

સેપહસાલાર તૂસ બીજા પેહલવાનો સાથે તેની નઝદીક ગયો—જ્યારે પેહલવાનોએ તેનુ તાજ સાથનુ સર જોયુ,

ત્યારે તુરત તૂસ ઘોડા ઉપરથી નીચે ઉતરી તેની આગળ ગયો—અને તેને બગલમા પકડીને બોસા લીધા

બીજા પેહલવાનો અને બહાદુરો પણ એજ રીતે તેની આગળ ગયા

ત્યાર પછી સઘળા પેહલવાનો પાછા ઘોડા ઉપર બેઠા—અને આઝર ગોશસ્પની મિસાલ યાને ઘણી ઝડપથી ચાલવા લાગ્યા

જ્યારે ગોસ્તહમ સઘળા સરદારો સાથ—શેહરમા દુન્યાના પાદશાહની દરગાહની નઝદીક જઇ પુગ્યો,

ત્યારે તે પેહલવાનો સાથ દરગાહમા દાખેલ થયો—અને પેયાદો થઈ દરગાહ આગળ ગયો

જ્યારે તેની નઝર પાદશાહના ચેહરા ઉપર પડી—ત્યારે તેણે પાદશાહની બેઠક આગળની ઝમીન ચૂમી

જ્યારે પાદશાહે તેને હસી ખુશી ભરેલો જોયો—ત્યારે તેને લાંબો ૫૦૦
વખત સૂધી બગલમા ધરી રાખ્યો

ત્યાર પછી પાદશાહે તેને તખ્ત ઉપર બેસાડયો—અને જેહન તેમજ તુરાની લશ્કર માટે પૂછ્યુ

જેના જવાબમા તેણે કહ્યુ કે "ઓ પાદશાહ!—તને જેહન તરફથી ભલી દુઆ અને પુષ્કળ હદયો એનાયેત હોજો!

તેનો થોડોક વખત પણ તારી યાદ વગરનો પસાર થતો નથી—અને તે તારાજ હોકમ ઉપર પોતાની કમર ઉપર કમરબદ બાધેલો રાખે છે"

પછી તેજ વખત પાદશાહે ખાનસાલારને હોકમ કીધો—કે "શરાબની જામ ભર અને ખાણુ લાવ"

જ્યારે તેઓ ખાણુ ખાવાથી ફારેગ થયા—ત્યારે મય, તમ્બુરા અને રામેશગરોની મજલેસ બનાવી

તેઓ આખી રાત વાસળી અને તમ્બુરા સાથ બેઠા—એ પ્રમાણે દરેક જણ કયખુસરૂને દુઆ દેતા હતા

જ્યારે આસ્માને દુન્યામાંનો અધકાર ધોઈ નાખ્યો—અને ખોરશેદે પોતાનો સોનેરી ચેહરો બતાવ્યો,

ત્યારે ગોસ્તહમ જે ખઝાનો કે જેહને મોકલ્યો હતો તે બરાબર ગોઠવીને,

જેહાનના પાદશાહની નઝદીક લઈ આવ્યો—જ્યારે કયખુસરૂએ તે સઘળુ જોયુ,

ત્યારે તે સઘળુ ઈરાનીઓને બક્ષી દીધુ—અને તે દેશનો પાદશાહ ૫૦૧
તખ્ત ઉપર બેઠો.

એ પ્રમાણે તેનાં રાજ્યના સાઠ વર્ષ પસાર થયા—અને તમામ જેહાન પાદશાહની તાબેદાર બની

બર્દાશતને કયખુસરવ્ દેલ્ અઝ્ જહાન્ વ દરે ખાનહ્ બસ્તન્ બરૂએ કસાન્ વ નેયાયેશ્ કર્દન્ બપીશે યઝ્દાન્.

પુરૂઅન્દીશહ્ શુદ્ માયહ્વરૂ જાને શાહ્
અઝાન્ ઈઝદી કારો આન્ દસ્તગાહ્
હમી ગોફ્ત હર્ જાએ આબાદ બૂમ
ઝે હેન્દો ઝે ચીન્ અન્દરૂન્ તા બરૂમ
હમઝ્ ખાવરાન્ તા દરે બાખ્તર્
ઝે કૂહો બેયાબાનો અઝ્ ખુશ્કો તર્
સરાસર્ ઝે બદ્ખાહ્ કર્દમ તેહી
મરા ગશ્ત ફર્મોનો તખ્તે મેહી
જહાન્ અઝ્ બદ્અન્દીશ બીબીમ ગશ્ત
ફરાવાન્ મરા રૂઝ્ બર્ સર્ ગુઝશ્ત
ઝે યઝ્દાન્ હમી આરૂઝૂ યાફ્તમ
હેગર્ દેલ્ હમહ્ સૂએ કીન્ તાફ્તમ
રવાનમ્ નબાયદ્ કે આરદ્ મની
બદ્ અન્દીશહો કીને અહરીમની
શવમ્ બદ્કુનેશ હમચુ ઝહ્હાકો જમ
કે બા તૂરો સલ્મ્ અન્દર્ આયમ્ બહમ
૫૦૨ ઝે યકુસૂ ઝે કાઊસ દારમ્ નેઝાદ્
દેગરૂસૂ ઝે તૂરાન્ પુરઝ્ કીનો બાદ્
ચુ કાઊસો ચૂન્ જાદૂ અફ્રાસેયાબ્
કે જોઝ્ રૂયે કઝ્ઝી નદીદી બખાબ્
બયઝ્દાન્ શવમ્ નાગહાન્ નાસેપાસ
બરઊશન્રવાન્ અન્દર્ આરમ્ હેરાસ
ઝે મન્ બુગ્સેલદ્ ફર્રએ ઈઝદી
ગર્ આયમ્ બકઝ્ઝીઓ નાબ્બેરદી
વઝાન્પસ બરાન્ તીરગી બુગ્ઝરમ્
બખાક્ અન્દર્ આયદ્ સરો અફ્સરમ્
બગીતી બેમાનદ્ ઝે મન્ નામે બદ્
હમાન્ પીશે યઝ્દાન્ સરન્જામે બદ્
તબહ્ ગર્દદ્ ઈન્ રન્ગો રૂયે રોખાન્
બેબૂસદ્ બખાક્ અન્દરૂન્ ઉસ્તોખાન્
હોનર્ ગુમ્ શવદ્ નાસેપાસી બજાય
રવાન્ તીરહ્ માનદ્ બદીગર્ સરાય
ગેરેફ્તહ્ કસી તાજો તખ્તે મરા
બપાય અન્દર્ આવર્દહ્ બખ્તે મરા
ઝે મન્ માન્દહ્ નામે બદી યાદગાર્
ગુલે રન્જહાએ કોહન્ ગશ્તહ્ ખાર્
૫૦૩ મન્ અકૂનૂન્ ચુ કીને પેદર્ ખાસ્તમ્
જહાન્રા બખૂબી બેયારાસ્તમ્
બેકોશ્તમ્ કસીરા કે બાયેસ્ત્ કોશ્ત
કે બુદ્ કઝ્ઝો બા પાક્ યઝ્દાન્ દુરોશ્ત
બઆબાદો વયરાનહ્ જાઈ નમાન્દ્
કે મન્શૂરે તીગે મરા બર્ નખાન્દ્

કયખુસરૂનું આ જેહાનમાંથી પોતાનું દિલ ઊઠાવી લેવું અને બીજા લોકોને માટે પોતાની દરબારના દરવાજા બંદ કરવા અને તેનું યઝદાનની નઝદીક નિયાયેશ કરવું.

પાદશાહનો મહાન આત્મા ખોદાઈ કામો અને તેની શક્તિ જોઇ વિચાર ભરેલો બન્યો

જેથી તે એ પ્રમાણે બોલ્યો કે "હિંદ અને ચીનથી તે રૂમ સૂધી- દરેક જગ્યા આબાદ બની છે

તેમજ મગ્રેબથી મશરેક સૂધીના-સઘળા પહાડો અને જંગલો, ખુશકી અને દર્યા,

મે દુશ્મનોથી તમામ પાક કરી દીધા છે-મોટાઈનુ તખ્ત અને ફર્માન એ મારાજ બન્યા છે

હવે દુન્યા દુશ્મનોથી ધાસ્તી વગરની બની છે-અને મારા સર ઉપર પણ ઘણાક દહાડા પસાર થયા છે

વળી ખોદતાલા તરફથી મારી સઘળી મુરાદો પાર પડી છે તેમજ મારા દિલને મે સઘળુ ગુના લેવા તરફજ દોડાવ્યુ છે

એવુ નહીં બનવુ જોઇયે મારો આતમા મગરૂરી પકડે બૂરો વિચાર લાવે અને એહરેમન જેવો કીનો પકડે

તો હુ પણ ઝહહાક કે જમશીદની માફક ભૂંડા કરતુકનો બનુ- અથવા તો તૂર અને સલ્મના સાથી થઈ જાઉ

જ્યારે એક તરફથી હુ કાઊસની ત્યારે બીજી તરફથી કીના અને અહંકાર ભરેલા તુરાનની બુન્યાદ ધરાઉ છુ

કદાચ હુ કાઊસની માફક તેમજ જાદૂગર અફ્રાસિયાબ કે જે સ્વપ્નામા પણ ભૂંડાઈ સિવાય બીજુ કશુ પણ જોતો ન હતો તેની માફક,

પાક યઝદાન તરફ અકદમ નાસિપાસ બની બેસુ- તને મારા પોતાના રોશન જીવને ધાસ્તીમા લાવી નાખુ

અગર જો હુ નારાસ્તી અને બેવકૂફાઈની રાહ ઉપર આવી લાગુ- તો યઝદાની ખોરેહ મારી ઉપરથી જતુ રહેશે

તો ત્યાર પછી મને અંધારી રાહ પસાર કરવી પડશે-અને મારૂ સર અને તાજ ખાકમા પડશે

ત્યારે દુન્યામા મારૂ ભૂંડુજ નામ રહી જશે અને યઝદાનની નઝદીક મારૂ ગાવર પણ બૂરૂજ આવશે

આ મારા ચહરાના ખોરેહનો નાશ થશે અને મારા હાડકા પણ માટીમા સડી જશે

મારા સઘળા હોનરો ગુમ થઇ જશે અને નાસિપાસી તેની જગ્યા લેશે અને પેલી જેહાનમા મારૂ રવાન સિયાહ થયલુ રહેશે

કોઈ બીજોજ મારૂ તાજ અને તખ્ત લઇ લેશે-અને મારા નસીબને પગ તળે કચડશે

ત્યારે મારી તરફથી ભૂંડુ નામજ યાદગારી તરીકે રહી જશે-અને મારા લામ્બી મેહનતે ઉગાડેલા ગોલાબ કાંટામા બદલાઇ જશે.

હવે જ્યારે મે મારા બાપનો કીનો લીધો છે-અને તમામ જેહાનને ખૂબીથી સણગારી છે

જે કોઇને કે મારી નાખવો ઘટતો હતો તેને મારી નાખ્યો છે- કારણકે તે આડો ચાલનારો અને યઝદાનનો વિરોધી હતો.

એવી કોઈ આબાદ કે વયરાન જગ્યા બાકી રહેલી નથી-કે જ્યાં મારી તલવારનો હોકમ ચાલતો ન હોય.

જુઓબાંને ગીતી મરા કેહુતરન્દ
અગરૂ મન્દ બા તખ્તો બા અફસરન્દ
સેપાસમ ઝે યઝદાન્ કે ઊ દાદ ફરૂ
બદીન્ ગર્દેશી અખ્તરો પાઓ પરૂ
કુનૂન્ આન્ બેહ આયદ કે મન્ રાહજૂય
શવમ પીશે યઝદાન્ પુરઝ આબ્રૂય
મગરૂ હમ બદીન્ ખૂબી અન્દરૂ નેહાન્
ફેરેસ્તન્દએ કામગારે જેહાન્
રવાનમ બરાન્જાએ નીકાન્ બરદ
કે ઈન્ તાજો તખ્તે કઈ બુગ્ઝરદ
નેયાબદ કસી ઝીન્ ફેઝૂન્ નામો કામ
બુઝોર્ગીઓ ખૂબીઓ આરામો જામ
શનીદીમો દીદીમ રાઝે જેહાન્
બદો નીકુરા આશ્કારો નેહાન્
કશાવરૂઝ બાશદ વગરૂ તાજવરૂ
સરન્જામ બરૂ મરૂગ બાશદ ગુઝરૂ
બસાલારે નઉબત્ બેફરૂમૂદ શાહ
કે હરૂ કસ કે આયદ બદીન્ બારૂગાહ
સખુને બાઝ ગર્દાન્ ઝે નીકૂ સખુન્
હમહ મરૂદુમી જૂયો તુન્દી મકુન્
ચુ ઈન્ ગોફતહ શુદ સૂએ બાઘ આન્ ઝમાન્
ખોરૂશાન્ બેયામદ કોશાદહ મેયાન્
ઝે બહરે પરસ્તેશ સરો તન્ બેશોસ્ત
બશામએ ખેરદ રાહે યઝદાન્ બેજોસ્ત

બેપૂશીદ પસ જામએ નવ સપીદ
નેયાયેશ કુનાન્ રફત દેલ પુરૂ ઉમીદ
બેયામદ ખરામાન્ બજાઈ નમાઝ
હમી ગોફત બા દાવરે પાક રાઝ
ચુનીન્ ગોફત કય બરૂતરૂ અઝ જાને પાક
બરૂઆરન્દએ આતેશો બાદો ખાક
નેગહદારો યન્દી ખેરદ દેહ મરા
હમ અન્દીશએ નીકો બદ દેહ મરા
તોરા તા બેબાશમ નેયાયેશ કુનમ
અબરૂ નીકોઈહા ફેઝાયેશ કુનમ
બેયામોરૂઝ કર્દેહ ગુનાહે મરા
ઝે કજ્રવી બેકશ દસ્તગાહે મરા
બેગર્દાન્ ઝે જાનમ બદે રૂઝગારૂ
હમાન્ ચારએ દીવે આમૂઝગારૂ
બદાન્ તા ચુ કાઊસો ઝોહ્હાકો જમ
નગીરદ હવા બરૂ રવાનમ સેતમ
ચુ બરૂ મન્ બેબન્દદ દરે રાસ્તી
બગીરૂ શવદ કજીઓ કાસ્તી
બેગર્દાન્ ઝે મન્ દીવરા દસ્તગાહ
બદાન્ તા નદારદ રવાનમ તબાહ
રવાનમ બદાન્જાએ નીકાન્ રસાન્
નેગહદારૂ બરૂ મન્ હમીન્ દાસ્તાન્
શબો રૂઝ યકહફતહ બરૂ પાએ બૂદ
તન્ આન્જાઓ જાનશ દેગરૂ જાએ બૂદ

દુન્યાના સઘળા પાદશાહો પછી તેઓ ગમે એટલા તખ્ત અને તાજના ધરાવનારા હોય તોપણુ તેઓ મારા નોકર છે

પાક યઝદાનના શુક્રાના કરૂછું કે તેણે મને સેતારાની ચાલથી આ મરતબો, ઝોર અને કોવત બક્ષ્યુ.

હવે તો મને એજ બેહતર લાગે છે કે હું રસ્તો શોધતો—આબરૂ ઈઝ્ઝતે યઝદાન આગળ જાઉં

મગર ભલાઈમાજ ગુપચુપ–ફતેહમંદ ફરેસ્તો

મારા રવાનને અશો લોકોની જગ્યાએ લઈ જાય—કારણકે આ કયાની તખ્ત અને તાજ કાઇ સદા રહેતું નથી

કોઈપણુ શખ્સ મારા કરતા વધુ નામદારી, પોતાની ચાહેલી મુરાદ, બુઝોર્ગી, ભલાઈ, અયશઆરામ અને મોજમઝાહ મેળવી શકવાનો નથી.

મેં આ દુન્યાના સઘળા ભેદ ભરમો સમજી લીધા છે તેમજ નઝરે જોયા છે—અને બૂરા કે ભલા શખ્સોને ઝાહેર તેમજ છૂપી રીતે જોઈ લીધા છે.

એક ખેડુત હોય કે અગર એક તાજદાર શેહન્શાહ હોય—તોપણુ તે ૫૦૪
બન્નેને મોતના માર્ગ ઉપરથીજ પસાર થવાનું છે"

એટલુ કહી રહ્યા પછી પાદશાહે પોતાની દરબારના વડા અમલદારને હોકમ કર્યો—કે "હવે પછી જે કોઇ શખ્સ આ દરબારમા આવવા માગે,

તેને ભલમનસાઈથી બોલીને પાછો ફેરવજે—સઘળા શહરયો સાથે સભ્યતાથી વર્તજે અને કોઈ સાથે પણ તુંદી કરતો ના"

પાદશાહે એ પ્રમાણેનો હોકમ આપ્યા પછી પોતાની કમર ઉપરથી કમરબંદ ખોલી નાખી રડમસ થતો તુરત પોતાના બગીચા તરફ ગયો

અને બંદગી કરવા માટે પોતાનુ સઘળુ તન ધોઈ સાફ કર્યું–અને પછી પોતાના ડહાપણુની રોશનીએ કરી ખોદાતાલા તરફ જવાનો માર્ગ શોધવા લાગ્યો

પછી તેણે નવા સફેદ કપડા પેહેર્યાં—અને ઉમેદ ભરેલા દિલે નિયાયેશ કરતો ચાલ્યો

તે ખુશી થતો બંદગી કરવાની જગ્યાએ આવ્યો—અને ખાનગીમા પાક દાવરની બંદગી કરવા લાગ્યો

તે બોલ્યો કે "ઓ પવિત્ર આત્મા કરતા પણુ વધુ પવિત્ર સાહેબ!–તુ આતશ, પવન અને ખાકને પ્રગટ કરનારો સાહેબ છે

તુ મારી સંભાળ રાખ અને મને ઘણુ ડહાપણુ આપ–તેમજ ભલુ બૂડું સમજવાની વિચાર શક્તિ મને આપ

હુ જ્યા સૂધી જીવતો છુ ત્યા સૂધી તારી નિયાયેશ કરીશ—અને મે કીધેલી ભલાઇઓમા વધારોજ કરીશ

મારા તરફથી થયલા ગુનાહ માફ કર—અને આડે માર્ગે જતી મારી ૫૦૫
શક્તિને તુ અટકાવ

મારા આત્માને ઝમાનાની બદીથી પાછો ફેરવજે–તેમજ ધડો શીખવનારા ઝમાનાના ચારા અને ફરેબથી મારા જીવને બચાવ

કે જેથી કાઊસ, ઝોહાક અને જમશીદની માફક–બૂરો લોભ મારાં રવાન ઉપર સિતમ નહીં ગુઝારે

અગરજો મારી ઉપર રાસ્તીનો દરવાઝો બંદ થઈ જશે-તો ભૂંડાઈ અને જૂઠાઈ ઝોર પકડશે

માટે એહરેમનની શક્તિઓ મારેથી દૂરજ કરજે–જેથી મારૂ રવાન ખરાબ નહીં થાય

તું મારાં રવાનને નેક લોકોની જગ્યાએ પહોંચાડજે–આ સઘળી વાતોથી તું મારી ઉપર નેગાહ રાખજે"

એ પ્રમાણે તે એક હફતા સૂધી રાત અને દહાડો ઉભો રહ્યો–તેનું શરીર જો કે અહીંજ હતું પણુ તેનો આત્મા બીજીજ જગ્યાએ ગયલો હતો

ચુ રે હફ્તહુરા ગશ્ત ખુરશીદ નવાન્
બજાએ પરસ્તેશ નબૂદશ તવાન્
બહશ્તુમ બે જાએ પરસ્તેશ બેરફ્ત
બરે તખ્તે શાહી ખરામીદ તફ્ત
હમહ પહલવાનાને ઈરાન્ સેપાહ
શેગેફ્તી બેમાન્દહ અઝ કારે શાહ
૫૦૬ અઝાન્ નામદારાને રૂઝે નબર્દ
હમી હર્ યકી દીગર્ અન્દીશહ કર્દ

અઠવાડિયાંને છેડે કયખુસરૂ રડવા લાગ્યો–કારણ હવે તેનામાં ત્યાં બંદગી કરવાની જગ્યાએ રહેવાની શક્તિ રહી ન હતી.

તેથી તે આઠમે દહાડે પરસ્તેશની જગ્યાએથી ચાલી–પોતાનાં પાદશાહી તખ્ત આગળ આવી લાગ્યો

ઈરાની લશ્કરના તમામ પેહલવાનો–પાદશાહના એ કામથી અજબ થયા

તે લડાઇને દહાડેના નામદારોમાંના–દરેક જણે પાદશાહનાં એ કામ માટે જુદો જુદો વિચાર બાંધ્યો

પેઝૂહેશે સરાને ઈરાન્ અઝ્ બસ્તને દરે બારગાહે કયખુસવ્.

ચુ બર્ તખ્ત શુદ નામવર્ શહરયાર્
બેયામદ બદર્ગાહ સાલારે બાર્
બેદરૂદ તા પર્દહ બર્દાશતન્દ
સેપહરા બદર્ગાહ બુગ્ઝાશતન્દ
બેરફ્તન્દ બા દસ્ત કર્દહ બકશ
બુઝોર્ગાને અસ્પઅફ્ગને શીરફશ
ચુ તૂસો ચુ ગૂદર્ઝો ગીવે દલીર્
ચુ ગુર્ગીનો બીઝન્ ચુ રોહ્હામે શીર્
ચુ શીદૂશો ચૂન્ જંગએ શાવરાન્
ફરીબુર્ઝો ગોસ્તહમો નામઆવરાન્
ચુ દીદન્દ બોર્દન્દ પીશશ નમાઝ્
અઝાન્ પસ હમહ બર્ ગુશાદન્દ રાઝ
કે શાહા દલીરા સરા સર્વરા
જહાન્દારો બર્ મેહતરાન્ મેહતરા
અઝાન્ગહ કે યઝદાન્ જહાન્ આફરીદ
ફલક્ બર્કશીદો ઝમીન્ ગુસ્તરીદ
ચુ તૂ શાહ નેનશસ્ત બર્ તખ્તે આજ
ફેરૂગ અઝ તો ગીરદ હમહ મોહરો તાજ
૫૦૭ ફરાઝન્દએ જોશનો ઝીનો અસ્પ
ફેરૂઝન્દએ ફર્રોખ આઝરગોશસ્પ
નતર્સી બે રંજો નનાઝી બગંજ
બગીતી બે ગંજત ફેઝૂનસ્ત રંજ
હમહ પહલવાનાન્ તોરા બન્દહ ઈમ
સરાસર્ બદીદારે તો ઝન્દહ ઈમ
હમહ દુશ્મનાન્ રા સેપોર્દી બખાક્
બગીતી નમાન્દત બે કસ તર્સો બાક્
બહર્ કેશ્વરી લશ્કરો ગંજે તોસ્ત
બજાઈ કે પય બર્નેહી રંજે તોસ્ત
નદાનીમ કન્દીશએ શહરયાર્
ચેરા તીરહ ગશ્ત અન્દરીન્ રૂઝગાર્
તોરા ઝીન્ જહાન્ રૂઝે બર્ ખુર્દનસ્ત
ન હન્ગામે તીમારો પેઝ્મુર્દનસ્ત
ગર્ અઝ મા બચીઝી બેયાઝોર્દ શાહ
વગર્ આઝારે ઊ હસ્ત મારા ગુનાહ

ઈરાની સરદારોની કયખુસરૂની દરબારના દરવાઝા બંધ કરવા માટેની પૂછપરછ.

જ્યારે નામવર પાદશાહ તખ્ત ઉપર બેઠો–ત્યારે–દરબારનો વડો અમલદાર દરબારમા આવ્યો

પાદશાહે તેને હોકમ કીધો જેથી દરબારમા દાખેલ થવાનો પરદો ખોલી નાખ્યો–અને પોતાના લશ્કરીને દરબારમા આવવા દાખેલ કીધા

ઘોડેસવારી કરનારા સિંહની મિસાલના સરદારો–અદબવાળી દરબારમા ગયા

જેવાકે તૂસ, ગૂદર્ઝ, બહાદુર ગીવ–ગુર્ગીન બીઝન અને સિંહની મિસાલનો રોહ્હામ

જેવાકે શીદૂશ, ઝંગએશાવરાન–ફરીબોર્ઝ, ગોસ્તહમ અને બીજા નામ ઉઠાવનારા પેહલવાનો ગયા

જ્યારે તે સઘળાઓએ પાદશાહને જોયો ત્યારે તુરત તેને નમન કીધુ–અને ત્યાર પછી સર્વ કોઇ પોતપોતાના દિલનો ભેદ ખોલી બોલવા લાગ્યા.

કે "ઓ પાદશા! ઓ બહાદુર! ઓ સરદાર! ઓ અમારા વડા!–ઓ દુન્યાના હાકેમ! અને ઓ બુઝોર્ગોના બુઝોર્ગ!

જ્યારથી કે પાક યઝદાને આ દુન્યા પયદા કીધી–આસ્માનને બુલંદી આપી અને ઝમીનને નીચે પાથરી,

ત્યારથી તારા જેવો એક પણુ પાદશાહ આ હાથીદાતના તખ્ત ઉપર બેઠો નથી–તારીથીજ પાદશાહી મોહર અને તાજ ઝળકાટ મેળવે છે.

બખ્તર, ઝીન અને ઘોડાને શોભાવનારો પાદશાહ તુજ છે–મુબારક આઝરગોશસ્પ નામના આતશકદેહનો સ્થાપનાર તુજ છે

તું ગમે એટલી રંજ ખેડવાથી બીતો નથી અને ગમે એટલા ખઝાનાથી તુ ફૂલી જતો નથી–દુન્યામા તારા ખઝાના કરતા પણુ તારી મેહનત વધુ છે

અમો સઘળા પેહલવાનો તારા બંદા છિયે–અને સઘળાઓ તારા દીદાર જોવાથીજ જીવતા રહ્યા છિયે.

તે તારા સઘળા દુશ્મનોને ઝમીનદોસ્ત કર્યા છે–તને હવે દુન્યામાં કોઇની પણુ ધાસ્તી કે બીક રહી નથી.

દરેક મુલકમાં તારૂં લશ્કર તેમજ ખઝાનો રહે છે–અને જે જગ્યાએ તું કદમ મૂકે છે ત્યા તું મેહનતજ કરે છે

અમો જાણુતા નથી કે તું પાદશાહનો વિચાર–આવા વખતમાં શા માટે એવો ગમગીની ભરેલો બન્યો છે?

તારો તો વખત હવે દુન્યામા ફળ ચાખવાનો આવ્યો છે–ગમગીન બની કરમાઈ જવાનો વખત તારો નથી

જો પાદશાહ અમો તરફની કોઈ તકસીરથી રંજીદા થયો હોય–અને તેમ કરી અમોએ કોઈ ગુનાહ કર્યો હોય,

બેગૂયદ બમા તા હેલથ બરા કુનીમ
પુરઝ ખૂન રોએ હેલ પુર આતશ કુનીમ

બગરૂ દુશ્મની દારદ અન્દરૂ નેહાન
બેગૂયદ બમા શહરૂયારે જેહાન
હમહ તાજદારાન કે બુદન્દ શાહ
બરીન દાશતન્દ અર્ઝે તખ્તો કોલાહ
કે તા સરૂ સેતાનન્દ યા સરૂ દેહન્દ
ચુ તર્કે દેલીરાન બસરૂ બરૂનેહન્દ

નેહાની કે દારદ બેગૂયદ બમા
હમહ ચારએ આન બેજૂયદ બમા

તો પાદશાહ અમોને તે કહે કે જેથી અમો તેનાં દિલને રાઝી કરીશું-અને પસ્તાવામાં અમારો ચેહરો લોહીનાં આસુથી ભરી દેઇશું અને બળાપાથી જીવને બાળી નાખીશું.

જો પાદશાહનો કોઈ છૂપો દુશ્મન હોય-તો તે પણ અમોને પાદશાહ કહી દીયે તો સારૂં.

સઘળા તાજદાર પાદશાહો તખ્ત અને તાજની એટલી તો કદર ૫૦૮
બુજતાં હતા,

કે જ્યા સુધી દુશ્મનોના માથાં કાપી લાવતા હતા અથવા પોતાનાં માથા દુશ્મનોને કાપવા આપતા હતા ત્યા સુધી-જેમ બહાદુર લડવૈયાઓ લોખડની ટોપી માથે રાખતા હતા તેમ તેઓ પોતાના તાજો પેહેરી રાખતા હતા

માટે પાદશાહના મનમાં જે કાંઈ ભેદ હોય તે અમોને કહી દે તો સારૂં-અમારી મદદથી તેનો ઉપાય કરે તો સારૂં"

પાસોખે કયખુસરૂ બસરાને ઇરાન.

ચુનીન દાદ પાસોખ ગેરાનમાયહ શાહ
કે અય પહલવાનાને જૂયન્દહ રાહ
બગીતી મે દુશ્મન મરા નીસ્ત રન્જ
નશુદ નીઝ જાઈ પરાગન્દહ ગન્જ
ન આઝારૂ દારમ ઝે કારે સેપાહ
ન અન્દરૂ શુમા હસ્ત મર્દે ગુનાહ
ઝે દુશ્મન ચુ કીને પેદરૂ ખાસ્તમ
બદાદો બદીન ગીતી આરાસ્તમ
બગીતી પયે ખાકે તીરહ નમાન્દ
કે મોહરો નેગીને મરા બરૂ નખાન્દ
શુમા તીગહા દરૂ નેયામ આવરીદ
બરૂ આઇને શમ્શીરૂ જામ આવરીદ
બજાએ ખોરૂશે કમાન નાયો ચન્ગ
બેસાઝીદ બા બાદહો બૂયો રન્ગ
કે મા હરૂચે બાયેસ્ત બરૂ સાખ્તીમ
ઝે દુશ્મન જહાનરા બેપરદાખ્તીમ
બયક હફતહ બરૂપીશે યઝદાન બપાય
બેબૂદમ પુરૂ અન્દીશહો નીકુરાય
યકી આરૂઝૂ દારમ અન્દરૂ નેહાન
હમી ખાહમ અઝ કેર્દેગારે જેહાન
બેગૂયમ કુશાદહ ચુ પાસોખ દેહીદ
બપાસોખ મરા રૂઝે ફરૂરોખ નેહીદ
શુમા પીશે યઝદાન સેતાયેશ કુનીદ
બદીન કામો શાદી નેયાયેશ કુનીદ
કે ઊ દાદ બરૂ નીકો બદ દસ્તગાહ
સેતાયેશ મરૂ ઊરા કે બેન્મૂદ રાહ
વઝાનપસ હમહ શાદમાની કુનીદ
ઝે બદહા રવાન બીગમાની કુનીદ
બેદાનીદ કીન ચર્ખે નાપાયદારૂ
ન પર્વર્દેહ દાનદ ન પર્વર્દેગારૂ
હમી પર્વરદ પીરો બર્ના બહમ
અઝ દાદ બીનીમો હમ ઝ સેતમ

કયખુસરૂનો ઇરાનના સરદારોને જવાબ.

ત્યારે તેઓને ઊંચા બુન્યાદના પાદશાહે એ પ્રમાણે જવાબ આપ્યો-કે "એ મારા નેક માર્ગ શોધનારા પેહલવાનો?

હું દુન્યામા કોઈપણ દુશ્મનથી દુ:ખી થયલો નથી-તેમજ કોઈપણ મારો ખઝાનો પરાગન્દે થયો નથી

હું કોઈપણ લશકરીના કામથી રંજીદા થયો નથી-તેમજ તમોમાંથી કોઈપણ શખ્સની કશી તકસીર થયલી નથી

જ્યારે મે મારા બાપનો કીનો દુશ્મન પાસેથી લીધો છે-અને ઇન્સાફથી તેમજ દીન ધર્મથી સઘળી દુન્યા આરાસ્તા કરી છે

આ દુન્યામા સીઆહ ખાક ઉપર કેથે એક કદમ જેટલી પણ જગ્યા બાકી રહી નથી-કે જ્યા મારી મોહર અને નગીનાનો છાપ પડયો નહીં હોય.

ત્યારે હવે તમો સઘળાઓ પોતાની તલવાર મેયાન કરો-અને તલવારની જગ્યાએ મયની જામ નોશ કરો.

અને તમારી કમાનોના ખખડાટની જગ્યાએ શરાબ તેમજ રંગરાગ સાથ વાસળી ચગના આવાઝ જારી કરો

કારણકે આપણે જે કાંઈ કરવુ હતુ તે કરી ચૂકયા છિયે-અને ૫૦૯
આપણા દુશ્મનથી જેહાનને ખાલી કીધી છે.

હુ એક હફતો સૂધી પાક યઝદાનની હુઝૂરમા ભલા વિચાર અને અદેશા ભરેલો ઉભો રહ્યો હતો

હુ જેહાનના પયદા કરનાર ખોદાતાલા પાસેથી એક છૂપી ઉમેદ ચાહું છું.

જો તમો જવાબ આપો તો હું ખુલ્લે ખુલ્લુ કહી દઈશ-તમારા નેક જવાબથી મારી ઉપર સુખનો દિવસ આવશે.

તમો સઘળાઓ પણ પાક યઝદાનની સેતાયેશ કરો-અને આ મારી ખાહેશ અને ખુશહાલી માટે તે સાહેબની નિયાયેશ કરો

કારણકે ભલા બૂડા કામોની શકિત તેજ સાહેબ આપે છે-તેજ સાહેબની સેતાયેશ લાયક છે કે જે આપણને નેકીની રાહ દેખાડે છે.

અને પછી તમો સઘળા ખુશહાલી કરજો-અને દિલમાંથી બધા બૂરા વિચારો કાઢી નાખજો.

તમો યાદ રાખજો કે આ ના પાયદાર આસ્માન-પર્વરેશ પયલાને કે પર્વરેશ કરનારને કોઇને ઓળખતુ નથી.

તે તો શુ બુઢ્ઢા કે જવાન સઘળાને સરખી રીતે પાળે છે-અને તેનાથીજ આપણે ઇન્સાફ તેમજ ઝુલ્મ બન્ને જોઇયે છિયે"

હમહ પહેલવાનાન્ ઝે નઝદીકે શાહ
બેરૂન્ આમદન્દ અઝ ધમાન્ દેલ્ તબાહ
૫૧૦ બફરમાદે બારૂ આન્ ઝમાન્ ગોફ્ત શાહ
કે બેન્શીન્ પસે પર્દએ બારગાહ
કસીરા મદેહ બાર દર પીશે મન્
ઝે બીગાનગાન્ વર્હમો ખીશે મન્
બેયામદ બજાએ પરસ્તેશ બશબ્
બદાદારે દારન્દહ બોકુશાદ લબ્
હમી ગોફ્ત કય બરતર અઝ બરતરી
ફેઝાયન્દએ પાકીઓ બેહતરી
તો બાશી બગીતી મરા રેહનુમાય
શુ મન્ બુગ્ઝરમ ઝીન્ સેપન્જી સરાય
બકજી દેલમ હીચ નાતાફ્તહ
રવાન્ બજાએ રઉશનદેલાન્ યાફ્તહ

એ સાંભળી તમામ પેહલવાનો પાદશાહની નઝદીકથી બાહેર આવ્યા- તેઓનાં દિલ ગમથી દુ:ખી બનેલા હતા

પછી પાછો પાદશાહે દરબારના વડાને હોકમ આપ્યો-કે "તુ આ દરબારના પરદા પાછળ બેસી રહેજે

અને પારકા માણુસો કે મારા ખેશ કુટુંબીઓમાથી-કોઇને પણ મારી નઝદીક આવવા ના દેતો"

પછી પાદશાહ રાતની વખતે બદગી કરવાની જગ્યાએ આવ્યો-અને પર્વરેશીના કરનાર ખોદાતાલા આગળ બદગી શુરૂ કીધી

પાદશાહ બોલતો હતો કે "ઓ ખોદા! બળવાનોનો બળવાન તું છે- પવિત્રાઇને વધારનારો તુજ છે

જ્યારે હુ આ ત્રણુપાચ દિવસની દુન્યામાથી ગુઝર પામું-ત્યારે મીનો જેહાનમા તું મારો રેહનુમા બનજે.

ઊધા રસ્તા તરફ મારૂ દિલ જરાપણુ ઢળિયું નથી-મારો આત્મા અશો લોકોની જગ્યા પામ્યો છે"

રપ્તને ગીવ્ બઝાબુલેસ્તાન્ બ-આવર્દને ઝાલ્ વ રોસ્તમ્.

શુ યક હફતહ બુગ્ઝશ્ત નન્મૂદ રૂય
બરૂઆમદ બસી હુહહુહો ગોફ્તગૂય
હમહ પહેલવાનાન્ શુદન્દ અન્જુમન્
બુઝોર્ગાનો ફર્ઝાનહો રાયઝન્
શુ ગૂદર્ઝો ગૂન્ તુસે નવદર નેઝાદ
સખુન્ રફ્ત ચન્દી ઝે બીદાદો દાદ
ઝે કેદાંરે શાહાને બરતરમનેશ
ઝે યઝદાન્ પરસ્તાનો અઝ બદકુનેશ
૫૧૧ હમહ દાસ્તાનહા ઝદન્દ અઝ મેહાન્
બુઝોર્ગાનો ફર્ઝાનગાને જેહાન્
પેદર ગીવરા ગોફ્ત કય નીકબખ્ત
હમીશહ પરસ્તન્દએ તાજો તખ્ત
અઝ ઈરાન્ બસી રન્જ બરદાશ્તી
બરો બૂમો પયવન્દ બુગ્ઝાશ્તી
બપીશ આમદ અકનૂન્ યકી તીરહ કાર
કે આન્રા નશાયદ કે દારીમ ખાર
બેબાયદ શુદન્ પીશે ઝાબુલસેતાન્
સવારી ફેરેસ્તી બકાબુલસેતાન્
બઝાલો બરોસ્તમ બેગૂઈ કે શાહ
ઝે યઝદાન્ બેપીચીદો ગુમ કરદ રાહ
દરે બાર બર નામદારાન્ બેબસ્ત
હમાના કે બા દીવ દારદ નેશસ્ત
બસી ખાહેશો પૂઝેશ આરાસ્તમ
હમી ઝીન્ સખુન્ દાદે ઊ ખાસ્તમ
ફેરાવાન્ શનીદ ઈચ પાસોખ નદાદ
દેલશ ખીરહ બીનીમો સર પુર ઝે બાદ
બેતર્સીમ કે હમશુ કાઉસ શાહ
શવદ કજરો દીવશ બેપીચદ ઝે રાહ

ગીવનું ઝાલ અને રૂસ્તમને બોલાવી લાવવા માટે ઝાબુલિસ્તાન જવું.

હવે જ્યારે એક હફતો પસાર થઈ ગયો તો પણ પાદશાહે પોતાનો ચેહરો નહીં બતાવ્યો ત્યારે તે લોકોમા પુષ્કળ ગડબડ અને ભારી ચર્ચા થવા લાગી

તમામ પેહલવાનો, બુઝોર્ગો, દાનાઓ અને સલાહકારો એકઠા મળ્યા.

જેવાકે ગુદર્ઝ અને નોદરની અઉલાદનો તુસ વગેરે-ત્યાર પછી ત્યા તેઓને થતા ગયર ઈન્સાફ કે ઈન્સાફને માટે કેટલીક વાતો ચાલી

સારા વિચારના અને યઝદાન પરસ્ત પાદશાહોના કામોની તેમજ બૂરી કરણીના પાદશાહોના કામોની વાતો ચાલી

તે સઘળાઓ આગળા સરદારો બુઝોર્ગો અને દુન્યાના દાનાઓની વાતો કરવા લાગ્યા

ત્યા ગીવને તેના બાપે કહ્યુ કે "ઓ નેક બખ્ત!-તુ તાજ અને તખ્તનો હમેશનો વફાદાર નોકર છે

તેં ઇરાન દેશ માટે પોતાનો મુલક અને સગા વહાલાને છોડીને ઘણી રંજ ઉઠાવી છે

હમણા એક ગભીર કામ આવી પડયુ છે-કે જેને આપણે હલકું નહીં સમજવું જોઇયે

તારે ઝાબુલિસ્તાન તરફ જવું જોઇયે-અને ત્યા જઈ એક સવાર કાબુલિસ્તાન તરફ મોકલવો જોઇયે

ત્યાં ઝાલ અને રૂસ્તમને તું કહેજે કે આપણો પાદશાહ કયખુસરૂ-ખોદાતાલા તરફથી ફરી બેસીને પોતાની રાહ ગુમ કીધી છે

તેણે પોતાની દરબારના દરવાઝા બીજા નામદાર લોકો માટે બંદ કીધા છે-ખચીત કે તેણે શયતાન સાથ કામ પાડયુ છે

અમોએ અમારી ઘણીક ખાહેશ જણાવી, ઘણી ઓઝરખાઈ કીધી-અને અમોએ તે વાતનો તેની પાસેથી ઈન્સાફ માગ્યો,

તેણે સઘળું સાભળ્યું પણ કાંઇ જવાબ આપ્યો નહીં-અમો તો તેનું દિલ સીઆહ બનેલું અને સર ગરૂરી ભરેલું જોઇયે છિયે.

અમોને ધાસ્તી લાગે છે કે એ પણ પાદશાહ કાઉસની માફક-ઉંધો બનશે અને નાપાક દેવ એને ગુમરાહ કરશે.

શુમા પહુલવાનીદો દાના તરીદ
બહરૂ બૂદની બરૂ તવાના તરીદ
કુનૂન હરૂ કે દારીદ પાકીઝહુ રાય
ઝે કન્નૂજ વઝ દમ્બરો મર્ગ માય
સેતારહુ શેનાસાન કાબુલસેતાન
હમહુ પારૂશાયાને ઝાબુલસેતાન
બઈરાન ખરામીદો બા ખીશતન
બેયારીદ અ ગીન દરૂ યકી અન્જુમન
શુદ ઈન પાદશાહી પુરઝ ગોફતગૂય
ચુ પૂશીદ ખુશ્રવ ઝે મા રાયો રૂય

ફેગન્દીમ હરૂ ગૂનએ રાએ બુન
ઝે દસ્તાન કુશાયદ હમી ઈન સખુન
સુખુનહાએ ગૂદરૂઝ બેશનીદ ગીવ
ઝે લશ્કરૂ ગુઝીન કરૂદ મર્દાને નીવ
બરૂઆશોફ્તો અન્દીશહુ અન્દરૂ ગેરેફ્ત
ઝે ઈરાન રહે સીસ્તાન બરૂગેરેફ્ત
ચુ નઝદીક દસ્તાનો રોસ્તમ રસીદ
બેગોફ્ત આન શેગેફ્તી કે દીદો શનીદ
ધમી ગફ્ત બા નામવરૂ ઝાલ ગાફ્ત
કે ગશ્તીમ બા રન્જ બેસ્યારૂ જોફ્ત
બરોસ્તમ ચુનીન ગોફ્ત કઝ બેખ્રદાન
સેતારહુશેનાસાનો હમ મૂબદાન
ઝે કાબુલ બખાનો ઝે ઝાબુલ બખાહુ
બદાન તા બેયાયન્દ બા મા બરાહુ
શુદન્દ અન્જુમન મૂબેદાનો રદાન
સેતારહુ શેનાસાનો હમ બેખ્રદાન
હમહુ સૂએ દસ્તાન નેહાદન્દ રૂય
ઝે ઝાબુલ બઈરાન નેહાદન્દ રૂય

તમો પેહલવાન છો અને વળી ડહાપણવાળા છો-તેમજ તમો દરેક ૫૧૨
હાદેસા ટાળવાની ઘણીક શકિત ધરાવો છો.

માટે હાલ કનોજ, દમ્બર, મર્ઘ અને માય શેહરના જે કોઈ પાકીઝેહ વિચારના શખ્સો તમારી પાસે હોય તેઓને,

તેમજ કાબુલિસ્તાનના નુજૂમીઓ-અને ઝાબુલિસ્તાનના સઘળા નેક અકલના શખ્સોને લઇ,

ઈરાન તરફ આવો અને તમારી સાથે તેઓને લાવી અહીં એક અન્જુમન ભરો.

જ્યારે પાદશાહ કયખુસરૂએ અમારાથી પોતાની વાતચિત્ત અને પોતાનો ચેહરો બધ કરી નાખ્યો છે-ત્યારે અહીની આખી શેહનશાહત ગડબડ ભરેલી બની રહી છે

અમોએ તો ઘણીબી યુકિતઓ કરી જોઈ હવે તો ઝાલથીજ એ વાતનો નીકાલ થશ

જ્યારે ગીવે ગૂદર્ઝના એવી રીતના સખુનો સાભળ્યા-ત્યારે લશ્કરમાથી બહાદુર મર્દોને ચુટી કાઢી,

ગુસ્સા ભરેલો વિચારમાનો વિચારમાજ-ઇરાનથી સીસ્તાન તરફની રાહ પકડી

જ્યારે ગીવ દસ્તાન અને રૂસ્તમની નઝદીક આવી પહોચ્યો-ત્યારે તેણે જે અજબ વાતો જોઇ તેમજ સાભળી હતી તે તેઓને કહી

તેણે દિલગીરી સાથે નામવર ઝાલને કહ્યુ-કે "અમો ભારી આફતાબમા આવી પડયા છિયે"

ત્યારે ઝાલે રૂસ્તમને કહ્યુ કે "દાનાઓ, સેતારે શેનાસો તેમજ ૫૧૩
મોબેદોને,

કાબૂલ અને ઝાબુલમાથી બોલાવી મગાવ કે તેઓ પણ રાહમા આપણી સાથે આવે"

તે ઉપરથી મોબેદા, સરદારો, નુજૂમીઓ અને દાનાઓ એકઠા થયા

સઘળાઓએ ઝાલ તરફ ચાલવા માડ્યુ-અને પછી ઝાબુલથી સગળાઓ ઈરાન તરફ ચાલ્યા

બાર દાદને કયખુસરૂ દોવુમ બાર વ સખુન ગોફ્તને સરાન દર બારએ બાર.

—— ० ——

જહાનદારૂ બરૂ પાય બુદ હફ્ત રૂઝ
બહશ્તુમ ચુ બેફ્રૂખ્ત ગીતી ફેરૂઝ
દરે પર્દહુ બરૂદાશ્ત સાલારે બારૂ
નેશસ્ત અઝ બરે તખ્તે ઝરૂ શહુરૂયારૂ
હમહુ પહુલવાનાન બાબા મૂબેદાન
બેરફ્તન્દ નઝદીકે શાહે જેહાન
ફરાવાન બેબૂદન્દ પીશશ બપાય
બુઝોર્ગાને પુરૂદાનેશો રહુનોમાય
જહાનદારૂ ચૂન દીદ બેનવાખ્ત શાન
બરસ્મે કયાન પાયગાહુ સાખ્ત શાન
બઝાન નામદારાને ખુસ્રવપરસ્ત
કસ અઝ પાએ નનશસ્તો ગુશાદ દસ્ત

કયખુસરૂનું બીજી મરતબે દરબાર ભરવું અને દરબાર ભરવાની બાબતમાં સરદારોનું વિવેચન કરવું.

—— ० ——

પાદશાહ કયખુસરૂ સાત દહાડા સુધી બન્દગી કરતો ઉભો-અને આઠમે દહાડે જ્યારે દુન્યાને રોશની આપનાર આફતાબ રોશન થયો,

ત્યારે દરબારના વડાએ દરબારનો પરદો ઊચકયો-અને પાદશાહ પોતે સોનેરી તખ્ત ઉપર બિરાજ્યો

તેજ વખત દાના મોબેદો સાથ સઘળા પેહલવાનો-તે જેહાનના પાદશાહની નઝદીક ગયા

તેની નઝદીક ઘણાક ડહાપણવાળા તેમજ સલાહ આપનારા બુઝોર્ગો ઉભા

જ્યારે પાદશાહે તેઓને જોયા ત્યારે તેઓને નવાઝી-કયાની શાહરસ્મ મૂજબ તેઓના દરજ્જા માફક બેસાડયા

પણ તે પાદશાહના વફાદાર નામદારોમાથી-કોઈપણ પગ વાળી બેઠુ નહીં તથા હાથની અદબ પણ ખોલી નહીં

૫૧૪ કુશાદન્દ લબ્ કય સેપહ્રે રવાન્
જહાનદારે બા દાદો રઉશન્ રવાન્
તવાનાઇઓ ફરૂરે શાહી તોરાસ્ત
ઝે ગેહ્ તા બખુરૂશીદો માહી તોરાસ્ત
હમહ્ પહ્લવાનાન્ તોરા બન્દહ્ ઈમ
બગોફ્તારે રાયત સરૂઅફગન્દહ્ ઈમ
હમહ્ બન્દગાનીમો પીશત બપાય
હમહ્ પહ્લવાનાને ફર્ખોન્દહ્ રાય
બદાન્ તા ઝે મા ખુદ દરીન્ બારગાહ્
ચે આમદ કે બર્ મા બેબસ્તી તો રાહ્
કુનૂન્ રૂઝગારી બરીન્ બર્ ગુઝશ્ત
દેલે મા પુર્ આઝારો તીમાર્ ગશ્ત
ગર્ અયદૂન્ કે બુકુશાયદ ઈન્ રાઝ શાહ્
બરી મર્ઝબાનાને ગુમ કર્દહ્ રાહ્
અગર્ ઘમ ઝે દર્યાસ્ત ખુશ્કી કુનીમ
હમહ્ ચાદરે ખાકે મુશ્કી કુનીમ
વગર્ કુહ્ બાશદ ઝે બુન બરકનીમ
બખન્જર્ દેલે દુશ્મનાન્ બેશ્કનીમ
વગર્ ચારએ ઈન્ બરઆયદ ઝે ગન્જ
ન બીનદ બગન્જો દેરમ નીઝ રન્જ
૫૧૫ હમહ્ પાસ્બાનાને ગન્જે તો ઈમ
પુરઝ દર્દ ગેર્યાન્ ઝે રન્જે તો ઈમ
ચુનીન્ દાદ પાસોખ જહાનદાર્ બાઝ
કે અઝ પહ્લવાનાન્ નયમ્ બી નેયાઝ
વલીકેન્ નદારમ હમી દેલ્ બરન્જ
ઝે નીરૂએ દસ્તો ઝે મર્દાનો ગન્જ
ન દર્ કેશ્વરી દુશ્મન્ આમદ પદીદ
કે તીમારો આન્ બદ બેબાયદ બદીદ
યકી આરઝુ ખાસ્ત રઉશન્ દેલમ
હમી બર્ દેલ્ આન્ આરઝુ ગુસ્સેલમ
બદીન્ આરઝુ દારમ અકુનૂન્ ઉમીદ
શબે તીરહ્ તા ગાહે રૂઝે સપીદ
ચુ યાબમ બેગૂયમ હમહ્ રાઝે ખીશ
બરૂઆરમ નેહાન્ કર્દહ્ આવાઝે ખીશ
શુમા બાઝ ગર્દીદ પીરૂઝો શાદ
વઝ અન્દીશહ્ બર્ દેલ્ મગીરીદ યાદ
હમહ્ પહ્લવાનાને આઝાદ મર્દ
બર્ ખાન્દન્દ આફ્રીનહા બદર્દ
ચુ ઈશાન્ બેરફ્તન્દ બીદાર્ શાહ્
બેફર્મૂદ તા પર્દએ બારગાહ્
૫૧૬ ફેરૂહેશ્તો બેન્શસ્ત દર્બાન્ બદર્
બનઉમીદી અઝ શાહે પીરૂઝગર્
જહાનદાર્ શુદ પીશે બર્તર્ ખોદાય
હમી ખાસ્ત તા બાશદશ રહ્નુમાય
હમી ગોફ્ત કય કર્દગારે સેપેહ્ર
ફેરૂઝન્દએ નીકીઓ દાદો મેહ્ર
અઝીન્ શહ્રયારી મરા સૂદ નીસ્ત
અગર્ઝ મન્ ખોદાવન્દ ખુશ્નૂદ નીસ્ત
ઝે મન્ ગર્ નેકૂઈ વગર્ ઝિશ્ત ઝેશ્ત
નેશાસ્તે મરા જાય દેહ્ દર્ બેહેશ્ત

તેઓ બોલ્યા કે "ઓ ફરતા આસ્માનના મરતબાવાળા જેહાનના પાદશાહ! ઓ ઈન્સાફી પવિત્ર આત્મા!

તુ બળવાન છે અને પાદશાહી ખોરેહ ધરાવે છે-ઝમીનથી તે ખોરશેદ અને મીન રાશિ સુધી સઘળે તારીજ સત્તા ચાલે છે

અમો સઘળા પેહલવાનો તારા તાબેદાર છિયે-તારાજ ફરમાન અને વિચાર ઉપર અમોએ સર નમાવેલા છે

અમો સઘળા બંદા છિયે અને અમો તમામ ભલા વિચાર ધરાવનાર પેહલવાનો જે તારી નઝદીક ઉભેલા છિયે,

તે એટલા માટેજ કે અમો જાણવા માગ્યે છિયે કે અમારાથી આ દરબારમા એવુ તે શુ બન્યુ કે અમોને દરબારમા આવતા તે અટકાવ્યા છે!

એમ કરતા હવે ઘણો વખત વીતી ગયો છે-અને અમારા દિલ દુઃખ અને ધાસ્તી ભરેલા થયા છે

હવે જો પાદશાહ પોતાનો ભેદ અમો ગુમરાહ થયલા તારા તાબેદાર પેહલવાનોને કહે,

તો અગર તારા ગમનુ કારણ દર્યા હોય તો તેને પણ અમો ખુશ્ક બનાવી દઈશુ-અને તે ઉપર સઘળી કસ્તુરી ભરી ખાકની ચાદર બિછાવીશુ

અને જો પાદશાહને નાખુશ કરનારો કોઈ પહાડ હશે તો તેને પણ ખોદીખણી નાખીશુ તારા કોઈપણ દુશ્મનોના દિલ ખંજરે કરી ચીરી નાખીશુ

જો તારા ભેદ ભરેલા દુખના એલાજ ગંજથી થતો હોય-તો તે ગંજ અને દઉલત મેળવવા જવાની તકલીફ તને લેવી પડશે નહી

અમો સઘળા તારા ખઝાનાના પાસ્બાન છિયે અને તારાજ દુખને માટે દર્દથી ભરેલા રડતા થયા છિયે"

ત્યારે પાદશાહે પાછો તેઓને એવો જવાબ આપ્યો-કે "મને તમો પેહલવાનોની ઝરૂર છેજ નહી એમ નથી

ખોદાના બક્ષેલા મારા પોતાના દોવતનો મારા પેહલવાનોનો કે મારા ગંજનો કોઈપણ વિચાર મારા દિલમા નથી

મારા મુલકમા મારો કોઈ દુશ્મન પણ નથી-કે જેની ધાસ્તી મારે રાખવી પડશે

પણ મારા રોશન દિલે એક ખાહેશ કીધી છે જે ખાહેશને હુ મારા દિલમાથી દૂર કરી શકતો નથી

અને હવે મારી તેજ ખાહેશ પુરી પડવાની અંધારી રાતથી તે બામદાદના વખત સુધી હુ ઉમેદ રાખુ છુ

જ્યારે એ મારી આશા ફળશે ત્યારે હુ તમોને સઘળો ભેદ કહીશ-અને જે મે હજુ સુધી તમોને નથી કહ્યુ તે સઘળુ ખુલ્લુ કરીશ

તમો સઘળા ખુશહાલ અને ફતેહમંદી સાથે પાછા ફરો-અને દિલ ઉપરથી એવા સઘળા વિચારો દૂર કરો"

ત્યારે તમામ આઝાદમર્દ પેહલવાનોએ-દર્દ ભર્યા દિલે તેની ઉપર દુઆ કીધી

જ્યારે તેઓ ગયા ત્યારે બીદાર પાદશાહે-ફરમાવ્યુ જેથી દરબારનો પરદો,

પાછો નાખી દીધો અને પેલો દરબાન ફતેહમંદ પાદશાહથી ના ઉમેદ બનીને દરવાઝા ઉપર બેઠો.

પછી પાદશાહ બુલંદ ખોદાતાલાની હુઝૂરમા પાછો આવ્યો-અને તે સાહેબની આગળ તેને પોતાનો રેહનુમા થવાની આજેઝી કરવા લાગ્યો.

તે બોલ્યો કે "ઓ આસ્માનને પયદા કરનાર-નેકી, ઈન્સાફ અને મોહબતને રોશન કરનાર સાહેબ!

અગર જો તુ ખોદાવંદ મુજ બંદાથી ખુશહાલ નથી-તો આ પાદશાહીથી મને કશો પણ ફાયદો નથી

જો મારાથી ભલુ કામ થયું હોય કે બૂંડું-તો પણ મારી જગ્યા તું બેહેસ્તમા કર"

બખાબ દીદને કયખુસરૂ સોરૂશરા વ અઝ દરયાફતને રફતને ખુદ અઝ જહાન.

ચુનીન પન્જ હફતહ્ બોરૂશાન બપાય
હમી બૂદ દર પીશે બરતર ખોદાય
શબે તીરહ્ અઝ રન્જ નુઘનૂદ શાહ
બદાન્ગહ્ કે બરઝદ સરઅ ચરૂખ માહ
બખોકત ઊ વ રઉશન રવાનશ નખોફત
કે અન્દર જહાન બા ખેરદ જુફત જોકૂત
ચુનીન દીદ દર ખાબ ઉરા બગૂશ
નેહોફતહ્ બગોફતી ખોજસ્તહ્ સોરૂશ
કે અય શાહે નીકુ અખ્તરો નીકુ બખ્ત
બસુદહ્ બસી યારહો તાજો તખ્ત
કુનૂન આન્ચે જોસ્તી હમહ્ યાફતી
અગર ઝીન જહાન તીઝ બેશતાફતી
બહમસાયગી દાવરે પાક જાય
બયાબી દરીન તીરગી દર મપાય
ચુ બખ્શી બઅર્ઝાનેયાન બખ્શ ગન્જ
કસીરા સેપાર ઈન સરાએ સેપન્જ
તવાન્ગર શવી ચૂન તો દર્વીશરા
નવાઝીઓ હમ મર્દુમે ખીશરા
કે બીદાદગર બુગસેલદ અઝ જેહાન
યકી બાશદશ આશકરો નેહાન
કસી ગર્દદ ઈમન ઝે ચન્ગે બલા
કે યાબદ રહા ઝીન દમે અઝદહા

હરાન કસ કે અઝ બહરે તૂ રન્જ બોરદ
ચુનાન દાન કે રન્જ અઝપયે ગન્જ બોરદ
બેબખ્શો બઅર્ઝાનેયાન બખ્શ ચીઝ
કે ઈદર નમાની તો બેસ્યાર નીઝ

સરે તખ્તરા પાદશાહી ગુઝીન
કે ઈમન શવદ મૂર અઝ બર ઝમીન
ચુ ગીતી બેબખ્શી મયાસાય હીચ
કે આમદ તોરા રૂઝગારે બસીચ

ઝે લોહરાસ્પ આયદ બદીનસાન હોનર
બદુ દેહ તો શાહીઓ તખ્તો કમર
ચુનાન ચૂન બેજોસ્તી ઝે યઝદાન તો જાય
બબીમરગ બરૂખીઝ આનજા ગેરાય
બસી ચીઝે દીગર નેહાની બગોફત
બઝીન આગહી આમદ ઊરા શેગોફત
ચુ બીદાર શુદ રન્જ દીદહ્ ઝે ખાબ
ઝે ખય દીદ જાએ પરસ્તેશ પુર આબ
હમી બૂદ ગેરયાનો રૂખ બર ઝમીન
હમી ખાન્દ બર કેર્દગાર આફરીન

કયખુસરૂનું સરોશ ઇઝદને ખાબમાં જોવું અને તેની તરફથી પોતાને આ જેહાનમાંથી જવા માટેની આગાહી મેળવવી.

એ પ્રમાણે તે એતઝારખાહી કરતો પાચ હફતા સુધી બુલંદ ખોદાતાલાની હઝૂરમા ઉભો રહ્યો

પાદશાહ અધારી રાતે પણ આટલી મેહનત કરવા છતા ઊંઘાતો હતો નહીં-પણ એક રાતે જ્યારે આસ્માન ઉપરથી માહતાબે પોતાનુ સર ઉઠાવ્યુ,

તે વખતે તે સુતો પણ તેનુ રોશન રવાન કે જે જેહાનમા અકલનુ સાથી બનેલુ હતુ તે ઊંઘાયુ નહીં

પાદશાહે ખાબમા એ પ્રમાણે જોયુ કે તેના કાનમા-મુબારક સરોશ ઈઝદ છૂપી રીતે એમ કહેતો હતો,

કે "ઓ નેક સેતારેના અને નેક નસીબના પાદશાહ!-તે પુષ્કળ ઝર ખઝાનો તેમજ તાજ અને તખ્ત વાપડિયા છે

હાલ જે કાઇ મુરાદ કે તે ચાહી છ તે સઘળી તને મળી છે-જો તુ ૫૨૯
